કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્

(લઘુવૃતિ વિવરણ)

ભાગ–૭

(અધ્યાય–૩ : પાદ–૩,૪)

આખ્યાત પ્રકરણ

: સંપાદિકા :

પૂ.સા. પરમયશાશ્રીજી

: પ્રકાશક :

આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન

તત્ત્વજ્ઞાન પાઠશાળા –અમદાવાદ

ચિત્રકૂટ-રૈવતાદિ તીર્થોદ્ધારક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ શાસનપ્રભાવક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.

પૂ.સા. શ્રી મહિમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી નિરુપમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

॥ ૐ હ્રીં અર્હં શ્રી સીમંધરસ્વામિને નમઃ ॥
॥ શાસનપતિ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી ગૌતમસ્વામીને નમઃ ॥
॥ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યાય નમઃ ॥ ॥ નમો નમો ગુરુ શ્રીનીતિસૂરયે ॥
॥ શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલપ્રભ-અરિહંતસિદ્ધ-હેમપ્રભસૂરિગુરુભ્યો નમઃ ॥

કલિકાલસર્વજ્ઞ-શ્રીહેમચંદ્રાચાર્ય-વિરચિત

શ્રી-સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

ભાગ-૭

અધ્યાય-૩, પાદ-૩,૪
આખ્યાત પ્રકરણ

: દિવ્યકૃપાધારા :
ગિરનારાદિ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજ**

: આશીર્વાદધારા :
જીરાવલા તીર્થ પ્રતિષ્ઠાચાર્ય-રાયણવૃક્ષ ક્ષીરાભિષિક્ત
ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ**

: પ્રેરક :
પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય મુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ.પં.શ્રી હેમનિલયવિજયજી મ.સા.

: સંપાદિકા :
પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી

: પ્રકાશક :
આ.શ્રી વિજય નીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

પ્રાપ્તિસ્થાન

સુરત

- **આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન**
  C/o. જીતુભાઈ ઝવેરી, કતારગામ, સુરત (M) 93745 14860
- **રાજુભાઈ બી. શેઠ**
  કલ્પવૃક્ષ જ્વેલર્સ, 176, કુબેરનગર-1, કતારગામ દરવાજા, સુરત
  ફોન : 0261-2534863/64 (M) 94268 54714

અમદાવાદ

- **આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન**
  લુહારની પોળ, માણેકચોક, અમદાવાદ
  (M) 93740 51080, પેઢી : 079-2214 0494
- **ઉપેન્દ્રભાઈ એચ. શાહ**
  ઈ-19, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
  નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-7
  (M) 93270 13814
- **દીપકભાઈ જીતમલજી બાગરેચા**
  ડી-104, મલ્લિનાથ એપાર્ટમેન્ટ, જૈન કોલોની સામે,
  શાહીબાગ, અમદાવાદ
  (M) 93740 51080 (રહે.) 079-3042 3313

પાટણ

- **આ.શ્રી વિજય નીતિસૂરિ તત્ત્વજ્ઞાન પાઠશાળા**
  સાગર ઉપાશ્રય બહાર, ઘીવટો, પાટણ (ઉ.ગુ.)
  (M) 94270 60603 - વિક્રમભાઈ

મુંબઈ

- **સંજયભાઈ શાહ (એસ.આર. ક્રિએશન)**
  ૨૨૭/G, ઝવેરબાગ, પહેલે માળ, ઓફિસ નં. ૧૬,
  નરનારાયણ વાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-400002
  (M) 98202 29419

મુદ્રક : **જય જિનેન્દ્ર ગ્રાફિક્સ** (નીતિનભાઈ-જય જિનેન્દ્ર)
30, સ્વાતિ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ
જય જિનેન્દ્ર : 98250 24204 • કુશ : 99256 17992

સાદર સમર્પણ

જેના શાસનનાં કારણે જ્ઞાનનું મહત્ત્વ મળ્યું
તેવા **શ્રી મહાવીરપ્રભુ**

જેના વડે જ્ઞાનને પામી શકાય તેવી ભાષાની પ્રાપ્તિ થઈ
તેવા કલિકાલસર્વજ્ઞ
શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત

જેમની કૃપાના કારણે ભાષાને યત્કિંચિત્ સમજી શક્યા
તેવા ગચ્છાધિપતિ
શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા

વાત્સલ્ય દ્વારા વૈરાગ્યનું સિંચન કરીને રત્નત્રયીને
વૃદ્ધિંગત બનાવનાર
પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.

જ્ઞાનગંગાનું અમૃતપાન કરાવનાર
પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.ના
ચરણકમલમાં

સાદર સમર્પણ

''युष्मदीयं युष्मभ्यं समर्पयामि''

ગ્રંથ લાભાર્થી

ગિરનાર, ચિત્તોડ, તારંગા જેવા અનેક પ્રાચીન તીર્થોદ્ધારક
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
વિજય નીતિસૂરીશ્વરજી મ.સા. દ્વારા
ગિરનાર તીર્થોદ્ધારક શતાબ્દી વર્ષ અનુમોદનાર્થે
નિકટભવ મોક્ષગામી ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્
વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી
શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ
આચાર્ય શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
કતારગામ, સુરત તથા
સરળ સ્વભાવી પ.પૂ.આ.શ્રી વિ. **અર્હપ્રભસૂરિજી મ.સા.**
આદિ ઠાણા-૬ તથા પ્રવર્ત્તિની
પ.પૂ.સા.શ્રી **નિરૂપમાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૯નાં
વિ.સં. ૨૦૭૮નાં થયેલ આરાધના સભર
ચાતુર્માસની અનુમોદનાર્થે...
શ્રી વેસુ સમસ્ત શ્વે.મૂ.પૂ. તપાગચ્છીય જૈન સંઘ સુરત
(શ્રી ૐકારસૂરિ આરાધના ભવન, વેસુ, સુરત)

ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય નીતિસૂરીશ્વરજી મહારાજાનું

જીવનદર્શન

સામાન્ય વ્યક્તિત્ત્વનું સર્જન સમય કરે છે. વિરલ વ્યક્તિત્ત્વ તો સમયનું સર્જન કરે છે. અખંડ વહેતો કાળખંડ હવે એમના નામથી ઓળખાણ પામે છે. એવા જ એક મહાપુરૂષ ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજય નીતિસૂરીશ્વરજી મહારાજા.**

વિદ્વાન, ગીતાર્થ, શાસનસમર્પિત અને પુણ્યપ્રભાવક આ મહાપુરુષના જીવન-કવનને ત્રણ શબ્દોમાં વર્ણવવું હોય તો તે છે - **પોથી, પંડિત અને પ્રતિમા.**

પોથી : પૂજ્યશ્રીને જ્ઞાન સાથે અનહદ લગાવ હતો. પોતાના સાધુઓને સાત-સાત કલાક વાચના આપવી, પ્રાચીન જ્ઞાનભંડારોનાં જીર્ણોદ્ધાર કરવા, પોતે પણ સતત અધ્યયન-અધ્યાપનમાં વ્યસ્ત રહેવું એ પૂજ્યશ્રીનાં પોથી (જ્ઞાન) પ્રેમનું ઉદાહરણ છે.

પંડિત : દીર્ઘદૃષ્ટા પૂજ્યશ્રી સમજતા હતા કે માત્ર સાધુ સંસ્થા જ જૈનશાસનનાં બધાં અંશો સુધી નહિ પહોંચી શકે. શાસનસમર્પિત પંડિતોની એના માટે અનિવાર્ય જરૂરત રહેશે. એટલે એમને તેજસ્વી બાળકો અને આશાસ્પદ યુવા પંડિતોને તૈયાર કરવામાં ખંતપૂર્વક પ્રયત્ન આદર્યો. એની ફળશ્રુતિ પણ બહુ જ ભવ્ય પ્રાપ્ત થઈ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.નાં વિદ્યાગુરુ પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ, પંડિતવર્ય શ્રી ભગવાનદાસ હરખચંદ એવા મૂર્ધન્ય પંડિતો પ્રભુશાસનને પૂજ્યશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા.

પ્રતિમા : આ મહાપુરૂષે નવનિર્માણ કરવા જીર્ણોદ્ધાર ઉપર વધુ લક્ષ્ય આપ્યું. શ્રી ગિરનારજી, ચિત્તોડ, તારંગા જેવા પ્રાચીન તીર્થોનાં સ્થાપત્યનો એવી રીતે જીર્ણોદ્ધાર કરાવ્યો કે તે તીર્થોની ઊર્જાને પૂજ્યશ્રીએ જીવંત રાખી આપણા ઉપર ઉપકાર વરસાવ્યો છે.

જન્મ : સં. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર
દીક્ષા : સં. ૧૯૪૯, અષાઢ સુદ-૧૧, મહેરવાડા
વડીદીક્ષા : સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીમોર
ગણિપદ : સં. ૧૯૬૧, માગસર સુદ-૫, સુરત
પંન્યાસપદ : સં. ૧૯૬૨, કારતક વદ-૧૧, પાલીતાણા
આચાર્યપદ : સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, અમદાવાદ
કાળધર્મ : ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (ઉદેપુર)

- સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી જગતના જવાહીર બન્યા.
- બ્રહ્મનિષ્ઠ ગુરુદેવે અનેકને બ્રહ્મચારી-વ્રતધારી બનાવ્યા.
- અનેક રાજા-મહારાજા-નવાબને પ્રતિબોધ કર્યા.
- ૧ કરોડ સૂરિમંત્ર સાધના દ્વારા જિનશાસનની અદ્‌ભુત સેવા કરી.
- જૂનાગઢ-રાધનપુર-ચિત્તોડ જેવા અનેક સ્થળે ગુરુકુળ સ્થાપ્યા.
- સ્વસમુદાય-પરસમુદાયના અનેક મહાત્માઓને યોગોદ્વહન કરાવ્યા. પદવી પ્રદાન કરી.
- વચનસિદ્ધપુરુષનાં વચનથી સિદ્ધિ મળતી.
- ૯ સ્થાનકવાસી સંપ્રદાયનાં ૩૫ વર્ષ જેવા પર્યાયી સાધુને સંવેગીદીક્ષા આપી સત્યમાર્ગે લાવ્યા.

●●●

સદ્‌ગુરુ
વચનામૃત

અધ્યાત્મ માર્ગની આધારશિલા છે : સ્વાનુભૂતિની અનન્ય ઝંખના. 'હું કોણ છું'નો જવાબ જ્યાં સુધી મુમુક્ષુને નથી મળતો, ત્યાં સુધી એ જંપીને બેસી નથી શકતો. પણ અધ્યાત્મની કેડીઓ અદીઠ છે, ગુહ્ય છે. સદ્‌ગુરુનાં ઈશારા વિના એમને જાણવી અશક્યપ્રાયઃ છે.

આપણા સદ્‌ભાગ્યે આપણે ત્યાં એવા બહુ બધા અનુભૂતિવાન મહાપુરૂષો થયા છે. જેમણે **'भव्यजनहिताय'** અનુભવરસને શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથો, જેમાં આ અનુભવ માર્ગના સંકેતો છે, મહદંશે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિબદ્ધ છે.

એટલે મુમુક્ષુએ સંસ્કૃતમાં સજ્જતા કેળવવી અત્યંત આવશ્યક બની જાય છે. સંસ્કૃતમાં પારંગત થવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્ય છે. **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય** ભગવંતે એના માટે જ **"શ્રી સિદ્ધહેમ વ્યાકરણ"** જેવા સાંગોપાંગ સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.

પણ એ વ્યાકરણમાં સેંકડો નહીં પરંતુ હજારો સૂત્રોમાં મંદગતિ છાત્ર ક્યારેક અટવાઈ પણ જાય છે. અને થાકીને

વ્યાકરણ ભણવાનું જ મૂકી દે. એવું ન થાય એ માટે પૂ.સા.શ્રી **નિરૂપમાશ્રીજી** મ.સા.નાં શિષ્યા પૂ.સા.શ્રી **આર્યયશાશ્રીજી** મ.સા.એ ભણતી વખતે નોટ્સ બનાવી હતી. તેને છપાવવાનું આ કાર્ય વ્યાકરણ પઠન-પાઠન પરંપરાની સેવા છે. પૂર્વે પણ આવી પુસ્તકો છપાઈ છે. જેમાં નિયમો, સાધનિકાઓને ગુજરાતીમાં સરળ રીતે બતાવ્યા છે, તો'ય ભિન્ન-ભિન્ન કક્ષાનાં વિદ્યાર્થીઓ માટે ભિન્ન-ભિન્ન આયામ, ભિન્ન દૃષ્ટિથી આલેખાયેલ પુસ્તકો વધુ સહાયક બની શકે છે. પ્રભુની અનહદ કૃપાને ઝીલવા અને એમના શબ્દ સામ્રાજ્યમાં પ્રવેશવા માટેની ઝંખના ધરાવતા મુમુક્ષુઓ, જિજ્ઞાસુઓને આ પુસ્તક યત્કિંચિત્ પણ મદદરૂપ થાય તો પ્રકાશન સફળ છે.

સાધ્વીજી મ.સા.ની સરસ મહેનત બદલ અનુમોદના. પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ, ચિરાગભાઈ આદિને સાથ-સહકાર માટે ધન્યવાદ.

- હેમપ્રભસૂરિનાં ધર્મલાભ.

प्रास्तविकम्

એક સાધ્વીજી અને આટલું મોટું સર્જન...?

કલિકાલ સર્વજ્ઞ પૂ.આ. ભગવંત હેમચન્દ્રાચાર્યજી મહારાજ! આ એક નામ એવું છે કે આખું ગુજરાત જેમનું ઋણી છે. ઘણીવાર એક કલ્પના થાય કે કલિકાલ સર્વજ્ઞ ભગવંતે વ્યાકરણ ન રચ્યું હોત તો ? કદાચ, આપણે ભાષા વગરના હોત. ગુજરાતી પણ સારી રીતે બોલી શકીએ છીએ. લખી શકીએ છીએ એ તેઓશ્રીની દેન છે.

શાસનમાં અનેક મહાપુરુષો થયા. એ દરેકે ભગવાનનું શાસન અખંડ, અવિરત, અવિચ્છિન્ન પણે ચાલતું રહે એ માટે સતત પુરુષાર્થ કર્યો છે. દરેક મહાત્મા પોતપોતાના કાળ દરમ્યાન મહાન હતાં ને તેઓએ આપણા જેવા આદર્શ લઈ શકે એવા એક, બે નહીં પણ અનેક કાર્યો કર્યા. આરાધના ને પ્રભાવના એમ બંને ક્ષેત્રોને ઝળહળતા રાખ્યા છે. વિશાળ કાલખંડમાંથી ન ગણી શકાય તેવો અલ્પ નાનો એક કાળનો ટુકડો હાથમાં આવ્યો ને એનો એવો સદુપયોગ થયો કે આવનારા અનેક કાળમાં એમના નામ સાથે એમની રચનાનું ગાન થયા જ કરશે.

મારે-તમારે સંસ્કૃતમાં અર્ધો શ્લોક રચવો હોય તો એક આખો દા'ડો જોઈએ ને છેવટે બને તો જોડકણું જ. જ્યારે કલિકાલ સર્વજ્ઞજીએ તો શ્લોકો - ગ્રંથો - વગેરે કેવી રીતે રચાય એનું રો-મટીરિયલ જ તૈયાર કરી આપ્યું. એનું નામ જ શબ્દવિદ્યા, છંદવિદ્યા.

શબ્દસિદ્ધિ માટે શબ્દાનુશાસન. છંદસિદ્ધિ માટે છંદોનુશાસન.

કાવ્યજ્ઞાન માટે કાવ્યાનુશાસન લિંગ બોધ માટે લિંગાનુશાસન... એક જિંદગીમાં કેટકેટલું કાર્ય કર્યું ? કોઈ એક જ વ્યકિત દરેક ક્ષેત્રમાં સફળતા મેળવે એ ભાગ્યે જ બને. કલિકાલ પ્રભુ દરેક ક્ષેત્રમાં અગ્રિમ રહ્યા. એવું કહી શકાય કે એમના ગ્રંથોના અભ્યાસ વિના સાધુઓ મોટા - મહાન બની ન શકે.

પ્રસ્તુત ગ્રંથમાં વ્યાકરણની વાતો છે. આપણા ત્યાં વ્યાકરણ પ્રત્યેની ઉદાસીનતા ઘણી હતી. વ્યાકરણ એટલે શુષ્ક વિષય ને ઝટ પૂરું ન થાય. જો કે છેલ્લા બે દાયકાથી આ શુષ્કતા દૂર થઈ હોય એવું લાગે છે. નવા ને નાના શ્રમણ-શ્રમણીઓ ખંતપૂર્વક, અંતઃપૂર્વક ને ધૈર્યપૂર્વક વ્યાકરણનો અભ્યાસ કરે છે. મારા મોટા સાહેબજી ગુરુદેવ તપાગચ્છાધિપતિ પૂ.આ.ભ. રામસૂરીશ્વરજી મહારાજ જૈફવયે પણ ત્રણ દિવસમાં છ હજાર શ્લોક પ્રમાણ લઘુવૃત્તિનો કંઠસ્થ સ્વાધ્યાય કરી લેતા. તેઓશ્રીએ વ્યાકરણની જાગૃતિ અંગે નાના-નાના શ્રમણોને સરસ આલંબન આપ્યું હતું. જે વ્યાકરણ કરશે એને સકળ સંઘ વચ્ચે મારા હાથે કામળી ઓઢાડીશ. અને પછી તો હોડ લાગી. ઉપાશ્રય વ્યાકરણના ઘોષથી ગુંજવા લાગ્યો. કામળી તો એક બહાનું હતું. બાકી તો વ્યાકરણ પ્રત્યે શ્રમણસંઘ ઉલ્લસિત થાય એ માટેનો સાહેબનો આ પ્રયાસ હતો. અને એ પ્રયાસ સફળ નીવડ્યો.

આજે આપણે ત્યાં ફટાફટ સંસ્કૃત શીખી લેવાનો આયાસ ચાલ્યો છે ને ચેલેન્જ સાથે એવું શીખવનારા પણ છે. પહેલી બુક 10 દિવસમાં ને મધ્યમા 20 દિવસમાં શીખવાડી દે. આમાં અહોભાવ કરતા આશ્ચર્ય જ વધુ થાય. તીવ્ર જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી શીખી પણ લેવાય અને માન્યતા પણ બંધાઈ જાય કે સંસ્કૃત વાંચન આવડી ગયું છે. આટલા માત્રથી ઈતિ શ્રી ન કરાય. કદાચ આવડી પણ જાય પણ આવી દોડાદોડીમાં સંસ્કૃતનું જ્ઞાન જ થાય. બોધ તો રહી જ જાય. મારું માનવું છે કે પ્રથમા-મધ્યમામાં ઓછામાં ઓછું એક વરસ તો થવું જોઈએ. એક વરસમાં જે બોધ થાય એ વ્યાકરણમાં ખૂબ ઉપયોગી બને.

ઘણીવાર એવી માન્યતા પ્રબળ બની જાય છે કે હવે અમને સંસ્કૃત આવડે જ છે તો વ્યાકરણમાં શા માટે સમય બગાડવો ? વ્યાકરણ શબ્દ બોધને સ્પષ્ટ કરે છે એમાં સમય બગડતો નથી. પણ સમય સુધરે છે. એ ધ્યાનમાં રાખવું.

સાધ્વીજી શ્રી પરમયશાશ્રીજીએ નાની વયમાં અદ્‌ભુત કાર્ય કર્યું છે. વ્યાકરણનો જેને વિશેષ બોધ છે એના માટે તો આ ગ્રંથો અત્યંત સુગમ છે જ. પણ જેને વ્યાકરણનો વિશેષ બોધ નથી એ પણ જાતે કરી શકે એટલી સરળતા સાથે ને સુગમતા સાથે એક એક સૂત્રનું વિવેચન કર્યું છે.

સિદ્ધહેમશબ્દાનુશાસનમાં કુલ 4685 સૂત્રો છે. અષ્ટમ અધ્યાયના 1119 સૂત્રો બાદ કરતા 3566 સૂત્રો થાય. આ સાતમાં ભાગમાં 202 સૂત્રોનું વિવરણ છે. આખ્યાત પ્રકરણ વ્યાકરણનું હાર્દ ગણી શકાય. દરેક સૂત્રનો અર્થ, સમાસ, સાધનિકા પૂર્વકનાં ઉદાહરણનાં પ્રયોગો વગેરે ઉપયોગી પદાર્થોની સુંદર રજૂઆત થઈ છે. કોઈ એક જ ઉદાહરણ સમજાવી દેવાથી અન્ય ઉદાહરણો સમજી શકાય કે અધ્યાપક પાસેથી પણ એનું જ્ઞાન મેળવી શકાય. પણ ના, સાધ્વીજી ભગવતીની અક્ષરે-અક્ષરે અહીં મહેનત રંગ લાવી છે. દરેક ઉદાહરણો સંપૂર્ણ સૂત્ર લગાડવા સાથે અહીં મૂક્યા છે. માનો કે આપણે વિદ્યાર્થી છીએ ને સામે સદાગમ ભગવાન (ગ્રંથ) આપણને એક-એક સૂત્ર શીખવી રહ્યા છે.

વિશેષતાના હેડિંગ સાથે જે વાતો રજૂ થઈ છે એ તો વ્યાકરણ રસિકો માટે અત્યંત આનંદની વાતો છે. પાણિની ને સિદ્ધહેમચંદ્રમાં ક્યાં ફરક છે એનો પણ અહીં વિદ્યાર્થીને સાવ સહેલાઈથી સમજાઈ જાય એ રીતે નિર્દેશ કર્યો છે. પ્રથમા બુકમાં આપણે ભણ્યા છીએ. વિધ્યર્થ (સપ્તમી) કૌંસમાં સપ્તમી લખ્યું હોય છે. વિધ્યર્થને સપ્તમી કેમ કહેવાય ?

પાણિનીના આધારે એનું સરસ સમાધાન અહીં જડી આવે છે. સિદ્ધહેમમાં 3-3-7 સૂત્ર સપ્તમી-વિધ્યર્થના પ્રત્યયોને જ રજૂ કરે છે.

સામાન્ય બોધ તો એટલો જ છે કે આમાં વિધ્યર્થના પ્રત્યયો છે પણ એને સપ્તમી નામ કેમ આપ્યું ?

સપ્તમી વિભક્તિ વિધિ, સંપ્રશ્ન, વગેરે અનેક અર્થમાં લાગે છે, પરંતુ તે તમામ અર્થને એક જ સંજ્ઞા દ્વારા જણાવી શકાતા નથી. તેથી પાણિની વ્યાકરણમાં લ કાર સંજ્ઞામાં આ વિભક્તિનો ક્રમ સાતમો હોવાથી ગ્રંથકારશ્રીએ અહીં તેને સપ્તમી વિભક્તિ એવી સંજ્ઞા આપી છે. એ જ રીતે પંચમી આજ્ઞાર્થનું પણ સમાધાન આપ્યું છે.

એક વાત તો ખૂબ સ્પર્શી. કયું સૂત્ર કેટલી વાર લાગે ? આંકડા સાથે, ગણતરી પૂર્વક, સરસ નાના-નાના કોષ્ટકો પણ આગળના ભાગોમાં જોવા મળ્યા હતાં. શુષ્ક જણાતો વિષય પણ કેવી રીતે રસાળ બનાવી શકાય એ શીખવા જેવું છે.

થોડા વરસો પહેલા પૂ. હિમાંશુ વિજયજી, પૂ. દક્ષવિજયજી સંપાદિત વ્યાકરણના આધારે અભ્યાસ થતો હતો એ પછી સં. 2050માં પૂ. નીતિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના જ સાધ્વીજી ભગવંત શ્રી મયૂરકલાશ્રીજી એ ગુજરાતીમાં લઘુવૃત્તિ વિવરણ તૈયાર કર્યું હતું. મનમાં હતું કે આનાથી વધુ શું હોઈ શકે ? પણ બહુરત્ના વસુંધરા. એક શ્રમણી કેટલું મોટું પડકારજન્ય કાર્ય કરી શકે છે. એનું સ્પષ્ટ ઉદાહરણ સા. શ્રી પરમયશાશ્રીજી મહારાજ છે. ખૂણે બેસીને સતત સ્વાધ્યાયમાં ઓતપ્રોત બની શકાય ત્યારે જ આવા વિશિષ્ટ કાર્યો થઈ શકે છે.

આ ગ્રંથ પરંપરા માટે કેટલું લખું ? બધા જ અધ્યાય ઉપર જ્યારે વિવેચન તૈયાર થઈને ગ્રંથો પ્રકાશિત થશે ત્યારે એક ઈતિહાસ સર્જાશે... એક સાધ્વીજી અને આટલું મોટું સર્જન... ?

સાધ્વીજી મહારાજનું પ્રજ્ઞાબળ વિસ્તરે છે, એના કરતા વધુ તીવ્ર ક્ષયોપશમ થાય ને આઠે અધ્યાયના 32 પાદોનું સંપૂર્ણ સંપાદન એમના હસ્તે થાય એવા આશીર્વાદ ને અભિનંદન સાથે સર્વમંગલ કરું છું.

- પ.પૂ. તત્ત્વપ્રવચનપ્રજ્ઞ આ.ભ. રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)

પ્રકાશકીય નિવેદન...

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન સમુદ્ર જેવો છે. મરજીવા બનીને ડુબકી લગાવો તો મોતી હાથમાં આવે જ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતની આ અનુપમ કૃતિ ઉપર આજ સુધી અનેક ટીકાઓ, વિવેચન પ્રકાશિત થયા છે અને થતાં રહેશે. આ જ આ મહાગ્રંથની શોભા પણ છે.

એ જ પાવન પરંપરામાં એક મણકો આ પ્રકાશનથી ઉમેરાઈ રહ્યો છે. ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાનુવર્ત્તિની પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.સા.શ્રી આર્યયશાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી મ.સા.એ ખૂબ જહેમત અને ખંતપૂર્વક આ બાલભોગ્ય છતાંય વિદ્વત્માન્ય વિવેચન તૈયાર કર્યું છે.

આ વિવેચન શ્રી સિદ્ધહેમના પ્રેમીજનોને અંતઃસંતોષ આપનાર બનશે. અમારી સંસ્થા આ ગ્રંથનું પ્રકાશન કરતાં ગૌરવ અનુભવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ આચાર્ય શ્રી વિજય નીતિસૂરી આરાધના ભવન કતારગામ-સુરતનાં જ્ઞાનનિધિમાંથી તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, આયોજનનગર, અમદાવાદ લાભ લીધો છે. તેઓના અમે ઋણી છીએ.

લિ.
આ.શ્રી વિજય નીતિસૂરિ
જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

વિ.સં.૨૦૭૮
ચૈત્ર સુદ-૫

સંપાદકીય નિવેદન

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતે શ્રી સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી માત્ર એક વર્ષમાં જ સવા લાખ શ્લોક પ્રમાણ જે શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની રચના કરી તે ખરેખર અદ્વિતીય છે. આ સમુદ્ર એવો છે કે, જેનાં પેટાળમાં અઢળક રત્નો ભર્યા છે. મરજીવા બનીને તે રત્નોને પામવાનો જે યત્કિંચિત્ પ્રયાસ થયો છે. તેનાં પરિણામ સ્વરૂપે સાતમો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. જે ખરેખર તત્ત્વત્રયીની કૃપા વિના શક્ય નથી.

આ ગ્રંથની વિવેચનયાત્રા, વિવરણની સામાન્ય વિશેષતાઓ, ધન્યવાદ, ઋણસ્વીકાર, સંદર્ભગ્રંથ સૂચિ વગેરે પ્રથમ ભાગમાં જણાવેલ છે. જેની નૂતન વાચક વર્ગે ખાસ મુલાકાત લેવી.

તથા આ ભાગનાં પરિશિષ્ટ-૧માં પરસ્મૈપદ અને આત્મનેપદ વિધાનનું સારાંશ કોષ્ટક, પરિશિષ્ટ-૨માં ધાતુથી તથા નામથી થતાં પ્રત્યયોનું સારાંશ કોષ્ટક, પરિશિષ્ટ-૩માં યડ્લુબન્તની પ્રવૃત્તિ-નિવૃત્તિની સંભાવના દર્શાવતું કોષ્ટક. પરિશિષ્ટ-૪માં વિવેચન અંતર્ગત ન્યાયનાં અર્થ, પરિશિષ્ટ-૫માં પ.પૂ.આ.શ્રી વજ્રસેનવિજયજી મ.સા. દ્વારા સંપાદિત બૃહદ્વૃત્તિ, લઘુન્યાસ

ટીકાથી યુક્ત શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્ પુસ્તકાનુસારે વિવેચન અંતર્ગત વિશેષતા અને જિજ્ઞાસાનાં સંદર્ભસ્થાનો તથા પરિશિષ્ટ-૬ અને ૭માં અનુક્રમે વિવેચન અંતર્ગત સૂત્રો અને ઉદાહરણો અકારાદિક્રમે દર્શાવેલ છે.

અત્યંત સહકાર આપનાર પંડિતવર્ય શ્રી ચિરાગભાઈ, તથા પંડિતવર્ય શ્રી અક્ષયભાઈ અને શીઘ્રાતિશીઘ્ર સુંદર રીતે મુદ્રણ કરી આપનાર જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નિતીનભાઈ-જય જિનેન્દ્ર)ને ખૂબ ખૂબ ધન્યવાદ. જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો

"મિચ્છા મિ દુક્કડમ્"

ઇ. નિરૂપમ-કલ્પ-આર્ય-સૌરભ શિશુ
સા. પરમયશાશ્રીજી

વિષયાનુક્રમ

ક્રમ	વિષય	પત્રક્રમ
૧.	અનુબંધનું ફળ કથન	૧
૨.	વૃદ્ધિ સંજ્ઞાનું વિધાન (૩.૩.૧)	૪
૩.	ગુણ સંજ્ઞાનું વિધાન (૩.૩.૨)	૮
૪.	ધાતુ સંજ્ઞાનું વિધાન (૩.૩.૩)	૯
૫.	દા સંજ્ઞાનું વિધાન (૩.૩.૫)	૨૦
૬.	વર્ત્તમાના આદિ સંજ્ઞાનું વિધાન (૩.૩.૬ થી ૩.૩.૧૬)	૨૬
૭.	પરસ્મૈપદ સંજ્ઞાનું વિધાન (૩.૩.૧૯)	૩૯
૮.	આત્મનેપદ સંજ્ઞાનું વિધાન (૩.૩.૨૦)	૪૧
૯.	આત્મનેપદની પ્રાપ્તિ (૩.૩.૨૧ થી ૩.૩.૯૯)	૪૨
૧૦.	પરસ્મૈપદની પ્રાપ્તિ (૩.૩.૧૦૦ થી ૩.૩.૧૦૮)	૧૬૫
૧૧.	અભ્યાસ-૧	૧૭૬
●	**અધ્યાય-૩ પાદ-૪**	
૧૨.	આય પ્રત્યયનું વિધાન (૩.૪.૧)	૧૭૭
૧૩.	ણિઙ્ પ્રત્યયનું વિધાન (૩.૪.૨; ૧૯; ૩૮ થી ૪૧)	૧૮૧, ૨૦૯, ૨૩૫
૧૪.	ડીય પ્રત્યયનું વિધાન (૩.૪.૩)	૧૮૨
૧૫.	સન્ પ્રત્યયનું વિધાન (૩.૪.૫ થી ૭; ૨૧)	૧૮૪, ૨૧૩
૧૬.	યક્ પ્રત્યયનું વિધાન (૩.૪.૮)	૧૯૧
૧૭.	યઙ્પ્રત્યયનું વિધાન (૩.૪.૯ થી ૧૨)	૧૯૨
૧૮.	યઙ્પ્રત્યયનો નિષેધ (૩.૪.૧૩)	૨૦૨
૧૯.	યઙ્પ્રત્યયનાં લોપનું વિધાન (૩.૪.૧૪ થી ૧૬)	૨૦૩
૨૦.	ણિચ્ પ્રત્યયનું વિધાન (૩.૪.૧૭, ૧૮)	૨૦૬
૨૧.	ણિગ્ પ્રત્યયનું વિધાન (૩.૪.૨૦)	૨૧૦
૨૨.	નામથી પર કામ્ય વગેરે પ્રત્યયનું વિધાન (૩.૪.૨૨ થી ૪૩)	૨૧૫

૨૩. પરોક્ષાનાં સ્થાને આમ્નું વિધાન (૩.૪.૪૬ થી ૫૧) ૨૪૫
૨૪. પંચમીનાં સ્થાને આમ્નું વિધાન (૩.૪.૫૨) ૨૫૬
૨૫. અદ્યતનીમાં સિચ્ વગેરેનું વિધાન (૩.૪.૫૩ થી ૬૫) ૨૫૭
૨૬. અદ્યતનીમાં ઙિચ્ પ્રત્યયનું વિધાન (૩.૪.૬૬ થી ૬૮) ૨૮૦
૨૭. ઙિટ્ પ્રત્યયનું વિધાન (૩.૪.૬૯) ૨૮૯
૨૮. ક્ય પ્રત્યયનું વિધાન (૩.૪.૭૦) ૨૯૦
૨૯. શવ્ વગેરે ગણ નિર્દિષ્ટ પ્રત્યયનું વિધાન
(૩.૪.૭૧ થી ૭૯; ૮૧; ૮૨; ૮૩) ૩૦૪
૩૦. હિ નાં આન આદેશનું વિધાન (૩.૪.૮૦) ૩૦૩
૩૧. ઙિ, ક્ય, આત્મનેપદનું વિધાન
(૩.૪.૮૪; ૮૭; ૯૪) ૩૦૭, ૩૧૨ ૩૨૪
૩૨. ઙિચ્ પ્રત્યયનો નિષેધ (૩.૪.૮૮ થી ૯૨) ૩૧૫
૩૩. ઙિ, ક્ય પ્રત્યયનો નિષેધ (૩.૪.૯૩) ૩૨૧
૩૪. અભ્યાસ-૧ ૩૨૬
૩૫. અભ્યાસ-૨ ૩૨૭
૩૬. પરિશિષ્ટ-૧ : આત્મનેપદ/પરસ્મૈપદનાં વિધાનનું કોષ્ટક ૩૨૮
૩૭. પરિશિષ્ટ-૨ : ધાતુથી થતાં/નામધાતુથી થતાં પ્રત્યયનું કોષ્ટક ૩૩૮
૩૮. પરિશિષ્ટ-૩ : યઙ્લુબન્તમાં સૂત્રની પ્રવૃત્તિ+નિવૃત્તિની
સંભાવના દર્શાવતું કોષ્ટક ૩૪૭
૩૯. પરિશિષ્ટ-૪ : વિવેચન અંતર્ગત ન્યાયનાં અર્થ ૩૫૮
૪૦. પરિશિષ્ટ-૫ : વિવેચન અંતર્ગત વિશેષતાનાં સંદર્ભ સ્થાનો ૩૬૩
૪૧. અન્યમતનાં સંદર્ભસ્થાનો
૪૨. પરિશિષ્ટ-૬ અકારાદિક્રમે સૂત્રાવલિ ૩૭૫
૪૩. પરિશિષ્ટ-૭ અકારાદિક્રમે ઉદાહરણાવલિ ૩૭૯

સંકેતસૂચિ

અ.અ.સૂ.	:	અન્વય અનુવૃત્તિ સૂત્ર
સ.	:	સમાસ
ઉદા.	:	ઉદાહરણ
પ્ર.ઉદા.	:	પ્રતિ ઉદાહરણ
વિ.	:	વિશેષતા
જિ.	:	જિજ્ઞાસા
સમા.	:	સમાધાન
શ્લો.	:	શ્લોક
પ્ર.	:	પ્રથમા વિભક્તિ
દ્વિ.	:	દ્વિતીયા વિભક્તિ
તૃ.	:	તૃતીયા વિભક્તિ
ચ.	:	ચતુર્થી વિભક્તિ
પં.	:	પંચમી વિભક્તિ
ષ.	:	ષષ્ઠી વિભક્તિ
સ.	:	સપ્તમી વિભક્તિ
સં.	:	સંબોધન
એ.વ.	:	એકવચન
દ્વિ.વ.	:	દ્વિવચન
બ.વ.	:	બહુવચન
પરસ્મૈ.	:	પરસ્મૈપદ
આત્મને.	:	આત્મનેપદ
ન્યાય.	:	ન્યાય
સં.સૌ.	:	સંગ્રહ સૌરભ. (પરિશિષ્ટ પુસ્તિકા)
મ.વૃ.	:	મધ્યમવૃત્તિ
બૃ.વૃ.	:	બૃહદ્વૃત્તિ
બૃ.ન્યા.	:	બૃહન્ન્યાસ
લ.ન્યા.	:	લઘુન્યાસ

॥ अर्हँ ॥

॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

અનુબંધનું ફળ કથન

અહીંથી આખ્યાત પ્રકરણની શરૂઆત થઈ રહી છે. જેમાં ગ્રંથકારશ્રીએ વિવિધ પ્રકારનાં અનુબંધનો ઉપયોગ કર્યો છે. તેનું ફળ પ્રકરણની શરૂઆતમાં જ જાણી લેવું જોઈએ. તેનું કોષ્ટક આ પ્રમાણે છે :

અનુબંધ	ફળ	ફળદર્શક સૂત્ર	ઉદા.
क्	નામી સ્વરનાં ગુણનો નિષેધ. આકારાન્ત ધાતુનાં આનો લોપ	नामिनो गुणो०४.३.१ इडेत्पुसि०४.३.९४	भूयात् पपुः
ख्	પૂર્વપદને અંતે म् આગમ.	खित्यन०३.२.१११	पटुंमन्यः
घ्	અનિટ્ ધાતુનાં च्-ज्નો क्-ग्	क्ङिति०४.१.१११	पाकः
ङ्	નામી સ્વરનાં ગુણનો નિષેધ	नामिनो गुणो०४.३.१	अद्युतत्
ञ्	ધાતુનાં નામી સ્વરની વૃદ્ધિ	नामिनोऽ०४.३.५१	अन्वभावि
ण्	ધાતુનાં નામી સ્વરની વૃદ્ધિ	नामिनोऽ०४.३.५१	दुदाव
व्	उકારાન્ત ધાતુનાં उનો औ	उत औ०४.३.५९	यौति
श्	शव् વગેરે વિકરણ અને क्यની પ્રાપ્તિ	कर्तर्यनद्०३.४.७१	भवति

ધાતુપાઠ વિષયક અનુબંધનાં ફળ

અનુબંધ	ફળ	ફળદર્શક સૂત્રો	ઉદા.
अ	સુખપૂર્વક ઉચ્ચારણ	-	फक्कति
आ	ધાતુથી क्त-क्तवतु પૂર્વે इट् નો નિષેધ	आदितः ४.४.७१	हूर्णः
इ	ધાતુથી આત્મનેપદી પ્રત્યયની પ્રાપ્તિ	इङितः०३.३.२२	ककते
ई	ધાતુથી ફલવાન કર્ત્તામાં આત્મનેપદી પ્રત્યયની પ્રાપ્તિ	ईगितः ३.३.९५	भजति/भजते
उ	ધાતુનાં સ્વર પછી न् આગમ	उदितः स्वरा० ४.४.९८	तङ्कति
ऊ	ધાતુથી क्त्वा ની પૂર્વે વિકલ્પે इट्	ऋत्तृष० ४.३.२४	वचित्वा/वञ्चित्वा
ऋ	णि+ङ પર છતાં ઉપાન્ત્યનાં હ્રસ્વનો નિષેધ	उपान्त्यस्याऽ०४.२.३५	अरराखत्
ॠ	ધાતુથી અદ્યતની પરસ્મૈપદમાં વિકલ્પે अङ्	ॠदिच्छि्व०३.४.६५	अच्युतत्/अच्योतीत्
ऌ	ધાતુથી અદ્યતની પરસ્મૈપદમાં નિત્ય अङ्	ऌदिद्०३.४.६४	अगमत्
ए	सिच् પ્રત્યય પર છતાં વૃદ્ધિનો નિષેધ	व्यञ्जनादेर्वो०४.३.४७	अकटीत्
ऐ	क्त-क्तवतुની આદિમાં इट् નો નિષેધ	डीयश्च्यै०४.४.६१	कट्टः
ओ	क्त-क्तवतुનાં त નો न	सूयत्या०४.२.७०	वानः
औ	ધાતુથી વિકલ્પે इट् ની પ્રાપ્તિ	धूगौदितः ४.४.३८	स्वर्त्ता/स्वरिता
अनुस्वार	ધાતુનું અનિટ્પણું	एकस्वराद०४.४.५६	पाता
क्	અદાદિ ગણમાં સમાવિષ્ટ થતાં વિકરણનો અભાવ	कर्तर्यनद्०३.४.७१	हन्ति

અનુબંધ	ફળ	ફળદર્શક સૂત્રો	ઉદા.
ग्	ધાતુથી ફલવાન કર્ત્તામાં આત્મનેપદી પ્રત્યયની પ્રાપ્તિ	ईगितः ૩.૩.૯૫	श्रयते/श्रयति
ङ्	ધાતુથી આત્મનેપદી પ્રત્યયની પ્રાપ્તિ	इङितः०૩.૩.૨૨	गाते
च्	दिवादि ગણમાં સમાવિષ્ટ થતાં श्य વિકરણ	दिवादेः०૩.૩.૭૨	कुथ्यति
ञ्	વર્ત્તમાનકાળમાં ધાતુથી क्त	ज्ञानेच्छा०૫.૨.૯૧	मिन्नः
ट्	स्वादि ગણમાં સમાવિષ્ટ થતાં श्नु વિકરણ ભાવ આદિ અર્થમાં अथु પ્રત્યય	स्वादेः०૩.૪.૭૫ ट्वितोऽथुः ૫.૩.૮૩	सुनोति वेपथुः
ड्	તત્કૃત અર્થમાં त्रिमक् પ્રત્યય	ड्वितस्त्रि०૫.૩.૮૪	पक्त्रिमम्
ण्	चुरादि ગણમાં સમાવિષ્ટ થતાં णिच् પ્રત્યય	चुरादिभ्यो०૩.૪.૧૭	चोरयति
त्	तुदादि ગણમાં સમાવિષ્ટ થતાં श પ્રત્યય	तुदादेः शः ૩.૪.૮૧	तुदति
प्	रुधादि ગણમાં સમાવિષ્ટ થતાં श्न પ્રત્યય	रुधां स्वरा०૩.૪.૮૨	रुणद्धि
म्	दाम् ધાતુનો अन्य दा થી ભેદ	दामः सम्प्र ०૨.૨.૫૨	-
य्	तनादि ગણમાં સમાવિષ્ટ થતાં उ વિકરણ	कृग्-तनादे०૩.૪.૮૩	तनोति
व्	दा સંજ્ઞાનો નિષેધ	अवौ दा०૩.૩.૫	दातम्
श्	क्र्यादि ગણમાં સમાવિષ્ટ થતાં श्ना વિકરણ	क्र्यादेः ૩.૪.૭૯	क्रीणाति
ष्	ભાવ આદિ અર્થમાં ધાતુથી अङ् પ્રત્યય	षितोऽङ् ૫.૩.૧૦૭	पचा

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

तृतीयेऽध्याये तृतीयः पादः

आख्यात प्रकरणम्

★ વૃદ્ધિસંજ્ઞાનું વિધાન :

वृद्धिराऽऽरैदौत् ३.३.१

અ.અ.સૂ. : आरैदौत् वृद्धिः ।

અર્થ : આ, આર્, ઐ અને ઔ વૃદ્ધિસંજ્ઞક છે.

સ. **आरैदौत्** = आश्च आर् च ऐच्च औच्चेति।

ઉદા. (૧) **अनी वृद्धि आ : मार्ष्टि** = તે શુદ્ધ કરે છે. (मृजौक् शुद्धौ-૧૦૯૭)

- ⁘[1] ક્રિયાર્થો૦૩.૩.૩થી मृज्ને **धातु**સંજ્ઞા.
- ⁘ सति ૫.૨.૧૯થી **वर्त्तमाना**ની પ્રાપ્તિ.
- ⁘ वर्त्तमाना૦૩.૩.૬થી तिव् વગેરેને **वर्त्तमाना** સંજ્ઞા.
- ⁘ शेषात्૦૩.૩.૧૦૦થી **परस्मैपद**ની પ્રાપ્તિ.

⁘ અહીં ઉદા.ગત સાધનિકામાં '⁘' નિશાનવાળાં સૂત્રો વારંવાર પુનરાવર્તિત થતાં હોવાથી તેમજ પ્રસિદ્ધ અને સામાન્ય હોવાથી આખ્યાત પ્રકરણની આગામી સાધનિકામાં દર્શાવવામાં આવશે નહીં.

- नवाऽऽद्यानि०३.३.१९थी तिव् वगेरे नवने **परस्मैपद** संज्ञा.
- त्रीणि-त्रीण्य०३.३.१७थी **प्रथम पुरुष**नां प्रत्ययनी प्राप्ति.
- एक-द्वि०३.३.१८थी એ.व.नो प्रत्यय तिव्→मृज+**ति**
- गुणोऽरेदोत् ३.३.२थी अर्ने **गुण**संज्ञा.
  लघोरुपा०४.३.४थी **गुण**नी प्राप्ति अने
- आसन्नः ७.४.१२०थी ऋनो अर्→**मर्ज्**+ति
- आ सूत्रथी आने **वृद्धि**संज्ञा.
  मृजोऽस्य ४.३.४२थी **वृद्धि**नी प्राप्ति अने
- आसन्नः ७.४.१२०थी अनो आ→**मार्ज्**+ति
  यज-सृज०२.१.८७थी ज्नो ष्→**मार्ष्**+ति
  तवर्गस्य०१.३.६०थी त्नो ट्→**मार्ष्टि**
- तदन्तं०१.१.२०थी मार्ष्टिने **पद**संज्ञा.

(२) **ऋनी वृद्धि आर् : कार्यम्** = કરવા યોગ્ય.
(डुकृंग् करणे-८८८)
ऋवर्ण-व्यञ्जना०५.१.१७थी घ्यण्→कृ+**य**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**कार्**+य
प्रथमा सि वगेरे→**कार्यम्**।

(३) **ईनी वृद्धि ऐ : नायकः** = લઈ જનાર.
(णींग् प्रापणे-८८४)
णक-तृचौ०५.१.४८थी णक→नी+**अक**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**नै**+अक
एदैतोऽ०१.२.२३थी आय्→**नाय**क
प्रथमा सि वगेरे→नायकः।

(૪) **ऊनी वृद्धि औ : औपगवः** = ગોવાળનું સંતાન.
उपगोरपत्यमिति।
ङसोऽप०६.१.२८थी अण्→उपगु+**अ**
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**औ**पगु+अ
अस्वयंभुवो०७.४.७०थी उनो अव्→औप**गव्**+अ
प्रथमा सि वगेरे→औपगवः।

विशेषता :

(૧) સામાન્યતયા સંજ્ઞા વિષયક સૂત્રોમાં પૂર્વોચ્ચારિત સંજ્ઞી અને પશ્ચાદુચ્ચારિત સંજ્ઞા હોય છે. પણ અહીં વૃદ્ધિ સંજ્ઞા હોવા છતાં પણ તેનો પૂર્વનિપાત મંગલને માટે છે. ભાષ્યમાં કહ્યું છે કે,

मङ्गलादीनि मङ्गलमध्यानि मङ्गलान्तानि च,
शास्त्राणि प्रथन्ते वीरपुरुषकाणि भवन्त्यायुष्मत्पुरुषकाणि च ॥

અર્થ : મંગલની આદિવાળાં, મધ્યમંગલવાળાં, અંતિમ મંગલવાળાં અને વીરપુરુષો, શિષ્ટ પુરુષો વડે રચાએલાં શાસ્ત્રો વિસ્તારને પામે છે.
તે પ્રમાણે ગુણ માટે પણ જાણવું.

(૨) **वृद्धि संज्ञानां प्रदेशो** = मृजोऽस्य वृद्धिः ४.३.४२ वगेरे.

જિ. : આ સૂત્રમાં આ, આર્, ઐત્ અને ઔત્ને વૃદ્ધિ સંજ્ઞા કરવામાં આવી છે. અન્ય કોઈ વિશેષણ દર્શાવ્યું નથી. તો તે વૃદ્ધિસંજ્ઞા ञ्णिति ४.३.५० વગેરે સૂત્રથી થતાં આ વગેરેને જ શા માટે કરાય છે ? સામાન્ય રાજા વગેરે પ્રયોગોમાં રહેલાં આ વગેરેને કેમ નહીં ?

સમા. : વસ્તુતઃ આ વગેરે બે પ્રકારે છે. તદ્‌ભાવિત અને અતદ્‌ભાવિત.

(a) તેમાં ञ्णिति ४.૩.૫૦ વગેરે સૂત્રથી થતાં આ વગેરે તદ્‌ભાવિત છે. અને,

(b) રાજા વગેરેમાં રહેલાં સામાન્ય આ વગેરે અતદ્‌ભાવિત છે. અહીં આ બંને પ્રકારમાંથી તદ્‌ભાવિત આ વગેરેને જ **सूत्रशाटकः** ન્યાય વડે વૃદ્ધિસંજ્ઞા કરવામાં આવી છે.

જેમ, કોઈને કહેવામાં આવે કે, 'આ સૂત્ર (દોરા)માંથી શાટક (સાડી) બનાવ.' ત્યારે ત્યાં શાટક ન હોવા છતાં પણ ભવિષ્યમાં એ જ સૂત્રથી બનનારું શાટક જ વિવક્ષિત હોય છે. પણ જગતમાં રહેલ અન્ય બીજા શાટક નહીં. અને તેથી જ્યારે તે ભવિષ્યમાં શાટક બને છે, તેને જ વર્ત્તમાનમાં વપરાયેલ શાટક સંજ્ઞા લાગે છે. તે જ પ્રમાણે અહીં દર્શાવેલી વૃદ્ધિ સંજ્ઞા પણ ભવિષ્યમાં દર્શાવાતાં ञ्णिति ४.૩.૫૦, नामिनोऽ०४.૩.૫૧, वृद्धिः स्वरे०૭.४.१ વગેરે સૂત્રથી થતાં તદ્‌ભાવિત આ વગેરેને જ થશે. પણ અન્ય રાજા આદિમાં રહેલાં અતદ્‌ભાવિત આ વગેરેને નહીં.

જિ. : સૂત્રમાં ऐ-औનું ગ્રહણ કર્યું હોત તો પણ ऐ અને औને જ વૃદ્ધિ સંજ્ઞા થવાની હતી છતાં ऐत्-औत् આમ, त् કારનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : **त्कारग्रहणं तावन्मात्रार्थम्** ન્યાયાનુસારે त् કારનું ગ્રહણ દ્વિમાત્રાવાળાં જ ऐ અને औને વૃદ્ધિ સંજ્ઞા કરવા માટે છે. અન્યથા જો त्નું ગ્રહણ ન કરીએ તો કોઈ પ્લુત, ચતુર્માત્રાવાળાં ऐ અને औને પણ વૃદ્ધિ સંજ્ઞા કરે, જે ઇષ્ટ નથી. માટે त्કારનું ગ્રહણ કરેલ છે.

★ ગુણસંજ્ઞાનું વિધાન :

गुणोऽरेदोत् ३.३.२

અ.અ.સૂ. : अरेदोत् गुणः ।

અર્થ : અર્, એ અને ઓ પ્રત્યેક ગુણસંજ્ઞક છે.

સ. **अरेदोत्** → अर् च एत् च ओत् चेति ।

ઉદા. (૧) **ऋ નો ગુણ अर्** →
करोति = તે કરે છે. (डुकृंग् करणे-८८८)
सति ५.२.१९ વગેરેથી तिव्→कृ+**ति**
कृग्-तनादे०३.४.८१थी उ→कृ+**उ**+ति
नामिनो गुणो०४.३.१थी **गुण**नी પ્રાપ્તિ

- આ સૂત્રથી અર્ને **ગુણ** સંજ્ઞા તથા
- आसन्नः ७.४.१२०थी ऋनो अर्→**कर्**+उ+ति
  उ-श्नोः ४.३.२थी उनो ગુણ ओ→**करो**ति

(૨) **इનો ગુણ ए**→
चेता = તે એકઠું કરે છે. (चिंग्ट् चयने-१२९०)

- અનદ્યતને श्व०५.३.५थी **श्वस्तनीनी** પ્રાપ્તિ.
- श्वस्तनी ता०३.३.१४थी ता→વગેરેને **श्वस्तनी** સંજ્ઞા.
- शेषात्०३.३.१००थी ५२स्मैपदनी પ્રાપ્તિ→चि+**ता**
  नामिनो गुणो०४.३.१थी ગુણ→**चे**ता ।

(૩) **उનો ગુણ ओ : स्तोता** = તે સ્તુતિ કરશે.
(ष्टुंग्क् स्तुतौ-११२४)
शेषात्०३.३.१००थी ५२स्मैपदनी પ્રાપ્તિ થતાં
ता→स्तु+**ता**
नामिनो गुणो०४.३.१थी ગુણ→**स्तो**ता।

વિશેષતા :

(૧) **ગુણસંજ્ઞાનાં પ્રદેશો :** નામિનો ગુણોઽક્ડિતિ ૪.૩.૧ વગેરે.

★ **ધાતુ સંજ્ઞાનું વિધાન :**

क्रियार्थो धातुः ३.३.३

અ.અ.સૂ. : क्रियार्थः धातुः ।

અર્થ : પૂર્વાપરીભૂત અને સાધ્યમાન રૂપ ક્રિયાનો અર્થ જે શબ્દને છે તે ધાતુસંજ્ઞક થાય છે.

સ. **क्रियार्थः** = क्रिया अर्थो यस्य स इति।

ઉદા. (૧) **भवति** = તે થાય છે. (भू सत्तायाम्-१)
આ સૂત્રથી ભૂને **ધાતુ**સંજ્ઞા.
શેષાત્૦૩.૩.૧૦૦થી પરસ્મૈ.ની પ્રાપ્તિ તિવ્→ भू+**ति**
કર્તર્યનદ્૦૩.૪.૭૧થી શવ્→भू+**अ**+ति
નામિનો ગુણો૦૪.૩.૧થી ગુણ→**भो**+અ+ति
ઓદૌતોઽ૦૧.૨.૨૪થી અવ્→**भव**ति।

(૨) **अत्ति** = તે ખાય છે. (अदंक् भक्षणे-१०५९)
આ સૂત્રથી અદ્ને **ધાતુ**સંજ્ઞા.
શેષાત્૦૩.૩.૧૦૦થી પરસ્મૈ.ની પ્રાપ્તિ તિવ્→ अद्+**ति**
અઘોષે પ્રથમો૦૧.૩.૫૦ દ્નો ત્→**अत्ति**।

(૩) **गोपायति** = તે રક્ષણ કરે છે. (गुपौ रक्षणे-३३२)
गुपौ-धूप૦૩.૪.૧થી आय→गुप्+**आय**
આ સૂત્રથી गुप्+आयને **ધાતુ**સંજ્ઞા.
શેષાત્૦૩.૩.૧૦૦થી પરસ્મૈ.ની પ્રાપ્તિ તિવ્→गुपाय+**ति**

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→गुपाय+**अ**+ति
लघोरुपा०४.३.४थी गुण→**गो**पाय+अ+ति
लुगस्यादे०२.१.११३थी अनो लो५→गोपायति।

(४) **जुगुप्सते** = તે નિંદા કરે છે. (गुपि गोपन-कुत्सनयोः-७६३)
गुप्-तिजो०३.४.५थी अ→गुप्+**स**
આ સૂત્રથી गुप्+स ને **धातु**संज्ञा.
सन्यङश्च ४.१.३थी द्वित्व→**गु**गुप्स
गहोर्जः०४.१.४०थी ग्नो ज्→**जु**गुप्स
इङितः०३.३.२२थी आत्मने.नी प्राप्ति ते→जुगुप्स+**ते**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→जुगुप्स+**अ**+ते
लुगस्यादे०२.१.११३थी अनो लो५→जुगुप्सते।

(५) **पापच्यते** = તે ઘણું રાંધે છે. (डुपचींष् पाके-८९२)
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→पच्+**य**
આ સૂત્રથી पच्+य ને **धातु**संज्ञा.
सन्यङश्च ४.१.३थी द्वित्व→**प**पच्+य
आ-गुणा०४.१.४८थी अनो आ→**पा**पच्य
इङितः०३.३.२२थी आत्मने.नी प्राप्ति ते→पापच्य+**ते**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→पापच्य+**अ**+ते
लुगस्यादे०२.१.११३थी अनो लो५→पापच्यते।

(६) **पुत्रकाम्यति** = તે પુત્રને ઇચ્છે છે. पुत्रमिच्छतीति।
द्वितीयायाः०३.४.२२थी काम्य→पुत्र+**काम्य**
આ સૂત્રથી पुत्रकाम्यने **धातु**संज्ञा.

शेषात्०३.३.१००थी ५२स्मै.नी प्राप्ति तिव्→
पुत्रकाम्य+**ति**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→पुत्रकाम्य+**अ**+ति
लुगस्यादे०२.१.११३थी अनो लोप→पुत्रकाम्यति।

(७) **मुण्डयति** = તે મુંડન કરે છે. मुण्डं करोतीति।
णिज्बहुलं०३.४.४२थी णिच्→मुण्ड+**इ**
આ સૂત્રથી मुण्ड+इने **धातु**संज्ञा.
त्रन्त्यस्वराऽऽदेः ७.४.४३थी अनो लोप→मुण्ड्
शेषात्०३.३.१००थी ५२स्मै.नी प्राप्ति तिव्→मुण्ड्+**ति**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→मुण्ड्+**अ**+ति
नामिनो गुणो०४.३.१थी गुण→मुण्**डे**+अ+ति
एदैतोऽ०१.२.२३थी अय्→मुण्**डय**ति।

(८) **जवनः** = દોડના२. (जुं गतौ-१९९० सौत्र)
भूषा-क्रोधार्थ०५.२.४२थी अन→जु+**अन**
नामिनो गुणो०४.३.१थी गुण→**जो**+अन
ओदौतोऽ०१.२.२४थी अव्→**जव**न
प्रथमा सि वगेरे→जवनः।

विशेषता :

(१) **पूर्वापरीभूता** = જે પૂર્વ અવયવની સાથે સંબદ્ધ હોય તેને પૂર્વભૂત ક્રિયા કહેવાય છે. અને જે અપર અવયવ સાથે જોડાયેલ હોય તેને અપરભૂત ક્રિયા કહેવાય છે. 'પૂર્વ-અપર' આમ બંને ક્રિયા ભેગી થઈને એક ક્રિયાનો વ્યવહાર થાય છે, તે પૂર્વાપરીભૂતા કહેવાય છે. અહીં

તાત્પર્ય એ છે કે, આમ તો પૂર્વથી લઈને અન્ત સુધી કોઈપણ ક્રિયા માત્ર એક જ કહેવાય છે. પરંતુ તે ક્રિયાની ઉત્પત્તિ ક્રમિક થતી હોવાથી તે-તે ક્રમમાં થનારી તે-તે વિશેષાવસ્થાઓને તે જ ક્રિયાનાં અંગ સ્વરૂપે કલ્પાય છે. અને તે તમામ અંગ ભેગા થઈને એક ક્રિયા કહેવાય છે.

જેમ કે, વસ્તુને ગ્રહણ કરવી, ચૂલા પર મૂકવી, ચૂલો પ્રગટાવવો, વસ્તુનું સીઝવું, વસ્તુને ચૂલા પરથી નીચે મૂકવી વગેરે રાંધવા રૂપ પચ્ ક્રિયાનાં અવયવ તરીકે કહેવાય છે. તેમાં કેટલાંક ક્રિયા-અવયવો પૂર્વમાં ઉત્પન્ન થાય છે. કેટલાંક ક્રિયા-અવયવો પછી ઉત્પન્ન થાય છે. તો પણ તે પૂર્વાપરીભૂત અવયવ ભેગા થઈને એક રાંધવા રૂપ ક્રિયાની પ્રતીતિ કરાવે છે. અને તે જ ક્રિયાનું પૂર્વાપરીભૂતત્વમ્ છે.

(૨) **साध्यमानरुपा** = સાધનનાં વ્યાપારને પરતંત્ર છે સ્વરૂપ જેનું તે ક્રિયાને સાધ્યમાન કહેવાય છે. અહીં पचति વગેરે ક્રિયામાં જે સીઝવા વગેરે રૂપ ક્રિયા થઈ રહી છે. તેમાં કર્ત્તા વગેરે તમામ સાધનોનો વ્યાપાર કારણભૂત છે. જેમ કે, कः पचति, कं पचति, केन पचति, कस्मै पचति, कस्मात् पचति, कस्मिन् पचति ઈત્યાદિ રૂપ સાધનની જિજ્ઞાસા થયે છતે चैत्रः ओदनं काष्ठैः कुसूलादानीय मैत्राय गृहे पचति। એ પ્રમાણે વાક્ય પ્રયોગ પ્રાપ્ત થતાં ક્રિયાની નિરાકાંક્ષ પ્રતીતિ થાય છે. જો આમાંથી એક પણ સાધનનો બોધ ન થાય તો આકાંક્ષા સંપૂર્ણપણે શાંત થતી નથી. આમ, કોઈપણ ક્રિયાનું

સાધ્યમાનત્વ સિદ્ધ થાય છે. તેથી દરેક ક્રિયા સાધ્યમાનરુપા પણ હોય છે.

(૩) આય વગેરે સ્વાર્થિક પ્રત્યયાન્ત અને ક્યન્ વગેરે નામધાતુ પ્રત્યયાન્ત શબ્દો પણ પૂર્વાપરીભૂતા અને સાધ્યમાનરુપા ક્રિયાર્થવાળાં હોવાથી તેઓ પણ ધાતુસંજ્ઞક થાય છે. તથા જુ, સ્તુમ્મૂ વગેરે સૌત્ર ધાતુ પણ આ જ લક્ષણથી ધાતુસંજ્ઞક થાય છે. તેમજ, આ લક્ષણ શિષ્ટ-પ્રયોગાનુસારે હોવાથી આણપયતિ વગેરે ધાતુસંજ્ઞક થતાં નથી.

(૪) **ધાતુસંજ્ઞાનાં પ્રદેશો :** धातोः पूजार्थ०૩.૧.૧ વગેરે.

(૫) **ધાતુનાં પ્રકાર :**

(a) **भ्वादि धातु :** ધાતુપાઠ અંતર્ગત ભ્વાદિ વગેરે ધાતુઓ નવ ગણમાં વિભક્ત કરીને દર્શાવવામાં આવ્યા છે. જેનો ગણ ક્ વગેરે અનુબંધ દ્વારા ઓળખી શકાય છે. તે નીચે પ્રમાણે છે :

अदादयः कानुबन्धाश्चानुबन्धा दिवादयः ।
स्वादयष्टानुबन्धास्तानुबन्धास्तुदादयः ॥१॥
रुधादयः पानुबन्धा, यानुबन्धास्तनादयः ।
क्रयादयः शानुबन्धा, णानुबन्धाश्चुरादयः ॥२॥

અર્થ : અંતમાં ક્ અનુબંધવાળાં ધાતુઓ અદાદિ કહેવાય છે. અંતમાં च् અનુબંધવાળાં દિવાદિ, અંતમાં ટ્ અનુબંધવાળાં સ્વાદિ, અંતમાં ત્ અનુબંધવાળાં તુદાદિ, અંતમાં પ્ અનુબંધવાળાં રુધાદિ, અંતમાં ય્ અનુબંધવાળાં તનાદિ,

અંતમાં શ્ અનુબંધવાળાં ક્રયાદિ અને અંતમાં ણ્ અનુબંધવાળાં ચુરાદિ ગણનાં ધાતુઓ ગણાય છે.

ક્રમાંક	ગણસંજ્ઞા	પ્રચલિતગણ	ધાતુપાઠનો ગણ	ઇત્	ધાતુક્રમાંક
૧	ભ્વાદિ	પહેલો ગણ	પહેલો ગણ	-	૧ થી ૧૦૫૮
૨	અદાદિ	બીજો-ત્રીજો ગણ	બીજો ગણ	ક્	૧૦૫૯ થી ૧૧૪૩
૩	દિવાદિ	ચોથો ગણ	ત્રીજો ગણ	ચ્	૧૧૪૪ થી ૧૨૮૫
૪	સ્વાદિ	પાંચમો ગણ	ચોથો ગણ	ટ્	૧૨૮૬ થી ૧૩૧૪
૫	તુદાદિ	છઠ્ઠો ગણ	પાંચમો ગણ	ત્	૧૩૧૫ થી ૧૪૭૨
૬	રુધાદિ	સાતમો ગણ	છઠ્ઠો ગણ	પ્	૧૪૭૩ થી ૧૪૯૮
૭	તનાદિ	આઠમો ગણ	સાતમો ગણ	ય્	૧૪૯૯ થી ૧૫૦૭
૮	ક્રયાદિ	નવમો ગણ	આઠમો ગણ	શ્	૧૫૦૮ થી ૧૫૬૭
૯	ચુરાદિ	દશમો ગણ	નવમો ગણ	ણ્	૧૫૬૮ થી ૧૯૮૧

(b) **લૌકિક ધાતુ :** ધાતુપાઠ અંતર્ગત ભ્વાદિ વગેરે ગણમાં જેનો સમાવેશ ન કર્યો હોય, જે સૂત્રથી પણ ગ્રહણ ન કરાયાં હોય તો પણ લોકમાં પ્રયોગ થતો હોય. જેમકે, **ક્લવિ-વિચ્છાયીભવને-૧૯૮૨**

(c) **સૌત્ર ધાતુ :** ધાતુપાઠ અંતર્ગત ભ્વાદિ વગેરે ગણમાં જેનો સમાવેશ ન કર્યો હોય, પણ વ્યાકરણશાસ્ત્રનાં સૂત્ર દ્વારા દર્શાવેલ હોય. જેમકે, **જુંગતૌ-૧૯૯૦**

(d) **વાક્યકરણીય ધાતુ :** ધાતુપાઠ અંતર્ગત ભ્વાદિ વગેરે ગણમાં જેનો સમાવેશ ન કર્યો હોય, જે સૂત્રથી પણ

ગ્રહણ ન કરાયાં હોય પરંતુ શિષ્ટ પ્રયોગથી ગમ્ય હોય. જેમકે, **चुलुम्प-विनाशे-२०५०**

(e) **आगमिक धातु :** ધાતુપાઠ અંતર્ગત भ्वादि વગેરે ગણમાં જેનો સમાવેશ ન કર્યો હોય, જે સૂત્રથી પણ ગ્રહણ ન કરાયાં હોય, પરંતુ આગમ સાહિત્યમાં પ્રયુક્ત થયેલાં દેખાતાં હોય. જેમકે, **दट्ट-आच्छादने-१**

(f) **प्रत्ययसाधित धातु :** વ્યાકરણગત સૂત્રમાં દર્શાવેલાં सन् વગેરે પ્રત્યય દ્વારા તે-તે અર્થમાં જેને સાધવામાં આવે તે. જેમકે, **पिपचिष्-पचितुमिच्छा ।**

(g) **नामसाधित धातु :** નામને સૂત્રમાં દર્શાવેલાં क्यन् વગેરે પ્રત્યય લાગતાં ધાતુરૂપે પ્રયુક્ત થાય. જેમકે, पुत्रीय-पुत्रस्य इच्छा.

જિ. : ક્રિયા શબ્દ कृ ધાતુથી નિષ્પન્ન છે. તેથી તેનો करोत्यर्थः ક્રિયા એ પ્રમાણે વ્યુત્પત્તિને આશ્રયીને 'કરવું' એવો અર્થ થાય છે. તો 'ખાવું, ભણવું' આદિ ક્રિયામાં 'ભોજન કરવું, પઠન કરવું. ઇત્યાદિ રૂપે 'કરવું' ક્રિયા ગર્ભિત હોવાથી તદ્વાચી भुज्, पठ् આદિને ધાતુસંજ્ઞા થાય છે. પરંતુ 'વિદ્યમાન હોવું' એવા પ્રકારનાં માત્ર અસ્તિત્વને જણાવનાર અર્થમાં 'કરવા'રૂપ ક્રિયાનો બોધ થતો જ નથી તો તેને ક્રિયા રૂપે માનીને તદ્વાચી अस्, भू અને विद् પ્રકૃતિને આ સૂત્રથી ધાતુસંજ્ઞા શી રીતે થશે ?

સમા. : અહીં करोत्यर्थः ક્રિયા એ પ્રમાણે જે વ્યુત્પત્તિ દર્શાવી છે. તે ધાતુ-સંજ્ઞાનું પ્રવૃત્તિનિમિત્ત નથી, પણ કારકમાં

થતો વ્યાપારવિશેષ એ જ ધાતુસંજ્ઞાનું પ્રવૃત્તિનિમિત્ત છે. અને અસ્તિ આદિ ક્રિયામાં પણ અસ્તિત્વ રૂપ આત્મધારણને અનુકૂળ કર્ત્તાદિ કારકનો વ્યાપાર વર્ત્તે જ છે. જેમકે, चैत्रोऽस्ति = ચૈત્ર વિદ્યમાન છે. એ ક્રિયામાં ચૈત્ર રૂપ કારકમાં વિદ્યમાનતા રૂપ વ્યાપારનો યોગ છે. જે અન્ય ખાવું, ભણવું આદિ વ્યાપારથી ભિન્ન પણ છે. તેથી તે પણ ક્રિયા સ્વરૂપ બનતાં તદ્વાચી પ્રકૃતિને પણ આ સૂત્રથી ધાતુસંજ્ઞા થાય છે.

જિ. : સૂત્રમાં ક્રિયાર્થો ધાતુઃ એ પ્રમાણે ક્રિયાર્થવાચી પ્રકૃતિને ધાતુસંજ્ઞા કરવામાં આવી છે. તો શિશ્યે આદિ પ્રત્યયાન્તધાતુ પણ ક્રિયાને જ જણાવનારો હોવાથી ધાતુસંજ્ઞક થાય છે. તો પણ आत् सन्ध्य०४.२.१ સૂત્ર દ્વારા અન્ત્ય એનો આ શા માટે ન કર્યો ?

સમા. : અહીં સૂત્રમાં ક્રિયાર્થો ધાતુઃ એ પ્રમાણે ધાતુનું ક્રિયાવિશેષકત્વ પૂર્વે જાણવું. તેથી અહીં તેવી પ્રકૃતિને ધાતુસંજ્ઞા કરવી જે પ્રકૃતિ પ્રત્યયાદિ લાગ્યા પહેલાં પોતાની સર્વપ્રથમ અવસ્થામાં ક્રિયાર્થનું વિશેષક હોય. તદન્યનું નહીં. માટે શિશ્યે આદિને ધાતુસંજ્ઞા ન થતાં आत् सन्ध्य०४.२.१ સૂત્ર લાગવાની પ્રાપ્તિ નથી.

યદ્યપિ આય વગેરે સ્વાર્થિક પ્રત્યય, सन्, णिग् આદિ પ્રત્યય લાગતાં જે અંગ તૈયાર થાય છે. તે પણ પશ્ચાત્કાલભાવી છે. પરંતુ તે સ્વાર્થિક પ્રત્યય, સન્નત કાર્ય, णिगन्त કાર્ય આદિનાં વિધાન સામર્થ્યથી જ તે-તે પ્રત્યયો ધાતુનાં અવયવ સ્વરૂપે જ ગણાય છે. અને

અવયવ તે અવયવીથી અભિન્ન હોવાથી તદ્‌વિશિષ્ટ પ્રકૃતિને પણ આ સૂત્રથી ધાતુસંજ્ઞા થાય છે.

न प्रादिरप्रत्ययः ३.३.४

અ.અ.સૂ. : **प्रादिः धातुः न, अप्रत्ययः ।**

અર્થ : પ્ર વગેરે ઉપસર્ગો ધાતુનાં અવયવભૂત થતાં નથી. તેનાથી પર જ ધાતુ આવે છે, જો તે ઉપસર્ગથી પર પ્રત્યય ન હોય તો.

સ. (૧) **प्रादिः** = प्र आदिर्यस्य स इति।

(૨) **अप्रत्ययः** = न विद्यते प्रत्ययो यस्मात् स इति।

ઉદા. (૧) **अभ्यमनायत** = તે સારા મનવાળો થયો.

अनभिमना अभिमना अभवदिति।

च्व्यर्थे०૩.૪.૨૯થી क्यङ्→अभि+मनस्+**य**

અને स्‌નો લોપ→अभिमन+य

+ ક્રિયાર્થો०૩.૩.૩થી अभिमन+यને **धातु**સંજ્ઞા.

दीर्घश्चिव्व०૪.૩.૧૦૮થી દીર્ઘ→अभिम**नाय**

+ અનદ્યતને०૫.૨.૭થી **ह्यस्तनी**ની પ્રાપ્તિ.

+ હ્યસ્તની० ૩.૩.૯થી दिव् વગેરેને **ह्यस्तनी**સંજ્ઞા.

इङितः०૩.૩.૨૨થી આત્મનેપદ **त** પ્રત્યય→

अभिमनाय+**त**

कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→अभिमनाय+**अ**+त

लुगस्यादे०૨.૧.૧૧૩થી અનો લોપ→अभिमनायत

આ સૂત્રથી અભિને ધાતુસંજ્ઞાનો **નિષેધ.**

अड् धातो० ४.४.२९थी अट् आगम→अभि+**अ**+मनायत
इवर्णादे०१.२.२१थी इनो य्→अ**भ्य**मनायत।

(२) **प्रासादीयत्** = મહેલની જેમ આચરણ કર્યું.
प्रासादे इव आचरदिति।
आधाराच्चो०३.४.२४थी क्यन्→प्रासाद+**य**
क्यनि ४.३.११२थी अनो ई→प्रासा**दीय**
अनद्यतने०५.२.७थी **ह्यस्तनी** अने
शेषात्०३.३.१००थी ५२स्मै.नी प्राप्ति दिव्→
प्रासादीय+**त्**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→प्रासादीय+**अ**+त्
क्रियार्थो०३.३.३थी प्रासादीयने **धातु**संज्ञा.
लुगस्यादे०२.१.११३थी अनो लोप→प्रासादीयत्
आ सूत्रथी प्र+आने धातुसंज्ञानो **निषेध** थतां,
अड् धातोरादि०४.४.२९थी अट् आगम→प्रा+**अ**+सादीयत्
समानानां०१.२.१थी दीर्घ→**प्रा**सादीयत्।

★ ઉપરોક્ત ઉદા.માં અનુક્રમે અભિ અને પ્રને ધાતુસંજ્ઞાનો નિષેધ થતાં અટ્ આગમ તેની પછી થાય છે.

પ્ર.ઉદા.(૧) **प्रादिरिति किम्? अमहापुत्रीयत्** =
તેણે મહાનપુત્રને ઇચ્છ્યો. महापुत्रमैच्छत् इति।
अमाव्ययात्०३.४.२३थी क्यन्→महापुत्र+**य**
क्यनि ४.३.११२थी अनो ई→महापुत्री**य**
क्रियार्थो०३.३.३थी महापुत्रीयने **धातुसंज्ञा.**
अनद्यतने ह्य०५.२.७थी **ह्यस्तनी** अने

शेषात्०३.३.१००थी ५२स्मै.नी प्राप्ति दिव्→ महापुत्रीय+**त्**

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→महापुत्रीय+**अ**+त्

अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**महापुत्रीयत्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રાદિ ઉપસર્ગનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં મહત્ સર્વનામ છે. માટે આ સૂત્રથી મહત્ને ધાતુસંજ્ઞાનો નિષેધ થયો નહીં. અને તેથી અટ્ આગમ મહત્ની પછી ન થતાં મહત્ની પૂર્વે થયું.

(૨) **अप्रत्यय इति किम्? औत्सुकायत** =

ઉત્કંઠિત જેવો થયો. उत्सुक इव आचरदिति।

उदुत्सो०७.१.१९२थी क→उद्+सु+**क**

अघोषे प्रथमो०१.३.५०थी द्नो त्→उत्सुक

क्यङ् ३.४.२६थी क्यङ्→उत्सुक+**य**

दीर्घश्च्विय०४.३.१०८थी दीर्घ→उत्सु**काय**

क्रियार्थो०३.३.३थी उत्सुकायने **धातुसंज्ञा.**

इङितः०३.३.२२थी आत्मनेपदनी प्राप्ति→ उत्सुकाय+**त**

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→उत्सुकाय+**अ**+त

लुगस्यादे०२.१.११३थी अनो लोप→उत्सुकायत

स्वरादेस्तासु ४.४.३१थी वृद्धि→**औ**त्सुकायत।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રાદિ વગેરેથી અનંતર ૫૨ પ્રત્યય ન હોય તો થાય છે. જ્યારે અહીં પ્રાદિ એવા સુથી ૫૨ ક પ્રત્યય છે. માટે આ સૂત્રથી उद् અને सुને ધાતુસંજ્ઞાનો નિષેધ ન થતાં ધાતુતયા उद्નાં આદિ સ્વરની વૃદ્ધિ થઈ છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, પૂર્વસૂત્રથી ક્રિયા અર્થવાળાં તમામ પદોને ધાતુસંજ્ઞા કરવામાં આવી છે. તેથી અભિમનાય વગેરે પ્રત્યયાન્ત પ્રયોગો પ્રાદિ સહિત પણ ક્રિયાર્થક હોવાથી ધાતુસંજ્ઞક થવાની પ્રાપ્તિ છે. અને જો તેવું કરવામાં આવે તો તે પ્રયોગોમાં અટ્ આગમ, સ્વરવૃદ્ધિ, દ્વિત્વ આદિ પ્રક્રિયા પ્રાદિ સહિતનાં અંગમાં જ કરવી પડે. જેથી अभिभिमनायिषते જેવા અનિષ્ટ રૂપ થવાની આપત્તિ આવે. પરંતુ હવે આ સૂત્ર દ્વારા પ્રાદિ અવ્યયનો ધાતુ તરીકે પ્રતિષેધ કરતાં તેનાંથી પર રહેલાં અવયવને જ ધાતુસંજ્ઞા થાય છે. તેથી અટ્ આગમ આદિ કાર્ય પણ તે અવયવને આશ્રયીને જ થતાં अभ्यमनायत વગેરે ઈષ્ટ રૂપની સિદ્ધિ થાય છે. તથા પ્રાદિનો પર રહેલાં क्त्वा પ્રત્યયાન્ત નામની સાથે સમાસ થતાં क्त्वानो यप् આદેશ પણ થાય છે.

★ **દા સંજ્ઞાનું વિધાન :**

अवौ दा-धौ दा ३.३.५

અ.અ.સૂ. : अवौ दा-धौ धातू दा।

અર્થ : વ્ અનુબંધ વિનાનાં દા અને ધા સ્વરૂપવાળાં ધાતુઓ દા સંજ્ઞક થાય છે.

સ. (૧) **अवौ** = न विद्यते व् ययोरिति।

(૨) **दा-धौ** = दाश्च धाश्चेति।

ઉદા. (૧) **प्रणिदाता** = આપનાર. (दां दाने-७)
णक-तृचौ ५.१.४८थी तृच्→प्र+नि+दा+**तृ**
આ સૂત્રથી दा ધાતુને **दा** સંજ્ઞા
नेङ्मा०२.३.७९थी न्નો ण्→**प्रणि**दातृ
प्रथमा सि વગેરે→प्रणिदा**ता**।

(૨) **प्रणिदयते** = તે રક્ષણ કરે છે. (देङ् पालने-६०४)
इङितः०३.३.२२थी आत्मने.नी પ્રાપ્તિ તે→प्र+नि+दे+**ते**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→प्र+नि+दे+**अ**+ते
एदैतोऽ०१.२.२३थी अय्→प्र+नि+**दय**ते
આ સૂત્રથી दे ધાતુને **दा** સંજ્ઞા થતાં,
नेङ्मा०२.३.७९थी न्નો ण्→**प्रणि**दयते।

(૩) **प्रणिददाति** = તે રક્ષણ કરે છે. (डुदांग्क् दाने-११३८)
शेषात्०३.३.१००थी ५२स्मै.नी પ્રાપ્તિ. तिव्→
प्र+नि+दा+**ति**
हवः शिति ४.१.१२थी दानुं द्वित्व→प्र+नि+**दा**दा+ति
ह्रस्वः ४.१.३९थी પૂર્વનો स्वर ह्रस्व→प्र+नि+**द**दाति
આ સૂત્રથી दा ધાતુને **दा** સંજ્ઞા થતાં,
नेङ्मा०२.३.७९थी न्નો ण्→**प्रणि**ददाति।

(૪) **प्रणिद्यति** = તે છેદે છે. (दोंच् छेदने-११४८)
शेषात्०३.३.१००थी ५२स्मै.नी પ્રાપ્તિ. तिव्→
प्र+नि+दो+**ति**
दिवादेः श्यः ३.४.७२थी श्य→प्र+नि+दो+**य**+ति
ओतः श्ये ४.२.१०३थी ओનો लोप→प्र+नि+द्यति
આ સૂત્રથી दो ધાતુને **दा** સંજ્ઞા થતાં,
नेङ्मा०२.३.७९थी न्નો ण्→**प्रणि**द्यति।

(५) **प्रणिधयति** = તે પાન કરે છે. (ट्धेंट् पाने-११२८)
शेषात्०३.३.१००थी ५२स्मै.नी प्राप्ति. तिव्→प्र+नि+धे+**ति**
कर्त्तर्यनद् ३.४.७१थी शव्→प्र+नि+धे+**अ**+ति
एदैतोऽ०१.२.२३थी अय्→प्र+नि+**धय**ति
आ सूत्रथी धे धातुने **दा** संज्ञा
नेङ्र्मा०२.३.७९थी न्नो ण्→**प्रणि**धयति।

(६) **प्रणिदधाति** = તે ધારણ કરે છે.
(डुधांग्क् धारणे च-११३९)
शेषात्०३.३.१००थी ५२स्मै.नी प्राप्ति.
तिव्→प्र+नि+धा+**ति**
हवः शिति ४.१.१२थी धानुं द्वित्व→प्र+नि+**धा**धा+ति
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→प्र+नि+**ध**धा+ति
द्वितीय-तुर्ययोः०४.१.४२थी ध्नो द्→प्र+नि+**द**धाति
आ सूत्रथी धाने **दा संज्ञा** थतां,
नेङ्र्मा०२.३.७९थी न्नो ण्→**प्रणि**दधाति।

प्र.उदा. **अवाविति किम्?**

(१) **दातं बर्हिः** = घासने छेद्युं. (दांव्क् लवने-१०७०)
क्त-क्तवतू ५.१.१७४थी क्त→दा+**त**
प्रथमा सि वगेरे→**दातम्**।

(२) **अवदातं मुखम्** = तेणे मोढुं साफ कर्युं.
(दैंव् शोधने-२९)
आत् सन्ध्य०४.२.१थी ऐनो आ→अव+**दा**

क्त-क्तवतू ५.१.१७४थी क्त→अव+दा+**त**
प्रथमा सि वगेरे→अवदा**तम्**।

★ આ સૂત્રમાં व् અનુબંધવાળાં दा સ્વરૂપવાળાં ધાતુનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી दा સંજ્ઞા ન થતાં दत् ४.४.१० અને स्वरादुपसर्गाद्०४.४.९થી दानो दत् આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) ઉદા.ગત છ ધાતુઓ સૂત્રનાં નિમિત્તવાળાં હોવાથી दा સંજ્ઞક થાય છે. યદ્યપિ दो, दे, धे આદિ ધાતુ दा, धा આકારવાળાં જણાતાં નથી. પરંતુ आत् सन्ध्य०४.२.१ સૂત્રથી તેઓનાં અન્ત્ય સન્ધ્યક્ષરનો પણ આ થતાં दा, धा એવું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. માટે તેઓને પણ दा સંજ્ઞક કહેવાય છે.

(૨) અહીં સૂત્રમાં अवौ એ પ્રમાણે दा-धौ પદનું વિશેષણ હોવાથી 'व्कार રહિતનાં दा અને धा ધાતુ' એવો અર્થ પ્રાપ્ત થાય. પરંતુ दा-धा સ્વરૂપ ધાતુમાં ક્યાંય व्कार સંભવતો જ નથી. તેથી **संभवे[1]व्यभिचारे च विशेषणमर्थवत् २/५७** ન્યાયાનુસારે વિશેષણ નિરર્થક જતાં તે પદનાં વ્યર્થતાની આપત્તિ આવે. માટે અહીં इत्નો નિર્દેશ ન કર્યો હોવા છતાં પણ 'व् ઇત્ સિવાયનાં दा-धा સ્વરૂપ ધાતુ' તેવો જ અર્થ સાર્થક થાય છે.

(૩) **दा સંજ્ઞાનાં પ્રદેશો :** हौ दः ४.१.३१ વગેરે.

---

૧. ન્યાયનાં અર્થ માટે પરિશિષ્ટ-૫માં જોવું.

જિ. : જેમ દે, દો ધાતુમાં આત્ સન્ધ્ય૦૪.૨.૧થી આ થાય છે. તેમ દીઙ્ચ્ ક્ષયે-૧૨૪૪ ધાતુનાં વિષયમાં પણ યબક્ડિતિ ૪.૨.૭ સૂત્રથી આ થાય જ છે. તેથી તેનું પણ દા સ્વરૂપ પ્રાપ્ત થાય છે. તો પણ તેને દા સંજ્ઞા શા માટે નથી થઈ ?

સમા. : અહીં દીઙ્ ધાતુમાં યબક્ડિતિ ૪.૨.૭ સૂત્રથી થતું આ રૂપ કાર્ય બહિરંગ કાર્ય છે. અને આ સૂત્રથી થતું દા સંજ્ઞા રૂપ કાર્ય અંતરંગ કાર્ય છે. તેથી **असिद्धं बहिरङ्गमन्तरङ्गे १/२०** ન્યાયાનુસારે બહિરંગ રૂપ આત્ત્વ અસિદ્ધ મનાતાં આ સૂત્રથી દા સંજ્ઞા થતી નથી.
જ્યારે આત્ સન્ધ્ય૦૪.૨.૧ સૂત્ર નિર્નિમિત્તક હોવાથી અંતરંગ કાર્ય છે. માટે તેમાં આ ન્યાય ન લાગતાં આપત્તિ આવતી નથી.

જિ. : અહીં દા રૂપ ધાતુ ચાર છે. અને ધા રૂપ ધાતુ બે છે. તેથી સૂત્રમાં दाश्च धौ चेति दाधाः એ પ્રમાણે બહુવચનાન્ત નિર્દેશ થવો જોઈએ અને જો સમાહાર દ્વન્દ્વ કરવામાં આવે તો दाधम્ એવો પ્રયોગ થવો જોઈએ. તો દાધૌ એમ દ્વિવચનાન્ત નિર્દેશ કેવી રીતે કર્યો ?

સમા. : વસ્તુતઃ દા તરીકે દા સ્વરૂપવાળાં ચારે ધાતુઓ અને ધા તરીકે ધા સ્વરૂપવાળાં બંને ધાતુનો સંગ્રહ કરવામાં આવે છે. તેથી અહીં દા-ધૌ પદ દ્વારા તે-તે ધાતુનું ગ્રહણ ન કરતાં તે-તે સ્વરૂપવાળાં ધાતુનું ગ્રહણ કરવું. અને સ્વરૂપતયા દા અને ધા એમ બેનો જ નિર્દેશ

હોવાથી ઇતરેતર દ્વન્દ્વ સમાસ દ્વારા દ્વિવચન ઉચિત જ છે.

જિ. : दां, डुदांग्क् અને डुधांग्क् આ ત્રણ ધાતુઓ પ્રતિપદોક્ત दा સ્વરૂપવાળાં છે. અને देङ् दोंच् અને ट्धें ધાતુ આત્ત્વ રૂપ કાર્યથી થયા હોવાથી લાક્ષણિક દા અને ધા સ્વરૂપવાળાં છે. તો **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् १/१५** ન્યાયાનુસારે માત્ર દા, દા અને ધા ધાતુને જ દા સંજ્ઞા થવી જોઈએ. તો તેવું ન કરતાં દે, દો અને ધે ધાતુનું ગ્રહણ શા માટે કરવામાં આવે છે?

સભા. : અહીં **गा-मा-दा ग्रहणेष्वविशेषः २/२०** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી જ્યારે દાનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે લાક્ષણિક કે પ્રતિપદોક્ત સ્વરૂપની વિચારણા ન કરતાં સામાન્યતયા તમામ દા સ્વરૂપવાળાં ધાતુનું ગ્રહણ કરવામાં આવે છે.

જિ. : અહીં પ્રણિદાપયતિ વગેરે णिगन्त પ્રયોગમાં તે પ્રત્યય પણ ધાતુનાં અવયવભૂત થતાં दापि આદિ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. જે દા-ધા સ્વરૂપ નથી. તો તેઓને દા સંજ્ઞાની પ્રાપ્તિ કેવી રીતે થઈ?

સભા. : અહીં **आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते २/१०** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તે આગમનું પણ ગ્રહણ થઈ જાય છે. તેથી સૂત્રમાં દા સ્વરૂપનાં ગ્રહણથી પ્ આગમ સહિત એવા दापि ધાતુનું પણ ગ્રહણ થાય છે.

તથા, णिग्, सन् વગેરે પ્રત્યયો પણ ધાતુનાં જ અંગ મનાય છે. તેથી **स्वाङ्गमव्यवधायि २/११** ન્યાયાનુસારે તે-તે અંગ પણ दा સંજ્ઞક થાય છે.

★ **વર્ત્તમાના વિભક્તિ આદિ સંજ્ઞાનું વિધાન :**

वर्त्तमाना-तिव् तस् अन्ति, सिव् थस् थ, मिव् वस् मस्, ते आते अन्ते, से आथे ध्वे, ए वहे महे ३.३.६

અ.અ.સૂ. : तिव् तस् अन्ति, सिव् थस् थ, मिव् वस् मस्, ते आते अन्ते, से आथे ध्वे, ए वहे महे वर्त्तमाना।

અર્થ : तिव् વગેરે અઢાર પ્રત્યયો વર્ત્તમાનાસંજ્ઞક થાય છે.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રો દ્વારા ધાતુસંજ્ઞા કહ્યા બાદ હવે ધાતુથી થનારાં પ્રત્યયોની સંજ્ઞા કહેવાનો અવસર છે. પ્રત્યયો બે પ્રકારે છે. (a) આખ્યાત પ્રત્યય (b) કૃત્ પ્રત્યય. ત્યાં કૃત્ પ્રત્યય ઘણાં હોવાથી આગળ કહેવાશે. અને આખ્યાત પ્રત્યય અલ્પ તથા ક્રિયામાં રહેલાં કાળને જણાવનારાં હોવાથી પ્રથમ કહેવાય છે. યદ્યપિ અહીં તો માત્ર તે તે કાળનાં પ્રત્યયનું સ્વરૂપ જ જણાવાય છે. તેનું વિશેષ વર્ણન તો પાંચમા અધ્યાયમાં તે તે સૂત્રો દ્વારા કરવામાં આવશે.

(૨) અહીં સૂત્રમાં તિવાદિ સંજ્ઞી ઘણાં હોતે છતે પણ વર્ત્તમાના એ પ્રમાણે સંજ્ઞાનો જે એકવચનમાં નિર્દેશ કર્યો છે. તેનાં દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે કે, તિવાદિ અઢારમાં

પણ રહેલું વર્ત્તમાનત્વ તો એક જ છે. તથા સંજ્ઞા-સંજ્ઞીનાં નિર્દેશમાં વચનભેદ શાસ્ત્રકારને સંમત જ છે. આ વાત પૂર્વે अनवर्णाः०१.१.६ આદિ સૂત્રોમાં પણ દેખાય છે. તેમ જ, વર્ત્તમાના એમ સ્ત્રીલિંગનો નિર્દેશ અહીં વિભક્તિ અર્થને આશ્રયીને જાણવો. તેથી तिवादिने 'વર્ત્તમાના વિભક્તિ' એ પ્રમાણે સંજ્ઞા થાય છે.

(૩) જેનો પ્રારંભ થયો હોય પણ હજી પરિસમાપ્તિ ન થઈ હોય તેને વર્ત્તમાન કહેવાય છે. તે વર્ત્તમાનત્વ કોઈપણ તેવી ક્રિયામાં રહી શકે છે. અહીં ધ્યાનમાં લેવું કે, કાલ એક અખંડ પદાર્થ છે. તેનાં જેમ સૂર્યની ગતિ આદિ દ્વારા મુહૂર્ત્ત, દિવસ આદિ ભેદ પડી શકે છે. તેમ વર્ત્તમાન, ભૂત, ભવિષ્ય જેવા ભેદ પડી શકતાં નથી. પરંતુ ક્રિયા વ્યવહારની અનિવાર્યતા હોવાથી ફૂત્કાર આદિ અનેક અવયવવાળી પાકાદિ ક્રિયામાં રહેલાં વર્ત્તમાનત્વ આદિ ધર્મોનો તદ્વિશિષ્ટ કાળમાં ઉપચાર કરવા દ્વારા વર્ત્તમાન, ભૂત, ભવિષ્ય આદિ કાળોની સિદ્ધિ થાય છે. અર્થાત્ તે-તે ધર્મવાળી ક્રિયાથી યુક્તકાળને વર્ત્તમાનકાળ, ભવિષ્યકાળ આદિ કહેવાય છે.

(૪) **વર્ત્તમાના સંજ્ઞાનાં પ્રદેશો :** स्मे च वर्त्तमाना ५.२.१६ વગેરે.

सप्तमी-यात् याताम् युस्, यास् यातम् यात, याम् याव याम ईत ईयाताम् ईरन्, ईथास् ईयाथाम् ईध्वम्, ईय ईवहि ईमहि ३.३.७

અ.અ.સૂ. : यात् याताम् युस्, यास् यातम् यात, याम् याव याम, ईत ईयाताम् ईरन्, ईथास् ईयाथाम् ईध्वम्, ईय ईवहि ईमहि सप्तमी ।

અર્થ : यात् વગેરે અઢાર પ્રત્યયો સપ્તમી સંજ્ઞક થાય છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્ર દ્વારા દર્શાવેલી સપ્તમી વિભક્તિ વિધિ આદિ અનેક અર્થમાં લાગે છે. પરંતુ તે તમામ અર્થને એક સંજ્ઞા દ્વારા જણાવી શકાતી નથી. તેથી પાણિની આદિ વ્યાકરણગત લકાર સંજ્ઞામાં આ વિભક્તિનો ક્રમ સાતમો હોવાથી ગ્રંથકારશ્રીએ અહીં તેને 'સપ્તમી વિભક્તિ' એમ સંજ્ઞા આપી છે.

(૨) **સપ્તમી સંજ્ઞાનાં પ્રદેશો :** इच्छार्थे कर्मणः०५.४.८६ વગેરે.

અન્ય મત :

પાણિની વગેરે વ્યાકરણમાં વર્ત્તમાના વગેરે સંજ્ઞાનો લટ્, લિટ્, લુટ્ વગેરે રૂપે અનુબંધ સહિત લ્ કારનો નિર્દેશ કર્યો છે. તેનું કોષ્ટક આ પ્રમાણે છે.

સિદ્ધહેમવ્યાકરણની સંજ્ઞા	પાણિની વ્યાકરણની સંજ્ઞા
વર્ત્તમાના	લટ્
સપ્તમી	લિઙ્
પંચમી	લોટ્

ह्यस्तनी	लङ्
अद्यतनी	लुङ्
परोक्षा	लिट्
आशीः	लिङ्
श्वस्तनी	लुट्
भविष्यन्ती	लृट्
क्रियातिपत्ति	लृङ्

पञ्चमी-तुव् ताम् अन्तु, हि तम् त, आनिव् आवव् आमव्, ताम् आताम् अन्ताम्, स्व आथाम् ध्वम्, ऐव् आवहैव् आमहैव् ३.३.८

अ.अ.सू. : तुव् ताम् अन्तु, हि तम् त, आनिव् आवव् आमव्, ताम् आताम् अन्ताम्, स्व आथाम् ध्वम्, ऐव् आवहैव् आमहैव् पञ्चमी ।

अर्थ : तुव् वगेरे अढार प्रत्ययो पंचमीसंज्ञक थाय छे.

विशेषता :

(१) पूर्वसूत्रनी जेम ज अहीं पण पाणिनी आदि व्याकरणगत लकार संज्ञाओमां आ विभक्तिनो क्रम पांचमो होवाथी ग्रंथकारश्रीए आ विभक्तिने 'पंचमी विभक्ति' ए प्रमाणे संज्ञा करी छे.

(२) **पंचमी संज्ञानां प्रदेशो :** स्मे पञ्चमी ५.४.३१ वगेरे.

ह्यस्तनी-दिव् ताम् अन्, सिव् तम् त अम्व् व म, त आताम् अन्त, थास् आथाम् ध्वम्, इ वहि महि ३.३.९

અ.અ.સૂ. : दिव् ताम् अन्, सिव् तम् त, अम्व् व म, त आताम् अन्त, थास् आथाम् ध्वम्, इ वहि महि ह्यस्तनी ।

અર્થ : दिव् વગેરે અઢાર પ્રત્યયો હ્યસ્તની સંજ્ઞક થાય છે.

વિશેષતા :

(૧) ह्यस् એ પ્રમાણે અવ્યય 'ગઈકાલ'નાં અર્થમાં રૂઢ છે. તેને सायं-चिर०६.३.८८ સૂત્રથી तनट् અને સ્ત્રીલિંગનો ङी પ્રત્યય લાગતાં 'ह्यस्तनी' શબ્દ બને છે. જેનો 'આજનાં સિવાયનો ભૂતકાળ' એ પ્રમાણે અર્થ થાય છે.

(૨) **ह्यस्तनी संज्ञानां प्रदेशो :** અનદ્યતને ह्यस्तनी ५.२.७ વગેરે.

एताः शितः ३.३.१०

અ.અ.સૂ. : एताः शितः ।

અર્થ : ઉપરોક્ત વર્ત્તમાના, સપ્તમી, પંચમી અને હ્યસ્તની એ પ્રમાણે ચાર વિભક્તિનાં પ્રત્યયો शित् સંજ્ઞક થાય છે.

ઉદા. (૧) **વર્ત્તમાના : भवति** = તે થાય છે. (भू सत्तायाम्-१) આ ઉદા.ની સાધનિકા ૩.૩.૩માં દર્શાવેલ છે.

(૨) **સપ્તમી : भवेत्** = તે થવું જોઈએ. (भू सत्तायाम्-१)

+ विधि-निमन्त्रण०५.४.२८થી **सप्तमी** વિભક્તિની પ્રાપ્તિ

+ सप्तमी-यात्०३.३.७થી यात् વગેરેને **सप्तमी** સંજ્ઞા शेषात्०३.३.१००થી ५२स्मै.ની પ્રાપ્તિ→भू+**यात्**

+ આ સૂત્રથી यात्ने **शित्**संज्ञा
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→भू+**अ**+यात्
नामिनो गुणो०४.३.१थी गुण→**भो**+अ+यात्
ओदौतोऽ०१.२.२४थी अव्→**भव्**+अ+यात्
यः सप्तम्याः ४.२.१२२थी यानो इ→भव+**इत्**
अवर्णस्ये०१.२.६थी ए→भ**वे**त्।

(૩) **पंचमी : भवतु** = તે થાઓ. (भू सत्तायाम्-१)
+ प्रैषा-ऽनुज्ञा०५.४.२९थी **पंचमी** विभक्तिनी प्राप्ति.
+ पञ्चमी तुव्०३.३.८थी तुव् वगेरेने **पंचमी** संज्ञा.
शेषात्०३.३.१००थी ५२स्मै.नी प्राप्ति तुव्→भू+**तु**
आ सूत्रथी तुने **शित्**संज्ञा.
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→भू+**अ**+तु
नामिनो०४.३.१थी गुण→**भो**+अ+तु
ओदौतोऽ०१.२.२४थी अव्→**भव**तु।

(૪) **ह्यस्तनी : अभवत्** = તે હતો. (भू सत्तायाम्-१)
शेषात्०३.३.१००थी ५२स्मै.नी प्राप्ति→भू+**त्**(दिव्)
आ सूत्रथी दिव्ने **शित्**संज्ञा.
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→भू+**अ**+त्
नामिनो गुणो०४.३.१थी गुण→**भो**+अ+त्
ओदौतोऽ०१.२.२४थी अव्→**भव**त्
अङ्घातो०४.४.२९थी अट्→**अ**भवत्।

વિશેષતા :

(૧) આ સૂત્ર દ્વારા शित् संज्ञा કરવાથી વર્ત્તમાના આદિ વિભક્તિનાં પ્રત્યયો ૫૨ છતાં कर्त्तर्यनद्०३.४.७१ आदि

સૂત્રો દ્વારા વિકરણ પ્રત્યયની પ્રાપ્તિ આદિ શિત્ કાર્ય થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, અન્ય વિધિસૂત્રોની જેમ સંજ્ઞાસૂત્રોમાં બાધ્ય-બાધકભાવ હોતો નથી. અર્થાત્ એક સંજ્ઞા દ્વારા અન્ય સંજ્ઞાનો બાધ થતો નથી. તેથી અહીં દર્શાવેલી શિત્ સંજ્ઞા દ્વારા વર્ત્તમાના આદિ સંજ્ઞાનો વિરોધ આવતો નથી.

(૩) **શિત્ સંજ્ઞાનાં પ્રદેશો :** क्यः शिति ૩.૪.૭૦ વગેરે.

अद्यतनी-दि ताम् अन्, सि तम् त, अम् व म, त आताम् अन्त, थास् आथाम् ध्वम्, इ वहि महि ૩.૩.૧૧

અ.અ.સૂ. : दि ताम् अन्, सि तम् त, अम् व म, त आताम् अन्त, थास् आथाम् ध्वम्, इ वहि महि अद्यतनी ।

અર્થ : દિ વગેરે અઢાર પ્રત્યયો અદ્યતની સંજ્ઞક થાય છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, હ્યસ્તની શબ્દની જેમ જ અદ્ય અવ્યયને તનટ્ અને ડી પ્રત્યય લાગીને અદ્યતની શબ્દ બને છે. યદ્યપિ અદ્ય અવ્યયનો અર્થ 'આજનો દિવસ' થાય છે. જે ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન એમ ત્રણેય સ્વરૂપે હોઈ શકે છે. પરંતુ અદ્યતની વિભક્તિનું વિધાન માત્ર ભૂતકાળમાં જ કર્યું હોવાથી તે વિભક્તિ દ્વારા આજનાં દિવસનો ભૂતકાળનું જ ગ્રહણ થાય છે.

(૨) **અદ્યતની સંજ્ઞાનાં પ્રદેશો :** અદ્યતની ૫.૨.૪ વગેરે.

परोक्षा-णव् अतुस् उस्, थव् अथुस् अ, णव् व म, ए आते इरे, से आथे ध्वे, ए वहे महे ३.३.१२

अ.अ.सू. : णव् अतुस् उस्, थव् अथुस् अ, णव् व म, ए आते इरे, से आथे ध्वे, ए वहे महे परोक्षा।

अर्थ : णव् वगेरे अढार प्रत्ययो परोक्षा संज्ञक थाय छे.

विशेषता :

(१) आगामी परोक्षे ५.१.१२ सूत्र द्वारा परोक्ष अर्थनां विषयमां आ विभक्तिनो निर्देश होवाथी आ विभक्तिनी संज्ञा परोक्षा जणावववामां आवी छे. यद्यपि परोक्ष पदार्थनो विषय तो भूत, भविष्य अने वर्त्तमान एम त्रणे'य काळमां होई शके छे. परंतु आ विभक्तिनुं विधान मात्र भूतकाळमां ज कर्युं होवाथी अहीं मात्र भूतकाळ विषयक परोक्षत्व ज ग्रहण करवुं.

(२) **परोक्षासंज्ञानां प्रदेशो** : श्रु-सद्-वस्भ्यः परोक्षा वा ५.२.१ वगेरे.

आशी:क्यात् क्यास्ताम् क्यासुस्, क्यास् क्यास्तम् क्यास्त, क्यासम् क्यास्व क्यास्म, सीष्ट सीयास्ताम् सीरन्, सीष्ठास् सीयास्थाम्, सीध्वम्, सीय सीवहि सीमहि ३.३.१३

अ.अ.सू. : क्यात् क्यास्ताम् क्यासुस्, क्यास् क्यास्तम् क्यास्त, क्यासम् क्यास्व क्यास्म, सीष्ट सीयास्ताम् सीरन्, सीष्ठास् सीयास्थाम् सीध्वम्, सीय सीवहि सीमहि-आशीः।

અર્થ : क्यात् વગેરે અઢાર પ્રત્યયો આશીઃસંજ્ઞક થાય છે.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં क्यात्, क्यास्ताम् એ પ્રમાણે જે કિત્પણું દર્શાવ્યું છે. તે પ્રત્યયોને નામિનો ગુણો૦૪.૩.૧ આદિ સૂત્રોનાં વિષયભૂત બનાવીને ગુણ નિષેધ આદિ કાર્ય કરવા માટે જાણવું.

(૨) **આશીઃ સંજ્ઞાનાં પ્રદેશો :** आशिष्याशीः-पञ्चम्यौ ૫.૪.૩૮ વગેરે.

श्वस्तनी-ता तारौ तारस्, तासि तास्थस् तास्थ, तास्मि तास्वस् तास्मस्, ता तारौ तारस्, तासे तासाथे ताध्वे, ताहे तास्वहे तास्महे ૩.૩.૧૪

અ.અ.સૂ. : ता तारौ तारस्, तासि तास्थस् तास्थ, तास्मि तास्वस् तास्मस्, ता तारौ तारस्, तासे तासाथे ताध्वे, ताहे तास्वहे तास्महे श्वस्तनी।

અર્થ : તા વગેરે અઢાર પ્રત્યયો શ્વસ્તનીસંજ્ઞક થાય છે.

વિશેષતા :

(૧) જેમ હ્યસ્ અવ્યયનો અર્થ 'ગઈકાલ' થાય છે. તેમ શ્વસ્ અવ્યય 'આવતી કાલ' અર્થમાં રૂઢ થાય છે. તેને પણ सायं-चिरं०६.૩.૮૮ સૂત્રથી તનટ્ પ્રત્યય અને સ્ત્રીલિંગનો ङी પ્રત્યય લાગતાં શ્વસ્તની શબ્દ બને છે. તેથી શ્વસ્તની વિભક્તિનો પ્રયોગ આજનાં સિવાયનાં ભવિષ્યકાળમાં થાય છે.

(૨) **શ્વસ્તનીસંજ્ઞાનાં પ્રદેશો :** અનદ્યતને શ્વસ્તની ૫.૩.૫ વગેરે.

भविष्यन्ती-स्यति स्यतस् स्यन्ति, स्यसि स्यथस् स्यथ, स्यामि स्यावस् स्यामस्, स्यते स्येते स्यन्ते, स्यसे स्येथे स्यध्वे, स्ये स्यावहे स्यामहे ३.३.१५

અ.અ.સૂ. : स्यति स्यतस् स्यन्ति, स्यसि स्यथस् स्यथ, स्यामि स्यावस् स्यामस्, स्यते स्येते स्यन्ते, स्यसे स्येथे स्यध्वे, स्ये स्यावहे स्यामहे भविष्यन्ती ।

અર્થ : स्यति વગેરે અઢાર પ્રત્યયો ભવિષ્યન્તીસંજ્ઞક થાય છે.

વિશેષતા :

(૧) **ભવિષ્યન્તીસંજ્ઞાનાં પ્રદેશો :** भविष्यन्ती ५.३.४ વગેરે.

क्रियातिपत्तिः-स्यत् स्यताम् स्यन्, स्यस् स्यतम् स्यत, स्यम् स्याव स्याम, स्यत स्येताम् स्यन्त, स्यथास् स्येथाम् स्यध्वम्, स्ये स्यावहि स्यामहि ३.३.१६

અ.અ.સૂ. : स्यत् स्यताम् स्यन्, स्यस् स्यतम् स्यत, स्यम् स्याव स्याम, स्यत स्येताम्, स्यन्त, स्यथास् स्येथाम् स्यध्वम्, स्ये स्यावहि स्यामहि क्रियातिपत्तिः ।

અર્થ : स्यत् વગેરે અઢાર પ્રત્યયો ક્રિયાતિપત્તિસંજ્ઞક થાય છે.

વિશેષતા :

(૧) **ક્રિયાતિપત્તિસંજ્ઞાનાં પ્રદેશો :** सप्तम्यर्थे क्रियातिपत्तौ क्रियातिपत्तिः ५.४.९ વગેરે.

त्रीणि त्रीण्यन्ययुष्मदस्मदि ३.३.१७

अ.अ.सू. : त्रीणि त्रीणि अन्य-युष्मदस्मदि।

अर्थ : દરેક વિભક્તિનાં ત્રણ-ત્રણ પ્રત્યયો અનુક્રમે અન્ય અર્થ, યુષ્મદ્ અર્થ અને અસ્મદ્ અર્થ વાચ્ય હોતે છતે થાય છે.

स. **अन्ययुष्मदस्मदि** = अन्यच्च युष्मच्च अस्मच्चेति अन्य-युष्मदस्मद्, तस्मिन्निति।

ઉદા. (૧) **अन्य**[1] **અર્થ = स पचति/पचते** = તે રાંધે છે.
तौ पचतः/पचेते = તે બે રાંધે છે.
ते पचन्ति/पचन्ते = તેઓ રાંધે છે.

(૨) **युष्मद् અર્થ = त्वं पचसि/पचसे** = તું રાંધે છે.
युवां पचथः/पचेथे = તમે બે રાંધો છો.
यूयं पचथ/पचध्वे = તમે રાંધો છો.

(૩) **अस्मद् અર્થ = अहं पचामि/पचे** = હું રાંધે છું.
आवां पचावः/पचावहे = અમે બે રાંધીએ છીએ.
वयं पचामः/पचामहे = અમે રાંધીએ છીએ.

एवं सर्वासु = એ પ્રમાણે સર્વ વિભક્તિઓમાં જાણવું.

વિશેષતા :

(૧) **द्वयोगे त्रययोगे च पराश्रयमेव वचनम्** = અહીં સૂત્રમાં નિર્દેશ કરાએલાં અન્ય, યુષ્મદ્ અને અસ્મદ્ પુરુષમાંથી એક સાથે બે કે ત્રણ પુરુષનો પ્રયોગ થયો હોય તો પરપુરુષ બળવાન બને છે. અહીં આશય એ છે કે, સૂત્રમાં સામાર્થ્યતયા અન્ય પુરુષનાં યોગમાં પ્રથમ ત્રણ વચન, યુષ્મદ્ પુરુષનાં યોગમાં દ્વિતીય ત્રણ વચન, અને અસ્મદ્ પુરુષનાં યોગમાં અંતિમ ત્રણ વચનનો પ્રયોગ

કરવો એમ યથાક્રમ જણાવ્યો છે. પરંતુ જો એક સાથે અન્ય, યુષ્મદ્ અને અસ્મદ્ એમ ત્રણ અથવા અન્ય વગેરે બે પુરુષોનો જ વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે કયા વચનનો પ્રયોગ કરવો ? એવો પ્રશ્ન થાય. તો તેનાં ઉત્તરમાં ગ્રંથકારશ્રી જણાવે છે કે, ત્યારે સૂત્રોક્ત ક્રમાનુસારે પર-પર પુરુષાનુસારે પ્રયોગ કરવા. **ઉદા.** (૧) स च त्वं च पचथः (૨) स च त्वं च अहं च पचामः ।

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સામાન્યતઃ અન્ય[૧] યુષ્મદ્ અને અસ્મદ્ સર્વનામનો અનુક્રમે પ્રથમ પુરુષ, દ્વિતીય પુરુષ અને તૃતીય પુરુષમાં પ્રયોગ થાય છે. પરંતુ જ્યારે યુષ્મદ્ અને અસ્મદ્નો બહુવ્રીહિ આદિ સમાસ થવા દ્વારા અન્યપદાર્થ પ્રધાનતયા પ્રયોગ થાય ત્યારે ગૌણભાવ થાય છે. અર્થાત્ અન્ય પદાર્થની પ્રધાનતા થાય છે. તેથી તન્નિમિત્તક પ્રથમ પુરુષનો જ પ્રયોગ થાય છે. જેમકે, अतित्वं पचति, अत्यहं पचति।

તે જ પ્રમાણે अत्वं त्वं संपद्यते इति એવા વિગ્રહ વાક્ય દ્વારા યુષ્મદ્નાં વિષયમાં જ્યારે च्वि પ્રત્યયનો નિર્દેશ કરવામાં આવે ત્યારે પણ અન્યપદાર્થની પ્રધાનતા હોવાથી પ્રથમ પુરુષ જ થાય છે. જેમકે, त्वद्भवति।

અહીં આશય એ છે કે, अत्वं त्वं संपद्यते इति त्वद्भवति (જે त्वद् ભિન્ન પ્રકૃતિ છે તે त्वद् એટલે કે 'तुं' સ્વરૂપે થાય છે.) આદિ પ્રયોગમાં त्वद्ભિન્ન પ્રકૃતિ છે અને त्वद् સ્વરૂપ વિકૃતિ છે. જો અહીં પ્રકૃતિનો

---

૧. યદ્યપિ વર્ત્તમાનમાં પ્રવેશિકાનાં સંસ્કારથી અસ્મદ્, યુષ્મદ્ અને તદન્ય અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય પુરુષ તરીકે પ્રચલિત છે. પરંતુ વ્યાકરણમાં અસ્મદ્ ત્રીજો પુરુષ, યુષ્મદ્ બીજો પુરુષ અને તદન્ય નામ પ્રથમ પુરુષ તરીકે જાણવો.

આશ્રય કરવામાં આવે તો તે યુષ્મદ્-અસ્મદ્થી અન્ય હોવાથી પ્રથમ પુરુષનો પ્રયોગ થાય. અને વિકૃતિનો આશ્રય કરવામાં આવે તો તે યુષ્મદ્ સ્વરૂપ હોવાથી દ્વિતીય પુરુષ થાય. પરંતુ તેની સંપત્તિ વગેરે ક્વિ પ્રત્યય નિરૂપક ક્રિયાનાં વિષયમાં પ્રકૃતિથી અન્ય પુરુષ જ કર્ત્તા સ્વરૂપે છે. તેથી પ્રથમ પુરુષનું જ ઔચિત્ય છે.

एक-द्वि-बहुषु ३.३.१८

અ.અ.સૂ. : अन्य-युष्मदस्मदि त्रीणि त्रीणि एक-द्वि-बहुषु।

અર્થ : અન્ય, યુષ્મદ્ અને અસ્મદ્ અર્થ વાચ્ય હોતે છતે કહેવાયેલાં ત્રણ-ત્રણ પ્રત્યયો અનુક્રમે એકવચન, દ્વિવચન અને બહુવચનમાં થાય છે.

સ. : एक-द्वि-बहुषु = एकश्च द्वौ च बहवश्चेति एकद्विबहवः, तेष्विति।

ઉદા. (૧) **એકવચન : स पचति** = તે રાંધે છે.
(૨) **દ્વિવચન : तौ पचतः** = તે બે રાંધે છે.
(૩) **બહુવચન : ते पचन्ति** = તેઓ રાંધે છે.

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી અનુવૃત્ત अन्ययुष्मदस्मदि પદ એકવચનમાં છે. જ્યારે एक-द्वि-बहुषु પદ બહુવચનમાં છે. આ વચનભેદ વડે અહીં અન્ય વગેરેનો એક વગેરેની સાથે અનુક્રમનો નિષેધ કરવામાં આવે છે. તેથી ત્રણ-ત્રણ પ્રત્યયો અન્ય આદિ તમામનાં વિષયમાં એકવચન, દ્વિવચન અને બહુવચનપણાંને પામે છે. અન્યથા જો સમાન વચન કરવામાં આવે તો સમાન વચન અને સમાન સંખ્યા હોવાનાં કારણે **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થવાની આપત્તિ આવે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, બહુ શબ્દ સમૂહ, વૈપુલ્ય આદિ અન્ય અર્થમાં પણ અને એક શબ્દ પ્રધાન, ઉત્તમ, અન્ય આદિ અર્થમાં પણ વપરાય છે. પરંતુ સંખ્યાવાચક દ્વિનાં સાહચર્યથી અહીં સૂત્રાર્થમાં સંખ્યાર્થક એક અને બહુ શબ્દનું ગ્રહણ થાય છે.

(૩) **अन्य-युष्मद्-अस्मद्‌नी अन्यादि अर्थमां वचन व्यवस्थानुं कोष्टक :**

	प्रकृति	એકવચન	द्विवचन	બહુવચન
प्रथम पुरुष	तदन्य	पचति	पचतः	पचन्ति
द्वितीय पुरुष	युष्मद्	पचसि	पचथः	पचथ
तृतीय पुरुष	अस्मद्	पचामि	पचावः	पचामः

★ **પરસ્મૈપદ સંજ્ઞાનું વિધાન :**

नवाऽऽद्यानि शतृ-क्वसू च परस्मैपदम् ३.३.१९

અ.અ.સૂ. : आद्यानि नव शतृ-क्वसू च परस्मैपदम्।

અર્થ : વર્ત્તમાના વગેરે સર્વ વિભક્તિઓમાં પ્રથમ દર્શાવેલ નવ-નવ પ્રત્યયો તથા શતૃ અને ક્વસુ પ્રત્યય પરસ્મૈપદસંજ્ઞક થાય છે.

સ. **शतृ-क्वसू** = शता च क्वसुश्चेति।

ઉદા. વર્ત્તમાનાદિ વિભક્તિમાં દર્શાવેલ તિવ્, તસ્, અન્તિ; સિવ્, થસ્, થ; મિવ્, વસ્, મસ્ આદિ એ પ્રમાણે પ્રથમ નવ પ્રત્યય પરસ્મૈપદસંજ્ઞક થાય છે.

एवं सर्वासु = એ પ્રમાણે સર્વ વિભક્તિઓમાં જાણવું.

વિશેષતા :

(૧) **પરસ્મૈપદસંજ્ઞાનાં પ્રદેશો :** शेषात् परस्मै ૩.૩.૧૦૦ વગેરે.

જિ. : સામાન્યતઃ વ્યાકરણમાં સંજ્ઞાનો પ્રયોગ લાઘવ માટે કરવામાં આવે છે. તેથી તે સંજ્ઞા પણ લઘુશબ્દ દ્વારા કહેવાયેલી વધુ ઉચિત છે. તો અહીં પરસ્મૈપદમ્, આત્મનેપદમ્ એ પ્રમાણે આટલી મોટી સંજ્ઞા કરવાનું પ્રયોજન શું?

સમા. : આગામી ईगितः ૩.૩.૯૫ સૂત્રમાં ક્રિયાનું ફળ જ્યારે કર્ત્તાને પ્રાપ્ત થતું હોય ત્યારે આત્મનેપદ કરવાનો નિર્દેશ છે. અને ક્રિયાનું ફળ જ્યારે કર્ત્તાથી અન્યને પ્રાપ્ત થતું હોય ત્યારે પરસ્મૈપદની પ્રાપ્તિ થાય છે. તેથી અહીં ગ્રંથકારશ્રી કોઈપણ ક્રિયાનાં કર્ત્તાને સ્વ તરીકે જણાવી તત્ફલપ્રાપક ક્રિયાવાચક ધાતુ માટે જે પદનો પ્રયોગ થાય એને સ્વપદ એટલે કે આત્મનેપદ તરીકે જણાવે છે. અને કર્ત્તાથી અન્યને પર તરીકે જણાવીને તત્ફલપ્રાપક ક્રિયાવાચક ધાતુ માટે જે પદનો પ્રયોગ થાય એને પરસ્મૈપદ તરીકે જણાવ્યું છે. ઉપરોક્ત બંને પ્રયોગમાં परस्मै पदमिति અને आत्मने पदमिति એ પ્રમાણે परात्मभ्यां०૩.૨.૧૭ સૂત્ર દ્વારા अलुप् ચતુર્થી વિભક્તિ તત્પુરુષ સમાસ થાય છે.

આમ, પરસ્મૈપદ અને આત્મનેપદ સંજ્ઞા સાન્વર્થ છે. માટે તે સાન્વર્થતાને આશ્રયીને તેવા પ્રકારની મોટી સંજ્ઞા કરવામાં આવી છે.

જિ. : **अनन्तरस्यैव विधिर्निषेधो वा ૩/૧૧** ન્યાયાનુસારે આ સૂત્રથી માત્ર અનંતર પૂર્વે જણાવેલાં ક્રિયાતિપત્તિ વિભક્તિનાં પ્રથમ નવ પ્રત્યયને જ પરસ્મૈપદ સંજ્ઞા

થવાની પ્રાપ્તિ છે. તો તમામ વિભક્તિનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ કેવી રીતે થાય?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ આગામી लृदिद्-द्युतादि० ૩.૪.૬૪ સૂત્રમાં परस्मैનો નિર્દેશ કર્યો છે. અને તે સૂત્ર માત્ર અદ્યતનીનાં વિષયમાં જ પ્રવર્ત્તે છે. માટે આવા પ્રકારનાં નિર્દેશથી જ એ વાતનું સૂચન થાય છે કે, આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર ક્રિયાતિપત્તિનાં વિષયમાં ન કરતાં અન્ય વર્ત્તમાના, અદ્યતની આદિનાં વિષયમાં પણ કરવી. તથા, આ જ નિર્દેશથી અહીં **अनन्तरस्यैव विधि० ૩/૧૧** ન્યાય પણ અનિત્ય જાણવો.

★ **આત્મનેપદ સંજ્ઞાનું વિધાન :**

पराणि कानाऽऽनशौ चाऽऽत्मनेपदम् ૩.૩.૨૦

અ.અ.સૂ. : पराणि नव कानाऽऽनशौ च आत्मनेपदम्।

અર્થ : વર્ત્તમાના વગેરે વિભક્તિઓમાં (પ્રથમ દર્શાવેલ નવ) પછી દર્શાવેલાં નવ-નવ પ્રત્યયો તથા કાન અને આનશ્ પ્રત્યય આત્મનેપદસંજ્ઞક થાય છે.

સ. **कानाऽऽनशौ** = कानश्च आनश् चेति।

ઉદા. વર્ત્તમાનાદિ વિભક્તિમાં દર્શાવેલ તે, આતે, અન્તે; સે, આથે, ધ્વે; એ, વહે, મહે દર્શાવેલ નવ પ્રત્યય આત્મનેપદસંજ્ઞક થાય છે.

एवं सर्वासु = એ પ્રમાણે સર્વવિભક્તિઓમાં જાણવું.

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી નવ પદની અનુવૃત્તિ આવે છે. તથા, સૂત્રગત પરાણિ પદથી 'પર રહેલાં' એવો અર્થ પ્રાપ્ત થાય છે. હવે અહીં ધ્યાનમાં લેવું કે, પરપદ એ સાપેક્ષ છે. અર્થાત્ 'પર' બોલ્યાં પછી પણ 'કોનાંથી પર રહેલાં ?' એવો પ્રશ્ન ઉપસ્થિત રહે છે. તેથી તેનાં પ્રતિયોગી સ્વરૂપે પૂર્વસૂત્રથી આદ્યાનિ પદનું ગ્રહણ કરવું. તેથી અનુયોગિ એવા તે પ્રથમ નવ પ્રત્યયોથી પર રહેલાં નવ પ્રત્યયોને જ આ સૂત્રથી આત્મનેપદસંજ્ઞા થાય છે.

(૨) **આત્મનેપદસંજ્ઞાનાં પ્રદેશો :** सिजाशिषा०४.३.३५ વગેરે.

★ **આત્મનેપદ પ્રત્યયની પ્રાપ્તિ :**

तत् साप्या-ऽनाप्यात् कर्म-भावे, कृत्य-क्त-खलर्थाश्च ३.३.२१

અ.અ.સૂ. : तत् कृत्य-क्त-खलर्थाः च साप्या-ऽनाप्यात् धातोः कर्म-भावे ।

અર્થ : तद्=આત્મનેપદ પ્રત્યયો, કૃત્યસંજ્ઞક, क्त અને खल् અર્થક પ્રત્યયો સકર્મક ધાતુથી કર્મણિ પ્રયોગમાં અને નિત્યાઽકર્મક અને અવિવક્ષિતકર્મક ધાતુથી ભાવે પ્રયોગમાં થાય છે.

સ. (૧) **साप्या-ऽनाप्यात्**=साप्यश्च अनाप्यश्चेति साप्य-ऽनाप्यम्, तस्मादिति।

(૨) **कर्म-भावे**=कर्म च भावश्चेति कर्म-भावम्, तस्मिन्निति।

(૩) **कृत्य-क्त-खलर्थाः** = खल् અર્થો येषां ते इति खलर्थाः, कृत्यश्च क्तश्च खलर्थाश्चेति।

ઉદા. (૧) **સકર્મક ધાતુથી કર્મણિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો :**

(a) **क्रियते कटश्चैत्रेण** = ચૈત્ર વડે કટ કરાય છે.
(डुकृंग् करणे-८८८)

∴ આ સૂત્રથી કર્મણિ પ્રયોગમાં આત્મને.ની પ્રાપ્તિ→कृ+**ते**
क्यः शिति ३.४.७०થી क्य→कृ+**य**+ते
रिः शक्या०४.३.११०થી रि→**क्रिय**ते।

(b) **चक्राणः** = ચૈત્ર વડે કટ કરાતો હતો.
तत्र क्वसु०५.२.२થી कान→कृ+**आन**
द्विर्धातुः०४.१.१થી द्वित्व→**कृ**कृ+आन
ऋतोऽत् ४.१.३८થી ऋનો अ→**क**कृ+आन
कडश्चञ् ४.१.४६થી क्નો च्→**च**कृ+आन
इवर्णादेरस्वे०१.२.२१થી ऋનો र्→च**क्र**+आन
र-षृवर्णान्नो०२.३.६३થી न्નો ण्→चक्रा**ण**
પ્રથમા સિ વગેરે→चक्रा**णः**।

(c) **क्रियमाणः** = ચૈત્ર વડે કટ કરાય છે.
शत्रानशा०५.२.२०થી आनश्→कृ+**आन**
क्यः शिति ३.४.७०થી क्य→कृ+**य**+आन
रिः शक्या०४.३.११०થી ऋનો रि→**क्रिय**+आन
अतो म आने ४.४.११४થી म् આગમ→क्रिय+**म्**+आन
र-षृवर्णान्नो०२.३.६३થી न्નો ण्→क्रियमा**ण**
પ્રથમા સિ વગેરે→क्रियमाणः।

(૨) **નિત્ય-અકર્મક ધાતુથી ભાવે પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો :**

(a) **भूयते त्वया** = તારા વડે થવાય છે. (भू सत्तायाम्-१)

✢ આ સૂત્રથી ભાવે પ્રયોગમાં આત્મને.ની પ્રાપ્તિ→भू+**ते**
क्यः शिति ૩.૪.૭૦થી य→भू**य**ते।

(b) **भूयमानम्** = તારા વડે થવાય છે.
शत्रानशा० ૫.૨.૨૦થી आनश्→भू+**आन**
क्यः शिति ૩.૪.૭૦થી य→भू**य**+आन
अतो म०૪.૪.૧૧૪થી म् આગમ→भूय**मान**
પ્રથમા સિ વગેરે→भूयमा**नम्**।

(૩) **અવિવક્ષિતકર્મક ધાતુથી ભાવે પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો :**

(a) **क्रियते** = તેના વડે કરાય છે.
આ ઉદા.ની સાધનિકા ઉદા.૧માંથી જાણી લેવી.

(b) **मृदु पच्यते** = તેના વડે કોમળ રીતે રંધાય છે.
(डुपचींष् पाके-૮૯૨)

✢ આ સૂત્રથી ભાવે પ્રયોગમાં આત્મને.ની પ્રાપ્તિ→पच्+**ते**
क्यः शिति ૩.૪.૭૦થી क्य→**पच्य**ते।

(૪) **સકર્મક ધાતુથી કર્મણિ પ્રયોગમાં કૃત્યસંજ્ઞક પ્રત્યયો :**

(a) **त्वया कटः कार्यः** = તારા વડે કટ કરવા યોગ્ય છે.
(डुकृंग् करणे-૮૮૮)

✢ આ સૂત્રથી કર્મણિ પ્રયોગમાં કૃત્યસંજ્ઞક પ્રત્યયની પ્રાપ્તિ.
ऋवर्ण०૫.૧.૧૭થી घ्यण्→कृ+**य**
नामिनोऽ०૪.૩.૫૧થી ऋની વૃદ્ધિ→**कार्**+य
પ્રથમા સિ વગેરે→कार्य**म्**।

(b) **कर्त्तव्यः** = તારા વડે કટ કરવા યોગ્ય છે.
तव्या-ऽनीयौ ५.१.२७थी तव्य→कृ+**तव्य**
नामिनो गुणो०४.३.१थी गुण→**कर्त**व्य
र्हादर्ह०१.३.३१थी द्वित्व→**कर्त्त**व्य
प्रथमा सि वगेरे→कर्त्तव्यः।

(c) **करणीयः** = તારા વડે કટ કરવા યોગ્ય છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ५.१.२७थी જ अनीय પ્રત્યય લગાડવો.

(d) **देयः** = તારા વડે કટ આપવા યોગ્ય છે.
(डुदांग्क् दाने-११३८)
य एच्चातः ५.१.२८थी य→दा+**य**
અને આનો ए→**देय**
प्रथमा सि वगेरे→देयः।

(e) **कृत्यः** = તારા વડે કટ કરવા યોગ્ય છે.
कृ-वृषि० ५.१.४२थी क्यप्→कृ+**य**
ह्रस्वस्य तः०४.४.११३थी त् आगम→कृत्य
प्रथमा सि वगेरे→कृत्यः।

(५) નિત્ય-અકર્મક ધાતુથી ભાવે પ્રયોગમાં કૃત્યસંજ્ઞક પ્રત્યયો :

(a) **शयितव्यम्** = સૂવું જોઈએ. (शीङ्क् स्वप्ने-११०५)
तव्या-ऽनीयौ ५.१.२७थी तव्य→शी+**तव्य**
स्ताद्यशितो०४.४.३२थी इट्→शी+**इ**+तव्य
नामिनो गुणो०४.३.१थी गुण→**शे**+इ+तव्य
एदैतोऽ०१.२.२३थी एनो अय्→**शयि**तव्य
प्रथमा सि वगेरे→शयितव्यम्।

(b) **शयनीयम्** = સૂવું જોઈએ.
તव्या-ऽनीयौ ૫.૧.૨૭થી અનીય→શી+**અનીય**
ગુણ વગેરે કાર્ય પૂર્વપ્રમાણે થતાં→**શય**નીયમ્

(c) **शेयम्** = સૂવું જોઈએ.
આ ઉદા.ની સાધનિકા ઉદા.-૪ નિર્દિષ્ટ देयम् પ્રમાણે જાણવી.

(૬) અવિવક્ષિતકર્મક ધાતુથી ભાવે પ્રયોગમાં કૃત્યસંજ્ઞક પ્રત્યયો :

(a) **त्वया कार्यम्** = તારા વડે કરવા યોગ્ય છે.
कर्त्तव्यम् = તારા વડે કરવા યોગ્ય છે.
करणीयम् = તારા વડે કરવા યોગ્ય છે.
देयम् = તારા વડે આપવા યોગ્ય છે.
कृत्यम् = તારા વડે કરવા યોગ્ય છે.

+ આ ઉદા.ની સાધનિકા ઉદા. ૪માંથી જાણી લેવી.

(૭) સકર્મક ધાતુથી કર્મણિ પ્રયોગમાં क्त પ્રત્યય :

(a) **कृतः कटः** = કરેલો કટ.

+ આ સૂત્રથી કર્મણિ પ્રયોગમાં क्तની પ્રાપ્તિ→कृ+**त**
क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्त→कृ+**त**
પ્રથમા સિ વગેરે→कृतः।

(૮) નિત્ય-અકર્મક ધાતુથી ભાવે પ્રયોગમાં क्त પ્રત્યય :

(a) **शयितम्** = તેના વડે સુવાયું.

+ આ સૂત્રથી ભાવે પ્રયોગમાં **क्त**ની પ્રાપ્તિ.
क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्त→शी+**त**
स्ताद्याशितो०૪.૪.૩૨થી इट्→शी+**इ**+त

नामिनो गुणो०४.३.१थी गुण→**शे**+इ+त
एदैतोऽ०१.२.२३थी अय्→**शयि**त
प्रथमा सि वगेरे→शयि**तम्**।

(૯) **अविवक्षितकर्मक धातुथी भावे प्रयोगमां क्त प्रत्यय :**

(a) **कृतं त्वया** = तेना वडे करायुं.
आ उदा.नी साधनिका उदा.७ प्रमाणे जाणवी.

(૧૦) **सकर्मक धातुथी कर्मणि प्रयोगमां खल् :**

(a) **सुकरः कटस्त्वया** = तारा वडे सारी रीते करायु.

✣ आ सूत्रथी कर्मणि प्रयोगमां **खल्** प्रत्ययनी प्राप्ति.
दुःस्वीषतः०५.३.१३९थी खल्→सु+कृ+**अ**
नामिनो गुणो०४.३.१थी गुण→सु**कर**
प्रथमा सि वगेरे→सुकरः।

(b) **सुकटंकराणि वीरणानि** = वीरण नामनुं घास सुखपूर्वक कटરूपे बने छे.
च्व्यर्थे कर्त्रा०५.३.१४०थी खल्→सु+कट+कृ+**अ**
ङस्युक्तं०३.१.४९थी समास→**सुकट**+कृ+अ
नामिनो गुणो०४.३.१थी गुण→सुकट+**कर**
खित्यनव्यया०३.२.१११थी म् आगम→सुकट**ंकर**
प्रथमा जस् वगेरे→सुकटंकराणि।

(૧૧) **नित्य-अकर्मक धातुथी भावे प्रयोगमां खल् :**

(a) **सुशयं त्वया** = तारा वडे सारी रीते सूवायुं.

✣ आ सूत्रथी भावे प्रयोगमां **खल्** प्रत्ययनी प्राप्ति.
दुःस्वीषतः०५.३.१३९थी खल्→सु+शी+**अ**
पूर्व प्रमाणे गुण वगेरे थतां→सु**शयम्**।

(b) **ईषदाढ्यभवं भवता** = તારા વડે સારી રીતે ધનવાન કરાયો.

આ ઉદા.ની સાધનિકા ઉદા.૧૦માં નિર્દિષ્ટ सुकटं करणानि પ્રમાણે જાણવી.

(૧૨) અવિવક્ષિતકર્મક ધાતુથી ભાવે પ્રયોગમાં खल् :

(a) **सुकरं त्वया** = તારા વડે સારી રીતે કરાયું.

આ ઉદા.ની સાધનિકા ઉદા.૧૦માં જણાવેલ છે.

(૧૩) સકર્મક ધાતુથી કર્મણિ પ્રયોગમાં खल् અર્થક પ્રત્યયો :

(a) **सुज्ञानं तत्त्वं मुनिना** = મુનિ વડે તત્ત્વ સારી રીતે જણાયું. (ज्ञांश् अवबोधने-૧૫૪૦)

+ આ સૂત્રથી કર્મણિ પ્રયોગમાં खल् અર્થક **अन**ની પ્રાપ્તિ.
शासू-युधि०૫.૩.૧૪૧થી अन→सु+ज्ञा+**अन**
ङस्युक्तं०૩.૧.૪૯થી सु અને જ્ઞાનો **સમાસ.**
પ્રથમા સિ વગેરે→सुज्ञा**नम्**।

(૧૪) અકર્મક ધાતુથી ભાવે પ્રયોગમાં खल् અર્થક પ્રત્યય :

(a) **सुग्लानं दीनेन** = દીન વડે સારી રીતે ખિન્ન થવાયું. (ग्लैं हर्षक्षये-૩૧)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૧૫) યુગપત્ સકર્મક-અકર્મક ધાતુથી કર્મણિ અને ભાવે પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો :

(a) **मास आस्यते** = તેના વડે મહિના સુધી બેસાય છે. (आसिक् उपवेशने-૧૧૧૯)

આ સૂત્રથી કર્મણિ પ્રયોગમાં આત્મને.ની પ્રાપ્તિ→ આસ્+**ते**

क्यःशिति ૩.૪.૭૦થી क्य→आ**स्य**ते

(b) **मासमास्यते** = મહિના સુધી બેસાય છે.

અહી काला-ऽध्व-भाव०૨.૨.૨૩ સૂત્રથી વિકલ્પે કર્મા-ऽકર્મ સંજ્ઞા થતાં અકર્મસંજ્ઞાની પ્રધાનતાએ ભાવે પ્રયોગમાં આ સૂત્રથી આત્મનેપદની પ્રાપ્તિ થઈ છે. અને માસને કર્મ સ્વરૂપ માનતાં તથા તે થી કર્મ ઉક્ત ન થતાં માસને દ્વિતીયા વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, અવિવક્ષિત કર્મવાળાં સકર્મક ધાતુ પણ અકર્મક જ કહેવાય છે. તેથી તેવાં ધાતુનાં વિષયમાં પણ ભાવે પ્રયોગ જ થાય છે. જેમકે, क्रियते भवता અહીં कृ ધાતુ સકર્મક હોવા છતાં પણ કર્મનો નિર્દેશ ન કર્યો હોવાથી આ પ્રયોગને ભાવે પ્રયોગ કહેવાય છે.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, ભાવે પ્રયોગમાં ક્રિયાની પ્રધાનતા છે. જે ક્યારેક બીજો પુરુષ એવા युष्मद् અને ત્રીજો પુરુષ એવા अस्मद् સ્વરૂપે સંભવતી જ નથી. અને युष्मद्-अस्मद् રૂપે સંભવતાં કર્ત્તા અને કર્મ અનુસારે ક્રિયાપદ સંભવતું નથી. માટે ક્રિયાપદ હંમેશાં પ્રથમ પુરુષમાં જ થાય છે. વળી ક્રિયાપદ ક્રિયાપરક હોવાથી સાધ્યરૂપ છે. અને સાધ્યરૂપતયા ત્યાં એક-બે આદિ

સંખ્યાનો યોગ હોતો નથી. માટે તે નિત્ય એકવચનમાં પણ થાય છે. આમ, ભાવે પ્રયોગ હંમેશાં પ્રથમ પુરુષ એકવચનમાં જ વપરાય છે.

જિ. : અહીં ભાવમાં પ્રત્યય કહેવાય છે. પરંતુ તમામ ધાતુ ક્રિયાર્થક હોવાનાં કારણે ભાવનાં જ વાચક છે. તેથી **उक्तार्थानामप्रयोगः १/२८** ન્યાયાનુસારે આ સૂત્રથી જણાવેલ ભાવવાચી પ્રત્યયનો અપ્રયોગ થાય. જેનો પ્રયોગ જ નથી થતો તેનું વિધાન શા માટે કર્યું?

સમા. : વસ્તુતઃ ધાતુ સૂચિત ક્રિયાનાં અર્થ દ્વારા જે ભાવની પ્રતીતિ થાય છે. તે સર્વ ઠેકાણે રહેલાં ભાવમાત્રની અનુભૂતિ સ્વરૂપ છે. અર્થાત્ गम् ધાતુથી સૂચિત ગમન ક્રિયા દ્વારા સંસારની તમામ ગમન ક્રિયાનો બોધ થાય છે. પરંતુ જ્યારે કોઈ વિશેષ કર્ત્તાદિમાં રહેલાં અમુક ક્રિયાનાં વ્યાપાર સ્વરૂપ ભાવની વિવક્ષા હોય તો ત્યાં પ્રત્યયની આવશ્યકતા રહે જ છે. અને વળી પ્રત્યય વિનાનો ધાતુ પદ બનતો નથી. અને પદસંજ્ઞા વિનાનાં પ્રયોગ કરવા યોગ્ય નથી. માટે ભાવે પ્રયોગમાં દર્શાવેલ પ્રત્યય જ ઉચિત છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારનાં મતે સકર્મક ધાતુથી પણ ભાવમાં क्त પ્રત્યય બને છે. અને ભાવે પ્રયોગ હોવાથી કર્મને પ્રથમા વિભક્તિ ન થતાં દ્વિતીયા વિભક્તિ જ થાય છે. તેથી ग्रामं गतं भवता ઈત્યાદિ પ્રયોગો સિદ્ધ થાય છે. તથા અહીં ભાવમાં નપુંસકલિંગ થયેલ છે.

इङितः कर्त्तरि ३.३.२२

અ.અ.સૂ. : इङितः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : इ અને ङ् ઈત્વાળાં ધાતુથી કર્ત્તરિપ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **इङितः** = इश्च ङ् चेति इङौ, इङौ इति इत् यस्य स इति इङित्, तस्मादिति।

ઉદા. (૧) **इ ઈત્વાળો ધાતુ : एधते** = તે વધે છે.
(एधि वृद्धौ-७४१)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ તે→एध्+**ते**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→एध**ते**

(૨) **एधमानः** = વધતો.
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ,
शत्रानशा०५.२.२०થી आनश्→एध्+**आन**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→एध्+**अ**+आन
अतो म०४.४.११४થી म् આગમ→एध**मान**
પ્રથમા સિ વગેરે→एधमानः।

(૩) **ङ ઈત્વાળો ધાતુ : शेते** = તે સુવે છે.
(शीङ् स्वप्ने-११०५)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ, તે→शी+**ते**
शीङ एः०४.३.१०४થી ईનો એ→**शे**ते

(૪) **शयानः** = સૂતો.
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ,
शत्रानशा०५.२.२०થી आनश्→शी+**आन**

शीङ ए:०४.३.१०४थी ईनो ए→**शे**+आन
एदैतोऽ०१.२.२३थी अय्→**शया**न
प्रथमा सि वगेरे→शयानः।

विशेषता :

(१) अहीं क्रियार्थो धातुः ३.३.३ सूत्रथी 'धातुः' એ प्रमाणे पदनी अनुवृत्ति आवे छे. पण **अर्थवशात् विभक्ति-परिणामः १/१३** न्यायानुसारे अहीं 'धातोः' એ प्रमाणे षष्ठ्यन्त प्रयोग ग्रहण करेल छे.

(२) अहीं पूर्वसूत्रथी आत्मनेपदनुं विधान कर्युं होवाथी आ सूत्रगत कार्यनो समावेश पण त्यां ज करी शकत. परंतु पूर्वसूत्रथी तमाम सकर्मक अने अकर्मक धातुथी कर्मणि अने भावे प्रयोगमां आत्मनेपद कर्युं छे. ज्यारे अहीं मात्र इ अने ङ् ईत्वाळां धातुथी ज कर्त्तरिप्रयोगमां आत्मनेपद करवुं छे. माटे आ सूत्रनो पृथक् निर्देश छे.

(३) अहीं सूत्रमां इ च ङ् चेति इङौ, इङौ इत् यस्मिन् स इति इङित: એ प्रमाणे द्वन्द्व गर्भित बहुव्रीहि समास करेलो छे. तेथी **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ३/१५** न्यायानुसारे पाछळ रहेलुं इत् पद 'इ अने ङ्' એम बंने पदनी साथे अन्वित थाय छे. माटे 'इ अने ङ् ईत्वाळां धातुओ' એ प्रमाणे अर्थ प्राप्त थाय छे.

(४) आ सूत्रथी कर्त्तरि प्रयोगमां आत्मनेपदनो निर्देश करवामां आवे छे. परंतु **आत्मनेपदमनित्यम् २/३७** न्यायानुसारे आ सूत्रमां निर्देश करायेलुं विधान अनित्य जाणवुं. अहीं अनित्यता એटले क्यारेक आ सूत्रथी

પ્રાપ્ત થતાં પણ આત્મનેપદનો પ્રયોગ થતો નથી. અને ક્યારેક કોઈપણ સૂત્રથી નહીં પ્રાપ્ત થતાં પણ આત્મનેપદનો પ્રયોગ થાય છે. જેમકે, डुलभिंष् प्राप्तौ-૭૮૬ ધાતુમાં આ સૂત્રથી આત્મનેપદની પ્રાપ્તિ છે. પરંતુ **सम्यक् प्रणम्य न लभन्ति कदाचनापि** ઇત્યાદિ પંક્તિમાં આત્મનેપદીનો પ્રયોગ થયો નથી. તથા षस्ज गतौ-૧૩૮ ધાતુમાં કોઈપણ સૂત્રથી આત્મનેપદીની પ્રાપ્તિ ન હોવા છતાં **प्रकृतेर्गुणसंमूढाः सज्जन्ते गुणकर्मसु।** ઇત્યાદિ પંક્તિમાં આત્મનેપદનો પ્રયોગ થયો છે.

क्रियाव्यतिहारेऽगति-हिंसा-शब्दार्थ-हसो हृ-वहश्चाऽ-नन्योऽन्यार्थे ३.३.२३

અ.અ.સૂ. : क्रियाव्यतिहारे अगति-हिंसा-शब्दार्थ-हसः हृ-वहः च धातोः कर्त्तरि आत्मनेपदम्, अनन्योऽन्यार्थे।

અર્થ : બીજા વડે કરવા માટે ઇચ્છાયેલી ક્રિયાનું અન્ય વડે કરવું તેને ક્રિયાવ્યતિહાર કહેવાય છે. ગત્યર્થક, હિંસાર્થક, શબ્દાર્થક અને हस् ધાતુને વર્જીને ક્રિયા-વ્યતિહારમાં વર્ત્તતાં અન્ય ધાતુ તેમજ हृ અને वह् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે. પરંતુ અન્યોન્ય અર્થક परस्पर, अन्योन्य અને इतरेतर શબ્દનો પ્રયોગ ન થયો હોય તો.

સ. (૧) **क्रियाव्यतिहारे** = क्रियाया व्यतिहार इति क्रियाव्यतिहारम्, तस्मिन्निति।

(२) **अगति-हिंसा-शब्दार्थ-हसः** = गतिश्च हिंसा च शब्दश्चेति गतिहिंसाशब्दाः, गति-हिंसा-शब्दाः अर्था येषां ते इति गतिहिंसाशब्दार्थाः, गतिहिंसाशब्दार्थाश्च हस् चेति गतिहिंसाशब्दार्थहस्, न गतिहिंसाशब्दार्थहस् चेति अगतिहिंसाशब्दार्थहस्, तस्मादिति।

(३) **हृ-वहः** = हश्च वह् चेति हृ-वह् तस्मादिति।

(४) **अनन्योऽन्यार्थे** = अन्योऽन्यो अर्थो येषां ते इति अन्योन्यार्थः, न अन्योन्यार्थ इति अनन्योऽन्यार्थः, तस्मिन्निति।

ઉદા. (१) **व्यतिलुनते** = અન્ય દ્વારા ઇચ્છાયેલી લણવાની ક્રિયા અન્ય કરે છે. (लूगृश् छेदने-१५१९)

+ આ સૂત્રથી ક્રિયાવ્યતિહાર સ્વરૂપ કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ થતાં→वि+अति+लू+**अन्ते**
क्र्यादेः ३.४.७९थी श्ना→वि+अति+लू+**ना**+अन्ते
अनतो०४.२.११४थी अन्तेનું अते→वि+अति+लू+ना+**अते**
प्वादेर्ह्रस्वः ४.२.१०५थी ह्रस्व→वि+अति+**लु**ना+अते
श्नश्ना-ऽऽतः ४.२.९६थी नानां आनो लोप→वि+अति+**लु**नते

+ इवर्णादे० १.२.२१थी इनो य्→**व्य**तिलुनते।

(२) **व्यतिहरन्ते** = અન્ય દ્વારા ઇચ્છાયેલી હરણ કરવાની ક્રિયા અન્ય કરે છે. (हृंग् हरणे-८८५)
પૂર્વપ્રમાણે अन्ते વગેરે→**व्यति**+हृ+**अन्ते**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→व्यति+हृ+**अ**+अन्ते

नामिनो गुणो०४.३.१थी गुण→व्यति+**हर्**+अ+अन्ते
लुगस्यादे० २.१.११३थी अनो लोप→व्यतिहरन्ते।

(૩) **व्यतिवहन्ते भारम्** = અન્ય દ્વારા ઇચ્છાયેલી ભારને વહન કરવાની ક્રિયા અન્ય કરે છે. (વહીં પ્રાપણે-૯૯૬) આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **क्रियेति किम्? द्रव्यव्यतिहारे मा भूत्।**
चैत्रस्य धान्यं व्यतिलुनन्ति =
ચૈત્રનાં ધાન્યને પરસ્પર લણે છે.
શેષાત્૦૩.૩.૧૦૦થી પરસ્મૈ.ની પ્રાપ્તિ→ व्यति+लू+**अन्ति**
હ્રસ્વ વગેરે કાર્યો પૂર્વપ્રમાણે થતાં व्यतिलुनन्ति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ક્રિયાસ્વરૂપ વ્યતિહારનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં દ્રવ્યનો વ્યતિહાર છે. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

(૨) **गत्यर्थादिवर्जनं किम्?**

(a) **व्यतिसर्प्यन्ति** = અન્ય દ્વારા ઇચ્છાયેલી જવાની ક્રિયા અન્ય કરે છે. (सृप्लृं गतौ-३४१)
શેષાત્૦૩.૩.૧૦૦થી પરસ્મૈ.ની પ્રાપ્તિ
પૂર્વપ્રમાણે શવ્ વગેરે→**व्यति**+सृप्+**अ**+अन्ति
લઘોરુપા૦૪.૩.૪થી ગુણ→व्यति+**सर्प्**+अ+अन्ति
લુગસ્યાદે૦૨.૧.૧૧૩થી અનો લોપ→व्यति+सर्पन्ति
ર્હાદર્હ૦૧.૩.૩૧થી દ્વિત્વ→व्यतिस**र्प्प**न्ति।

(b) **व्यतिहिंसन्ति** = અન્ય દ્વારા ઇચ્છાયેલી હણવાની ક્રિયા અન્ય કરે છે. (हिंसुप् हिंसायाम्-१४९४)

उदितः स्वरा० ४.४.९८थी न् आगम→व्यति+हिन्स्
शेषात्०३.३.१००थी ५२स्मै.नी प्राप्ति अन्ति→व्यति+हिन्स्+**अन्ति**
रुधां स्वरा०३.४.८२थी श्न अने न्नो लोप→व्यति+हिनस्+अन्ति
श्ना-ऽस्त्यो०४.२.९०थी अनो लोप→व्यति+हिन्स्+अन्ति
शिड्-हे०१.३.४०थी न्नो अनुस्वार→व्यतिहिंसन्ति।

(c) **व्यतिजल्पन्ति** = અન્ય દ્વારા ઇચ્છાયેલી બોલવાની ક્રિયા અન્ય કરે છે. (जल्प व्यक्ते वचने-३३७)

(d) **व्यतिहसन्ति** = અન્ય દ્વારા ઇચ્છાયેલી હસવાની ક્રિયા અન્ય કરે છે. (हस हसने-५४५)
આ ઉદા.ની સાધનિકા व्यतिसर्पन्ति પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં ગત્યર્થક વગેરે ધાતુનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યય થયાં નહીં.

(૩) **अनन्योऽन्यार्थ इति किम्? परस्परस्य व्यतिलुनन्ति** = ५२स्५२नी લણવાની ક્રિયા કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વે પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં અન્યોન્ય અર્થક શબ્દનાં પ્રયોગવાળાં વાક્યમાં વર્જન કર્યું છે. માટે આ સૂત્રથી અહીં આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

(४) **कर्त्तरीत्येव→तेन भाव-कर्मणोः पूर्वेणैव गत्यर्थादिभ्योऽपि स्यात्। व्यतिगम्यन्ते ग्रामाः** = અન્ય દ્વારા ઇચ્છાયેલી ગામ જવાની ક્રિયા અન્ય વડે કરાય છે. (गम्लृं गतौ-३९६)

तत् साप्या०३.३.२१थी भावेमां **आत्मने.नी प्राप्ति.**
पूर्वप्रमाणे अन्ते वगेरे→**व्यति**+गम्+**अन्ते**
क्यःशिति ३.४.७०थी क्य→व्यतिगम्**य**+अन्ते
लुगस्यादे०२.१.११३थी अनो लोप→व्यतिगम्यन्ते।

★ आ सूत्रनी प्रवृत्ति कर्त्तरि प्रयोगमां ज थाय छे. ज्यारे अहीं भावे प्रयोग होवाथी तत् साप्या० ३.३.२१थी गत्यर्थक धातुमां पण आत्मनेपद प्रत्ययो थयां छे.

विशेषता :

(१) अहीं ध्यानमां लेवुं के, अन्योन्यस्य व्यतिलुनन्ति, इतरेतरस्य व्यतिलुनन्ति ईत्यादि प्र.उदा.मां तो व्यति उपसर्ग वडे ज क्रियानो व्यतिहार जणावाय छे. तेथी अन्योन्यस्य आदि प्रयोगोनी षष्ठी विभक्तिनो अन्वय ते ते क्रियानां कर्म आदि साथे करवो. जेमके, अन्योन्यस्य केदारं व्यतिलुनन्ति।

(२) अहीं जो भावे अने कर्मणि प्रयोगमां क्रियानो व्यतिहार होय तो पण पूर्वसूत्रथी ज आत्मनेपद प्रत्ययो थाय छे. यद्यपि परसूत्र होवाथी आ सूत्र बळवान छे, परंतु जो तेम करवामां आवे तो व्यतिगम्यन्ते ग्रामाः वगेरे जेवा गत्यर्थक, हिंसार्थक, शब्दार्थक अने हस् धातु विषयक प्रयोगोमां आ सूत्रथी निषेध थतां पूर्वसूत्रथी पण न थवानी आपत्ति आवे. जे ईष्ट नथी.

(३) हृ अने वह् धातु अनुक्रमे हिंसा अने गत्यर्थक होवानां कारणे अगति-हिंसा-शब्दार्थ-हसः पद द्वारा निषिद्ध थतां

હતાં. તેને આ સૂત્રનાં વિષયભૂત કરવા માટે અહીં તે બંનેનું પૃથક્ ગ્રહણ કર્યું છે.

(૪) અહીં अगति-हिंसा-शब्दार्थ-हसः એ દ્વન્દ્વગર્ભિત બહુવ્રીહિ સમાસ છે. તેથી **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ૩/૧૫** ન્યાયાનુસારે પાછળ રહેલાં અર્થ પદનો गति, હિંસા અને શબ્દની સાથે તથા नञ् પદનો गति-હિંસા-શબ્દાર્થ-हस् સાથે અન્વય કરવો.

निविशः ૩.૩.૨૪

અ.અ.સૂ. : निविशः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : નિ પૂર્વક વિશ્ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **निविशः** = नेर्विश् इति निविश्, तस्मादिति।

ઉદા. (૧) **निविशते** = તે પ્રવેશ કરે છે. (विंशत् प्रवेशने-૧૪૧૫)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→નિ+વિશ્+**તે**
तुदादेः शः ૩.૪.૮૧થી શ→નિ+વિશ્+**અ**+તે→નિવિશતે।

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, न्यविशत આદિ પ્રયોગોમાં નિ અને ધાતુની વચ્ચે અટ્નું વ્યવધાન છે. પરંતુ **आगमा यद्गुणीभूतास्तदग्रहणेन गृह्यन्ते ૨/૧૦** ન્યાયાનુસારે અટ્ પણ ધાતુનો જ અવયવ હોવાથી વ્યવધાયક બનતો નથી. અને આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થાય છે.

(૨) અહીં સૂત્રગત નિવિશઃ પદનું તાત્પર્ય એ છે કે, નિ ઉપસર્ગની સાથે સંબદ્ધ થયેલાં વિશ્ ધાતુથી આત્મનેપદ પ્રત્યયો થાય છે. પણ માત્ર નિ થી પર રહેલાં વિશ્ ધાતુથી નહીં. તેથી મધુનિ વિશન્તિ ભ્રમરાઃ વગેરે પ્રયોગોમાં નિ થી પરમાં વિશ્ ધાતુ તો છે. પરંતુ તે નિ નો વિશ્ ધાતુ સાથે કોઈ સંબંધ ન હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

उपसर्गादस्योहो वा ३.३.२५

અ.અ.સૂ. : उपसर्गात् अस्योहः धातोः कर्त्तरि आत्मनेपदं वा।

અર્થ : ઉપસર્ગથી પર રહેલાં અસ્ અને ઊહ્ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. **अस्योहः** = अस्यश्च ऊह् चेति अस्योह्, तस्मादिति।

ઉદા. (૧) **विपर्यस्यते/विपर्यस्यति** = વિપરીત કરે છે. (असूच् क्षेपणे-१२२१)

આ સૂત્રથી આત્મને.ની વિકલ્પે પ્રાપ્તિ→वि+परि+अस्+**ते/ति**

दिवादेः श्यः ૩.૪.૭૨થી श्य→वि+परि+अस्**यते**

इवर्णादेरस्वे०१.२.२१થી इનો य्→विप**र्य**स्यते।

(૨) **समूहते/समूहति** = સારી રીતે તર્ક કરે છે. (ऊहि तर्के-८७०)

આ સૂત્રથી આત્મને.ની વિકલ્પે પ્રાપ્તિ→सम्+ऊह्+**ते/ति**

कर्त्तर्यनद्० ૩.૪.૭૧થી शव्→समूहते/समूहति।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં अस्य એ પ્રમાણે श्य વિકરણ પ્રત્યય સહિત अस् ધાતુનો નિર્દેશ છે. તેથી अस्ति અને असति આદિ રૂપો દ્વારા જ્ઞાપિત અદાદિ અને ભ્વાદિ ગણનાં अस् ધાતુનો આ સૂત્રનાં વિષય તરીકે વ્યવચ્છેદ કરાય છે. માટે તેઓમાં ઉપસર્ગપરત્વ હોતે છતે પણ આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થશે નહીં.

(૨) અહીં अस् ધાતુથી असूच्-૧૨૨૧ આત્મનેપદની પ્રાપ્તિ ન હતી. અને ऊह् ધાતુથી ऊहि-૮૭૦ એ પ્રમાણે इ ईत् હોવાથી इङितः૦૩.૩.૨૨ સૂત્ર દ્વારા નિત્ય પ્રાપ્તિ હતી. તે બંનેને વિકલ્પે કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

अन्य मत :

કેટલાંક વ્યાકરણકારો ઉપસર્ગથી પર પણ માત્ર અકર્મક अस् અને ऊह् ધાતુથી જ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓ निरस्यति शत्रून् આદિ સકર્મક પ્રયોગોને પ્ર.ઉદા.માં દર્શાવે છે.

उत्-स्वराद् युजेरयज्ञतत्पात्रे ३.३.२६

અ.અ.સૂ. : उत्-स्वरात् उपसर्गात् युजेः धातोः कर्त्तरि आत्मनेपदम्, अयज्ञतत्पात्रे ।

અર્થ : उद् અને સ્વરાન્ત ઉપસર્ગથી પર રહેલ युज् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે. જો તેનો અર્થ યજ્ઞ અને યજ્ઞમાં વપરાતાં પાત્રનો વિષય ન હોય તો.

સ. (૧) **उत्-स्वरात्** = उच्च स्वरश्चेति उत्स्वरम्, तस्मादिति।

(૨) **अयज्ञतत्पात्रे** = तस्य पात्रमिति तत्पात्रम्, यज्ञश्च तत्पात्रं चेति यज्ञतत्पात्रम्, न यज्ञतत्पात्रमिति अयज्ञतत्पात्रम्, तस्मिन्निति।

ઉદા. (૧) **उद्युङ्क्ते** = તે ઉદ્યમ કરે છે. (युजृंपी योगे-१४७६)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ તે→उद्+युज्+**ते**
रुधां स्वराच्छ्नो०३.४.८२थी न→उद्+युन**ज्**+ते
श्नाऽस्त्यो०४.२.९०थी अनो लोप→उद्+युन्**ज्**+ते
च-जः०२.१.८६थी ज्नो ग्→उद्+युन्**ग्**+ते
अघोषे प्रथमो०१.३.५०थी ग्नो क्→उद्+युन्**क्**+ते
म्नां धुड्वर्गे०१.३.३९थी न्नो ङ्→उद्युन्**ङ्क्ते**।

(૨) **उपयुङ्क्ते** = તે ઉપયોગ કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **उत्स्वरादिति किम् ? संयुनक्ति** = તે સંયુક્ત કરે છે.
शेषात्०३.३.१००थी ५२स्मै.नी प्राप्ति तिव्→
सम्+युज्+**ति**
रुधां स्वराच्छ्नो०३.४.८२थी श्न→सम्+**यु**नज्+ति
च जः०२.१.८६थी ज्नो ग्→सम्+युन**ग्**+ति
अघोषे०१.३.५०थी ग्नो क्→सम्+युन**क्**+ति
तौ मु-मो०१.३.१४थी म्नो अनुस्वार→**सं**युनक्ति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ उद् અને સ્વરાન્ત ઉપસર્ગથી થાય છે. જ્યારે અહીં सम् ઉપસર્ગ છે. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

(૨) **अयज्ञतत्पात्रमिति किम्? द्वन्द्वं यज्ञपात्राणि प्रयुनक्ति** = બે-બે યજ્ઞપાત્રોને તે જોડે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ અહીં યુજ્નો સંબંધ યજ્ઞપાત્રની સાથે છે. જેમાં સૂત્રપ્રવૃત્તિનો નિષેધ કર્યો છે. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં અયજ્ઞ-તત્પાત્રે યજ્ઞમાં જે યજ્ઞપાત્ર હોય તેની જ વિવક્ષા છે. તેથી યજ્ઞ વિના જ્યાં યજ્ઞનાં પાત્રો હશે, ત્યાં અને યજ્ઞમાં રાંધવાનાં પાત્ર હોય ત્યાં આ સૂત્રથી નિષેધ ન થતાં આત્મનેપદ પ્રત્યયો જ થાય છે. તેથી यज्ञे मन्त्रं रन्धनपात्राणि प्रयुङ्क्ते, પ્રયોગ સિદ્ધ થાય છે.

(૨) અહીં સૂત્રમાં युजेः એ પ્રમાણે સામાન્ય युज् ધાતુનો નિર્દેશ કર્યો હોવા છતાં પણ युजृंपी-૧૪૭૬થી જણાવેલ રુધાદિ ગણનાં युज् ધાતુનું જ ગ્રહણ છે. કારણકે युर्जिच् समाधौ-૧૨૫૪ આ દિવાદિ ગણનાં युज् ધાતુમાં इ ईत् હોવાથી इङितः० ૩.૩.૨૨ સૂત્ર દ્વારા નિત્ય આત્મનેપદ પ્રત્યયો થશે.

परि-व्यवात् क्रियः ૩.૩.૨૭

અ.અ.સૂ. : परि-व्यवात् क्रियः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : પરિ, વિ અને અવ ઉપસર્ગથી રહેલ ક્રી ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **परिव्यवात्** = परिश्च विश्च अवश्चेति परिव्यवम्, तस्मादिति।

ઉદા. (૧) **परिक्रीणीते** = તે ખરીદે છે.
(डुक्रींग्श् द्रव्यविनिमये-૧૫૦૮)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ તે→परि+क्री+**ते**
ક્રયાદેઃ ૩.૪.૭૯થી શ્ના પ્રત્યય→परि+क्री+**ना**+ते
एषामी०૪.૨.૯૭થી આનો ઈ→परि+क्री**नी**ते
र-षृवर्णान्नो०૨.૩.૬૩થી ન્નો ણ્→परिक्री**णी**ते।

(૨) **विक्रीणीते** = તે વહેંચે છે.

(૩) **अवक्रीणीते** = તે ભાડે લે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **उपसर्गादित्येव→उपरि क्रीणाति** = ઉપર ખરીદે છે.
शेषात्०૩.૩.૧૦૦થી પરસ્મૈ.ની પ્રાપ્તિ तिव्→क्री+**ति**
ક્રયાદેઃ ૩.૪.૭૯થી શ્ના→क्री+**ना**+ति
र-षृवर्णान्नो०૨.૩.૬૩થી ન્નો ણ્→क्री**णा**ति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગ રૂપે રહેલ परिથી પર રહેલ क्री ધાતુથી થાય છે. જ્યારે અહીં परि ઉપસર્ગ રૂપે નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, ઉભયપદીનું વિધાન કરનારાં આગામી ઈંગિતઃ ૩.૩.૯૫ સૂત્રમાં તમામ ઈ અને ગ્ ઈત્વાળાં ધાતુઓને ફલવાન[૧] કર્ત્તાનાં વિષયમાં આત્મનેપદનું વિધાન કરેલ છે. અને क्री ધાતુ પણ ગ્

૧. સામાન્યથી જે કર્ત્તાને ક્રિયાનું ફળ પ્રાપ્ત થયું હશે. તે ફલવાન કર્ત્તા કહેવાય છે. અને જે કર્ત્તાને ફળ પ્રાપ્ત થયું નથી તેને અફલવાન કર્ત્તા કહેવાય છે. આની વિશેષ સમજણ ૩.૩.૯૫ સૂત્રમાંથી જાણી લેવી.

ઈત્‌વાળો હોવાથી ફલવાન કર્ત્તામાં તે જ સૂત્રથી આત્મનેપદ થવાની પ્રાપ્તિ છે. માટે આ સૂત્રનો નિર્દેશ અફલવાન કર્ત્તાનાં વિષયમાં જાણવો.

(૨) સૂત્રમાં ક્રિયः એ પ્રમાણે ક્રી ધાતુનાં અનુકરણ રૂપ ક્રી શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અને તેથી અધાતુ-વિભક્તિ૦૧.૧.૨૭થી તેને નામસંજ્ઞા થતાં સ્યાદિ વિભક્તિનો પ્રયોગ કરવા દ્વારા પંચમ્યન્ત રૂપ દર્શાવવામાં આવ્યું છે. યદ્યપિ તેવા નામસંજ્ઞક ક્રી પ્રકૃતિને ધાતોરિવર્ણો૦૨.૧.૫૦ સૂત્રથી ધાતુ નિમિત્તક ઇય્ આદેશ કેવી રીતે થાય ? તેવો પ્રશ્ન થઈ શકે છે. પરંતુ **प्रकृतिवदनुकरणम् ૧/૬** ન્યાયાનુસારે કોઈપણ પ્રકૃતિનું કરાયેલ અનુકરણ તે પ્રકૃતિ સ્વરૂપ ગણાય છે. ધાતોરિવર્ણો૦૨.૧.૫૦ની પ્રવૃત્તિ થઈ છે.

(૩) અહીં ઉદા. નિર્દિષ્ટ ત્રણે પ્રયોગનાં અર્થ ભિન્ન-ભિન્ન જાણવા. તે આ પ્રમાણે છે :

(a) **परिक्रीणीते** = એક મહિનો, બે મહિના આદિ ચોક્કસ કાળ માટેનું ભાડું સ્વીકારવું.

(b) **विक्रीणीते** = અમુક ચોક્કસ મૂલ્ય વડે પોતાનું દ્રવ્ય બીજાને આપવું. (વેચાણ)

(c) **अवक्रीणीते** = યોગ્ય મૂલ્યથી અલ્પ મૂલ્ય વડે દ્રવ્યનો વિનિમય કરવો/કોઈને આપવું.

परा-वेर्जेः ३.३.२८

અ.અ.સૂ. : परा-वेः उपसर्गात् जेः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : परा અને वि ઉપસર્ગથી પર રહેલ जि ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **परा-वेः** = परा च विश्चेति परावि, तस्मादिति।

ઉદા. (૧) **पराजयते** = તે પરાભવ પામે છે. (જિં અભિભવે-૮)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ તે→परा+जि+**ते**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી શવ્→परा+जि+**अ**+ते
नामिनो गुणो०૪.૩.૧થી ગુણ→परा+**जे**+अ+ते
एदैतोऽ०૧.૨.૨૩થી અય્→परा**जय**ते।

(૨) **विजयते** = તે વિજય પામે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

समः क्ष्णोः ३.३.२९

અ.અ.સૂ. : समः उपसर्गात् क्ष्णोः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : सम् ઉપસર્ગથી પર રહેલ क्ष्णु ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. **संक्ष्णुते शस्त्रम्** = શસ્ત્રને તીક્ષ્ણ કરે છે.
(क्ष्णुक् तेजने-૧૦૮૨)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ તે→सम्+क्ष्णु+**ते**
तौ मु-मो०૧.૩.૧૪થી મ્નો અનુસ્વાર→**सं**क्ष्णुते।

अपस्किरः ३.३.३०

અ.અ.સૂ. : अपस्किरः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : અપ ઉપસર્ગપૂર્વક સ્સટ્ આગમવાળાં કૃ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **अपस्किरः** = अपपूर्वः स्किर् इति अपस्किर्, तस्मादिति।

ઉદા. (૧) **अपस्किरते वृषभो हृष्टः** = હર્ષિત થયેલો બળદ માટી ખોદીને આસપાસ વેરે છે. (कृत् विक्षेपे-१३३४)
अपाच्चतु०४.४.९५થી સ્સટ્ આગમ→अप+**स्**+कृ
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ તે→अपस्कृ+**ते**
तुदादेः०३.४.८१થી श→अप+स्कृ+**अ**+ते
ऋतां०४.४.११६થી ऋનો इर्→अपस्**किर**ते।

પ્ર.ઉદા.(૧) **स्सट्निर्देशः किम् ? अपकिरति** = તે વિખેરે છે.
शेषात्०३.३.१००થી ५२स्मै.ની પ્રાપ્તિ तिव्→अप+कृ+**ति**
श પ્રત્યય વગેરે કાર્ય પૂર્વપ્રમાણે જાણવા.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્સટ્ આગમ હોતે છતે થાય છે. જ્યારે અહીં 'હર્ષિત થયેલ' અર્થની વિવક્ષા ન હોવાથી સ્સટ્ આગમ થયો નહીં. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

જિ. : અહીં પૂર્વસૂત્રથી અનુવૃત્ત उपसर्गात्ની અનુવૃત્તિ આવી રહી છે. જે સૂત્રગત अप પદનું વિશેષણ છે. તો **सापेक्षमसमर्थम् २/२८** ન્યાયાનુસારે તેની किरः પદની

સાથે સમાસની પ્રાપ્તિ નથી. તો અહીં સમાસ કેવી રીતે કર્યો?

સમા. : અહીં પૂર્વ સૂત્રથી આવતાં ઉપસર્ગાત્ પદની સાથે સંબંધ કરવો નહીં. પણ સ્વતંત્રતયા જ અપ પદનો સમાસ કરવો. અને તેનો સ્સટ્ આગમ સહિત કિર્ ધાતુ તરીકે નિર્દેશ છે. તેથી તેનું ઉપસર્ગપણું પણ જણાઈ જાય છે.

उदश्चरः साप्यात् ३.३.३१

અ.અ.સૂ. : **साप्यात् उदः उपसर्गात् चरः धातोः कर्त्तरि आत्मनेपदम् ।**

અર્થ : સકર્મક એવા ઉદ્ ઉપસર્ગથી પર રહેલ ચર્ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **साप्यात्** = सह आप्येन वर्त्तत इति साप्यम्, तस्मादिति।

ઉદા. **मार्गमुच्चरते** = તે માર્ગને ઉલ્લંઘે છે.
(चर भक्षणे च-४१०)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ તે→उद्+चर्+**ते**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→उद्+**चर**ते
अघोषे प्रथमो०१.३.५०થી द्નો त्→**उत्**+चरते
तवर्गस्य०१.३.६०થી त्નો च्→**उच्च**रते।

પ્ર.ઉદા. **साप्यादिति किम्? → धूम उच्चरति** =
ધૂમાડો ઊંચે જાય છે.
शेषात्०३.३.१००થી પરસ્મૈ.ની પ્રાપ્તિ तिव्→ उद्+चर्+**ति**
शव् પ્રત્યય વગેરે કાર્ય પૂર્વપ્રમાણે જાણવા.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સકર્મક ધાતુથી થાય છે. જ્યારે અહીં અકર્મક ધાતુ છે. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યય થયાં નહીં.

समस्तृतीयया ३.३.३२

અ.અ.સૂ. : समः उपसर्गात् चरः धातोः तृतीयया कर्त्तरि आत्मनेपदम् ।

અર્થ : સમ્ ઉપસર્ગથી પર રહેલ चर् ધાતુથી તૃતીયાન્ત નામનો યોગ હોતે છતે કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. **अश्वेन सञ्चरते** = ઘોડા વડે સંચરે છે.
(चर भक्षणे च-४१०)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ તે→सम्+चर्+**ते**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→सम्+चर्+**अ**+ते
तौ मुमो०१.३.१४થી म्નો અનુનાસિક→सञ्चरते।

પ્ર.ઉદા. **तृतीययेति किम्? उभौ लोकौ सञ्चरसि** = તું બંને લોકમાં વિચરે છે.
शेषात्०३.३.१००થી પરસ્મૈ.ની પ્રાપ્તિ→सम्+चर्+**सि**
शव् પ્રત્યય વગેરે કાર્યો પૂર્વપ્રમાણે જાણવા.

★ આ સૂત્રની પ્રવૃત્તિ તૃતીયાન્ત નામનો યોગ હોતે છતે થાય છે. જ્યારે અહીં તૃતીયાન્ત નામનો યોગ નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યય થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત તૃતીયયા પદ પ્રત્યય બોધક છે. અર્થાત્ તૃતીયયા પદ દ્વારા તૃતીયા વિભક્તિનાં પ્રત્યય અભિપ્રેત

છે. તેથી તે પદથી પ્રત્યયઃ પ્રકૃત્યાદેઃ ૭.૪.૧૧૫ અને વિશેષણમન્તઃ ૭.૪.૧૧૩ પરિભાષાનુસારે અહીં તૃતીયા વિભક્તિનાં પ્રત્યય જેને અંતે છે એવા તૃતીયાન્ત નામનું ગ્રહણ થાય છે.

(૨) અહીં તૃતીયાન્ત પદની સાથે ક્રિયાપદનો યોગ અપેક્ષિત છે. તેથી તૃતીયાન્ત પદની ઉપસ્થિતિ માત્રથી જ આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમ કે, किं त्वं करिष्यसि रथ्यया, सञ्चरति चैत्रोऽरण्ये। અહીં તૃતીયાન્ત રથ્યયા પદનો सञ्चरसि પદ સાથે યોગ નથી. પણ करिष्यसि પદ સાથે છે.

क्रीडोऽकूजने ३.३.३३

અ.અ.સૂ. : अकूजने समः उपसर्गात् क्रीडः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : કૂજન = અવ્યક્ત શબ્દ. તે સિવાયનાં અર્થમાં વર્ત્તતાં सम् ઉપસર્ગથી પર રહેલાં क्रीड् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **अकूजने** = न कूजनमिति अकूजनम्, तस्मिन्निति।

ઉદા. (૧) **संक्रीडते** = તે રમે છે. (क्रीङ् विहारे-२४३)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ તે→सम्+क्रीड्+**ते**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી શવ્→सम्+क्रीड्+**अ**+ते
तौ मु-मो०૧.૩.૧૪થી અનુસ્વાર→**सं**क्रीडते।

પ્ર.ઉદા.(૧) **सम इत्येव→क्रीडति** = તે રમે છે.

शेषात्०૩.૩.૧૦૦થી ૫રસ્મૈ.ની પ્રાપ્તિ તિવ્→ક્રીડ્+**તિ**

कर्त्तर्यनद्०૩.૪.૭૧થી શવ્→ક્રીડતિ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ सम् ઉપસર્ગથી ૫૨ થાય છે. જ્યારે અહીં ઉપસર્ગ નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

(૨) **अकूजन इति किम् ? संक्रीडन्त्यनांसि** = ગાડાંઓ કીચૂડ-કીચૂડ અવાજ કરે છે.

शेषात्०૩.૩.૧૦૦થી ૫રસ્મૈ.ની પ્રાપ્તિ→सम्+क्रीड्+**अन्ति**

कर्त्तर्यनद्०૩.૪.૭૧થી શવ્→सम्+क्रीड्+**अ**+अन्ति

लुगस्यादे०૨.૧.૧૧૩થી અનો લોપ→सम्+क्रीडन्ति

तौ मु-मो०૧.૩.૧૪થી મ્નો અનુસ્વા૨→**सं**क्रीडन्ति।

★ આ સૂત્રમાં 'અવ્યક્ત શબ્દ' અર્થનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

અન્યમતઃ

(૧) કેટલાંક વ્યાકરણકારોનાં મતે 'કૂજન એટલે અવ્યક્ત શબ્દ' એવો અર્થ થાય છે. તેથી તેઓનાં મતે **नञुक्तं तत्सदृशे ૧/૨૭** ન્યાયાનુસારે આ સૂત્રનો પ્રયોગ અકૂજન અર્થાત્ અવ્યક્ત શબ્દ ભિન્ન તત્સદૃશતયા વ્યક્ત શબ્દનાં અર્થમાં જ થશે.

જો કે તે વ્યાકરણકારો કેટલાંક સ્થાને તે ન્યાયને અનિત્ય માને છે. પણ संक्रीडते रमते इत्यर्थः જેવા વ્યક્ત શબ્દથી અન્યાર્થક પ્રયોગ પણ સ્વીકારે છે.

अन्वाङ्-परेः ३.३.३४

અ.અ.સૂ. : अन्वाङ्-परेः उपसर्गात् क्रीडः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : અનુ, આङ્ અને પરિ ઉપસર્ગથી પર રહેલાં ક્રીડ્ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **अन्वाङ्-परेः** = अनुश्च आङ् च परिश्चेति अन्वाङ्परि, तस्मादिति।

ઉદા. (૧) **अनुक्रीडते** = ક્રમશઃ ક્રીડા કરે છે. (क्रीङ् विहारे-૨૪૩)

(૨) **आक्रीडते** = થોડી ક્રીડા કરે છે.

(૩) **परिक्रीडते** = સર્વતઃ ક્રીડા કરે છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ संक्रीडते પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ હોવાથી અકૂજનનો અધિકાર અટકી ગયો.

शप उपलम्भने ३.३.३५

અ.અ.સૂ. : उपलम्भने शपः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : उपलम्भन = જણાવવું. અથવા સોગંદ આપવી. તે અર્થમાં વર્ત્તતાં शप् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. (૧) **मैत्राय शपते** = મૈત્રને તેનાં જ ગુણ-દોષો જણાવે છે. (शपीं आक्रोशे-૯૧૬)

આ સૂત્રથી આત્મનેપદની પ્રાપ્તિ→शप्+**ते**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→**शपते**।

પ્ર.ઉદા.(૧) **उपलम्भन इति किम्? मैत्रं शपति** = મૈત્રને શાપ આપે છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ शेषात्०૩.૩.૧૦૦થી तिव् પ્રત્યય કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપલંભન અર્થમાં વર્ત્તતાં शप् ધાતુથી થાય છે. જ્યારે અહીં ઉપલંભન અર્થ નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યય થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં 'ઉપલંભન' અર્થનો વિષય બતાવ્યો છે. સામાન્યથી ઉપલંભન શબ્દનો અર્થ 'કોઈકની પ્રતિ કોઈક વસ્તુની પ્રાપ્તિ કરાવવી' એવો થાય છે. પરંતુ અહીં ધાતુનાં પ્રયોગનાં સ્વભાવથી 'કોઈકની પ્રતિ કાંઈક પ્રગટ કરવું' એવો અર્થ જાણવો, તથા, આક્રોશ આદિ અર્થક शप् ધાતુનો નિર્દેશ હોવાથી અહીં આક્રોશની ગમ્યમાનતા પણ અભિપ્રેત છે. તેથી અન્ત્તતોગત્વા પરદોષ પ્રકાશન આદિ રૂપ આક્રોશ જનક ક્રિયા ઉપલંભન શબ્દનાં અર્થ તરીકે લેવી.

(૨) યદ્યપિ ઉપલંભન શબ્દનો અન્ય પણ કેટલાંક અર્થ ગ્રંથકારશ્રીનાં મતે સ્વીકાર્ય છે, તે નીચે પ્રમાણે છે.

(a) અન્યની સમક્ષ પોતાનાં અભિપ્રાયને રજૂ કરવો અર્થાત્ શપથ લેવી. તેથી અહીં मैत्राय शपते = વાણી વડે, માતાદિનાં શરીરસ્પર્શ વડે મૈત્ર પોતાનાં અભિપ્રાયને જણાવે છે. તેવો અર્થ થશે.

(b) દેશાંતર ગયેલાં વ્યક્તિની ઉપસ્થિતિ કે અનુપસ્થિતિમાં તેને અનુકૂળ અનુષ્ઠાન કરવું. તેથી અહીં મૈત્રાય શપતે = દેશાંતર ગયેલાં મૈત્રની સ્થાનવિશેષમાં ઉપલબ્ધિ હોતે છતે સન્માન આદિ રૂપ તેને અનુકૂળ ક્રિયા કરે છે. તથા, દેશાંતરમાં અનુપલબ્ધિ હોતે છતે તેનાં સુખ માટે દેવતારાધના વગેરે અનુષ્ઠાન કરે છે. એવો અર્થ થશે.

(૩) યદ્યપિ અહીં દર્શાવેલ ધાતુ ઉભયપદી હોતે છતે ईगितः ૩.૩.૯૫ સૂત્રથી ફલવાન કર્ત્તાનાં વિષયમાં આત્મનેપદની પ્રાપ્તિ હતી. પણ ઉપલંભન અર્થમાં અફલવાન કર્ત્તાનાં વિષયમાં પણ આત્મનેપદ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

अन्य मत :

કેટલાંક વ્યાકરણકારો મૈત્રાય શપતે પ્રયોગનો 'મૈત્ર આવા પ્રકારનો છે એમ અન્યને જણાવે છે.' આવો અર્થ પણ કરે છે.

आशिषि नाथः ३.३.३६

અ.અ.સૂ. : आशिषि नाथः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : આશીર્વાદ અર્થમાં જ વર્ત્તતાં नाथ् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. **सर्पिषो नाथते** = 'ઘી મને થાઓ.' એમ તે ઇચ્છા કરે છે. (नाथृङ् उपतापैश्वर्याशीःषु च-७१६)

આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→नाथ+**ते**

कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→**नाथते**।

પ્ર.ઉદા. **आशिषीति किम् ? मधु नाथति** = તે મધ માંગે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ શેષાત્૦૩.૩.૧૦૦થી તિવ્ પ્રત્યય લગાડવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ આશીર્વાદ અર્થમાં વર્ત્તતાં નાથ્ ધાતુથી થાય છે. જ્યારે અહીં આશીર્વાદ અર્થ નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં નાથૃङ्એ પ્રમાણે ધાતુપાઠમાં ङ् ઈત્નો નિર્દેશ છે. તો इङितो व्यञ्जन०૫.૨.૪૪ સૂત્રથી અન પ્રત્યયની પ્રાપ્તિ માટે છે. પણ इङितः कर्त्तरि ૩.૩.૨૨ સૂત્ર દ્વારા આત્મનેપદની પ્રાપ્તિ માટે નહીં. અન્યથા જો ङ् ઈત્થી જ આત્મનેપદની પ્રાપ્તિ કરવામાં આવે તો આશીર્વાદ સિવાયનાં પણ તમામ અર્થમાં આત્મનેપદ થાય, જે ઈષ્ટ નથી. તેથી આ સૂત્રનો નિર્દેશ માત્ર આશીર્વાદ અર્થમાં જ આત્મનેપદનું વિધાન કરવા માટે છે.

भुनजोऽत्राणे ૩.૩.૩૭

અ.અ.સૂ. : अत्राणे भुनजः धातोः कर्त्तरि आत्मनेपदम् ।

અર્થ : પાલન સિવાયનાં અર્થમાં વર્ત્તતાં भुज् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **अत्राणे** = न त्राणमिति अत्राणम्, तस्मिन्निति।

ઉદા. (૧) **ओदनं भुङ्क्ते** = તે ભાત ખાય છે.
(भुजंप् पालना-ऽभ्य०૧૪૮૭)

આ ઉદા.ની સાધનિકા ૩.૩.૨૬માં દર્શાવેલ ઉદ્યુક્તે પ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદની પ્રાપ્તિ આ સૂત્રથી કરવી.

પ્ર.ઉદા.(૧) **भुनज इति किम्? ओष्ठौ निर्भुंजति** = બે હોઠ વાંકા કરે છે. (भुजोंत् कौटिल्ये-૧૩૫૧)
शेषात्०૩.૩.૧૦૦થી પરસ્મૈપદની પ્રાપ્તિ →निर्+भुज्+**ति**
तुदादेः शः ૩.૪.૮૧થી श→निर्भुं**ज**ति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ રુધાદિનાં भुज् ધાતુથી થાય છે. જ્યારે અહીં તુદાદિનો भुज् ધાતુ છે. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

(૨) **अत्राण इति किम्? पृथ्वीं भुनक्ति** = પૃથ્વીનું પાલન કરે છે.
આ ઉદા.ની સાધનિકા ૩.૩.૨૬ નિર્દિષ્ટ સંયુનક્તિ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં પાલન અર્થનું વર્જન કર્યું હોવાથી અહીં આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં भुनज् એ પ્રમાણે श्न પ્રત્યય સહિત भुज् ધાતુનો નિર્દેશ કરેલ છે. તે भुजोंत् कौटिल्ये-૧૩૫૧ એ પ્રમાણે તુદાદિ ગણનાં भुज् ધાતુની નિવૃત્તિ માટે જાણવો. તેથી ओष्ठौ निर्भुंजति આવાં પ્રયોગોમાં આત્મનેપદ થતું નથી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ ધાતુને ઉભયપદી માને છે.

हृगो गतताच्छील्ये ३.३.३८

अ.अ.सू. : गतताच्छील्ये हृगः धातोः कर्त्तरि आत्मनेपदम्।

अर्थ : गत = सादृश्य. सादृश्यनो स्वभाव (गतताच्छील्य) अर्थमां वर्त्ततां हृ धातुथी कर्त्तरि प्रयोगमां आत्मनेपद प्रत्यय थाय छे.

स. **गतताच्छील्ये** = तत् शीलमस्येति तच्छीलः, तच्छीलस्य भावः कर्म वा इति ताच्छील्यम्, गतं च ताच्छील्यं चेति गतताच्छील्यम्, तस्मिन्निति।

उदा. (१) पैतृकमश्वा अनुहरन्ते/पितुरनुहरन्ते = घोडाओ पिता पासेथी आवेलानुं अनुकरण करे छे. (हृंग् हरणे-८८५)
आ सूत्रथी आत्मने.नी प्राप्ति→अनु+हृ+**अन्ते**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→अनु+हृ+**अ**+अन्ते
नामिनो गुणो०४.३.१थी गुण→अनु+**हर्**+अ+अन्ते
लुगस्यादे०२.१.११३थी अनो लोप→अनुहरन्ते।

प्र.उदा.(१) गत इति किम्? पितुर्हरति = पिता संबंधी (पदार्थ वगेरे) चोरी ले छे.
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु शेषात्०३.३.१००थी परस्मैपद प्रत्यय तिव् लगाडवो.

★ आ सूत्रनी प्रवृत्ति हृ धातु सादृश्य रूपे ताच्छील्य अर्थमां होय तो थाय छे, ज्यारे अहीं रहेल ताच्छील्य सादृश्यरूप नथी. माटे आ सूत्रथी आत्मनेपद प्रत्ययो थयां नहीं.

(૨) **ताच्छील्य इति किम् ? नटो राममनुहरति** = નટ રામનું અનુકરણ કરે છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્વભાવને વિશે સાદૃશ્ય અર્થનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સ્વભાવગત સાદૃશ્ય નથી. પણ નાટક પૂરતું જ અનુકરણ છે. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં ગતતાચ્છીલ્ય અર્થ અભિપ્રેત છે. અને ગત-તાચ્છીલ્ય અર્થમાં અનુ+હ્નો જ પ્રયોગ થાય છે.

(૨) અહીં સૂત્રગત ગતતાચ્છીલ્યનો અન્ય રીતે પણ અર્થ દર્શાવેલ છે. તે નીચે પ્રમાણે છે :

(a) गत અર્થાત્ ગમન અને તે ગમન વડે ताच्छील्य અર્થાત્ તેનાં સ્વભાવનો ભાવ એટલે કે, પિતાનાં સ્વભાવને ગમન વડે ભાવિત કરે છે. એ અર્થને આશ્રયીને માત્ર ગમન વડે જ પિતૃની સાથે સમ-સ્વભાવ હોય ત્યારે આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તેથી ઉદા.નો અર્થ પિતાનાં ગમનને નિરંતરપણે અનુસરે છે. તથા

(b) અહીં गते च ताच्छील्ये च એ પ્રમાણે ગતતાચ્છીલ્ય શબ્દનો પદચ્છેદ કરવામાં આવે તો 'ગમન અને સ્વભાવનાં અર્થમાં વર્ત્તતો' એવો અર્થ પ્રાપ્ત થાય છે. તેથી ઉદા.નો 'પિતાની જેમ ગમન કરે છે.' અથવા 'પિતાની જેમ વર્ત્તે છે.' એ પ્રમાણે બંને અર્થ થાય છે.

पूजा-ऽऽचार्यक-भृत्युत्क्षेप-ज्ञान-विगणन-व्यये नियः
३.३.३९

अ.अ.सू. : पूजा-ऽऽचार्यक-भृत्युत्क्षेप-ज्ञान-विगणन-व्यये नियः धातोः कर्त्तरि आत्मनेपदम्।

अर्थ : पूजा, आचार्य संबंधी, भृति, उत्क्षेप, ज्ञान, विगणन अने व्यय अर्थमां वर्त्ततां नी धातुथी कर्त्तरि प्रयोगमां आत्मनेपद प्रत्ययो थाय छे.

स. **पूजा-ऽऽचार्यक-भृत्युत्क्षेप-ज्ञान-विगणन-व्यये** = पूजा च आचार्यकं च भृतिश्च उत्क्षेपश्च ज्ञानं च विगणनं च व्ययश्चेति पूजा-ऽऽचार्यक-भृत्युत्क्षेप-ज्ञान-विगणन-व्ययम्, तस्मिन्निति।

उदा. (१) **पूजा** = सन्मान. (णींग् प्रापणे-८८४)
नयते विद्वान् स्याद्वादे = विद्वान स्याद्वाद तरफ लई जाय छे. (समजावे छे).
आ सूत्रथी आत्मने.नी प्राप्ति→नी+**ते**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→नी+**अ**+ते
नामिनो गुणो०४.३.१थी गुण→**ने**+अ+ते
एदैतोऽ०१.२.२३थी अय्→**नय**ते।

(२) **आचार्यकः** = आचार्य संबंधी.
माणवकमुपनयते = आचार्य बाळकने पोतानी पासे लावे छे.

(३) **भृति** = वेतन, पगार.
कर्मकरानुपनयते = नोकरोने वेतन आपे छे.

(૪) **उत्क्षेप** = ઊંચે ઉછાળવું.
शिशुमुदानयते = બાળકને ઉછાળે છે.

(૫) **ज्ञान** = પદાર્થનો નિશ્ચય કરવો.
नयते तत्त्वार्थे = તત્ત્વાર્થમાં નિર્ણય કરે છે.

(૬) **विगणन** = ઋણ ચૂકવવું/કર ભરવો.
मद्राः कारं विनयन्ते = મદ્રદેશવાસીઓ કર ચૂકવે છે.

(૭) **व्यय** = ધર્માદિમાં ઉપયોગ કરવો.
शतं विनयते = ધર્માદિમાં ૧૦૦નો ઉપયોગ કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **एष्विति किम्? अजां नयति ग्रामम्** = બકરીને ગામ તરફ લઈ જાય છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂજા વગેરે અર્થમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં પૂજા વગેરે અર્થક ધાતુ નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં ઉદા.ગત नयते विद्वान् स्याद्वादे પ્રયોગ પૂજા અર્થમાં છે. તે વિદ્વાનો દ્વારા જીવોને યુક્તિ આદિ વડે સ્થિર કરીને સ્યાદ્વાદની બુદ્ધિ ઉત્પન્ન કરાવાય છે. અને તે સ્યાદ્વાદને સ્થિર કરવા આદિની ક્રિયા જીવને માટે અત્યંત કલ્યાણકારી હોવાથી તે જીવો પૂજા કરાયેલાં જ થાય છે.

(૨) અહીં દર્શાવેલ ધાતુ ઉભયપદી હોતે છતે ईगितः ૩.૩.૯૫ સૂત્રથી ફલવાન કર્ત્તાનાં વિષયમાં આત્મને-

પદની પ્રાપ્તિ હતી. પણ પૂજા વગેરે અર્થવાળાં અફલવાન કર્ત્તાનાં વિષયમાં પણ આત્મનેપદ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

कर्तृस्था-ऽमूर्त्ता-ऽऽप्यात् ३.३.४०

અ.અ.સૂ. : **कर्तृस्थामूर्त्ताप्यात् नियः धातोः कर्त्तरि आत्मनेपदम्।**

અર્થ : કર્ત્તામાં રહેલ અમૂર્ત્ત કર્મવાળાં नी ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **कर्तृस्थामूर्त्ताप्यात्** = कर्त्तरि तिष्ठतीति कर्तृस्थम्, न मूर्त्तमिति अमूर्त्तम्, कर्तृस्थम् अमूर्त्तम् आप्यं यस्य स इति कर्तृस्थामूर्त्ताप्यम्, तस्मादिति।

ઉદા. (૧) **श्रमं विनयते** = થાકને દૂર કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદની પ્રાપ્તિ આ સૂત્રથી કરવી.

પ્ર.ઉદા.(૧) **कर्तृस्थेति किम्? चैत्रो मैत्रस्य मन्युं विनयति** = ચૈત્ર મૈત્રનાં ક્રોધને દૂર કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્ત્તામાં રહેલ કર્મની વિવક્ષા હોય તો થાય છે. જ્યારે અહીં મન્યુ કર્મ મૈત્રમાં રહેલું છે. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

(૨) **अमूर्त्तेति किम्? गडुं विनयति** = ગુમડાંને દૂર કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અમૂર્ત્ત કર્મની વિવક્ષામાં થાય છે. જ્યારે અહીં મૂર્ત્ત કર્મ છે. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

(૩) **आप्येति किम्? बुद्ध्या विनयति** = બુદ્ધિ વડે દૂર કરે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ની ધાતુનાં કર્મનો પ્રયોગ થયે છતે થાય છે. જ્યારે અહીં કરણ છે, કર્મની વિવક્ષા નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં સાહિત્યમાં દર્શાવેલ વિગણય્ય નયન્તિ પૌરુષમ્ જેવાં કેટલાંક સ્થાને કર્તૃસ્થ અમૂર્ત્ત કર્મ હોતે છતે પણ આત્મનેપદ પ્રત્યયો દેખાતાં નથી. ત્યાં જાણવું કે, માત્ર શમન અર્થક ની ધાતુથી આત્મનેપદ પ્રત્યયો કરવામાં આવ્યાં છે. પણ પ્રાપ્તિ અર્થક ની ધાતુથી નહીં. તેથી कोपं शमं नयति જેવાં પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

જિ. : અહીં કર્તૃસ્થ આપ્યની વિવક્ષા હોવાથી ईंगितः ૩.૩.૯૫ સૂત્રથી ફલવાન કર્ત્તાનાં વિષયમાં આત્મનેપદ સિદ્ધ જ છે. અને અફલવાન કર્ત્તામાં આ સૂત્રની પ્રવૃત્તિનો સંભવ નથી. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. યદ્યપિ અન્ય સૂત્રની જેમ અફલવાન કર્ત્તાનાં વિષયમાં આત્મનેપદ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ નથી. પરંતુ અન્ય જ નિયમ કરવામાં આવે છે. નિયમ એ છે કે, કર્તૃસ્થ અમૂર્ત્ત કર્મ ન હોય તો ईंगितः ૩.૩.૯૫ સૂત્રથી ફલવાન કર્ત્તામાં પણ ની ધાતુથી આત્મનેપદ પ્રત્યયો થશે નહીં. જેમ કે, गडुं विनयति વગેરે.

शदेः शिति ३.३.४१

અ.અ.સૂ. : शिति शदेः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : શિત્ પ્રત્યયનાં વિષયવાળાં શદ્ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. (૧) **शीयते** = તે નાશ કરે છે. (शद्लृं शातने-૯૬૭)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→शद्+**ते**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→शद्+**अ**+ते
श्नौति-कृवु०૪.૨.૧૦૮થી शीय् આદેશ→**शीय**ते।

પ્ર.ઉદા. **शितीति किम्? शत्स्यति** = તે નાશ કરશે.

- ✢ भविष्यन्ती ૫.૩.૪થી **भविष्यन्ती** વિભક્તિની પ્રાપ્તિ.
- ✢ भविष्यन्ती०૩.૩.૧૫થી स्यति વગેરેને **भविष्यन्ती** સંજ્ઞા.
  शेषात्०૩.૩.૧૦૦થી स्यति **परस्मैपद** પ્રત્યયની પ્રાપ્તિ.
  शद्+**स्यति**
  अघोषे प्रथमो०૧.૩.૫૦થી द्नो त्→**शत्स्यति**।
- ★ આ સૂત્રની પ્રવૃત્તિ શિત્સંજ્ઞક પ્રત્યય પર છતાં જ થાય છે. જ્યારે અહીં ભવિષ્યન્તીનાં પ્રત્યયો છે જે શિત્સંજ્ઞક નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

જિ. : અહીં સૂત્રમાં शिति એ પ્રમાણે શિત્ પ્રત્યયને નિમિત્ત તરીકે ગ્રહણ કર્યા છે. જ્યારે शेषात्०૩.૩.૧૦૦થી પરસ્મૈપદ થઈને શિત્ પ્રત્યય થશે. ત્યારપછી આ સૂત્રથી આત્મનેપદ કરવાની પ્રાપ્તિ થાય. પરંતુ ત્યાં પહેલેથી જ પરસ્મૈપદ હોવાથી આ સૂત્રથી આત્મનેપદ થશે નહીં. તો શું આ સૂત્ર વ્યર્થ જવાની આપત્તિ નહીં આવે?

સમા. : વસ્તુતઃ અહીં શિતિ એ પ્રમાણે સપ્તમી વિભક્તિ વિષયતાનાં અર્થમાં જાણવી. તેથી અહીં નિમિત્તનો અર્થ 'શિત્ પ્રત્યય પર છતાં' એમ ન કરતાં 'શિત્ પ્રત્યયનાં વિષયમાં' એ પ્રમાણે અર્થ કરવો. જેનું તાત્પર્ય એ છે કે, જ્યાં શિત્ પ્રત્યય થાય છે તેવા વર્ત્તમાનાદિ ચાર વિભક્તિમાં જ આત્મનેપદ થશે. અને તે સિવાયનાં અન્ય કાળમાં શેષાત્૦૩.૩.૧૦૦થી પરસ્મૈપદ થશે. આમ, અહીં ભવિષ્યકાલીન શિત્ પ્રત્યય વિષયક કાર્યને આશ્રયીને પૂર્વે આ સૂત્રની પ્રવૃત્તિ થતાં શેષાત્૦૩.૩.૧૦૦ સૂત્રની પ્રાપ્તિ રહેતી નથી. આ વાત આગામી સૂત્રમાં પણ જાણવી.

म्रियतेरद्यतन्याशिषि च ३.३.४२

અ.અ.સૂ. : **अद्यतन्याशिषि च(शिति) म्रियतेः धातोः कर्त्तरि आत्मनेपदम् ।**

અર્થ : અદ્યતની અને આશીઃ વિભક્તિ તથા શિત્ પ્રત્યયનાં વિષયમાં મૃ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **अद्यतन्याशिषि** = अद्यतनी च आशीश्चेति अद्यतन्याशीः, तस्यामिति।

ઉદા. (૧) **अमृत** = તે મૃત્યુ પામ્યો. (मृंत् प्राणत्यागे-૧૩૩૩)

\+ અદ્યતની ૫.૨.૪થી **अद्यतनी** વિભક્તિની પ્રાપ્તિ.

\+ અદ્યતની ૩.૩.૧૧થી દિ વગેરેને **अद्यतनी** સંજ્ઞા.

આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→मृ+**त**

सिजद्यतन्या०३.४.५३थी सिच्→मृ+**स्**+त
धुड्ह्रस्वा०४.३.७०थी स्नो लोप→मृत
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**मृत।

(२) **मृषीष्ट** = તે મરે.

+ आशिष्याशी:०५.४.३८थी **आशी:**ની પ્રાપ્તિ.

+ आशी:०३.३.१६थी क्यात् વગેરેને **आशी:** સંજ્ઞા.
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→મૃ+**सीष्ट**
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→**मृषी**ष्ट।

(३) **म्रियते** = તે મરે છે.
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→મૃ+**ते**
तुदादे: श: ३.४.८१थी श→मृ+**अ**+ते
रि: शक्या०४.३.११०थी ऋનો रि→**म्रि**+अ+ते
धातोरिवर्णो०२.१.५०थी इનો इय्→**म्रिय**ते।

પ્ર.ઉદા. **अद्यतन्याशिषि चेति किम् ? ममार** = તે મર્યો.

+ परोक्षे ५.२.१२थी **परोक्षा**ની પ્રાપ્તિ.

+ परोक्षा०३.३.१२थी णव् વગેરેને **परोक्षा** સંજ્ઞા.
शेषात्०३.३.१००थी ५२स्मै.ની પ્રાપ્તિ→મૃ+**अ**(णव्)
द्विर्धातु:०४.१.१थी द्वित्व→**मृ**मृ+अ
ऋतोऽत् ४.१.३८थी ऋનો अ→**म**मृ+अ
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**मार**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અદ્યતની વગેરે વિભક્તિનાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં પરોક્ષાનો વિષય છે. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં म्रियते એ પ્રમાણે मृ ધાતુનો तिव् સહિતનો નિર્દેશ કર્યો હોવાથી,
तिवाशवानुबन्धेन निर्दिष्टं यद्गणेन च
एकस्वरनिमित्तं च, पञ्चैतानि न यङ्लुपि १/१८
ન્યાયાનુસારે તે ધાતુનાં વિષયમાં યङ્લુબન્તમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેમકે, મર્મર્ત્તિ।

(૨) યદ્યપિ અદ્યતન્યાશિષિનાં ગ્રહણથી शितिની અનુવૃત્તિ અટકી જાય છે. પણ સૂત્રમાં નિર્દિષ્ટ ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव ग्रहणम् २/६१** ન્યાયાનુસારે સપ્તમ્યન્ત અદ્યતન્યાશિષિનાં સજાતીય शिति નું અનુકર્ષણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે ચકારથી ગ્રહણ કરેલ शितिનો અધિકાર ઉત્તરસૂત્રમાં જતો નથી.

क्यङ्षो नवा ३.३.४३

અ.અ.સૂ. : क्यङ्षः धातोः कर्त्तरि आत्मनेपदं नवा।

અર્થ : ક્યङ્ષ્ પ્રત્યયાન્ત ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો વિકલ્પે થાય છે.

ઉદા. (૧) निद्रायति/निद्रायते = અનિદ્રા નિદ્રા રૂપે થાય છે.
ડાચ્-લોહિતા૦૩.૪.૩૦થી ક્યङ્ષ્→નિદ્રા+**य**
ક્રિયાર્થો૦૩.૩.૩થી નિદ્રાયને **धातु**સંજ્ઞા.
આ સૂત્રથી આત્મને.ની વિકલ્પે પ્રાપ્તિ→નિદ્રાય+**ति/ते**

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→निद्राय+**अ**+ति/ते
लुगस्यादे०२.१.११३थी अनो लोप→निद्रायति/निद्रायते।

द्युद्भ्योऽद्यतन्याम् ३.३.४४

अ.अ.सू. : अद्यतन्यां द्युद्भ्यः धातोः कर्त्तरि आत्मनेपदं नवा।

अर्थ : अद्यतनीनां विषयमां द्युत् वगेरे धातुओथी कर्त्तरि प्रयोगमां आत्मनेपद प्रत्ययो विकल्पे थाय छे.

उदा. (१) व्यद्युतत्/व्यद्योतिष्ट = (आजे) प्रकाश थयो.
(द्युति दीप्तौ-९३७)
आ सूत्रथी आत्मने.नी विकल्पे प्राप्ति थतां दि→वि+द्युत्+**त्**
लृदिद्०३.४.६४थी अङ्→वि+द्युत्+**अ**+त्
अड् धातो०४.४.२९थी अट्→वि+**अ**+द्युतत्
इवर्णादे०१.२.२१थी इ नो य्→**व्य**द्युतत्।
विकल्पे : ५२स्मैपद न थाय त्यारे, त नी प्राप्ति→व्य+द्युत्+**त**
सिजद्यतन्याम् ३.४.५३थी सिच्→व्य+द्युत्+**स्**+त
स्ताद्यशितो०४.४.३२थी इट्→व्य+द्युत्+**इस्**+त
नाम्यन्तस्था०२.३.१५थी स् नो ष्→व्य+द्युत्+इष्त
तवर्गस्य०१.३.६०थी त् नो ट्→व्य+द्युत्+इष्ट
लघोरुपा०४.३.४थी गुण→व्य**द्यो**तिष्ट।

(२) **अरुचत्/अरोचिष्ट** = आजे गम्युं.
(रुचि अभिप्रीत्यां च-९३८)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

પ્ર.ઉદા.(૧) **अद्यतन्यामिति किम् ? द्योतते** = તે પ્રકાશે છે.
ઇડિતઃ૦૩.૩.૨૨થી આત્મને.ની પ્રાપ્તિ→દ્યુત્+**ते**
કર્તર્યનદ્૦૩.૪.૭૧થી શવ્→દ્યુત્+**अ**+તે
લઘોરુપા૦૪.૩.૪થી ગુણ→**द्यो**તતે।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અદ્યતનીનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં વર્ત્તમાના વિભક્તિ હોવાથી આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો વિકલ્પે થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, द्युद्भ्यः પદમાં આદિ શબ્દનો નિર્દેશ ન હોવા છતાં પણ 'દ્યુત્ વગેરે ધાતુઓ' એ પ્રમાણે અર્થ કર્યો છે. તે બ.વ.નું ફળ જાણવું.

(૨) આ ધાતુઓમાં इ અને ङ् ઈત્ હોવાથી ઇડિતઃ૦ ૩.૩.૨૨થી નિત્ય આત્મનેપદની પ્રાપ્તિ હતી. તેને વિકલ્પે કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૩) **द्युतादि गण :** द्युति, रुचि, घुटि, रुटि, लुटि, लुठि, श्विताङ्, ञिमिदाङ्, ञिक्ष्विदाङ्, ञिष्विदाङ्, शुभि, क्षुभि, णभि, तुभि स्तम्भूङ्, ष्ठंसूङ्, स्तंसूङ्, ध्वंसूङ्, वृतूङ्, स्यन्दौङ्, वृधूङ्, शृधूङ्, कृपौङ्। (ધાતુપાઠમાં નિર્દિષ્ટ ૯૩૭ થી ૯૫૯ ધાતુઓ)

वृद्भ्यः स्य-सनोः ३.३.४५

અ.અ.સૂ. : वृद्भ्यः धातोः स्य-सनोः कर्त्तरि आत्मनेपदं नवा।

અર્થ : વૃત્ વગેરે ધાતુઓથી સ્ય આદિવાળાં પ્રત્યય તથા સન્ પ્રત્યયનાં વિષયમાં કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો વિકલ્પે થાય છે.

સ. **स्य-सनोः** = स्यश्च सन् चेति स्यसनौ, तयोरिति।

ઉદા. (૧) **वर्त्स्यति/वर्त्तिष्यते** = તે વર્ત્તશે. (वृतूङ् वर्त्तने-૧૫૫)
આ સૂત્રથી આત્મને.ની વિકલ્પે પ્રાપ્તિ→वृत्+**स्यति**
न वृद्भ्यः ૪.૪.૫૫થી इट्નો **निषेध**.
लघोरुपा०૪.૩.૪થી ગુણ→**वर्त्स्यति**।
વિકલ્પે : इङितः०૩.૩.૨૨થી આત્મનેપદ પ્રત્યયની પ્રાપ્તિ→वृत्+**स्यते**
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→वृत्+**इ**+स्यते
लघोरुपा०૪.૩.૪થી ગુણ→**वर्ति**+स्यते
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्નો ष्→वर्त्ति**ष्यते**।

(૨) **विवृत्सति/विवर्त्तिषते** = તે વર્ત્તવાને ઇચ્છે છે.
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→वृत्+**स**
सन्यङ०૪.૧.૩થી દ્વિત્વ→**वृ**वृत्+स
ऋतोऽत् ૪.૧.૩૮થી ऋનો अ→**व**वृत्+स
सन्यस्य ૪.૧.૫૯થી अનો इ→**वि**वृत्स
આ સૂત્રથી વિકલ્પે આત્મને.ની પ્રાપ્તિ→विवृत्स+**ति**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→विवृत्स+**अ**+ति
लुगस्यादे०૨.૧.૧૧૩થી અનો લોપ→विवृत्सति।
વિકલ્પે : इङितः०૩.૩.૨૨ સૂત્રાનુસારે,
प्राग्वतः ૩.૩.૭૪થી આત્મનેપદ પ્રત્યયની પ્રાપ્તિ→ विवृत्+स+**ते**
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→विवृत्+**इ**स+ते
लघोरुपा०૪.૩.૪થી ગુણ→वि**वर्ति**स+ते
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्નો ष्→विव**र्तिष**+ते

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→विवर्तिष+**अ**+ते
लुगस्यादे०२.१.११३थी अ नो लोप→विवर्त्तिषते।

प्र.उदा. **स्य-सनोरिति किम् ? वर्त्तते** = તે વર્ત્તે છે.
इङितः०३.३.२२थी आत्मनेपद तेनी प्राप्ति→वृत्+**ते**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→वृत्+**अ**+ते
लघोरुपा०४.३.४थी गुण→**वर्त**ते

★ આ સૂત્રની પ્રવૃત્તિ स्य આદિવાળાં અને सन् પ્રત્યયનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં स्य-सन् નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો વિકલ્પે થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં પણ પૂર્વની જેમ જ બ.વ. દ્વારા वृद्भ्यः પદનાં વિષયમાં આદિ પદનું ગ્રહણ કર્યું છે.

(૨) આ ધાતુઓમાં ङ् ઈત્ હોવાથી इङितः०३.३.२२थी નિત્ય આત્મનેપદની પ્રાપ્તિ હતી. તેને વિકલ્પે કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૩) **वृदादि गण :** वृतूङ् स्यन्दौङ् वृधूङ् श्रधूङ् कृपौङ्। (ધાતુપાઠમાં નિર્દિષ્ટ ૯૫૫ થી ૯૫૯ ધાતુઓ)

कृपः श्वस्तन्याम् ३.३.४६

અ.અ.સૂ. : श्वस्तन्यां कृपः धातोः कर्त्तरि आत्मनेपदं नवा।

અર્થ : શ્વસ્તની વિભક્તિનાં વિષયમાં कृप् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો વિકલ્પે થાય છે.

ઉદા. (૧) કલ્પ્તાસિ/કલ્પિતાસે = (કાલે) તું સમર્થ થઈશ.
(कृपौङ् सामर्थ्ये-९५९)

આ સૂત્રથી આત્મને. વિકલ્પે→कृप्+**तासि**
लघोरुपा०४.३.४थी गुण→**कर्प्**+तासि
ऋ-र लृलं०२.३.९९थी र्नो ल्→**कल्प्तासि**
વિકલ્પે : इङितः०३.३.२२थी आत्मनेपद
तासे→कृप्+**तासे**
धूगौदितः ४.४.३८थी इट्→कृप्+**इ**+तासे
गुण वगेरे कार्य पूर्वप्रमाणे थतां→**कल्पि**तासे।

क्रमोऽनुपसर्गात् ३.३.४७

अ.अ.सू. : अनुपसर्गात् क्रमः धातोः कर्त्तरि आत्मनेपदं नवा।

અર્થ : ઉપસર્ગ રહિત क्रम् ધાતુથી कर्त्तरि પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો વિકલ્પે થાય છે.

સ. **अनुपसर्गात्** = न उपसर्ग इति अनुपसर्गः, तस्मादिति।

ઉદા. (૧) **क्रमते/क्रामति** = તે ચાલે છે. (क्रमू पादविक्षेपे-३८५)
આ સૂત્રથી આત્મનેપદ વિકલ્પે→क्रम्+**ते**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→क्रम्+**अ**+ते
વિકલ્પે : शेषात्०३.३.१००थी परस्मैपद तिनी प्राप्ति →क्रम्+**अ**+**ति**
क्रमो दीर्घ०४.२.१०९थी दीर्घ→**क्रा**मति।

વિશેષતા :

આગામી વૃત્તિ-સર્ગ-તાયને ૩.૩.૪૮ સૂત્ર દ્વારા क्रम् ધાતુનાં વિષયમાં આત્મનેપદનો નિર્દેશ કર્યો છે. અને તેથી તે સિવાયનાં આત્મનેપદની પ્રાપ્તિ ન હતી. માટે ઉપસર્ગ રહિત क्रम् ધાતુથી તે સિવાયનાં અર્થમાં પણ વિકલ્પે આત્મનેપદ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

वृत्ति-सर्ग-तायने ३.३.४८

अ.अ.सू. : वृत्ति-सर्ग-तायने क्रमः धातोः कर्त्तरि आत्मनेपदम्।

अर्थ : वृत्ति = અપ્રતિબંધ (અટકવું નહીં તે). **सर्ग** = ઉત્સાહ, **तायन** = ખીલવું. આ અર્થમાં વર્ત્તતાં क्रम् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

स. **वृत्ति-सर्ग-तायने** = वृतिश्च सर्गश्च तायनं चेति वृत्ति-सर्ग-तायनम्, तस्मिन्निति।

ઉદા. (૧) **वृत्ति = शास्त्रेऽस्य क्रमते बुद्धिः** = શાસ્ત્રમાં આની બુદ્ધિ અસ્ખલિત છે. (क्रमू पादविक्षेपे-३८५)

(૨) **सर्ग = सूत्राय क्रमते** = સૂત્રનાં (અભ્યાસ) માટે ઉત્સાહિત છે.

(૩) **तायन = क्रमन्तेऽस्मिन् योगाः** = આને વિશે યોગો ખીલેલાં છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદ પ્રત્યયો આ સૂત્રથી કરવા.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો. તેથી નવાનો અધિકાર અટકી ગયો.

(૨) અહીં विरोधिनामद्रव्याणां०૩.૧.૧૩૦ સૂત્ર દ્વારા દ્રવ્ય ભિન્ન એવા વિરોધિ પ્રકૃતિઓનાં વિષયમાં જ સમાહાર દ્વન્દ્વ સમાસ વર્ત્તે છે. તેથી વૃત્તિ-સર્ગ-તાયને એમ સમાહાર થવાની પ્રાપ્તિ નથી. પરંતુ **सूत्रत्वात् समाहारः** પંક્ત્યનુસારે અહીં કરેલાં નિર્દેશથી કોઈપણ આપત્તિ રહેતી નથી.

परोपात् ३.३.४९

अ.अ.सू. : वृत्ति-सर्ग-तायने परोपात् उपसर्गात् क्रमः धातोः कर्त्तरि आत्मनेपदम्।

अर्थ : વૃત્તિ, સર્ગ અને તાયન અર્થમાં વર્ત્તતાં परा અને उप ઉપસર્ગથી પર રહેલ क्रम् ધાતુથી कर्त्तरि પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

स. **परोपात्** = परा च उपश्चेति परोपम्, तस्मादिति।

ઉદા. (૧) **पराक्रमते** = તે અસ્ખલિત રીતે પરાક્રમ કરે છે. (क्रमू पादविक्षेपे-३८५)

(૨) **उपक्रमते** = અધ્યયન આદિમાં ઉત્સાહ રાખે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદનાં પ્રત્યયો આ સૂત્રથી કરવા.

પ્ર.ઉદા.(૧) परोपादिति किम् ? अनुक्रामति = ક્રમશઃ ચાલે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ परा અને उप થી પર રહેલ ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં अनु ઉપસર્ગ છે. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

(૨) **वृत्त्यादावित्येव→पराक्रामति** = પાછો ફરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વૃત્તિ આદિ અર્થમાં વર્ત્તતાં क्रम् ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં વૃત્તિ આદિ અર્થ નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો परा અને उप ઉપસર્ગથી પર રહેલ क्रम् ધાતુથી વૃત્તિ આદિ અર્થનાં અભાવમાં પણ આત્મનેપદ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે पराक्रमते, उपक्रमते વગેરે સામાન્ય અર્થવાળાં પ્રયોગોમાં પણ આત્મનેપદ થાય છે. તથા, તેઓનાં મતે વૃત્તિ આદિ અર્થમાં परा અને उप સિવાયનાં અન્ય ઉપસર્ગપૂર્વક क्रम् ધાતુથી પણ પૂર્વસૂત્રથી આત્મનેપદ થઈ શકે છે. જેમકે, निष्क्रामते વગેરે.

वेः स्वार्थे ३.३.५०

અ.અ.સૂ. : स्वार्थे वेः उपसर्गात् क्रमः धातोः कर्त्तरि आत्मनेपदम् ।

અર્થ : સ્વાર્થ = પાદનું સ્થાપન કરવું (પોતાનો અર્થ). તે અર્થમાં વર્ત્તતાં वि ઉપસર્ગથી પર રહેલાં क्रम् ધાતુથી कर्त्तरि પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. (૧) साधु विक्रमते गजः = હાથી સારી રીતે પગ મૂકે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદની પ્રાપ્તિ આ સૂત્રથી કરવી.

પ્ર.ઉદા.(૧) स्वार्थ इति किम् ? गजेन विक्रामति = હાથી દ્વારા પગ મૂકે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વૃત્તિ આદિ અર્થમાં વર્ત્તતાં क्रम ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં વૃત્તિ આદિ અર્થ નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) સૂત્રગત સ્વાર્થ પદનો અર્થ પાદવિક્ષેપ જણાવેલ છે. યદ્યપિ પાદવિક્ષેપ બે પ્રકારે છે : કર્તૃકૃત અને કરણકૃત. પણ દરેક કારકમાં કર્ત્તાની મુખ્યતા હોવાનાં કારણે **गौण-मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः १/२२** ન્યાયાનુસારે અહીં કર્તૃકૃત પાદવિક્ષેપ જ ગ્રહણ કરવો. પણ કર્મકૃત નહીં.

प्रोपादारम्भे ३.३.५१

અ.અ.સૂ. : आरम्भे प्रोपात् उपसर्गात् क्रमः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : આરંભ અર્થમાં વર્ત્તતાં પ્ર અને ઉપ ઉપસર્ગથી પર રહેલ ક્રમ્ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **प्रोपात्** = प्रश्च उपश्चेति प्रोपम्, तस्मादिति।

ઉદા. (૧) **प्रक्रमते भोक्तुम्** = તે ખાવા માટે આરંભ કરે છે. (क्रमू पादविक्षेपे-३८५)

(૨) **उपक्रमते भोक्तुम्** = તે ખાવા માટે આરંભ કરે છે. આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદ પ્રત્યય આ સૂત્રથી કરવા.

પ્ર.ઉદા. **आरम्भ इति किम् ? प्रक्रामति यातीत्यर्थः** = તે જાય છે. આ ઉદા.ની સાધનિકા ૩.૩.૪૭માં દર્શાવેલ ક્રામતિ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ આરંભ અર્થમાં વર્ત્તતાં ક્રમ્ ધાતુથી થાય છે. જ્યારે અહીં આરંભ-અર્થક ક્રમ્ ધાતુ નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

અન્ય મતઃ

(૧) કેટલાંક વ્યાકરણકાર આરંભ શબ્દનો અર્થ અંગીકાર પણ કરે છે. તેઓનાં મતે भोक्तुमुपक्रमते આદિનો અર્થ ભોજન માટે (આમંત્રણ) સ્વીકારે છે. એવો થાય છે.

(૨) અન્ય કેટલાંક વ્યાકરણકારો સ્વાર્થ અર્થાત્ પાદવિક્ષેપનાં વિષયમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ માને છે. પણ તેનાંથી અન્ય અર્થમાં નહીં. તેથી તેઓનાં મતે ઉપક્રમતે = પગ વડે જવાનો આરંભ કરે છે. તેવો જાણવો. પરંતુ પ્રક્રમતે भोक्तुम् ઇત્યાદિ અન્ય અર્થમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

आङो ज्योतिरुद्गमे ३.३.५२

અ.અ.સૂ. : ज्योतिरुद्गमे आङः क्रमः धातोः कर्त्तरि आत्मनेपदम् ।

અર્થ : ચંદ્ર, સૂર્ય વગેરેનો ઉદય અર્થમાં વર્ત્તતાં આઙ્ ઉપસર્ગથી પર રહેલ ક્રમ્ ધાતુથી કર્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. **आक्रमते चन्द्रः/सूर्यः** = ચંદ્ર/સૂર્ય ઊગે છે.
(क्रमू पादविक्षेपे-३८५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદ પ્રત્યયો આ સૂત્રથી કરવા.

પ્ર.ઉદા. **ज्योतिरुद्गम इति किम् ? आक्रामति बटुः कुतुपम्** = બાળક મીનારા ઉપર ચઢે છે.
धूमः आक्रामति = ધૂમાડો ઉપર જાય છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ચંદ્ર, સૂર્યનો ઉદય અર્થમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં તે અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

दागोऽस्वास्यप्रसार-विकासे ३.३.५३

અ.અ.સૂ. : **अस्वास्यप्रसार-विकासे आङः उपसर्गात् दागः धातोः कर्त्तरि आत्मनेपदम्।**

અર્થ : 'પોતાનાં મુખને ખોલવું કે વિકાસ કરવો' એ સિવાયનાં અર્થમાં વર્ત્તતાં आङ् ઉપસર્ગથી પર રહેલાં दा ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **अस्वास्यप्रसार-विकासे** = स्वं च तद् आस्यं चेति स्वास्यम्, प्रसारश्च विकासश्चेति प्रसार-विकासम्, स्वास्यस्य प्रसारविकासमिति स्वास्यप्रसारविकासम्, न स्वास्यप्रसार-विकासमिति अस्वास्यप्रसारविकासम्, तस्मिन्निति।

ઉદા. (૧) **विद्यामादत्ते** = વિદ્યાને ગ્રહણ કરે છે.
(डुदांग्क् दाने-११३८)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→आ+दा+**ते**
हवः शिति ४.१.१२થી દ્વિત્વ→आ+**दा**दा+ते
ह्रस्वः ४.१.३९થી आ નો अ→आ+**द**दा+ते
श्नश्चाऽऽतः ४.२.९६થી आ નો લોપ→आ+**दद्**+ते
अघोषे प्रथमो०१.३.५०થી द્નો त्→आदत्ते।

પ્ર.ઉદા. **स्वास्यादिवर्जनं किम् ?**

(૧) **उष्ट्रो मुखं व्याददाति** = ઊંટ પોતાનાં મુખને ખોલે છે.
શેષાત્૦૩.૩.૧૦૦થી પરસ્મૈપદની પ્રાપ્તિ→વિ+આ+દા+**તિ**
હવઃ શિતિ ૪.૧.૧૨થી દ્વિત્વ→વિ+આ+**દા**દા+તિ
હ્રસ્વઃ ૪.૧.૩૯થી હ્રસ્વ→વિ+આ+**દદા**તિ
ઇવર્ણાદે૦૧.૨.૨૧થી ઇનો ય્→**વ્યા**દદાતિ।

(૨) **कूलं व्याददाति** = નદીનો કાંઠો વિકાસ પામે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં સ્વાસ્યપ્રસારવિકાસ સ્વરૂપ અર્થનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) દા ધાતુ ઉભયપદી હોતે છતે ईगितः ૩.૩.૯૫થી ફલવાન કર્ત્તાનાં વિષયમાં આત્મનેપદની પ્રાપ્તિ હતી. પણ પોતાનાં મુખને ખોલવું કે વિકાસ કરવો તે સિવાયનાં અર્થનાં વિષયમાં અફલવાન કર્ત્તામાં પણ આત્મનેપદ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, મુખ પ્રસારણ કે વિકાસ અર્થમાં જુહોત્યાદિ ગણવર્ત્તી દા ધાતુ જ સંભવે છે, પણ અન્ય દા ધાતુ નહીં. તેથી, પર્યુદાસ નઞ્થી **नञुक्तं तत्सदृशे १/२७** ન્યાયાનુસારે दाग: પદ દ્વારા અદાદિ ગણવર્ત્તી જ દા ધાતુનું ગ્રહણ થાય છે. તો પણ સ્પષ્ટ નિર્દેશ માટે **व्याख्यानाद् वरं करणम्** પંક્ત્યનુસારે दाग: અનુબંધ વિશિષ્ટ દા ધાતુનો નિર્દેશ જાણવો.

नु-प्रच्छः ३.३.५४

અ.અ.સૂ. : आङः उपसर्गात् नु-प्रच्छः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : आङ् ઉપસર્ગથી પર રહેલ नु અને प्रच्छ् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **नु-प्रच्छः** = नुश्च प्रच्छ् चेति नुप्रच्छ्, तस्मादिति।

ઉદા. (૧) **आनुते शृगालः** = શિયાળ (ઉત્કંઠાપૂર્વક) અવાજ કરે છે.
(णुक् स्ततौ-१०८१)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→**आनुते**।

(૨) **आपृच्छते गुरून्** = વડીલોની રજા લે છે.
(प्रछंत् ज्ञीप्सायाम्-१३४७)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→आ+प्रच्छ्+**ते**
तुदादेः शः ૩.૪.૮૧થી श→आ+प्रच्छ्+**अ**+ते
गृह-व्रश्च०૪.૧.૮૪થી टवृत्→आ**पृ**च्छते।

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, आ પૂર્વક नु ધાતુનાં વિષયમાં 'ઉત્કંઠાપૂર્વક અવાજ કરવો.' એવો અર્થ થાય છે. અને આ પૂર્વક प्रच्छ् ધાતુનાં વિષયમાં જો વિયોગ સંબંધી પ્રશ્નનો વિષય હોય તો જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. પણ પ્રવાહથી સર્વત્ર નહીં. તેથી आपृच्छस्व प्रियसखम् આવો પ્રયોગ સિદ્ધ થાય છે.

गमेः क्षान्तौ ३.३.५५

અ.અ.સૂ. : क्षान्तौ आङः उपसर्गात् गमेः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : કાળ પસાર કરવો (क्षान्ति) અર્થમાં વર્ત્તતાં आङ् ઉપસર્ગથી પર રહેલ गमि ધાતુથી कर्त्तरि પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. **आगमयते गुरुं कञ्चित् कालं प्रतीक्षते** = ગુરુની રાહ જુએ છે. (गम्लृं गतौ-३९६)
प्रयोक्तृ०३.४.२०થી णिग्→आ+गम्+**इ**
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→आगमि+**ते**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→आगमि+**अ**+ते
नामिनो गुणो०४.३.१થી गुण→आग**मे**+अ+ते
एदैतोऽ०१.२.२३થી अय्→आग**मय**ते।

પ્ર.ઉદા. **क्षान्ताविति किम्? विद्यामागमयति** = વિદ્યાને ગ્રહણ કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ शेषात्०३.३.१०० परस्मैपद तिव् પ્રત્યય લગાડવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ क्षान्ति અર્થમાં જ થાય છે. જ્યારે અહીં क्षान्ति અર્થ ન હોવાથી આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) गम् ધાતુ કાળ પસાર કરવો અર્થમાં સ્વભાવથી જ णिगन्त હોય છે.

(૨) અહીં ણિગન્ત गम् ધાતુ ઉભયપદી હોતે છતે ईगितः ૩.૩.૯૫ સૂત્ર દ્વારા ફલવાન કર્ત્તાનાં વિષયમાં આત્મનેપદની પ્રાપ્તિ હતી. પણ ક્ષાન્તિ અર્થમાં અફલવાન કર્ત્તાનાં વિષયમાં પણ આત્મનેપદ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

ह्वः स्पर्धे ३.३.५६

અ.અ.સૂ. : आङः उपसर्गात् ह्वः धातोः स्पर्धे कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : આङ્ ઉપસર્ગથી પર રહેલ ह्वे ધાતુથી સ્પર્ધા અર્થ જણાતે છતે કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. **मल्लो मल्लमाह्वयते** = મલ્લ બીજા મલ્લને આહ્વાન કરે છે. (ह्वेंग् स्पर्धा-शब्दयोः०९९४)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→आ+ह्वे+**ते**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી શવ્→आ+ह्वे+**अ**+ते
एदैतोऽ०१.२.२૩થી अय्→**आह्वयते**।

પ્ર.ઉદા. **स्पर्ध इति किम्? गामाह्वयति** = ગાયને બોલાવે છે. આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ शेषात्०૩.૩.૧૦૦થી પરસ્મૈપદ પ્રત્યય तिव् લગાડવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્પર્ધા અર્થની ગમ્યમાનતામાં થાય છે. જ્યારે અહીં સ્પર્ધા અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં आङ्+ह्वे ધાતુ સ્વાભાવિક રીતે જ શબ્દ અર્થમાં વર્ત્તે છે. પણ સ્પર્ધા અર્થમાં નહીં. તેથી અહીં સૂત્રગત સ્પર્ધે શબ્દ ધાતુનું વિશેષણ ન બનતાં ધાત્વર્થ રૂપ શબ્દનું

વિશેષણ બને છે. માટે અહીં સામાન્ય સ્પર્ધા અર્થ ગ્રહણ ન કરવો. પણ 'સ્પર્ધા માટે અવાજ કરવો' એવો અર્થ ગ્રહણ થાય છે.

(૨) અહીં હ્વે ધાતુ ઉભયપદી હોતે છતે ईंगितः ૩.૩.૯૫ સૂત્ર દ્વારા ફલવાન કર્ત્તાનાં વિષયમાં આત્મનેપદની પ્રાપ્તિ હતી. પરંતુ સ્પર્ધા અર્થમાં અફલવાન કર્ત્તાનાં વિષયમાં પણ આત્મનેપદ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. એ પ્રમાણે આગામી સૂત્રોમાં પણ જાણવું.

सं-नि-वेः ૩.૩.૫૭

અ.અ.સૂ. : सं-नि-वेः उपसर्गात् ह्वः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : सम्, नि અને वि ઉપસર્ગથી પર રહેલ ह्वे ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **संनिवेः** = सम् च निश्च विश्चेति संनिवि, तस्मादिति।

ઉદા. (૧) **संह्वयते** = લડવા માટે બોલાવે છે. (ह्वेंग् स्पर्धा०९९४)
(૨) **निह्वयते** = હોડ કરે છે.
(૩) **विह्वयते** = શરત કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદ તે પ્રત્યય આ સૂત્રથી જાણવો.

उपात् ૩.૩.૫૮

અ.અ.સૂ. : उपात् उपसर्गात् ह्वः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : उप ઉપસર્ગથી પર રહેલ ह्वे ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. **उपह्वयते** = તે પાસે બોલાવે છે. (ह्वेंग् स्पर्धा०९९४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદ પ્રત્યય તે આ સૂત્રથી કરવો.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ ઉપનાં અધિકારને ઉત્તરસૂત્રમાં લઈ જવા માટે છે. અન્યથા **सन्नियोग शिष्टानामेकापायेऽन्यतरस्याऽप्यपायः १/३०** ન્યાયાનુસારે सम्, नि અને वि નો અધિકાર પણ ઉત્તરસૂત્રમાં આવે. જે ઈષ્ટ નથી.

यमः स्वीकारे ३.३.५९

અ.અ.સૂ. : स्वीकारे उपात् उपसर्गात् यमः धातोः कर्त्तरि आत्मनेपदम् ।

અર્થ : સ્વીકાર અર્થમાં વર્ત્તતાં उप ઉપસર્ગથી પર રહેલ यम् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. (૧) **कन्यामुपयच्छते** = તે કન્યાનો સ્વીકાર કરે છે.
(यमूं उपरमे-३८६)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→उप+यम्+**ते**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→उप+यम्+**अ**+ते
गमिषद्य०४.२.१०६થી म्નો छ्→उप+य**छ्**+अ+ते
स्वरेभ्यः १.३.३०થી દ્વિત્વ→उप+**यछ्**छ्+अ+ते
अघोषे प्रथमो०१.३.५०થી छ्નો च्→उपय**च्**छते।

(૨) **उपायंस्त महास्त्राणि** = મહાન અસ્ત્રોનો તેણે સ્વીકાર કર્યો.

આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→उप+यम्+**त**
सिजद्यतन्याम्०३.४.५३थी सिच्→उप+यम्+**स्**+त
शिड्हे०१.३.४०थी म्नो अनुस्वार→उप+**यंस्त**
अड् धातो०४.४.२९थी अट् आगम→उप+**अ**+यंस्त
समानानां०१.२.१थी दीर्घ→**उपा**यंस्त।

प्र.उदा.(१) **च्विनिर्देशः किम्? शाटकानुपयच्छति** = (પોતાની) સાડીઓને ગ્રહણ કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ शेषात्०३.३.१००थी પરસ્મૈપદ तिव् પ્રત્યય લગાડવો.

★ આ સૂત્રમાં સ્વીકાર અર્થનો નિર્દેશ છે. જેનો વિગ્રહ अस्वं स्वं क्रियते એ પ્રમાણે च्वि પ્રત્યયાન્ત છે. જ્યારે અહીં પોતાની સાડીનું ગ્રહણ હોવાથી च्वि પ્રત્યયાન્ત સ્વીકાર અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો માત્ર વિવાહ રૂપ સ્વીકારમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેમનાં મતે उपायंस्त महास्त्राणि જેવા પ્રયોગો સિદ્ધ થતાં નથી.

देवार्चा-मैत्री-सङ्गम-पथिकर्तृक-मन्त्रकरणे स्थः ३.३.६०

અ.અ.સૂ. : देवार्चा-मैत्री-सङ्गम-पथिकर्तृक-मन्त्रकरणे उपात् उपसर्गात् स्थः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : દેવપૂજા, મૈત્રી, મિલન, માર્ગ કર્ત્તા છે જેમાં, મન્ત્ર છે કરણ જેમાં આ અર્થમાં વર્ત્તતાં उप ઉપસર્ગથી પર

રહેલાં સ્થા ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **देवार्चा-मैत्री-सङ्गम-पथिकर्तृक-मन्त्रकरणे** = देवाना-मर्चा इति देवार्चा, पन्थाः कर्त्ता यस्य तत्र इति पथिकर्तृकः, मन्त्रः करणं यस्य तत्र इति मन्त्रकरणम्, देवार्चा च मैत्री च सङ्गमश्च पथिकर्तृकश्च मन्त्रकरणश्चेति देवार्चा-मैत्री-सङ्गम-पथिकर्तृक-मन्त्रकरणम्, तस्मिन्निति।

ઉદા. (૧) **દેવપૂજા : जिनेन्द्रमुपतिष्ठते** = જિનેશ્વરની પૂજા કરે છે. (ष्ठां गतिनिवृत्तौ-५)
सः षोऽष्ट्यै०२.३.९८थी ष्नो स् अने
निमित्ताभावे नैमित्तिकस्याऽपि अभावः १/२९ ન્યાયા-નુસારે **स्था** ધાતુ.
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→उप+स्था+**ते**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→उप+स्था+**अ**+ते
श्नौति-कृवु०४.२.१०८थी तिष्ठ આદેશ→उप**तिष्ठ**+अ+ते
लुगस्यादे०२.१.११३થી અનો લોપ→उपतिष्ठते।

(૨) **मैत्री : रथिकानुपतिष्ठते** = સારથીની પાસે મૈત્રીનાં હેતુથી રહે છે.

(૩) **संगम : यमुना गङ्गामुपतिष्ठते** = યમુના ગંગાને મળે છે.

(૪) **पथिकर्तृक : स्रुघ्नमुपतिष्ठते पन्थाः** = માર્ગ સ્રુઘ્નદેશ તરફ જાય છે.

(૫) **मन्त्रकरण : ऐन्द्र्या गार्हपत्यमुपतिष्ठते** = ગાર્હપત્યની સ્તુતિ ઐન્દ્રી મંત્ર વડે થાય છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) મિત્રતાનાં હેતુથી અથવા મિત્રતાનાં ફળ વડે કોઈપણ આચરણ કરવું તે મૈત્રી જ કહેવાય છે. તેથી रथिकानुपतिष्ठते પ્રયોગમાં રહેવાની ક્રિયા હોવા છતાં પણ મૈત્રીનાં હેતુભૂત હોવાથી મૈત્રી સ્વરૂપે જ જાણવી. તેમજ, અહીં મૈત્રી તે ધાત્વર્થ સ્વરૂપે નહીં પણ ધાત્વર્થનાં વિશેષણ સ્વરૂપે હોવાથી તે ગૌણતયા ગ્રહણ કરવી. અને અન્ય દેવાર્ચાદિ અર્થ પ્રધાનતયા ગ્રહણ કરવા.

वा लिप्सायाम् ३.३.६१

અ.અ.સૂ. : उपात् उपसर्गात् स्थः धातोः लिप्सायां कर्त्तरि आत्मनेपदं वा ।

અર્થ : उप ઉપસર્ગથી પર રહેલાં स्था ધાતુથી લિપ્સા અર્થ જણાતે છતે કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો વિકલ્પે થાય છે.

ઉદા. **भिक्षुर्दातृकुलमुपतिष्ठते/उपतिष्ठति** = ભિક્ષુક દાતાનાં કુળની નજીક (ભિક્ષા મેળવવાની ઇચ્છાથી) ઊભો છે. (ष्ठां गतिनिवृत्तौ-५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદ પ્રત્યયો આ સૂત્રથી વિકલ્પે કરવા.

उदोऽनूर्ध्वेहे ३.३.६२

અ.અ.સૂ. : अनूर्ध्वेहे उदः उपसर्गात् स्थः धातोः कर्त्तरि आत्मनेपदम् ।

અર્થ : ઉર્ધ્વગમન રહિતની ચેષ્ટા અર્થમાં વર્ત્તતાં उद् ઉપસર્ગથી પર રહેલાં स्था ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **अनूर्ध्वेहे** = अनूर्ध्वश्चासौ ईहश्चेति अनूर्ध्वेहः, तस्मिन्निति।

ઉદા. (૧) **मुक्तावुत्तष्ठिते** = મોક્ષ માટે આરાધન કરે છે.
(ष्ठां गतिनिवृत्तौ-૫)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદ પ્રત્યયો આ સૂત્રથી કરવા.

પ્ર.ઉદા.(૧) **अनूर्ध्वेति किम्? आसनादुत्तिष्ठति** = આસન પરથી ઊભો થાય છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં ઉર્ધ્વગમન રૂપ ચેષ્ટાનું વર્જન કર્યું હોવાથી અહીં આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

(૨) **ईहेति किम्? ग्रामाच्छत्तमुत्तिष्ठति** = ગામમાંથી સો તૈયાર થાય છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ચેષ્ટા અર્થમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં ચેષ્ટા અર્થ નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

सं-वि-प्रा-ऽवात् ૩.૩.૬૩

અ.અ.સૂ. : **सं-वि-प्रा-ऽवात् उपसर्गात् स्थः धातोः कर्त्तरि आत्मनेपदम्।**

અર્થ : સમ્, વિ, પ્ર અને અવ ઉપસર્ગથી પર રહેલ સ્થા ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **सं-वि-प्रा-ऽवात्** = सम् च विश्च प्रश्च अवश्चेति संविप्रा-ऽवम्, तस्मादिति।

ઉદા. (૧) **संतिष्ठते** = સારી રીતે રહે છે. (ष्ठां गतिनिवृत्तौ-૫)
(૨) **वितिष्ठते** = પ્રતિકૂળ રીતે રહે છે.
(૩) **प्रतिष्ठते** = પ્રયાણ કરે છે.
(૪) **अवतिष्ठते** = ઊભો રહે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદ આ સૂત્રથી કરવું.

ज्ञीप्सा-स्थेये ૩.૩.૬૪

અ.અ.સૂ. : ज्ञीप्सा-स्थेये स्थः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : ज्ञीप्सा = આત્માનું પ્રકાશન. **स्थेय** = મધ્યસ્થ પુરુષ. તે અર્થમાં વર્ત્તતાં સ્થા ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. ज्ञीप्सा-स्थेये = ज्ञीप्सा च स्थेयश्चेति ज्ञीप्सा-स्थेयम्, तस्मिन्निति।

ઉદા. (૧) **तिष्ठते कन्याच्छात्रेभ्यः** = છાત્રોને (ખુશ કરવા માટે) કન્યા (પોતાનાં રૂપાદિ) બતાવે છે.
(ष्ठां गतिनिवृत्तौ-૫)

(૨) **त्वयि तिष्ठते विवादः** = તમે (નિર્ણાયક તરીકે) હોતે છતે વિવાદ થાય છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં **व्याख्यानतो विशेषार्थप्रतिपत्तिः ૨/૬૪** ન્યાયાનુસારે ज्ञीप्सा એટલે સામાન્ય આત્મપ્રકાશન ન જાણવું. પણ અન્યને ખુશ કરવા માટે જે **આત્મપ્રકાશન** થાય તે ગ્રહણ કરવું.

તથા, લોકની પરંપરાથી વિવાદાદિમાં નિર્ણય કરનાર પ્રમાણભૂત મધ્યસ્થ વ્યક્તિને **સ્થેય** કહેવાય છે.

प्रतिज्ञायाम् ३.३.६५

અ.અ.સૂ. : प्रतिज्ञायां स्थः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : સ્વીકાર (પ્રતિજ્ઞા) અર્થમાં વર્ત્તતાં સ્થા ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. (૧) नित्यं शब्दमातिष्ठते = 'શબ્દ નિત્ય છે.' એ પ્રમાણે તે પ્રતિજ્ઞા કરે છે.

વિશેષતા :

(૧) અહીં સ્વાભાવિક રીતે જ સ્થા ધાતુ પ્રતિજ્ઞા અર્થમાં આङ્ પૂર્વક જ વર્ત્તે છે.

(૨) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ ઉત્તરસૂત્રમાં માત્ર પ્રતિજ્ઞાયામ્નો અધિકાર લઈ જવા માટે છે. અન્યથા **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याऽप्यपायः १/३०** ન્યાયાનુસારે જ્ઞીપ્સા-સ્થેયેનો અધિકાર પણ આવવાની આપત્તિ આવે.

समो गिरः ३.३.६६

અ.અ.સૂ. : प्रतिज्ञायां समः उपसर्गात् गिरः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : પ્રતિજ્ઞા અર્થમાં વર્ત્તતાં સમ્ ઉપસર્ગથી પર રહેલાં गृ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. स्याद्वादं सङ्गिरते = સ્યાદ્વાદની પ્રતિજ્ઞા કરે છે.
(गृत् निगरणे-१३३५)

આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→सम्+गृ+**ते**
तुदादेः शः ૩.૪.૮૧થી શ→सम्+गृ+**अ**+ते
ऋृतां क्ङिः०૪.૪.૧૧૬થી इर्→सम्+**गिर**ते
तौ मु-मो०૧.૩.૧૪થી म्નો ङ्→**सङ्गिर**ते।

વિશેષતા :

(૧) સૂત્રમાં गिर् એ પ્રમાણે નિર્દેશ કરેલો હોવાથી गृत्-૧૩૩૫ तुदादिનાં જ ધાતુનું ગ્રહણ થાય છે. પણ गृश्-૧૫૩૮ क्र्यादि ગણનાં ધાતુનું નહીં. તે વાત આગામી સૂત્રમાં પણ જાણવી.

જિ. : सम् ઉપસર્ગ પૂર્વક गिर् ધાતુ પ્રતિજ્ઞા અર્થમાં જ વર્ત્તે છે. તો અહીં सम्નું ગ્રહણ શા માટે કર્યું?

સમા. : ઉત્તરસૂત્રમાં अव ઉપસર્ગથી પર गिर् ધાતુનાં વિષયમાં પૃથક્ નિર્દેશ કરવા દ્વારા प्रतिज्ञायाम्નો અધિકાર અટકાવ્યો છે. તે જ જણાવે છે કે, ઉપસર્ગ રહિત એકલો અને અન્ય ઉપસર્ગપૂર્વકનો गृ ધાતુ પ્રતિજ્ઞા અર્થમાં વર્ત્તતો હોઈ શકે છે. ત્યાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ન થાય તે માટે અહીં सम् ઉપસર્ગનું ગ્રહણ કરેલ છે. અન્યથા ઉત્તરસૂત્રમાં પૃથગ્યોગનું પ્રયોજન રહે નહીં.

अवात् ૩.૩.૬૭

અ.અ.સૂ. : अवात् उपसर्गात् गिरः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : અવ ઉપસર્ગથી પર રહેલ गृ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. (૧) **अवगिरते** = તે ધીમે બોલે છે. (गृत् निगरणे-૧૩૩૫)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં પણ પૂર્વસૂત્રની જેમ જ ક્રયાદિ એવા गृश्-૧૫૩૮ ધાતુનું ગ્રહણ કરવું નહીં.

(૨) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો. તેથી प्रतिज्ञायाम्નો અધિકાર અટકી ગયો.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકાર પણ अव ઉપસર્ગપૂર્વક गृ ધાતુનો પ્રયોગ જ સ્વીકારતાં નથી.

निह्नवे ज्ञः ३.३.६८

અ.અ.સૂ. : निह्नवे ज्ञः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : निह्नव = અપલાપ કરવો/છૂપાવવું. તે અર્થમાં વર્ત્તતાં ज्ञा ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. शतमपजानीते = તે સોને છૂપાવે છે. (ज्ञांश् अवबोधने-૧૫૪૦)

આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ →अप+ज्ञा+**ते**

क्रयादेः ૩.૪.૭૯થી श्ना પ્રત્યય→अप+ज्ञा+**ना**+ते

जा-ज्ञा०૪.૨.૧૦૪થી जा આદેશ→अप+**जा**+ना+ते

एषामी०૪.૨.૯૭થી આનો ई→अपजा**नी**ते।

વિશેષતા :

(૧) ज्ञा ધાતુ अप ઉપસર્ગપૂર્વક જ અપલાપ અર્થમાં વર્ત્તે છે. તેથી સૂત્રમાં अप ઉપસર્ગનું ગ્રહણ કરેલ નથી.

सं-प्रतेरस्मृतौ ३.३.६९

अ.अ.सू. : अस्मृतौ सं-प्रतेः उपसर्गात् ज्ञः धातोः कर्त्तरि आत्मनेपदम्।

अर्थ : स्मृति सिवायनां अर्थमां वर्त्ततां सम् अने प्रति उपसर्गथी पर रहेलां ज्ञा धातुथी कर्त्तरि प्रयोगमां आत्मनेपद प्रत्ययो थाय छे.

स. (१) **सं-प्रतेः** = सम् च प्रतिश्चेति संप्रतिः, तस्मादिति।

(२) **अस्मृतौ** = न स्मृतिरिति अस्मृतिः, तस्मिन्निति।

उदा. (१) **शतं संजानीते** = सोने जाणे छे. (ज्ञांश् अवबोधने-१५४०)

(२) **शतं प्रतिजानीते** = ते सोने स्वीकारे छे.

आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु आत्मनेपदनां प्रत्ययो आ सूत्रथी करवा.

प्र.उदा.(१) अस्मृताविति किम्? मातुः संजानाति = माताનું स्मरण करे छे.

शेषात्०३.३.१००थी परस्मै.नी प्राप्ति→सम्+ज्ञा+**ति**

क्र्यादेः०३.४.७९थी श्ना→सम्+ज्ञा+**ना**+ति

जा-ज्ञा०४.२.१०४थी जा आदेश→सम्+**जा**नाति

तौ मु-मो०१.३.१४थी म्नो अनुस्वार→**सं**जानाति।

★ आ सूत्रमां स्मृति अर्थनुं वर्जन होवाथी अहीं आ सूत्रथी आत्मनेपद प्रत्ययो थयां नहीं.

अन्य मत :

(१) केटलांक व्याकरणकारो उत्कंठापूर्वक स्मृति अर्थमां ज आ सूत्रनी प्रवृत्तिनो निषेध करे छे. तदन्य स्मृतिमां आ सूत्रनी प्रवृत्ति ईच्छे छे. जे स्वमते ईष्ट नथी.

अननोः सनः ३.३.७०

અ.અ.સૂ. : सनः ज्ञः धातोः कर्त्तरि आत्मनेपदम्, अननोः।

અર્થ : સન્નત એવા જ્ઞા ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે. પરંતુ તે જ્ઞા ધાતુ અનુ પૂર્વક ન હોય તો.

સ. **अननोः** = न अनुरिति अननुः, तस्मादिति।

ઉદા. **धर्मं जिज्ञासते** = ધર્મને જાણવાની ઇચ્છા કરે છે.
(ज्ञांश् अवबोधने-१५४०)
तुमर्हादि०३.४.२१थी सन्→ज्ञा+**स**
सन्यङश्च ४.१.३थी द्वित्व→**ज्ञाज्ञा**+स
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**ज्ञज्ञा**+स
व्यञ्जनस्याः०४.१.४४थी ञ्नो लोप→**जज्ञा**+स
सन्यस्य ४.१.५९थी अनो इ→**जिज्ञास**
वर्त्तमाना०३.३.६थी ते→जिज्ञास+**ते**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→जिज्ञास+**अ**+ते
लुगस्यादे०२.१.११३थी अनो लोप→जिज्ञासते।

પ્ર.ઉદા.(૧) अननोरिति किम्? धर्ममनुजिज्ञासति = ધર્મની અનુજ્ઞા મેળવવાને ઇચ્છે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ शेषात्०३.३.१००थी परस्मैपद तिव् प्रत्यय લગાડવો.

★ આ સૂત્રમાં અનુથી પર રહેલાં જ્ઞા ધાતુનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યય થયાં નહીં.

श्रुवोऽनाङ्-प्रतेः ३.३.७१

अ.अ.सू. : सनः श्रुवः धातोः कर्त्तरि आत्मनेपदम्, अनाङ्-प्रतेः।

अर्थ : सन्नत श्रु धातुथी कर्त्तरि प्रयोगमां आत्मनेपद प्रत्ययो थाय छे. पण ते आङ्अने प्रति उपसर्गपूर्वक न होय तो.

स. **अनाङ्-प्रतेः** = आङ् च प्रतिश्चेति आङ्प्रतिः, न आङ्प्रतिरिति अनाङ्-प्रतिः, तस्मादिति।

उदा. (१) **गुरून् शुश्रूषते** = गुरुने सेववाने ईच्छे छे.
(श्रुंट् श्रवणे-१२९७)
तुमर्हादि०३.४.२१थी सन्→श्रु+**स**
सन्यङश्च ४.१.३थी द्वित्व→**श्रुश्रु**+स
व्यञ्जनस्या०४.१.४४थी र्नो लोप→**शुश्रु**+स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→शुश्रु**ष**
आ सूत्रथी आत्मने.नी प्राप्ति→शुश्रुष+**ते**
पूर्व प्रमाणे शव् वगेरे थतां→शुश्रुषते।

प्र.उदा. **अनाङ्-प्रतेरिति किम् ? आशुश्रूषति/प्रतिशुश्रूषति** = ते स्वीकार करवाने ईच्छे छे.
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु शेषात्० ३.३.१००थी परस्मैपद प्रत्यय तिव् लगाडवो.

★ आ सूत्रमां आङ्अने प्रतिथी पर रहेल श्रु धातुनुं वर्जन होवाथी अहीं आ सूत्रथी आत्मनेपद प्रत्यय थयां नहीं.

विशेषता :

(१) अहीं अनाङ्-प्रतेः એ प्रमाणे प्रसज्य नञ्नो निर्देश कर्यो छे. पण पर्युदास नञ्नो नहीं. तेथी सम्-प्रति

સિવાય ઉપસર્ગ રહિત માત્ર श्रु ધાતુનો પ્રયોગ હશે ત્યાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. જેમકે, शुश्रूषते गुरुन् અન્યથા જો પર્યુદાસ નઞ્નું ગ્રહણ કરવામાં આવે તો સદૃગ્રાહિતયા सम्-प्रति સિવાયનાં અન્ય પણ ઉપસર્ગ સહિત જ પ્રવૃત્તિ થાય. જે ઈષ્ટ નથી.

स्मृ-दृशः ३.३.७२

અ.અ.સૂ. : सनः स्मृ-दृशः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : સન્નત એવા स्मृ અને दृश् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **स्मृ-दृशः** = स्मृश्च दृश् चेति स्मृ-दृश्, तस्मादिति।

ઉદા. (૧) **सुस्मूर्षते** = સ્મરણ કરવાની ઈચ્છા કરે છે.
(स्मृं चिन्तायाम्-૧૮)
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→स्मृ+**स**
स्वर-हन०૪.૧.૧૦૪થી ऋ દીર્ઘ→**स्मृ**+स
ओष्ठ्यादुर् ૪.૪.૧૧૭થી उर्→**स्मुर्**+स
नाम्यन्तस्था०૨.૩.૧૫થી ष्→स्मुर्+**ष**
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→स्मुर्ष+**ते**
सन्यङ०૪.૧.૩થી દ્વિત્વ→**स्मु**स्मुर्ष+ते
व्यञ्जनस्या०૪.૧.૪૪થી म् નો લોપ→**सु**स्मुर्ष+ते
भ्वादेर्नामिनो०૨.૧.૬૩થી उ દીર્ઘ→सु**स्मू**र्ष+ते
शव् પ્રત્યયો વગેરે પૂર્વપ્રમાણે થતાં→सुस्मूर्षते।

(૨) **दिदृक्षते** = તે જોવાને ઈચ્છે છે. (दृशृं प्रेक्षणे-૪૯૫)
तुमर्हादि०૩.૪.૨૧થી सन्→दृश्+**स**

सन्यङ०४.१.३थी द्वित्व→**दृदृश्**+स
ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→**ददृश्**+स
सन्यस्य०४.१.५९थी अनो इ→**दिदृश्**+स
यज-सृज०२.१.८७थी श्नो ष्→दिदृ**ष्**+स
षढोः०२.१.६२थी षनो क्→दिदृ**क्**+स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→दिदृ**क्ष**
आ सूत्रथी आत्मने.नी प्राप्ति→दिदृक्ष+**ते**
पूर्वप्रमाणे शव् प्रत्यय वगेरे कार्य थतां→दिदृक्षते।

शको जिज्ञासायाम् ३.३.७३

अ.अ.सू. : जिज्ञासायां सनः शकः धातोः कर्त्तरि आत्मनेपदम्।

अर्थ : જિજ્ઞાસા અર્થમાં વર્ત્તતાં સન્નત શક્ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. **विद्याः शिक्षते** = 'હું વિદ્યા જાણવાને સમર્થ બનું.' એમ તે ઇચ્છે છે. (शकींच् मर्षणे-१२८०)
तुमर्हादि०३.४.२१थी सन्→शक्+**स**
रभलभ०४.१.२१थी इ→**शिक्**+स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→शिक्+**ष**
आ सूत्रथी आत्मने.नी प्राप्ति→शिक्ष+**ते**
पूर्वप्रमाणे शव् प्रत्यय वगेरे कार्य थतां→शिक्षते।

प्र.ઉદા. **जिज्ञासायामिति किम्? शिक्षति** = शक्तिमान थवाने ઇચ્છે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ शेषात्० ३.३.१००थी परस्मैपद प्रत्यय तिव् કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ જિજ્ઞાસા અર્થમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં જિજ્ઞાસા અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) સામાન્યતઃ સન્નત પ્રયોગમાં ઈચ્છા અર્થની પ્રધાનતા હોય છે. તથા શક્ ધાતુ શક્તિ અર્થક હોવાથી શક્તિની ઈચ્છા એવો અર્થ જ પ્રાપ્ત થાય. પરંતુ શબ્દ-શક્તિનાં સ્વભાવથી જ શક્ ધાતુ અન્ય કોઈપણ ધાત્વર્થથી સંયુક્ત જ હોય છે. તેથી અહીં जिज्ञासायाम् પદ દ્વારા જ્ઞાન અર્થવિષયક શક્તિની ઈચ્છાનો નિર્દેશ કરેલ છે.

(૨) યદ્યપિ शकींच्-૧૨૮૦ એ પ્રમાણે શક્ ધાતુ ઉભયપદી હોવાથી ફલવાન કર્ત્તાનાં વિષયમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે. તેથી સન્નત એવા શક્ ધાતુથી પ્રાગ્વત્ ૩.૩.૭૪ સૂત્ર દ્વારા આત્મનેપદ પ્રત્યયો સિદ્ધ જ હતાં. પણ જિજ્ઞાસા અર્થમાં અફલવાન કર્ત્તાનાં વિષયમાં પણ આત્મનેપદ પ્રત્યયો કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

જિ. : शिक्षि विद्योपादाने-૮૭૯ એ પ્રમાણે ધાતુપાઠમાં અન્ય शिक्ष् ધાતુનો પણ નિર્દેશ છે. જેનાથી इङितः૦૩.૩.૨૨ સૂત્ર દ્વારા આત્મનેપદ થઈને विद्याः शिक्षते આદિ પ્રયોગો તો તેનાથી સિદ્ધ થાય જ છે. વળી, વિદ્યાનું ઉપાદાન જિજ્ઞાસા વિના સંભવતું જ નથી. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

સમા. : વસ્તુતઃ પરોક્ષા વિભક્તિનાં વિષયમાં જ્યારે શિક્ષ્ ધાતુનું રૂપ કરવામાં આવે ત્યારે તેને આમ્ પરોક્ષાનો પ્રયોગ થતો નથી. અને જો શક્ ધાતુનું સન્નત કરીને અકારાન્ત શિક્ષ ધાતુથી આમ્ પરોક્ષા કરવામાં આવે તો આ સૂત્રનાં અભાવમાં પરસ્મૈપદી શિક્ષાઞ્ચકાર પ્રયોગ જ પ્રાપ્ત થાય. પણ શિક્ષાંચક્રે નહીં. તેથી ખરેખર તો શિક્ષાઞ્ચક્રે આદિ પ્રયોગ સિદ્ધ કરવા માટે જ આ સૂત્રનો નિર્દેશ છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો સન્નત એવા શક્ ધાતુથી આત્મનેપદ પ્રત્યયો ન કરતાં જિજ્ઞાસા અર્થમાં વર્ત્તતાં શિક્ષ્ ધાતુથી જ આત્મનેપદ પ્રત્યયને ઈચ્છે છે. અને અન્ય સ્થાને પરસ્મૈપદ પ્રત્યયો ઈચ્છે છે.

પ્રાગ્વત્ ૩.૩.૭૪

અ.અ.સૂ. : સનિ પ્રાગ્વત્ કર્ત્તરિ આત્મનેપદમ્।

અર્થ : સન્ની પૂર્વે જે ધાતુથી (અનુબંધ, ઉપપદ અને અર્થવિશેષ વગેરે હેતુઓથી) કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યય થયેલ છે. તેની જેમ જ તે ધાતુનાં સન્નત અંગથી પણ કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. (૧) અનુબંધથી આત્મનેપદની પ્રાપ્તિ : (ઇડિતઃ૦૩.૩.૨૨)
शिशयिषते = તે સુવાને ઈચ્છે છે. (शीङ्क् स्वप्ने-૧૧૦૫)
તુમર્હાદિ૦૩.૪.૨૧થી સન્→શી+**સ**
સન્યઙ૦૪.૧.૩થી દ્વિત્વ→**શીશી**+**સ**
હ્રસ્વઃ ૪.૧.૩૯થી હ્રસ્વ→**શિશી**+સ

स्ताद्यशितो०४.४.३२थी इट्→शिशी+**इस**
नामिनो गुणो०४.३.१थी गुण→शि**शे**+इस
एदैतोऽ०१.२.२३थी अय्→शि**शयि**स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→शिशयि**ष**
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→शिशयिष+**ते**
પૂર્વપ્રમાણે शव् વગેરે થતાં→शिशयिषते।

★ અહીં शी ધાતુને इङितः०३.३.२२થી આત્મનેપદની પ્રાપ્તિ હતી. તેથી સન્નત એવા शी ધાતુને આ સૂત્રથી આત્મનેપદનું વિધાન કર્યું છે.

(૨) **ઉપપદથી આત્મનેપદની પ્રાપ્તિ :** (समस्तृतीयया ३.३.३२)

अश्वेन संचिचरिषते = તે ઘોડાની સાથે ફરવાને ઇચ્છે છે. (चर भक्षणे च-४१०)
तुमर्हादि०३.४.२१थी सन्→सम्+चर्+**स**
सन्यङ०४.१.३थी द्वित्व→सम+**च**चर्+स
सन्यस्य ४.१.५९थी अनो इ→सम्+**चि**चर्+स
स्ताद्यशितो०४.४.३२थी इट्→सम्+चिचर्+**इस**
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→सम्+चिचरि**ष**
આ સૂત્રથી આત્મનેની પ્રાપ્તિ→सम्+चिचरिष+**ते**
પૂર્વપ્રમાણે शव् વગેરે થતાં→**सं**चिचरि**षते**।

★ અહીં चर् ધાતુથી તૃતીયાન્ત નામ ઉપપદમાં હોતે છતે समस्तृ०३.३.३२થી આત્મનેપદની પ્રાપ્તિ હતી. તેથી તૃતીયાન્ત નામનાં યોગમાં સન્નત चर् ધાતુથી આ સૂત્રથી આત્મનેપદનું વિધાન કર્યું છે.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં સન્નતની પૂર્વે રહેલાં ધાતુથી અન્ય સૂત્રાનુસારે આત્મનેપદનો અતિદેશ કર્યો છે. પરંતુ તે અતિદેશ સામાન્ય સૂત્ર વિષયક જાણવો. પણ જ્યાં પ્રત્યય સહિત આત્મનેપદનું વિધાન કર્યું છે. તે સૂત્રવિષયક નહીં. અર્થાત્ જે પ્રત્યય સહિત આત્મનેપદનો નિર્દેશ કર્યો હોય તે જ સન્નત ધાતુથી તે સૂત્રાનુસારે આ સૂત્રથી પણ આત્મનેપદ કરવું નહીં. જેમકે, शदेः शिति ૩.૩.૪૧ સૂત્રમાં शित् પ્રત્યય પર છતાં આત્મનેપદનો નિર્દેશ કર્યો છે. જે સપ્રત્યય નિર્દેશ છે. તેથી તે સૂત્રનો આશ્રય લઈને સન્નત એવા शद् ધાતુથી આ સૂત્ર દ્વારા આત્મનેપદ થતું નથી. જેમકે, शिशत्सति।

યદ્યપિ અહીં પણ शित् પ્રત્યય તો વિદ્યમાન છે. પરંતુ सन् પ્રત્યયની પૂર્વે તે शित् વિષયતા ન હોવાથી તે સૂત્રનો પ્રયોગ ન થતાં शेषात्०૩.૩.૧૦૦થી પરસ્મૈપદ થયેલ છે.

અને એ જ પ્રમાણે, म्रियतेरद्यत०૩.૩.૪૨ આદિ સૂત્રનાં વિષયમાં પણ જાણવું.

(૨) इङितः कर्त्तरि ૩.૩.૨૨ વગેરે સૂત્રોમાં અનુબંધાદિ નિમિત્તનાં કારણે જે આત્મનેપદનો નિર્દેશ કરાયો છે. તે આત્મનેપદનો પણ જો કોઈ પર સૂત્ર રૂપ વિશેષ વિધાન દ્વારા બાધ થતો હોય તો સન્નત ધાતુથી તેનો પણ અતિદેશ કરવો નહીં. જેમકે, डुकृंग्-૮૮૮ એ પ્રમાણે गित् એવા कृ ધાતુથી ફલવાન કર્ત્તાનાં વિષયમાં

ईगितः ૩.૩.૯૫ સૂત્ર દ્વારા કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદનો નિર્દેશ કરાયો છે. જે અનુબંધ નિમિત્તક છે. તથા, ગંધન વગેરે નિમિત્તમાં गन्धनाऽवक्षेप० ૩.૩.૭૬ સૂત્ર દ્વારા આત્મનેપદનો નિર્દેશ કરાયો છે. જે અર્થ વિશેષ નિમિત્તક છે. જે બંનેનો આગામી परानोः०૩.૩.૧૦૧ સૂત્રમાં અનુ અને परा ઉપસર્ગપૂર્વક कृ ધાતુનાં વિષયમાં બાધ કરાયો છે. તેથી અનુ અને परा પૂર્વક સન્નત कृ ધાતુથી આ સૂત્ર દ્વારા આત્મનેપદ ન થતાં परानोः०૩.૩.૧૦૧ અનુસારે આ સૂત્ર દ્વારા પરસ્મૈપદ પ્રત્યયો થાય છે.

જિ. : અહીં સૂત્રમાં પૂર્વે અસન્નતભૂત મૂળ ધાતુનાં પ્રયોગને આશ્રયીને થતાં આત્મનેપદ અનુસારે સન્નત ધાતુને પણ આત્મનેપદનો અતિદેશ કર્યો છે. તેથી તે-તે ધાતુનાં સન્નત પ્રયોગને આત્મનેપદની પ્રાપ્તિ માટે તે-તે ધાતુનું મૂળરૂપ થવું પણ આવશ્યક છે. પરંતુ તિજ્ વગેરે ધાતુઓનો ક્ષમા વગેરે અર્થ વિશેષમાં મૂળ રૂપનો જ અભાવ છે. તો તિતિક્ષતે વગેરે તેઓનાં સન્નત પ્રયોગથી આત્મનેપદનું વિધાન કેવી રીતે થાય?

સમા. : गुप्, तिज्, शान्, दान्, मान् અને बध् ધાતુઓ અનુક્રમે ગર્હા, ક્ષાન્તિ, નિશાન, આર્જવ, વિચાર અને વૈરૂપ્ય અર્થ વિશેષમાં જ સન્નતતયા પ્રયુક્ત થાય છે. આ અર્થ વિશેષમાં सन् પ્રત્યય વિના એકલા તેઓનો પ્રયોગ થતો નથી માટે તેઓને ધાતુપાઠમાં કરાયેલો અનુબંધ પણ અર્થ વિશેષમાં એકલા તેઓનાં વિષયમાં ચરિતાર્થ થતો નથી, પણ સન્નત સમુદાય સહિત પ્રયોગમાં જ

તેની પ્રવૃત્તિ થાય છે. તેથી ક્ષાન્તિ આદિ અર્થમાં માત્ર સન્નત ધાતુથી જ તે અનુબંધનાં ફળ સ્વરૂપ આત્મનેપદ इङितः०૩.૩.૨૨ સૂત્રથી જ થાય છે. પણ આ સૂત્રથી નહીં.

आमः कृगः ३.३.७५

અ.અ.સૂ. : आमः कृगः धातोः कर्त्तरि प्राग्वत्, आत्मनेपदम्।

અર્થ : આમ્‌ની પછી તરત પ્રયોગ કરાતાં કૃ ધાતુથી આમ્‌ની પૂર્વે રહેલાં ધાતુની જેમ જ કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે. સૂત્રાનુસારે થાય અને ન થાય. એ પ્રમાણે અતિદેશ કથન કરાય છે.

ઉદા. (૧) **विधि : ईहाञ्चक्रे** = તેણે ચેષ્ટા કરી. (ईहि चेष्टायाम्-८५७)
गुरुनाम्यादे०૩.૪.૪८થી आम्→ईह्+**आम्+कृ**
इङितः०૩.૩.૨૨થી ईह्થી આત્મને.ની પ્રાપ્તિ હોવાથી આ સૂત્રથી कृને પણ આત્મને. થતાં ए→ईहाम्+कृ+**ए**
द्विर्धातुः०४.१.१થી દ્વિત્વ→ईहाम्+**कृ**कृ+ए
ऋतोऽत् ४.१.३८થી ऋનો अ→ईहाम्+**क**कृ+ए
कडश्चञ् ४.१.४६થી क्‌નો च्→ईहाम्+**च**कृ+ए
इवर्णादेरस्वे०१.२.२१થી ऋનો र्→ईहाम्+च**क्रे**
तौ मु-मो०१.३.१४થી म्‌નો ञ्→ईहाञ्च**क्रे**।

(૨) **निषेध : बिभयाञ्चकार** = તે ભય પામ્યો.
(जिभींक् भये-११३२)
भी-ह्री०૩.४.५०થી आम्→भी+**आम्+कृ**
અને आम् **तिव्वत्** મનાતાં,
हवः शिति ४.१.१२થી દ્વિત્વ→**भी**भी+आम्+**कृ**

द्वितीय-तुर्ययोः०४.१.४२थी भ्नो ब्→**बी**भी+आम्+कृ
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**बि**भी+आम्+कृ
नामिनो गुणो०४.३.१थी गुण→बिभे+आम्+कृ
एदैतोऽ०१.२.२३थी अय्→बिभ**या**म्+कृ
शेषात्०३.३.१००थी भी ने परस्मै.नी प्राप्ति होवाथी,
आ सूत्रथी कृ ने परस्मै. थतां→बिभयाम्+कृ+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→बिभयाम्+**कृ**कृ+अ
ऋतोऽत् ४.१.३८थी ऋनो अ→बिभयाम्+**क**कृ+अ
कडञ्चञ् ४.१.४६थी क्नो च्→बिभयाम्+**च**कृ+अ
नामिनोऽ०४.३.५१थी वृद्धि→बिभयाम्+**चकार**
तौ मु-मो०१.३.१४थी म्नो ञ्→बिभयाञ्चकार।

प्र.उदा. **कृग इति किम्? ईक्षामास** = तेणे जोयुं.
(ईक्षि दर्शने-८८२)
गुरुनाम्यादे०३.४.४८थी आम्→ईक्ष्+**आम्**+**अस्**
शेषात्०३.३.१००थी परस्मै.नी प्राप्ति→ईक्षाम्+अस्+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→ईक्षाम्+**अस्**अस्+अ
व्यञ्जनस्या०४.१.४४थी स्नो लोप→ईक्षाम्+अअस्+अ
अस्यादेराः०४.१.६८थी अनो आ→ईक्षाम्+**आ**अस्+अ
समानानां०१.२.१थी दीर्घ→ईक्ष**ामा**स।

★ આ સૂત્રની પ્રવૃત્તિ कृ ધાતુથી થાય છે. જ્યારે અહીં अस् ધાતુ છે. માટે આ સૂત્રથી આત્મનેપદનો અતિદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) વસ્તુતઃ कृ ધાતુ ઉભયપદી હોવાથી તેને ફલવાન કર્ત્તામાં આત્મનેપદી અને અફલવાન કર્ત્તામાં પરસ્મૈપદી થવાની

પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્રનાં નિર્દેશથી આમ્ પરોક્ષાનાં વિષયમાં ફલવાન કે અફલવાન કર્ત્તામાં પૂર્વે રહેલાં ધાતુની જેમ જ સામાન્ય પ્રયોગની પ્રાપ્તિ થાય છે. તેથી અફલવાન કર્ત્તામાં પણ ઈહાञ्चक्रे, ઈક્षાञ्चક્રે એ પ્રમાણે આત્મનેપદી અને ફલવાન કર્ત્તામાં પણ બિભરાञ્चકાર એ પ્રમાણે પરસ્મૈપદી પ્રયોગ થઈ શકે છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, धातोरनेकस्वरा०૩.૪.૪૬ સૂત્ર દ્વારા આમ્ પરોક્ષાનો નિર્દેશ કર્યો છે. ત્યાં આમ્ પછી कृ, भू અને अस् એમ ત્રણ ધાતુનું વિધાન કર્યું છે. તેમાં કર્ત્તરિ પ્રયોગમાં માત્ર कृ ધાતુથી પર જ આત્મનેપદ ઈષ્ટ હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ કરવામાં આવે છે. તેથી કર્મણિ અને ભાવે પ્રયોગમાં તો तत्साप्या०૩.૩.૨૧ સૂત્રથી कृ ધાતુની સાથે अस् અને भू ધાતુથી પણ આત્મનેપદ થશે. જેમકે, બિભરાંબભૂવે, બિભરાંબભૂવિરે, ઈક્ષામાસે, ઈક્ષામાસિરે।

गन्धना-ऽवक्षेप-सेवा-साहस-प्रतियत्न-प्रकथनोपयोगे ३.३.७६

અ.અ.સૂ. : गन्धना-ऽवक्षेप-सेवा-साहस-प्रतियत्न-प्रकथनोपयोगे कृगः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : ગંધન, અવક્ષેપ, સેવા, સાહસ, પ્રતિયત્ન, પ્રકથન અને ઉપયોગ અર્થમાં વર્ત્તતાં कृ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **गन्धना-ऽवक्षेप-सेवा-साहस-प्रतियत्न-प्रकथनो-पयोगे** = गन्धनं च अवक्षेपश्च सेवा च साहसं च प्रतियत्नश्च प्रकथनं च उपयोगश्चेति गन्धना-ऽवक्षेप-सेवा-साहस-प्रतियत्न-प्रकथनोपयोगम्, तस्मिन्निति।

ઉદા. (૧) **गंधन** = **द्रोहेण परदोषोद्घाटनम्** = ઈર્ષ્યા વડે બીજાનાં દોષો પ્રગટ કરવા.
उत्कुरुते = દ્રોહથી બીજાનાં દોષો બહાર કાઢે છે.
(डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી આત્મને. ते→उद्+कृ+**ते**
कृग्-तनादे०३.४.८३થી उ→उद्+कृ+**उ**+ते
नामिनो गुणो०४.३.१થી गुण→उद्+**कर्**+उ+ते
अतःशित्युत् ४.२.८९થી अनो उ→उद्+**कु**रुते
अघोषे प्रथमो०१.३.५०થી द्नो त्→उत्कुरुते।

(૨) **अवक्षेप** = **कुत्सनम्** = નિંદા.
दुर्वृत्तानवकुरुते = દુષ્ટ આચારોની નિંદા કરે છે.

(૩) **सेवा** = **अनुवृत्तिः** = સહાય કરવી.
महामात्रानुपकुरुते = મંત્રીઓને સહાય કરે છે.

(૪) **साहस** = **अविमृश्यप्रवृत्तिः** = વિચાર્યા વગરની પ્રવૃત્તિ.
परदारान् प्रकुरुते = પરદારા તરફ જાય છે.

(૫) **प्रतियत्न** = **गुणान्तराऽऽधानम्** = બીજા ગુણોનું સ્થાપન કરવું.
एधोदकस्योपकुरुते = પાણીમાં લાકડાંને સંસ્કારિત કરે છે.

(૬) **प्रकथन** = કથનનો આરંભ.
जनापवादान् प्रकुरुते = તે મનુષ્યોનાં અપવાદોને કહે છે.

(૭) ઉપયોગ = **धर्मादौ विनियोगः** = ધર્મમાં વાપરવું તે.
शतं प्रकुरुते = તે સોને ધર્મમાં વાપરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) कृ ધાતુ ઉભયપદી હોતે છતે ईगितः ૩.૩.૯૫ સૂત્રથી ફલવાન કર્ત્તાનાં વિષયમાં આત્મનેપદની પ્રાપ્તિ હતી. પણ ગંધન આદિ અર્થવાળાં અફલવાન કર્ત્તાનાં વિષયમાં પણ આત્મનેપદ પ્રત્યયો કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો ઈર્ષ્યા વડે દોષોને પ્રેરિત કરવા એવો ગંધનનો અર્થ કરે છે.

अधेः प्रसहने ३.३.७७

અ.અ.સૂ. : प्रसहने अधेः उपसर्गात् कृगः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : પ્રસહન અર્થમાં વર્ત્તતાં અધિ ઉપસર્ગથી પર રહેલ कृ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. **तं हा! अधिचक्रे** = હાય! તેને જીતી લીધો.
(डुकृंग् करणे-८८८)
આ ઉદા.ની સાધનિકા ૩.૩.૭૫ નિર્દિષ્ટ ईहाञ्चक्रे પ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદની પ્રાપ્તિ આ સૂત્રથી કરવી.

પ્ર.ઉદા. **प्रसहन इति किम्? तमधिकरोति** = તેને અધિકારી કરે છે.

આ ઉદા.ની સાધનિકા ૩.૩.૨માં દર્શાવેલ करोति પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રસહન અર્થમાં વર્ત્તતાં कृ ધાતુથી થાય છે. જ્યારે અહીં પ્રસહન અર્થ નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) પ્રસહન અર્થાત્ અન્ય દ્વારા પરાજય થવો.
અને તે બે પ્રકારે છે. સશક્ત જીવોનું પ્રસહન અને અશક્ત જીવોનું પ્રસહન.

दीप्ति-ज्ञान-यत्न-विमत्युपसंभाषोपमन्त्रणे वदः ३.३.७८

અ.અ.સૂ. : दीप्ति-ज्ञान-यत्न-विमत्युपसंभाषोपमन्त्रणे वदः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : દીપ્તિ, જ્ઞાન, યત્ન, વિમતિ, ઉપસંભાષા, ઉપમંત્રણા અર્થ જણાતે છતે वद् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **दीप्ति-ज्ञान-यत्न-विमत्युपसंभाषोपमन्त्रणे** = दीप्तिश्च ज्ञानं च यत्नश्च विमतिश्च उपसंभाषा च उपमन्त्रणं चेति दीप्ति-ज्ञान-यत्न-विमत्युपसंभाषोपमन्त्रणम् तस्मिन्निति।

ઉદા. (૧) **दीप्ति** = **भासनम्** = શોભવું તે.
वदते विद्वान् स्याद्वादे = વિદ્વાન સ્યાદ્વાદને વિશે દીપે છે. (वद व्यक्तायां वाचि-૧૯૮)
આ સૂત્રથી આત્મને.ની પ્રાપ્તિ→वद्+**ते**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→**वदते**।

(૨) **ज्ञान** = જણાવવું તે.
वदते धीमांस्तत्त्वार्थे = બુદ્ધિશાળી પુરુષ તત્ત્વાર્થને વિશે બોલે છે.

(૩) **यत्न** = પ્રયત્ન કરવો તે, ઉત્સાહ બતાવવો.
तपसि वदते = તપને વિશે (ઉત્સાહિત થઈને) બોલે છે.

(૪) **विमति** = **नानामतिः** = ભિન્ન-ભિન્ન વિચાર.
धर्मे विवदन्ते = તેઓ ધર્મને વિશે વિવાદ કરે છે.

(૫) **उपसंभाषा** = **उपसान्त्वनम्** = સાંત્વન/ઠપકો આપવો.
कर्म्मकरानुपवदते = નોકરોને સાંત્વન/ઠપકો આપે છે.

(૬) **उपमन्त्रणा** = **रहस्युपच्छदनम्** = એકાંતમાં લલચાવવું.
कुलभार्यामुपवदते = કુલવધૂને એકાંતમાં લલચાવે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) दीप्ति આદિનાં અર્થોમાં વિશેષ વિવક્ષા :

(a) **दीप्ति** = બોલવાની ક્રિયાને સહચારી હોવાથી બોલવા સહિત પ્રકાશિત થવું/કર્તૃવિશેષણતયા પ્રકાશિત થતાં બોલવું/માત્ર પ્રકાશિત થવું.
ઉદા.અર્થ : સ્યાદ્વાદને કહેતો વિકસિત મુખવાળો હોવાથી પ્રકાશિત થતો બોલે છે/બોલતો એવો પ્રકાશિત થાય છે/પ્રકાશિત થાય છે.

(b) **ज्ञान** = બોલવા રૂપ ક્રિયાનો હેતુ/ફળ/વિષય માત્ર જાણવા રૂપ બોધ.
ઉદા.અર્થ : બુદ્ધિશાળી વ્યક્તિ તત્ત્વાર્થને બોલવા માટે જાણે છે/બોલતો એવો જાણે છે/જાણીને બોલે છે.

(c) **यत्न** = ઉત્સાહ/ઉત્સાહનો વિષય.
ઉદા.અર્થ : તપને વિશે ઉત્સાહિત થાય છે/તપની અંદર વાણી વડે ઉત્સાહને પ્રગટ કરે છે.

(d) **विमति** = ધાત્વર્થનો હેતુ/માત્ર વિવિધ મત રૂપ ધાત્વર્થ પોતે.
ઉદા.અર્થ : વિમતિપૂર્વક વિવાદ કરે છે/વિવિધ મતને રજૂ કરે છે.

व्यक्तवाचां सहोक्तौ ३.३.७९

અ.અ.સૂ. : व्यक्तवाचां सहोक्तौ वदः धातोः कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : 'સ્પષ્ટ રીતે બોલનાર રૂઢિથી મનુષ્ય વગેરેનું ભેગા થઈને ઉચ્ચારણ કરવું' એવા અર્થમાં વર્ત્તતાં वद् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. (૧) **व्यक्तवाचाम्** = व्यक्ता वाक् येषां ते इति व्यक्तवाचः, तासामिति।

(૨) **सहोक्तौ** = सह वचनमिति सहोक्तिः, तस्मिन्निति।

ઉદા. (૧) **ग्राम्याः संप्रवदन्ते** = ભેગાં મળેલાં ગ્રામ્યજનો સ્પષ્ટ બોલે છે. (वद व्यक्तायां वाचि-૯૯૮)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદની પ્રાપ્તિ આ સૂત્રથી કરવી.

પ્ર.ઉદા.(૧) व्यक्तवाचामिति किम्? शुकाः संप्रवदन्ति = પોપટો એકી સાથે બોલે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ शेषात्०૩.૩.૧૦૦થી પરસ્મૈપદ પ્રત્યયો કરવા.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્પષ્ટવાણી અર્થમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં સ્પષ્ટ વાણી અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

(૨) **सहोक्ताविति किम्? चैत्रेण उक्ते मैत्रो वदति** = ચૈત્ર વડે કહેવાતે છતે મૈત્ર કહે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ 'બધાનું એકીસાથે બોલવું' એવો અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં સહોક્તિ અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

अन्य मत :
કેટલાંક વ્યાકરણકારો પોપટ, મેના વગેરે પણ ક્યારેક મનુષ્યની જેમ સ્પષ્ટવાણી બોલતાં હોવાથી તેઓની સહોક્તિમાં આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે संप्रवदन्ते शुकाः/सारिकाः આવા પ્રયોગો થાય છે.

विवादे वा ३.३.८०

અ.અ.સૂ. : विवादे व्यक्तवाचां सहोक्तौ वदः धातोः कर्त्तरि आत्मनेपदंवा।

અર્થ : **विवाद** = વિરુદ્ધ અર્થનું કથન. 'સ્પષ્ટ રીતે બોલનાર રૂઢિથી મનુષ્ય વગેરેનું ભેગા થઈને વિવાદ રૂપ ઉચ્ચારણ કરવું' એવા અર્થમાં વર્ત્તતાં वद् ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો વિકલ્પે થાય છે.

ઉદા. **विप्रवदन्ते/विप्रवदन्ति मौहूर्त्ताः** = મુહૂર્ત્તને જાણનારાઓ વિવાદને કરે છે. (वद व्यक्तायां०९९८)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદ પ્રત્યયો આ સૂત્રથી વિકલ્પે કરવા. અને વિકલ્પ પક્ષમાં પરસ્મૈપદ પ્રત્યયો જાણવા.

પ્ર.ઉદા.(૧) **विवाद इति किम् ? संप्रवदन्ते वैयाकरणाः** = વ્યાકરણને જાણનારાંઓ એકી સાથે બોલે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વિવાદ અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં વિવાદ અર્થ નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો વિકલ્પે ન થતાં પૂર્વસૂત્રથી નિત્ય થાય છે.

(૨) **सहोक्तावित्येव→मौहूर्त्तो मौहूर्त्तेन क्रमात् विप्रवदति** = મુહૂર્ત્તજ્ઞ મુહૂર્ત્તજ્ઞની સાથે અનુક્રમે બોલે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સહોક્તિ અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં સહોક્તિ અર્થ નથી. માટે આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં. તથા, અહીં વિમતિની વિવક્ષા ન હોવાથી દીપ્તિ-જ્ઞાન૦૩.૩.૭૮ સૂત્ર દ્વારા પણ આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, मौहूर्त्तो मौहूर्त्तेन क्रमात् विप्रवदति જેવા પ્ર.ઉદા.માં ક્રમપૂર્વક માત્ર વિરુદ્ધ અભિધાન જ છે. પરંતુ ત્યાં પરસ્પર વિમતિ નથી. તેથી જેમ વિવાદનાં અભાવમાં આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થતાં નથી. તેમ વિવાદનાં વિષયમાં દીપ્તિ-જ્ઞાન૦ ૩.૩.૭૮ સૂત્રથી પણ આત્મનેપદ પ્રત્યયો થતાં નથી.

अनोः कर्मण्यसति ३.३.८१

અ.અ.સૂ. : व्यक्तवाचाम् अनोः उपसर्गात् वदः धातोः कर्मण्यसति कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : 'સ્પષ્ટ રીતે બોલનાર' એવા અર્થમાં વર્ત્તતાં અનુ ઉપસર્ગથી પર રહેલાં वद् ધાતુથી કર્મ ન હોતે છતે કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. **अनुवदते चैत्रो मैत्रस्य** = ચૈત્ર મૈત્રનો અનુવાદ કરે છે. (वद व्यक्तायां०९९८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદ પ્રત્યયો આ સૂત્રથી કરવા.

પ્ર.ઉદા.(૧) कर्मण्यसतीति किम् ? उक्तमनुवदति = બોલેલું બોલે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ પરસ્મૈપદ પ્રત્યયો शेषात्०३.३.१००થી કરવા.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્મ ન હોય તેવા પ્રયોગોને વિશે થાય છે. જ્યારે અહીં उक्तम् એ પ્રમાણે કર્મ હોવાથી આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

(૨) **व्यक्तवाचामित्येव→अनुवदति वीणा** = વીણા વાગે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્પષ્ટ વાણી અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં સ્પષ્ટ વાણી અર્થની વિવક્ષા ન હોવાથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

આ સૂત્રમાં અનુ ઉપસર્ગનું ગ્રહણ કર્યું છે. જેનો સાદૃશ્ય/પશ્ચાત્ અર્થ થાય છે. આમ, અહીં પશ્ચાત્ અર્થની

વિવક્ષા હોવાથી સહોક્તિનો સંભવ રહેતો નથી. માટે અહીં સહોક્તિનો અધિકાર અટકી જાય છે. પરંતુ વ્યક્તવાચામ્નો અધિકાર પ્રવર્ત્તે છે.

જિ. : અહીં સૂત્રમાં કર્મણ્યસતિનો અર્થ કર્મ નહીં હોતે છતે એ પ્રમાણે કરવામાં આવે છે. તો ત્યાં અકર્મકાત્ પદનો પ્રયોગ કેમ ન કર્યો?

સમા. : કર્મણ્યસતિ પદની અનુવૃત્તિ ઉત્તરસૂત્રમાં પણ છે. ત્યાં કેટલાંક સ્થાને કર્મણિ પદનો અને કેટલાંક સ્થાને અસતિ પદનો સંબંધ કરવામાં આવ્યો છે. જેમ કે, વેઃ કૃગઃ૦ ૩.૩.૮૫, આડો યમ-હનઃ૦૩.૩.૮૬ ઇત્યાદિ સૂત્રમાં કર્મણિ અસતિ એ પ્રમાણે બંને પદની અનુવૃત્તિ ગ્રહણ કરીને શબ્દે અને સ્વેઽઙ્ગે પદનો માત્ર કર્મણિ પદ સાથે જ સંબંધ કરવામાં આવ્યો છે. તેથી ત્યાં 'શબ્દ રૂપ કર્મ હોતે છતે' અને 'સ્વ-અંગ રૂપ કર્મ હોતે છતે' એવો અર્થ પ્રાપ્ત થાય છે. જો આ સૂત્રમાં અકર્મકાત્ પદનું જ ગ્રહણ કરવામાં આવે તો તે સૂત્રમાં પણ શબ્દકર્મકાત્ જેવા પદનું ગ્રહણ કરવું પડે તે સૂત્ર ગૌરવનું નિવારણ કરવા માટે અહીં કર્મણિ અસતિ પદનું ગ્રહણ કરવામાં આવ્યું છે.

ज्ञः ३.३.८२

અ.અ.સૂ. : **ज्ञः धातोः कर्मण्यसति कर्त्तरि आत्मनेपदम्।**

અર્થ : જ્ઞા ધાતુથી કર્મ ન હોતે છતે કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. **सर्पिषो जानीते** = ઘી વડે પ્રવૃત્તિ કરે છે.
(ज्ञांश् अवबोधने-१५४०)
આ ઉદા.ની સાધનિકા ૩.૩.૬૮માં દર્શાવેલ अपजानीते પ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદ પ્રત્યયો આ સૂત્રથી કરવા.

પ્ર.ઉદા. **कर्मण्यसतीत्येव→तैलं सर्षिषो जानाति** = તેલને ઘી રૂપે જાણે છે.
આ ઉદા.ની સાધનિકા ૩.૩.૬૯માં દર્શાવેલ संजानाति પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્મ ન હોતે છતે થાય છે. જ્યારે અહીં કર્મની વિવક્ષા હોવાથી આ સૂત્રથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્ર દ્વારા ज्ञा ધાતુથી આત્મનેપદ થતાં औषधस्य अनुजिज्ञासते આદિ सन्नत પ્રયોગમાં પણ प्राग्वत् ૩.૩.૭૪ સૂત્રથી આત્મનેપદની પ્રાપ્તિ થાય છે.
यद्यपि अननोः सनः ૩.૩.૭૦ સૂત્રમાં अनु નું વર્જન કરવામાં આવ્યું છે. પરંતુ જ્યાં-જ્યાં અકર્મક ધાતુનો નિર્દેશ હશે ત્યાં જ પરસૂત્રતયા બળવાન બનતાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

જિ. : અહીં સૂત્રમાં कर्मण्यसतिનો અધિકાર હોવાથી અકર્મક ज्ञा ધાતુ જ વિવક્ષિત છે. જ્યારે ज्ञा ક્યારેય નિર્વિષયક હોતો નથી. તેથી તેનું અધ્યાહારથી પણ કોઈકને કોઈક કર્મ ઉપસ્થિત હોય છે તો सर्पिषो जानीते ઉદા.માં તે અકર્મક કેવી રીતે થાય?

સમા. : વસ્તુતઃ અહીં सर्पिस्, मधु આદિ પદ જ્ઞાનાર્થક ક્રિયાનાં વિષય તરીકે પ્રયુક્ત નથી. પરંતુ કરણ તરીકે પ્રયુક્ત છે. તેથી અહીં ઘી વડે ખાવા માટે પ્રયુક્ત થાય છે. (ઘી તરીકે જાણીને ખાવા માટે પ્રવૃત્ત થાય છે.) તેવા અર્થની પ્રાપ્તિ થાય છે. અને માટે જ અહીં અજ્ઞાન અર્થની પ્રાપ્તિ થતાં अज्ञाने ज्ञः०२.२.८० સૂત્રથી सर्पिस् પદને ષષ્ઠી વિભક્તિ પણ થઈ છે.

અથવા તો, ઉદા.ગત ષષ્ઠીને સંબંધમાં જાણીને ઘી સંબંધી જ્ઞાન કરે છે. એવો અર્થ પણ થઈ શકે છે. તેમાં પણ ઘી આદિ વિષયક જ્ઞાન નથી. તત્સંબંધી જ્ઞાન છે. તે તત્સંબંધીની કર્મતયા વિવક્ષા હોતી નથી. માટે અહીં જ્ઞા ધાતુ અકર્મકતયા જ પ્રાપ્ત થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારોનાં મતે જે સ્થળે જ્ઞાનાર્થક પ્રવૃત્તિ ઉપકારકતયા પ્રધાન હોય અર્થાત્ જાણવા દ્વારા પ્રવૃત્તિ થતી હોય તે સ્થળે જ આ સૂત્રથી આત્મનેપદ થાય છે. અન્ય સ્થાને નહીં. તેથી તેઓનાં મતે अभिजानासि मैत्रः कश्मीरेषु वत्स्यामः (હે મૈત્ર ! તું જાણે છે કે, આપણે કાશ્મીરમાં રહેતાં હતાં.) ઈત્યાદિ ઉદા.માં કાશ્મીર દેશમાં વસવા રૂપ વાક્યાર્થને કર્મતયા ન માનતાં તે જ્ઞાનપ્રવૃત્તિમાં ઉપકારક નહીં હોવાથી આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં. તથા, ज्ञास्ये रात्राविति प्राज्ञः (રાત્રિને વિશે જાણીને હું પ્રર્વતીશ.) ઈત્યાદિ ઉદા.માં રાત્રિને વિશે જાણીને પ્રવૃત્તિ કરવા સ્વરૂપ ઉપકારકતા હોવાથી આત્મનેપદ થાય છે.

उपात् स्थः ३.३.८३

અ.અ.સૂ. : उपात् उपसर्गात् स्थः धातोः कर्मण्यसति कर्त्तरि आत्मनेपदम्।

અર્થ : उप ઉપસર્ગથી પર રહેલાં स्था ધાતુથી કર્મ ન હોતે છતે કર્ત્તરિ પ્રયોગમાં આત્મનેપદ પ્રત્યયો થાય છે.

ઉદા. **योगे योगे उपतिष्ठते** = દરેક કાર્યોમાં ઊભા રહે છે. (ष्ठां गतिनिवृत्तौ-५)
સમા. : સન્ પ્રત્યય પર છતાં सन्यङ०૪.૧.૩ સૂત્રથી દ્વિત્વ થાય છે. અને તેમાં સ્વરાદિ ધાતુઓથી દ્વિત્વ થવાની પ્રાપ્તિ હોય ત્યારે स्वरादे०૪.૧.૪ સૂત્રથી એકસ્વરી દ્વિતીય અંશ જ દ્વિત્વ થાય છે. જો અહીં વ્યંજનાન્ત એવા માત્ર સ્નો જ નિર્દેશ કરવામાં આવે તો સ્વરાદિ ઇ ધાતુનાં વિષયમાં ઇ+સ્=ઇસ્ આવું અંગ બનતાં એકસ્વરી દ્વિતીય અંશની પ્રાપ્તિ થતાં स्वरादे०૪.૧.૪ સૂત્ર લાગવાની

પ્રાપ્તિ થાય છે. તેથી પ્રતીષિષતિ એવો ઈષ્ટ પ્રયોગ પ્રાપ્ત થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ગર્હા અને ક્ષાન્તિ સિવાયનાં અર્થમાં સન્ પ્રત્યય વિના शतृ-आनश् क्वसु વગેરે પ્રત્યય ઈચ્છે છે. તેથી તેઓનાં મતે गोपमानम्, तेजमानम् જેવા પ્રયોગો થાય છે.

कितः संशय-प्रतीकारे ३.४.६

અ.અ.સૂ. : संशय-प्रतीकारे कितः धातोः सन्।

અર્થ : સંશય અને પ્રતીકાર અર્થમાં વર્ત્તતાં कित् ધાતુથી સ્વાર્થમાં सन् પ્રત્યય થાય છે.

સ. **संशय-प्रतीकारे** = संशयश्च प्रतीकारश्चेति संशय-प्रतीकारम्, तस्मिन्निति।

ઉદા. (૧) **विचिकित्सति मे मनः** = મારું મન સંશય કરે છે.
(कित निवासे-२८६)
આ સૂત્રથી सन्→वि+कित्+**स**
सन्यङ०४.१.३થી દ્વિત્વ→वि+**कि**कित्+स
कडश्चञ् ४.१.४६થી क्नो च्→वि**चि**कित्स
सति ५.२.१९ વગેરેથી ति વગેરે→विचिकित्सति।

(૨) **व्याधिं चिकित्सति** = વ્યાધિનો પ્રતીકાર કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **संशय-प्रतीकारे इति किम्?**
केतयति = તે વસાવે છે.

प्रयोक्तृ०३.४.२०थी णिग्→कित्+**इ**
लघोरुपा०४.३.४थी गुण→**के**ति
सति ५.२.१९ वगेरेथी तिव् वगेरे→**केतय**ति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંશય અને પ્રતીકાર અર્થમાં વર્ત્તતાં कित् ધાતુથી થાય છે. જ્યારે અહીં વસવું અર્થમાં વર્ત્તતો कित् ધાતુ હોવાથી આ સૂત્રથી सन् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં પ્રતીકાર અર્થનો નિર્દેશ કર્યો છે. અને નિગ્રહ તથા વિનાશ અર્થ પણ પ્રતીકારનાં જ ભેદરૂપે છે. તેથી તેવાં અર્થમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. જેમકે, चिकित्स्यः पारदारिकः = ક્ષેત્રમાં પારદારિક નિગ્રહ કરવા યોગ્ય છે. અને ક્ષેત્રે तृणानि चिकित्स्यानि = ક્ષેત્રમાં ઘાસનો નાશ કરવો જોઈએ.

(૨) અહીં સૂત્રમાં સંશય અને પ્રતીકાર અર્થનો નિર્દેશ કર્યો છે. ત્યાં અવધારણ વિનાનો વિચાર સંશય કહેવાય છે. અને દુઃખનાં હેતુને દૂર કરવો તે પ્રતીકાર કહેવાય છે.

शान्-दान्-मान्-बधान्निशाना-ऽऽर्जव-विचार-वैरुप्ये दीर्घश्चेतः ३.४.७

અ.અ.સૂ. : निशाना-ऽऽर्जव-विचार-वैरुप्ये शान्-दान्-मान्-बधात् धातोः सन्, इतः च दीर्घः।

અર્થ : નિશાન અર્થમાં વર્ત્તતાં शान्, આર્જવ અર્થમાં વર્ત્તતાં दान्, વિચાર અર્થમાં વર્ત્તતાં मान् અને વૈરુપ્ય અર્થમાં વર્ત્તતાં बध् ધાતુથી સ્વાર્થમાં सन् પ્રત્યય થાય છે. અને દ્વિત્વ થયે છતે તેમાં પૂર્વનો इ દીર્ઘ થાય છે.

સ. (૧) **शान्-दान्-मान्-बधात्** = शान् च दान् च मान् च बधश्चेति शान्-दान्-मान् बधः, तस्मादिति।

(૨) **निशाना-ऽऽर्जव-विचार-वैरुप्ये** = निशानं च आर्जवश्च विचारश्च वैरुप्यश्चेति निशाना-ऽर्जव-विचार-वैरुप्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **शीशांसति** = તે (હથિયારને) તીક્ષ્ણ કરે છે.
(शानी तेजने-૯૧૫)
આ સૂત્રથી सन्→शान्+**स**
सन्यङ०૪.૧.૩થી દ્વિત્વ→**शा**शान्+स
ह्रस्वः ૪.૧.૩૯થી હ્રસ્વ→**श**शान्+स
सन्यस्य ૪.૧.૫૯થી અનો इ→**शि**शान्स
शिङ्-हे०૧.૩.૪૦થી અનુસ્વાર→शि**शांस**
सति ૫.૨.૧૯ વગેરેથી तिव् વગેરે→शिशांस**ति**।
આ સૂત્રથી इ દીર્ઘ→**शी**शांसति।

(૨) **दीदांसति** = તે સરળ કરે છે. (दानी अवखण्डने-૯૧૪)

(૩) **मीमांसते** = તે વિચાર કરે છે. (मानि पूजायाम्-૭૪૯)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૪) **बीभत्सते** = તે વિરૂપ કરે છે. (बधि बन्धने-૭૪૬)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ દ્વિત્વ થયેલ भ्નો द्वितीय-तुर्ययो०૪.૧.૪૨ સૂત્રથી બ્ કરવો.

પ્ર.ઉદા. **अर्थोक्तिः किम् ? अर्थान्तरे मा भूत् ।**

(૧) **निशानम्** = પતલું કરનાર.
अच् ૫.૧.૪૯થી अच्→नि+शान्+**अ**
પ્રથમા सि વગેરે→निशा**नम्**।

(૨) **अवदानम्** = છેદન કરનાર.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **मानयति** = તે પૂજા કરાવે છે.
પ્રયોક્તૃ૦૩.૪.૨૦થી ણિગ્→મન્+**इ**
ञ્ણિતિ ૪.૩.૫૦થી વૃદ્ધિ→**मानि**
સતિ ૫.૨.૧૯ વગેરેથી તિવ્ વગેરે→**मानय**તિ।

(૪) **बाधयति** = તે બંધન કરાવે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નિશાન આદિ અર્થમાં જ વર્ત્તતાં શાન્ વગેરે ધાતુથી થાય છે. જ્યારે અહીં અન્ય અર્થ હોવાથી આ સૂત્રથી સન્ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં શાન્, દાન્, માન્ એ પ્રમાણે દીર્ઘ સ્વરવાળાં ધાતુનો જ નિર્દેશ છે. પરંતુ બધ્ ધાતુમાં હ્રસ્વ અ હોવાનાં કારણે સન્ પ્રત્યય પર છતાં તેનો દીર્ઘ ન થઈ જાય તેથી સૂત્રમાં इतः પદનું ગ્રહણ કર્યું છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, શાન્ અને દાન્નાં સાહચર્યથી માન્ પણ ભ્વાદિ ગણ સંબંધી જ લેવો. પણ માનણ્- ૧૯૬૯ ચુરાદિ સંબંધી નહીં.

(૩) આ સૂત્રમાં 'શાન્-દાન્૦' અને નિશાના-ऽऽર્જવ૦' એ પ્રમાણે બંને પદનાં વચન અને સંખ્યા સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયની પ્રવૃત્તિ દ્વારા તે બંને વચ્ચે અનુક્રમ જાણવો.

★ यक् प्रत्ययनुं विधान :

धातोः कण्ड्वादेर्यक् ३.४.८

अ.अ.सू. : कण्ड्वादेः धातोः यक्।

अर्थ : कण्डू वगेरे धातुओथी स्वार्थमां यक् प्रत्यय थाय छे.

स. **कण्ड्वादेः** = कण्डूः आदिर्यस्य स इति कण्ड्वादिः, तस्मादिति।

उदा. (१) **कण्डूयते/कण्डूयति** = ते खंजवाळे छे.
(कण्डूग् गात्रविघर्षणे-१९९१)
आ सूत्रथी यक्→कण्डू+**य**
सति ५.२.१९ वगेरेथी ते/तिव् वगेरे→कण्डूयते/कण्डूयति।

(२) **महीयते** = ते वधे छे. (महीङ् वृद्धौ-१९९२)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

प्र.उदा. **धातोरिति किम्? कण्डूः** = खंजवाळवुं.

★ आ सूत्रनी प्रवृत्ति कण्डू वगेरे धातुओथी थाय छे. ज्यारे अहीं कण्डू नाम छे. माटे आ सूत्रथी यक् प्रत्यय थयो नहीं.

विशेषता :

(१) **कण्ड्वादि गण :** कण्डूग्, महीङ्, ह्रणीङ्, वेङ्, लाङ्, मन्तु, वल्गु, असु, वेट्, लाट्, लिट्, लोट्, उरस्, उषस्, इरस्, तिरस्, इयस्, इमस्, अस्, पयस्, संभूयस्, दुवस्, दुरज्, भिषज्, भिष्णुक्, रेखा, लेखा, इला, वेला, केला, खेला, गोधा, मेधा, मगध, इरध, इषुध, कुषुम्भ, सुख,

दुःख, अगद, गद्गद, तरण, वरण, उरण, तुरण, पुरण, भुरण, वुरण, भरण, तपुस, तम्पस, अरर, सपर, समर ।

जि. : અહીં સૂત્ર નિર્દિષ્ટ यक् પ્રત્યયમાં क् ઇત્ છે. જેનું ફળ नामिनो गुणो०४.३.१ સૂત્રથી ગુણનો નિષેધ છે. તે ફળ સામાન્યથી ધાતુ અને નામધાતુમાં પ્રાપ્ત થાય છે. અને તેમાં પણ **गौण-मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः १/२२** ન્યાયાનુસારે ધાતુને જ થવાની પ્રાપ્તિ છે. તેથી સૂત્રાર્થમાં धातोःનું ગ્રહણ સ્વયં થઈ જાય જ છે. તો સૂત્રમાં धातोः પદનું ગ્રહણ શા માટે કર્યું?

સમા. : આ સૂત્રમાં નિર્દિષ્ટ यक् પ્રત્યય પર છતાં दीर्घमवो० ४.१.१०३ સૂત્ર દ્વારા સ્વર દીર્ઘ થવાની પ્રાપ્તિ છે. અને તે સૂત્રમાં यक् પ્રત્યયની સાથે નામધાતુને જણાવતાં यङ् આદિ પ્રત્યયનું પણ સાહચર્ય છે. તેનાં સાહચર્યથી **गौण-मुख्ययोः०१/२२** ન્યાય અનિત્ય થઈને અહીં પણ નામધાતુને यक् પ્રત્યય લાગવાની પ્રાપ્તિ થાય છે. જે ઇષ્ટ નથી. તે दीर्घश्चिव्य० ४.३.१०८ સૂત્રમાં દર્શાવેલ ઉદા. દ્વારા સ્પષ્ટ જણાય છે. તેથી તેનું વારણ કરવા માટે અહીં धातोः પદનું ગ્રહણ કર્યું છે.

★ यङ् પ્રત્યયનું વિધાન :

व्यञ्जनादेरेकस्वराद् भृशाऽऽभीक्ष्ण्ये यङ् वा ३.४.९

અ.અ.સૂ. : भृशाऽऽभीक्ष्ण्ये व्यञ्जनादेः एकस्वरात् धातोः यङ् वा ।

અર્થ : ભૃશા (અતિરેક) અને આભીક્ષ્ણ્ય (વારંવાર) અર્થમાં વર્ત્તતાં વ્યંજનાદિ એક સ્વરવાળાં ધાતુઓથી यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. (૧) **व्यञ्जनादेः** = व्यञ्जनमादिर्यस्य स इति व्यञ्जनादिः, तस्मादिति।

(૨) **एकस्वरात्** = एकः स्वरो यस्य स इति एकस्वरः, तस्मादिति।

(૩) **भृशा-ऽऽभीक्ष्ण्ये** = भृशं च आभीक्ष्ण्यं चेति भृशाऽऽ-भीक्ष्ण्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पापच्यते** = તે વારંવાર રાંધે છે. (डुपचींष् पाके-૮૯૨)
આ સૂત્રથી યઙ્ પ્રત્યય→पच्+**य**
सन्यङः૪.૧.૩થી દ્વિત્વ→**प**पच्+य
आ-गुणावन्यादेः ૪.૧.૪૮થી अનો आ→**पा**पच्य
सति ૫.૨.૧૯થી તે→पापच्य**ते**।
વિકલ્પ પક્ષે : भृशं पचति/पुनः पुनः पचति इति।

પ્ર.ઉદા.(૧) **व्यञ्जनादेरिति किम्? भृशमीक्षते** = તે ઘણું જુએ છે. (ईक्षि दर्शने-૮૮૨)

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજન આદિમાં હોય તેવા ધાતુથી થાય છે. જ્યારે અહીં સ્વર આદિમાં છે. માટે આ સૂત્રથી યઙ્ પ્રત્યય થયો નહીં.

(૨) **एकस्वरादिति किम्? भृशं चकास्ति** = સારી રીતે શોભે છે. (चकासृक् दीप्तौ-૧૦૯૪)

★ આ સૂત્રની પ્રવૃત્તિ એકસ્વરી ધાતુથી થાય છે. જ્યારે અહીં અનેકસ્વરી ધાતુ છે. માટે આ સૂત્રથી યઙ્ પ્રત્યય થયો નહીં.

✢ **वेति किम्? लुनीहि लुनीहीत्येवं लुनातीत्यादि यथा स्यात्** = તે વારંવાર લણે છે.

★ આ સૂત્રથી યङ્ પ્રત્યયનું વિકલ્પે વિધાન કર્યું હોવાથી જ્યારે યङ્ પ્રત્યય ન થાય ત્યારે भृशाऽऽभीक्ष्ण्ये ૫.૪.૪૨થી हि પ્રત્યય સર્વકાળ, સર્વઅર્થ, સર્વવચન અને સર્વ વિભક્તિમાં લાગે છે. અન્યથા भृशा-ऽऽभीक्ष्ण्ये સૂત્ર નિરર્થક જવાની આપત્તિ આવે.

વિશેષતા :

(૧) **भृशा** = અધિશ્રયણ વગેરે ગૌણ ક્રિયાની અન્ય ક્રિયાનાં વ્યવધાન વિના સંપૂર્ણપણે પ્રાપ્તિ અથવા ફલનો અતિરેક ભૃશત્વ કહેવાય છે.

(૨) **आभीक्ष्ण्य** = વિક્લિત્તિ વગેરે પ્રધાન ક્રિયાને બીજી ક્રિયાનાં વ્યવધાન વિના વારંવાર કરવું તે આભીક્ષ્ણ્ય કહેવાય છે.

અન્ય મત :

(૧) કેટલાંક जागृ ધાતુથી યङ્ પ્રત્યય ઇચ્છે છે. તેથી તેમનાં મતે जाजाग्र्यते પ્રયોગ પણ થાય છે.

(૨) અન્ય કેટલાંક વ્યાકરણકારો આય પ્રત્યય રહિત સર્વધાતુઓથી યङ્ પ્રત્યય માને છે. તેથી તેમનાં મતે ईक्षधાતુનાં પણ પ્રયોગો થાય છે.

अट्यर्त्ति-सूत्रि-मूत्रि-सूच्यशूर्णोः ૩.૪.૧૦

અ.અ.સૂ. : भृशा-ऽऽभीक्ष्ण्ये अट्यर्त्ति-सूत्रि-मूत्रि सूच्यशूर्णोः धातोः यङ् ।

અર્થ : ભૃશા અને આભીક્ષ્ણ્ય અર્થમાં વર્ત્તતાં अट्, ऋ, सूत्र, मूत्र, सूच्, अश् અને ऊर्णु ધાતુથી यङ् પ્રત્યય થાય છે.

સ. **अट्यर्त्ति-सूत्रि-मूत्रि-सूच्यशूर्णोः** = अटिश्च अर्त्तिश्च सूत्रिश्च मूत्रिश्च सूचिश्च अश्च ऊर्णुश्चेति अट्यर्त्ति-सूत्रि-मूत्रि-सूच्यशूर्णु, तस्मादिति।

ઉદા. (૧) **अटाट्यते** = તે ઘણું/વારંવાર રખડે છે. (अट गतौ-૧૯૪)
આ સૂત્રથી यङ्→अट्+**य**
स्वरादेर्द्वितीयः ૪.૧.૪થી દ્વિત્વ→**अट्य**टय
व्यञ्जनस्या०૪.૧.૪૪થી यનો લોપ→**अट**ट्य
आगुणा०૪.૧.૪૪થી દ્વિત્વ થયેલ अનો आ→**अटा**ट्य
सति ૫.૨.૧૯થી વગેરે તે→अटाट्य**ते**।
વિકલ્પે : भृशमटति/पुनः पुनरटति इति।

(૨) **अरार्यते** = તે ખૂબ/વારંવાર મેળવે છે.
(ऋं प्रापणे च-૨૬) (ऋंक् गतौ-૧૧૩૫)
આ સૂત્રથી यङ्→ऋ+**य**
क्य-यङा०૪.૩.૧૦થી ऋ નો गुण→**अर्य**
स्वरादेर्द्वितीयः ૪.૧.૪થી દ્વિત્વ→**अर्य**र्य
પૂર્વપ્રમાણે યનો લોપ વગેરે→अरार्यते।
વિકલ્પે : भृशमृच्छति/इयर्त्ति અથવા पुनः पुनरृच्छति/इयर्त्ति इति।

(૩) **सोसूत्र्यते** = તે ઘણી/વારંવાર રચના કરે છે. (सूत्रण् विमोचने-૧૮૯૯)
चुरादिभ्यो०૩.૪.૧૭થી णिच्→सूत्र+**इ**
अतः ૪.૩.૮૨થી અનો લોપ→सूत्रि
આ સૂત્રથી यङ्→सूत्रि+**य**
सन्यङ०૪.૧.૩થી દ્વિત્વ→**सू**सूत्रिय

णेरनिटि ४.३.८३थी इनो लोप→सूसूत्र्य
आ-गुणा०४.१.४८थी गुण→**सो**सूत्र्य
सति ५.२.१९ वगेरेथी ते→सोसूत्र्य**ते**।
विकल्पे : भृशं सूत्रयति/पुनः पुनः सूत्रयति इति।

(४) **मोमूत्र्यते** = ते घणुं/वारंवार मूत्र करे छे.
(मूत्रण् प्रस्त्रवणे-१९००)
विकल्पे : भृशं मूत्रयति/पुनः पुनः मूत्रयति इति।

(५) **सोसूच्यते** = ते घणी/वारंवार सूचन करे छे.
(सूचण् पैशुन्ये-१८५४)
विकल्पे : भृशं सूचयति/पुनः पुनः सूचयति इति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

(६) **अशाश्यते** = ते घणुं/वारंवार खाय छे.
(अशश् भोजने-१५५८) अथवा
ते घणुं/वारंवार विस्तारे छे. (अशौटि व्याप्तौ-१३१४)
विकल्पे : भृशमश्नुते/अश्नाति पुनः पुनरश्नुते/अश्नाति इति।
आ उदा.नी साधनिका अटाट्यते प्रमाणे जाणवी.

(७) **प्रोण्र्णोनूयते** = ते घणुं/वारंवार ढांके छे.
(ऊर्णुग्क् आच्छादने-११२३)
आ सूत्रथी यङ्→प्र+ऊर्णु+**य**
स्वरादेर्द्वि०४.१.४थी द्वित्व→प्र+ऊर्णुनु[1]+**य**
अवर्णस्येवर्णादि०१.२.६थी ओ→**प्रो**र्णुनुय
आगुणा०४.१.४८थी उनो गुण→प्रो**र्णो**नुय

---

१. द्वित्व ते परविधिनुं कार्य होवाथी ण-षम्०२.१.६०थी न्नो ण् असत् मनातां नुनुं ज द्वित्व थाय छे.

दीर्घमवो०४.१.१०३थी उ दीर्घ→प्रोर्णो**नूय**
सति ५.२.१९ वगेरेथी ते→प्रोर्णोनूय**ते**।
विकल्पे : भृशं प्रोर्णोति । पुनः पुनः प्रोर्णोति इति।

विशेषता :

(१) અહીં अट्, अश् અને ऋ ધાતુ स्वरादि છે. सूत्र, मूत्र અને सूच् ધાતુ અનેકસ્વરી છે. તથા ऊर्णु ધાતુ स्वरादि અને અનેકસ્વરી છે. તેથી પૂર્વસૂત્રથી यङ् પ્રત્યયની પ્રાપ્તિ ન હતી. માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) સૂત્રમાં નિરનુબન્ધ ऋ અને अश्નું ગ્રહણ હોવાથી **निरनुबन्धग्रहणे सामान्येन २/५** ન્યાયાનુસારે અદાદિ અને ભ્વાદિ ऋ ધાતુ તથા સ્વાદિ અને ક્રયાદિ ગણનાં अश् ધાતુનું ગ્રહણ થાય છે.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, પૂર્વસૂત્રની જેમ અકારાન્ત यङ् પ્રત્યયનું ગ્રહણ अटाट्यते પ્રયોગમાં स्वरादे०४.१.४थी દ્વિતીય અંશ માત્ર ट्यનું દ્વિત્વ કરવા માટે છે. અન્યથા એકસ્વરી દ્વિતીય અંશ ધાતુમાં પ્રાપ્ત ન થતાં अट्य એ પ્રમાણે સંપૂર્ણ અંગનું દ્વિત્વ થાત.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, અહીં પૂર્વસૂત્રની જેમ વાનો નિર્દેશ કર્યો નથી. તેથી अट् વગેરે ધાતુનાં વિષયમાં ભૃશા અને આભીક્ષ્ણ્ય અર્થમાં માત્ર यङ् પ્રત્યયનો જ પ્રયોગ થશે. પણ भृशाऽभीक्ष्ण्ये ५.४.४२ સૂત્રથી हि અને स्व પ્રત્યયનો નહીં. યદ્યપિ અહીં પણ પ્રયોગનાં અર્થને જણાવનારાં भृशं पुनः पुनः वाऽटति ઈત્યાદિ સાદું વાક્ય તો થાય છે.

गत्यर्थात् कुटिले ३.४.११

અ.અ.સૂ. : कुटिले व्यञ्जनादेः एकस्वरात् गत्यर्थात् धातोः यङ् ।

અર્થ : કુટિલ અર્થમાં જ વર્ત્તતાં વ્યંજનાદિ અને એકસ્વરી ગત્યર્થક ધાતુથી यङ् પ્રત્યય થાય છે.

સ. **गत्यर्थात्** = गतिरर्थो यस्य स इति गत्यर्थः, तस्मादिति।

ઉદા. (૧) **चङ्क्रम्यते** = તે વક્ર ચાલે છે. (क्रमू पादविक्षेपे-३८५) कुटिलं क्रामति इति।
આ સૂત્રથી यङ्→क्रम्+**य**
सन्यङः४.१.३થી દ્વિત્વ→**क्र**क्रम्+य
व्यञ्जनस्या०४.१.४४થી र्નો લોપ→कक्रम्+य
कडश्चञ् ४.१.४६થી क्નો च्→**च**क्रम्य
मुरतोऽनु०४.१.५१થી म् આગમ→च**म्**+क्रम्य
म्नां धुड्वर्गे०१.३.३९થી म्નો ङ्→च**ङ्**क्रम्य
सति ५.२.१९ વગેરેથી તે→चङ्क्रम्य**ते**।

પ્ર.ઉદા. **कुटिल इति किम् ? भृशं क्रामति** = તે ઘણું ચાલે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કુટિલ અર્થમાં વર્ત્તતાં ગત્યર્થક ધાતુથી થાય છે. જ્યારે અહીં ભૃશાર્થમાં વર્ત્તતો क्रम् ધાતુ હોવાથી અહીં આ સૂત્રથી यङ् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં કુટિલ અર્થનો નિર્દેશ કર્યો છે. **सर्वत्रापि विशेषेण सामान्यं बाधते न तु सामान्येन विशेषः** ૩/૬ ન્યાયાનુસારે પૂર્વે બતાવેલી ભૃશા અને આભીક્ષ્ણ્ય અર્થમાં સામાન્ય यङ् વિધિનો આ સૂત્રનાં વિષયમાં

બાધ થાય છે. માટે ગત્યર્થક ધાતુથી ભૃશા અને આભીક્ષ્ણ્ય અર્થમાં યङ્ ન થતાં માત્ર કુટિલ અર્થમાં જ યङ્ થશે. એ પ્રમાણે આગામી સૂત્રોમાં પણ જાણવું.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સ્થાવરનો પ્રતિપક્ષભૂત એવો જઙ્ગમ પ્રયોગ લક્ષણાં દ્વારા રૂઢિથી જ યङ્લુબન્ત પ્રયોગ જાણવો. અથવા તો ગમેર્જ૰ ઉણાદિ-૧૩ સૂત્ર દ્વારા અ પ્રત્યય અને જમ્ આદેશ કરવા દ્વારા જઙ્ગમ પ્રયોગ સિદ્ધ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ભૃશા અને આભીક્ષ્ણ્ય અર્થમાં જ કુટિલતાની વિવક્ષામાં યङ્ પ્રત્યયને ઇચ્છે છે. તેથી તેઓનાં મતે चङ्क्रम्यते પ્રયોગનો અર્થ અત્યંત વક્ર ગમન કરે છે. એવો જાણવો આ વાત ઉત્તરસૂત્રમાં પણ જાણવી.

गृ-लुप-सद-चर-जप-जभ-दश-दहो गर्ह्ये ३.४.१२

અ.અ.સૂ. : गर्ह्ये गृ-लुप-सद-चर-जप-जभ-दश-दहः धातोः यङ् ।

અર્થ : નિંદા અર્થમાં જ વર્ત્તતાં ગૃ, લુપ્, સદ્, ચર્, જપ્, જભ્, દશ્ અને દહ્ ધાતુથી યङ્ પ્રત્યય થાય છે.

સ. **गृ-लुप-सद-चर-जप-जभ-दश-दहः** = गृश्च लुपश्च सदश्च चरश्च जपश्च जभश्च दशश्च दह् चेति गृ-लुप-सद-चर-जप-जभ-दश-दह्, तस्मादिति।

ઉદા. (૧) **निजेगिल्यते** = તે ખરાબ રીતે ખાય છે. (गृत् निगरणे-૧૩૩૫)

આ સૂત્રથી यङ्→नि+गृ+**य**
ऋतां क्ङि०४.४.११६थी ऋनो इर्→नि**गिर्य**
सन्यङ०४.१.३थी द्वित्व→नि+**गि**गिर्य
गहोर्ज:०४.१.४०थी ग्नो ज्→नि+**जि**गिर्य
आ-गुणा०४.१.४८थी जिनो गुण→नि+**जे**गिर्य
ग्रो यङि०२.३.१०१थी र्नो ल्→निजेगिल्ये
सति ५.२.१९ वगेरेथी ते→निजेगिल्य**ते**।
विकल्पे : निन्दितं गिरतीति।

(२) **लोलुप्यते** = તે ખરાબ રીતે નાશ કરે છે.
(लुप्लृंती छेदने-१३२३)
विकल्पे : निन्दितं लुम्पतीति।
આ ઉદા.ની साधनिका निजेगिल्यते પ્રમાણે જાણવી.

(३) **सासद्यते** = તે ખરાબ રીતે દુ:ખી થાય છે.
(षद्लृं विशरण-गत्यवसादनेषु-९६६)
ष: सोऽष्ट्यै०२.३.९८थी **सद्** धातु.
આ સૂત્રથી यङ्→सद्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**स**सद्य
आ-गुण्०४.१.४८थी अनो आ→**सा**सद्य
सति ५.२.१९ वगेरेथी ते→सासद्य**ते**।
विकल्पे : निन्दितं सीदतीति।

(४) **चञ्चूर्यते** = તે ખરાબ રીતે ખાય છે. (चर भक्षणे च-४१०)
આ સૂત્રથી यङ्→चर्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→चच**र्य**
चर-फलाम् ४.१.५३थी मु आगम→च**मू**चर्य
तौ मु-मो०१.३.१४थी म्नो ञ्→च**ञ्चु**र्य

ति चोपान्त्य०४.१.५४थी अनो उ→चङ्ग्रुर्य
भ्वादेर्नामिनो०२.१.९७थी दीर्घ→चङ्ग्रूर्य
सति ५.२.१९ वगेरेथी ते→चङ्ग्रूर्यते।
विकल्पे : निन्दितं चरतीति।

(५) **जङ्गप्यते** = તે ખરાબ રીતે જાપ કરે છે.
(जप मानसे च-३३८)
विकल्पे : निन्दितं जपतीति।

(६) **जङ्गभ्यते** = તે ખરાબ રીતે મૈથુન સેવે છે.
(जभ मैथुने-३७९)
विकल्पे : निन्दितं जभतीति।

(७) **दन्दश्यते** = તે ખરાબ રીતે ડંખ મારે છે.
(दंशं दशने-४९६)
विकल्पे : निन्दितं दशतीति।

(८) **दन्दह्यते** = તે ખરાબ રીતે બાળે છે.
(दहं भस्मीकरणे-५५२)
विकल्पे : निन्दितं दहतीति।
આ ઉદા.ની સાધનિકા चङ्ग्रूर्यते પ્રમાણે જાણવી. પરંતુ અનો उ કરવો નહીં.

પ્र.ઉદા. **गर्ह्यं इति किम् ?**

(१) **साधु जपति** = તે સારી રીતે જાપ કરે છે.
(२) **भृशं निगिरति** = તે ઘણું ખાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ગર્હ્ય અર્થમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં ધાતુ ગર્હ્ય અર્થમાં વર્ત્તતાં નથી. માટે આ સૂત્રથી यङ् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં દશ એ પ્રમાણે કરાયેલાં ન્‌નાં લોપવાળો દંશ્ ધાતુનો નિર્દેશ કરેલ છે. તેથી વિધાન સામર્થ્યથી યઙ્લુબન્તમાં પણ ન્‌નો લોપ થાય છે. જેમકે, दंदशीति यद्यपि અહીં ન્‌નો લોપ અંતરંગ કાર્ય અને યઙ્ નો લોપ બહિરંગ કાર્ય હોવાથી **अन्तरङ्गं बहिरङ्गत् १/४२** ન્યાયાનુસારે પ્રથમ ન્‌નાં લોપની જ પ્રાપ્તિ હતી. પરંતુ **लुबन्तरङ्गेभ्यः १/४७** ન્યાયાનુસારે જ્યારે લોપનું કાર્ય બહિરંગ હોય ત્યારે તે પહેલાં પ્રવર્તે છે. અને પછી અંતરંગ કાર્ય થાય છે. તેથી અહીં દશ્ એ પ્રમાણે નિર્દેશ આવશ્યક છે.

★ **यङ् प्रत्ययनो निषेध :**

न गृणा-शुभ-रुचः ३.४.१३

અ.અ.સૂ. : **गृणा-शुभ-रुचः धातोः यङ् न।**

અર્થ : गृ, शुभ् અને रुच् ધાતુથી यङ् પ્રત્યય થતો નથી.

સ. **गृणा-शुभ-रुचः** = गृणाश्च शुभश्च रुच् चेति गृणा-शुभ-रुच्, तस्मादिति।

ઉદા. (૧) **निन्द्यं गृणाति** = તે ખરાબ બોલે છે.
(गृश् शब्दे-१५३८)
क्र्यादेः ३.४.७९થી श्ना→गृ+**ना**
प्वादे र्ह्रस्वः ४.२.१०५થી ऋનો હ્રસ્વ→**गृ**ना
सति ५.२.१९ વગેરેથી तिव्→गृना**ति**
र-षृवर्णान्नो०२.३.६३થી ન્‌નો ण્→**गृणा**ति।

(૨) **भृशं शोभते** = તે ખૂબ શોભે છે. (शुभि दीप्तौ-૧૪૭)
सति ૫.૨.૧૯ વગેરેથી તે→शुभ्+**ते**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→शुभ्+**अ**+ते
लघोरुपा०૪.૩.૪થી गुण→**शो**भते।

(૩) **भृशं रोचते** = તે ખૂબ ગમે છે. (रुचि अभिप्रीत्यां-૧૩૮)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં गृ ધાતુને પૂર્વસૂત્રથી ગર્હ્ય અર્થમાં, शुभ् અને रुच् ધાતુને व्यञ्जनादेरेक०૩.૪.૯ સૂત્રથી ભૃશા અને આભીક્ષ્ણ્ય અર્થમાં यङ्ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્ર દ્વારા નિષેધ કરવામાં આવે છે.

★ यङ् प्रत्ययनां लोपनुं विधान :

बहुलं लुप् ૩.૪.૧૪

અ.અ.સૂ. : यङः बहुलं लुप्।

અર્થ : यङ् પ્રત્યયનો બહુલતાએ લોપ થાય છે.

ઉદા. (૧) **बोभूयते/बोभवीति** = તે ઘણું/વારંવાર થાય છે.
(भू सत्तायाम्-૧)
व्यञ्जनादेरेक०૩.૪.૯થી यङ्→भू+**य**
सन्यङश्च ૪.૧.૩થી દ્વિત્વ→**भू**भू+**य**
ह्रस्वः ૪.૧.૩૯થી ह्रस्व→**भु**भूय
द्वितीय-तुर्ययोः०૪.૧.૪૨થી भ्नो ब्→**बु**भूय
आ-गुणा०૪.૧.૪૮થી उनो गुण→**बो**भूय
सति ૫.૨.૧૯ વગેરેથી તે→बोभूय**ते**।

★ આ સૂત્રથી યङ્નો લોપ→બોભૂ+**તિ**
યङ્તુરુ०૪.૩.૬૪થી ઈ આગમ→બોભૂ+**ઈ**+તિ
નામિનો ગુણો०૪.૩.૧થી ગુણ→બો**ભો**+ઈ+તિ
ઓદૌતોऽ०૧.૨.૨૪થી અવ્→બો**ભવી**તિ
વિકલ્પે : भृशं/पुनः पुनः भवतीति।

(૨) **बहुलवचनात् क्वचिन्न भवति→लोलूया** =
ઘણું/વારંવાર લણવું. (लूगश् छेदने-૧૫૧૯)
व्यञ्जनादे०૩.૪.૯થી યङ્→લૂ+**ય**
सन्यङश्च ૪.૧.૩થી દ્વિત્વ→**લૂ**લૂ+ય
ह्रस्वः ૪.૧.૩૯થી હ્રસ્વ→**લુ**લૂ+ય
આ-ગુણા०૪.૧.૪૮થી ગુણ→**લો**લૂય
शंसि प्रत्य०૫.૩.૧૦૫થી અ→લોલૂય+**અ**
अतः ૪.૩.૮૨થી અનો લોપ→લોલૂય
आत् ૨.૪.૧૮થી આપ્→લોલૂય+**આ**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→લોલૂ**યા**।
આ સૂત્રમાં બહુલમ્ નાં વચનથી અહીં યङ્નો લોપ થયો નહીં.

(૩) **પોપૂયા** = ઘણું/વારંવાર પવિત્ર થવું. (पूगश् पवने-૧૫૧૮)
વિકલ્પે : भृशं/पुनः पुनः पवनमिति।

વિશેષતા :

(૧) અહીં બહુલમ્નું ગ્રહણ સમાસ પ્રકરણની જેમ જ શિષ્ટ પ્રયોગનાં અનુસરણ માટે છે. કેટલાંક સ્થાને યङ્નો લોપ થતો જ નથી. જેમકે, લોલૂયા, પોપૂયા।

अचि ३.४.१५

અ.અ.સૂ. : अचि यङः लुप्।

અર્થ : अच् પ્રત્યય પર છતાં यङ्નો લોપ થાય છે.

ઉદા. **चेच्यः** = ઘણું/વારંવાર ભેગું કરનાર.
(चिंग्ट् चयने-१२९०)
व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→चि+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**चि**चि+य
आ-गुणा०४.१.४८थी गुण→**चे**चि+य
दीर्घश्चि०४.३.१०८थी दीर्घ→चे**ची**य
अच् ५.१.४९थी अच्→चेचीय+**अ**
આ સૂત્રથી यङ्નો લોપ→चेची+अ
योऽनेकस्व०२.१.५६थी ई નો य्→चेच्**य**
प्रथमा सि વગેરે→चेच्यः।

વિશેષતા :

(१) यद्यपि પૂર્વસૂત્રગત बहुलम्નાં અધિકારથી यङ्નો લોપ સિદ્ધ જ છે. પરંતુ अच् પ્રત્યય પર છતાં यङ्નો નિત્ય લોપ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

नोतः ३.४.१६

અ.અ.સૂ. : उतः धातोः यङः अचि लुप् न।

અર્થ : ઉકારાન્ત ધાતુથી કહેવાયેલ यङ् પ્રત્યયનો अच् પ્રત્યય પર છતાં લોપ થતો નથી.

ઉદા. **रोरूयः** = ઘણો/વારંવાર અવાજ કરનાર.
(रुंक् शब्दे-१०८५)

व्यञ्जनादे०३.४.९थी यङ्→रु+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**रुरु+य**
आ-गुणा०४.१.४८थी →**रोरू**+य
दीर्घश्चि०४.३.१०८थी दीर्घ→**रोरूय**
अच् ५.१.४९थी अच्→रोरूय+**अ**
अतः ४.३.८२थी अनो लोप→रोरूय
प्रथमा सि वगेरे→रोरूयः।

विशेषता :

(१) આ સૂત્રમાં લોપનો નિષેધ દર્શાવ્યો છે. જ્યાં બહુલં० ૩.૪.૧૪થી બહુલમ્નો અધિકાર આવતાં યઙ્નાં લોપની પ્રાપ્તિ પણ થઈ શકે છે. પરંતુ अचिनोतः એ પ્રમાણે ઉકારાન્ત ધાતુનું વર્જન કરીને પૂર્વસૂત્રમાં જ લોપાભાવનો નિર્દેશ ન કરતાં જે પૃથક્ નિર્દેશ કર્યો છે. તેનાથી બહુલતાએ પણ ઉકારાન્ત ધાતુથી अच् પ્રત્યય પર છતાં યઙ્નો લોપ થશે નહીં.

★ **णिच् પ્રત્યયનું વિધાન :**

चुरादिभ्यो णिच् ३.४.१७

અ.અ.સૂ. : चुरादिभ्यः धातुभ्यः णिच्।

અર્થ : ચુરાદિ ગણનાં ધાતુઓથી સ્વાર્થમાં णिच् પ્રત્યય થાય છે.

સ. **चुरादिभ्यः** = चुर् आदिर्येषां ते इति चुरादयः, तेभ्य इति।

ઉદા. (૧) **चोरयति** = તે ચોરી કરે છે. (चुरण् स्तेये-१५६८)
આ સૂત્રથી णिच्→चुर्+**इ**
लघोरुपा०४.३.४थी गुण→**चो**रि

सति ५.२.१९ वगेरेथी तिव्→चोरि+**ति**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→चोरि+**अ**+ति
नामिनो गुणो०४.३.१थी गुण→चो**रे**+अ+ति
एदैतोऽ०१.२.२३थी अय्→चोर**य**ति।

(२) **पदयते** = તે જાય છે. (पदणि गतौ-१९३२)
આ સૂત્રથી णिच्→पद+**इ**
अतः ४.३.८२थी अ નો લોપ→पदि
सति ५.२.१९ वगेरेथी ते→पदि+**ते**
પૂર્વપ્રમાણે शव् वगेरे→पद**यते**।

વિશેષતા :

(૧) અહીં સૂત્રનિર્દિષ્ટ णिच् પ્રત્યયમાં ण् કાર વૃદ્ધિ માટે છે. અને णि નું ગ્રહણ णिग् વગેરે પ્રત્યયની સાથે સમાનતા દર્શાવવા માટે છે. તથા च् નું ગ્રહણ તે પ્રત્યયોની સાથે ભેદ દર્શાવવા માટે છે.

(૨) ધાતુપાઠમાં નિર્દિષ્ટ ૧૫૬૮થી ૧૯૮૧ સુધીનાં ધાતુઓનો चुरादि ગણમાં સમાવેશ થાય છે. તથા સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી संवाहयति જેવા પ્રયોગો પણ આ સૂત્ર દ્વારા જ સિદ્ધ જાણવા.

(૩) અહીં સૂત્રમાં સામાન્યથી चुरादि ધાતુઓથી णिच् પ્રત્યયનું વિધાન કર્યું છે. પરંતુ **अनित्यो णिच्चुरादिनाम् ૨/૪૦** ન્યાયાનુસારે આ णिच् પ્રત્યય અનિત્ય પણ થાય છે. અર્થાત્ સર્વત્ર ઘટતો હોવા છતાં પણ ક્યાંક પ્રયોગાનુસારે ન પણ થાય. જેમકે, चिन्तति, चोरति જોકે આ ન્યાય શિષ્ટ પ્રયોગની સિદ્ધિ જણાવવા માટે છે. તેવું કહી શકાય. તેથી युजादे०३.४.१८ સૂત્રથી નિયતપણે જ

णिच् प्रत्ययनो विकल्प पण दर्शाव्यो छे. तेमज, उपरोक्त अनित्यतानां कारणे ज्यारे णिच्नो प्रयोग न थयो होय त्यारे **णिच्सन्नियोगे एव चुरादीनामदन्तताः २/४२** न्यायानुसारे ते धातुओनुं अकारान्तपणुं पण रहेतुं नथी. अने ए प्रमाणे अकारान्तपणानां अभावमां तेओमां अनेकस्वरी-पणांनो अभाव थतां आम् परोक्षानो प्रयोग पण थतो नथी. तेथी, जगणतुः, जगणिथ जेवा प्रयोगो पण सिद्ध थाय छे.

युजादेर्नवा ३.४.१८

अ.अ.सू. : युजादेः धातोः णिच् नवा।

अर्थ : युजादि धातुओथी स्वार्थमां णिच् प्रत्यय विकल्पे थाय छे.

स. **युजादेः** = युज् आदिर्यस्य स इति युजादिः, तस्मादिति।

उदा. (१) **योजयति/योजति** = ते जोडे छे. (युजण् संपर्चने-१९४१)
आ सूत्रथी णिच्→युज्+**इ**
लघोरुपा०४.३.४थी गुण→**यो**जि
पूर्वप्रमाणे तिव् वगेरे→योज**यति**
विकल्पे : ज्यारे आ सूत्रथी णिच् न थाय त्यारे, योजति तिव् वगेरे कार्यो पूर्वप्रमाणे जाणवा.

(२) **साहयति/सहति** = ते सहन करे छे. (षहण् मर्षणे-१९८१)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

(१) धातुपाठ निर्दिष्ट १९४१ थी १९८१ सुधीनां धातुओ युजादि गण अंतर्गत जाणवा.

★ णिङ् प्रत्ययनुं विधान :

भूङः प्राप्तौ णिङ् ३.४.१९

अ.अ.सू. : प्राप्तौ भूङः धातोः णिङ् नवा।

अर्थ : प्राप्ति अर्थमां वर्त्ततां भू धातुथी स्वार्थमां णिङ् प्रत्यय विकल्पे थाय छे.

उदा. (१) भावयते/भवते = ते प्राप्त करे छे. (भू सत्तायाम्-१)
आ सूत्रथी णिङ्→भू+**इ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**भौ**+इ
ओदौतोऽ०१.२.२४थी औ नो आव्→**भावि**
सति ५.२.१९ वगेरेथी ते→भावि+**ते**
पूर्वप्रमाणे शव् वगेरे→भा**वय**ते।
विकल्पे : ज्यारे णिङ् न थाय त्यारे, भू+ते
पूर्वप्रमाणे शव् वगेरे थतां→**भवते**।

प्र.उदा. प्राप्ताविति किम्? भवति = ते छे.

★ आ सूत्रनी प्रवृत्ति प्राप्ति अर्थमां वर्त्ततां भू धातुथी थाय छे. ज्यारे अहीं प्राप्ति अर्थ जणातो नथी. माटे आ सूत्रथी णिङ् प्रत्यय थयो नहीं.

विशेषता :

(१) आ सूत्रमां णिङ् ए प्रमाणे ङ् ईत् णिङन्त भू धातुथी आत्मनेपद प्रत्यय करवा माटे छे. भूङ् ए प्रमाणे ङ्नो निर्देश प्राप्ति अर्थमां विकल्प पक्षे णिङ्नां अभावमां पण आत्मनेपद प्रत्यय करवा माटे छे.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, ક્યારેક પ્રાપ્તિ સિવાયનાં અર્થમાં પણ આત્મનેપદ પ્રત્યયો ઇચ્છાય છે. જેમકે, याचितारश्च नःसन्तु, दातारश्च भवामहे।

अन्य मत :

કેટલાંક વ્યાકરણકારો પ્રાપ્તિ અર્થમાં આત્મનેપદ ઇચ્છતાં નથી. જેમકે, सर्वं भवतीति। (સર્વ પ્રાપ્ત કરે છે). તથા ચુરાદિ ગણમાં भूण् अवकल्कने ધાતુ હોવાથી અવકલ્કન (પ્રતારણ) અર્થમાં જ भावयति પ્રયોગ ઇચ્છે છે.

★ **णिग् પ્રત્યયનું વિધાન :**

प्रयोक्तृव्यापारे णिग् ३.४.२०

અ.અ.સૂ. : प्रयोक्तृव्यापारे धातोः णिग् नवा।

અર્થ : ક્રિયા કરતાં એવા મૂળકર્ત્તાને જે પ્રેરણા કરે તે પ્રયોક્તા. તેનો વ્યાપાર જણાવવો હોય ત્યારે ધાતુથી णिग् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. **प्रयोक्तृव्यापारे** = प्रयोक्तुर्व्यापार इति प्रयोक्तृव्यापारः, तस्मिन्निति।

ઉદા. (૧) અધ્યેષણ : कारयति = તે કરાવે છે.

(डुकृंग् करणे-८८८)

આ સૂત્રથી णिग्→कृ+**इ**

नामिनोऽ०४.३.५१थी વૃદ્ધિ→**का**रि

सति ५.२.१९ વગેરેથી तिव्→कारि+**ति**

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→कारि+**अ**+ति

नामिनो गुणो०४.३.१थी गुण→**कारे**+अ+ति
एदैतोऽ०१.२.२३थी अय्→**कारय**ति।
विकल्पे : જ્યારે णिग् ન થાય ત્યારે, कुर्वन्तं प्रयुङ्क्ते इति।

(२) **निमित्त** = **भिक्षा वासयति** = ભિક્ષા (તેને) વસાવે છે. (वेसृ गतौ-५४१)
આ સૂત્રથી णिग्→वस्+**इ**
ञ्णिति ४.३.५१थी वृद्धि→**वा**सि
પૂર્વપ્રમાણે तिव् વગેરે→वा**सयति**।
विकल्पे : वसन्तं प्रयुङ्क्ते।

(३) **आख्यान** = **राजानमागमयति** = રાજાનું આગમન કરાવે છે. (गम्लृं गतौ-३९६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अमोऽकम्य० ४.२.२६ સૂત્રથી गम्માં પ્રાપ્ત વૃદ્ધિ સ્વરૂપ आ નો હ્રસ્વાદેશ કરવો.
विकल्पे : गच्छन्तं प्रयुङ्क्ते।

(४) **अभिनय** = **कंसं घातयति** = કંસનો વધ કરાવે છે. (हनंक् हिंसा०-११००)
આ સૂત્રથી णिग्→हन्+**इ**
ञ्णिति०४.३.१००थी हन्નો घात्→**घाति**
પૂર્વપ્રમાણે तिव् વગેરે થતાં→घा**तयति**।
विकल्पे : घ्नन्तं प्रयुङ्क्ते इति।

(५) **ज्ञान** = **पुष्येण चन्द्रं योजयति** = પુષ્યનક્ષત્ર સાથે ચંદ્રને જોડાવે છે. (युजृंपी योगे-१४७६)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ગુણ લઘોરુપા૦ ૪.૩.૪થી કરવો.

વિકલ્પે : युञ्जन्तं प्रयुङ्क्ते।

(૬) **પ્રાપ્તિ = उज्जयिन्यां प्रस्थितो माहिष्मत्यां सूर्यंमुद्गम-यति** = ઉજ્જૈની નગરીથી નીકળેલો (વ્યક્તિ) માહિષ્મતીમાં સૂર્યને ઉગાડે છે.

વિકલ્પે : उद्गच्छन्तं प्रयुङ्क्ते।

★ આ ઉદા.ની સાધનિકા आगमयति પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં વ્યાપાર અર્થમાં णिग् પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. અને તે વ્યાપાર પ્રેષણ, અધ્યેષણ, નિમિત્ત, ભાવાખ્યાન, અભિનવ, જ્ઞાન અને પ્રાપ્તિ વગેરે અનેક પ્રકારે છે. ત્યાં તિરસ્કાર પૂર્વકનાં વ્યાપારને પ્રેષણ અને સત્કારપૂર્વકનાં વ્યાપારને અધ્યેષણ કહેવાય છે.

(૨) અહીં કરણ વગેરે અન્યકારક પણ કર્ત્તાને ક્રિયા કરાવવામાં સહાયક હોવાથી પ્રયોજક થઈ શકે છે. સૂત્રમાં પ્રયોક્તૃ પદનું ગ્રહણ કર્યું છે. પરંતુ તેથી મૂળકર્ત્તાને પ્રેરણા કરનાર એવા અન્ય કર્ત્તાનાં વ્યાપારમાં જ णिग् પ્રત્યય થશે. પરંતુ કરણ આદિનાં વ્યાપારમાં નહીં.
તથા, આજ્ઞા આદિ દ્વારા કોઈ ક્રિયામાં પ્રયોજકતા પ્રગટ કરીએ અને ત્યાં પંચમી વિભક્તિનો પ્રયોગ કર્યો હોય તો પંચમી દ્વારા જ णिग् નો બાધ થઈ જાય છે. જેમકે, मां पृच्छतु भवान् (આપ મને પૂછો). અહીં મૂળ કર્ત્તા અન્ય પૂછવાની ક્રિયાનાં કર્ત્તાને પૂછવા માટે આજ્ઞા કરે

છે. અને, તેથી તે પ્રયોજકકર્ત્તા થતાં णिग्‌ની પ્રાપ્તિ છે. પરંતુ તે ક્રિયામાં રહેલી પ્રયોજકતા પંચમી દ્વારા જ કહેવાયેલી હોવાથી णिग् પ્રત્યય થતો નથી.

(૩) અહીં યુજાદેર્નવા ૩.૪.૧૮ સૂત્રથી ચાલતો નવાનો અધિકાર આવતો હોવાથી વિકલ્પે સાદું વાક્ય પણ સંભવી શકે છે. જેમકે, પાચયતિ, પચન્તં પ્રયુઙ્‌ક્તે ઇતિ। અને આ નવાનો અધિકાર णिज्बहुलं०૩.૪.૪૨ સૂત્ર સુધી જાણવો.

★ **सन् પ્રત્યયનું વિધાન :**

तुमर्हादिच्छायां सन्नतत्सनः ૩.૪.૨૧

અ.અ.સૂ. : तुमर्हात् धातोः इच्छायां सन्, अतत्सनः।

અર્થ : જે ધાતુ इष्‌નાં કર્મભૂત છે. અને इष्‌ની સાથે સમાન કર્ત્તાવાળો છે. તે ધાતુ तुम् પ્રત્યયને યોગ્ય છે. તેથી તેને तुमर्ह કહેવાય છે. તે ધાતુથી ઇચ્છાનાં અર્થમાં सन् પ્રત્યય વિકલ્પે થાય છે. પરંતુ ઇચ્છા અર્થમાં લાગેલાં सन् પ્રત્યય પછી ફરી सन् ન હોય તો.

સ. (૧) **तुमर्हात्** = तुममर्हतीति तुमर्हः, तस्मादिति।

(૨) **अतत्सनः** = न तत्सन् इति अतत्सन्, तस्मादिति।

ઉદા. (૧) **चिकीर्षति** = તે કરવાને ઇચ્છે છે. (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી सन्→कृ+**स**
नामिनोऽनिट् ૪.૩.૩૩થી सन् **कित्‌वत्.**
स्वर-हन०૪.૧.૧૦૪થી ऋ દીર્ઘ→**कृ**+स
ऋतां क्ङि०૪.૪.૧૧૬થી ऋનો इर्→**किर्स**

सन्यङ०४.१.३थी द्वित्व→**कि**किर्स
कडश्चञ् ४.१.४६थी क्नो च्→**चि**किर्स
भ्वादेर्नामिनो०२.१.६७थी दीर्घ→चि**की**र्स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→चिकी**र्ष**
सति ५.२.१९ वगेरेथी तिव्→चिकीर्ष+**ति**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→चिकीर्ष+**अ**+ति
लुगस्यादे०२.१.११३थी अनो लोप→चिकीर्षति।
विकल्पे : कर्तुमिच्छतीति।

प्र.उदा.(१) **तुमर्हादिति किम् ?**

(a) **यानेनेच्छति** = गमन क्रिया वडे ईच्छे छे.

★ आ सूत्रनी प्रवृत्ति तुमर्ह धातुथी थाय छे. ज्यारे अहीं या धातु इष्नुं कर्म न होवाथी तुमर्ह नथी. माटे आ सूत्रथी सन् प्रत्यय लाग्यो नहीं.

(b) **भुक्तिमिच्छति मैत्रस्य** = ते मैत्रनां भोजनने ईच्छे छे.

★ आ सूत्रनी प्रवृत्ति तुमर्ह धातुथी थाय छे. ज्यारे अहीं इष् धातु कर्त्ता अने भुज् धातुनो कर्त्ता समान न होवाथी तुमर्ह नथी. माटे आ सूत्रथी सन् प्रत्यय थयो नहीं.

(२) **इच्छायामिति किम् ? भोक्तुं याति** =
खावा माटे जाय छे.

★ आ सूत्रनी प्रवृत्ति ईच्छा अर्थनी गम्यमानतामां थाय छे. ज्यारे अहीं ईच्छा अर्थनी गम्यमानता नथी. माटे आ सूत्रथी सन् प्रत्यय थयो नहीं.

(३) **अतत्सन इति किम् ? चिकीर्षितुमिच्छति** =
करवानी ईच्छा करवाने ईच्छे छे.

★ આ સૂત્રમાં ઇચ્છા અર્થક सन् પ્રત્યયાન્ત ધાતુથી सन्નો નિષેધ કરેલ છે. માટે અહીં આ સૂત્રથી सन् પ્રત્યય થયો નહીં.

★ **तदिति किम् ? जुगुप्सिषते** = નિંદા કરવા માટે ઇચ્છે છે.
(गुपि गोपन-कुत्सनयोः-७६३)
પૂર્વપ્રમાણે गुप्-तिजो०૩.૪.૫થી સ્વાર્થિક सन् થતાં→ जुगुप्स
આ સૂત્રથી सन्→जुगुप्स+**स**
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→जुगुप्**सि**स
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्નો ष्→जुगुप्सि**ष**
तिव् વગેરે પૂર્વપ્રમાણે થતાં→जुगुप्सि**षते**।

★ આ સૂત્રમાં ઇચ્છાદર્શક सन्થી ૫૨ જ સૂત્રપ્રવૃત્તિનો નિષેધ કરેલ છે. જ્યારે અહીં સ્વાર્થિક सन् છે. માટે આ સૂત્રથી सन्નો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, जुगुप्सिषते પ્રયોગમાં पुनः सन् પ્રત્યય લાગવા છતાં પણ पुनरेकेषाम् ૪.૧.૧૦ સૂત્રાનુસારે पुनः દ્વિત્વ થયું નહીં.

★ નામથી ૫૨ काम्य વગેરેનું વિધાન :

द्वितीयायाः काम्यः ૩.૪.૨૨

અ.અ.સૂ. : द्वितीयायाः इच्छायां काम्यः नवा।

અર્થ : દ્વિતીયાન્ત નામથી ઇચ્છા અર્થમાં काम्य પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **इदंकाम्यति** = આની ઇચ્છા કરે છે.
આ સૂત્રથી काम्य→इदम्+अम्+**काम्य**
+ ઐકાર્થ્યે ૩.૨.૮થી अम्નો લોપ→इदम्+काम्य
+ ક્રિયાર્થો०૩.૩.૩થી इदं + काम्यને **धातुसंज्ञा.**
તૌ મુ-મો०૧.૩.૧૪થી અનુસ્વાર→**इदंकाम्य**
સતિ ૫.૨.૧૯ વગેરેથી તિવ્→इदंकाम्य+**ति**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી શવ્→इदंकाम्य+**अ**+તિ
લુગસ્યાદે०૨.૧.૧૧૩થી અનો લોપ→इदंकाम्यति।
વિકલ્પે : काम्य ન થાય ત્યારે, इममिच्छति।

પ્ર.ઉદા. **द्वितीयाया इति किम् ? इष्टः पुत्रः** = ઇચ્છેલો પુત્ર.
★ આ સૂત્રની પ્રવૃત્તિ દ્વિતીયાન્ત નામથી પર થાય છે. જ્યારે અહીં દ્વિતીયાન્ત નામ નથી. માટે આ સૂત્રથી काम्य પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં દ્વિતીયાન્ત નામથી काम्य પ્રત્યયનું વિધાન કર્યું છે. અને ઇચ્છા અર્થમાં દ્વિતીયાન્ત નામ સામાન્યથી કર્મ જ સંભવે છે. તેથી અહીં સૂત્ર નિર્દિષ્ટ काम्य પ્રત્યય દ્વારા કર્મ ઉક્ત થતાં આ સૂત્રનો પ્રયોગ માત્ર ભાવે અને કર્ત્તરિ પ્રયોગમાં થાય છે. પણ કર્મણિ પ્રયોગમાં નહીં. જેમકે, पुत्रकाम्यतेऽनेन, पुत्रकाम्यत्यसौ।

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, दर्शनीयं पुत्रमिच्छतीति આવા સ્થાને पुत्र પદ दर्शनीय અન્ય પદની સાથે સાપેક્ષ હોવાથી **सापेक्षमसमर्थम् ૨/૨૮** ન્યાયાનુસારે પ્રવૃત્તિ થાય છે. તેથી તેવા પ્રયોગોમાં આ સૂત્ર દ્વારા પુત્ર વગેરે પદો

काम्य प्रत्यय वડे इच्छ् धातुनी साथे એકार्थભાવને પામી શકતું નથી. અર્થાત્ ત્યાં પુત્રકામ્યતિ વગેરે પ્રયોગો થતાં નથી. તેમજ, अधમિચ્છતિ ઈત્યાદિ પ્રયોગોમાં પણ परस्य પદની અપેક્ષા રહેલી જ હોય છે. તેથી ત્યાં પણ काम्य પ્રત્યય લાગતો નથી.

यદ્યપિ પુત્રકામ્યતિ વગેરે પ્રયોગમાં પણ સંબંધની વિવક્ષા તો હોય જ છે. પરંતુ ત્યાં સામાન્યતયા સ્વપુત્રની જ ઈચ્છા હોવાથી અન્ય પદની અપેક્ષા વિના પણ પ્રયોગ થઈ શકે છે.

अमाव्ययात् क्यन् च ३.४.२३

અ.અ.સૂ. : अमाव्ययात् द्वितीयायाः इच्छायां क्यन् च (काम्यः) नवा।

અર્થ : મ્કારાન્ત અને અવ્યય સિવાયનાં દ્વિતીયાન્ત નામથી ઈચ્છા અર્થમાં क्यन् અને काम्य પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. **अमाव्ययात्** = मश्च अव्ययश्चेति माऽव्ययम्, न माऽव्ययम्, इति अमाऽव्ययम् तस्मादिति।

ઉદા. (૧) **पुत्रीयति/पुत्रकाम्यति** = તે પુત્રને ઈચ્છે છે.
આ સૂત્રથી क्यन्→पुत्र+**य**
क्यनि ४.३.११२થી इ દીર્ઘ→पुत्री**य**
सति ५.२.१९થી तिव् વગેરે→पुत्रीय+**ति**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→पुत्रीय+**अ**+ति
लुगस्यादे०२.१.११३થી अनो લોપ→पुत्री**यति**।
તેમજ, આ સૂત્રથી काम्य→पुत्र+**काम्य**

આ સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ इदंकाम्यति પ્રમાણે જાણવી.

વિકલ્પે : જ્યારે क्यन् કે काम्य ન થાય ત્યારે, पुत्रमिच्छति।

પ્ર.ઉદા. **अमाव्ययादिति किम् ?**

(૧) **इदमिच्छति** = આને ઇચ્છે છે.

(૨) **स्वरिच्छति** = સ્વર્ગને ઇચ્છે છે.

★ આ સૂત્રમાં મ્કારાન્ત અને અવ્યય નામનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી क्यन् અને काम्य પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) યદ્યપિ क्यन्નાં ગ્રહણથી काम्यની અનુવૃત્તિ અટકી જાય છે. પણ સૂત્રમાં નિર્દિષ્ટ ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव ग्रहणम् ૨/૬૧** ન્યાયાનુસારે પ્રથમાન્ત क्यन्નાં સજાતીય काम्यનું અનુકર્ષણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે काम्यનો અધિકાર ઉત્તરસૂત્રોમાં જશે નહીં.
આ ચકાર દ્વારા જો काम्य પ્રત્યયનું ગ્રહણ કરવામાં ન આવે તો મ્કારાન્ત અને અવ્યય સિવાયનાં નામોમાં આ સૂત્રથી क्यन्નું વિધાન થતાં ૫૨ સૂત્રતયા काम्यનો બાધ થવાની આપત્તિ આવે.

(૨) અહીં क्यन् પ્રત્યયમાં क्य તે क्यङ्વગેરે પ્રત્યયની સાથે સમાનતા દર્શાવવા માટે છે. અને ન્કાર તે પ્રત્યયોની સાથે ભેદ દર્શાવવા માટે છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો गो શબ્દ અને સન્ધ્યક્ષર સિવાયનાં સ્વરાન્ત નામથી જ क्यन् પ્રત્યય ઇચ્છે છે. તેથી તેઓનાં

મતે गव्यति, पुत्रीयति, राजीयति પ્રયોગો સિદ્ધ થાય છે. પરંતુ नाव्यति, वाच्यति પ્રયોગો સિદ્ધ થતાં નથી.

आधाराच्चोपमानादाचारे ३.४.२४

અ.અ.સૂ. : अमाव्ययात् उपमानात् आधारात् च (द्वितीयायाः) आचारे क्यन् नवा।

અર્થ : મ્ કારાન્ત અને અવ્યય સિવાયનાં ઉપમાનવાચી દ્વિતીયાન્ત અને આધારવાચી નામથી આચાર અર્થમાં क्यन् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **पुत्रीयति छात्रम्** = વિદ્યાર્થીને પુત્રની જેમ રાખે છે.
વિકલ્પે : पुत्रमिवाचरतीति।

(૨) **प्रासादीयति कुट्याम्** = ઝૂંપડીમાં મહેલની જેમ રહે છે.
વિકલ્પે : प्रासादमिवाचरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ઉપમાનવાચી નામથી क्यन् પ્રત્યયનું વિધાન કર્યું છે. અને ઉપમાનવાચી નામ હંમેશાં ઉપમેયવાચી નામની અપેક્ષા ધરાવતું હોવાથી સાપેક્ષ જ હોય છે. તેથી આ સૂત્રનાં વિધાન સામર્થ્યથી જ **सापेक्षमसमर्थम् २/२८** ન્યાયની પ્રવૃત્તિ થશે નહીં. અન્યથા આ સૂત્ર વ્યર્થ જવાની આપત્તિ આવે.

(૨) यद्यपि आधारात् નાં ગ્રહણથી द्वितीयायाः નો અધિકાર અટકી જાય છે. પણ સૂત્રમાં નિર્દિષ્ટ च કાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव ग्रहणम् २/६१** ન્યાયાનુસારે

પંચમ્યન્ત આધારાત્ નાં સજાતીય દ્વિતીયાયાઃ પદનું અનુકર્ષણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે ચકારથી ગ્રહણ કરેલ દ્વિતીયાયાઃ નો અધિકાર ઉત્તર સૂત્રમાં જશે નહીં.

कर्तुः क्विप् गल्भ-क्लीब-होडात्तु ङित् ३.४.२५

અ.અ.સૂ. : उपामानात् कर्तुः आचारे क्विप् नवा, गल्भ-क्लीब-होडात् तु क्विप् ङित्।

અર્થ : ઉપમાનવાચી કર્ત્તા નામથી આચાર અર્થમાં ક્વિપ્ પ્રત્યય વિકલ્પે થાય છે. પરંતુ ગલ્ભ, ક્લીબ અને હોડ નામથી તે જ ક્વિપ્ પ્રત્યય ડિત્ થાય છે.

સ. **गल्भ-क्लीब-होडात्** = गल्भश्च क्लीबश्च होडश्चेति गल्भ-क्लीबहोडम्, तस्मादिति।

ઉદા. (૧) **अश्वति** = અશ્વની જેમ આચરણ કરે છે.
આ સૂત્રથી ક્વિપ્→अश्व+**०**
सति ५.२.१९ વગેરેથી तिव्→अश्व+**ति**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→अश्व+**अ**+ति
लुगस्यादे०२.१.११३થી અનો લોપ→अश्वति।
વિકલ્પે : अश्व इव आचरतीति।

(૨) **गल्भते** = ધૃષ્ટની જેમ આચરણ કરે છે.
વિકલ્પે : गल्भ इव आचरतीति।

(૩) **क्लीबते** = નપુંસક જેવું આચરણ કરે છે.
વિકલ્પે : क्लीब इव आचरतीति।

(૪) **होडते** = અનાદર કરનારની જેમ આચરણ કરે છે.
વિકલ્પે : होड इव आचरतीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આત્મનેપદનો તે પ્રત્યય લગાડવો.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં गल्भ, क्लीब અને होडથી ङित्‌નો નિર્દેશ કર્યો હોવાથી इङितः०૩.૩.૨૨થી गल्भते, क्लीबते અને होडते એ પ્રમાણે આત્મનેપદ પ્રયોગ જ થાય છે.

क्यङ् ૩.૪.૨૬

અ.અ.સૂ. : कर्तुः उपमानात् आचारे क्यङ् नवा ।

અર્થ : ઉપમાનવાચી કર્ત્તા નામથી આચાર અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **हंसायते** = હંસની જેમ આચરણ કરે છે.
આ સૂત્રથી क्यङ्→हंस+**य**
दीर्घश्चिवय०૪.૩.૧૦૮થી દીર્ઘ→હં**સા**ય
सति ૫.૨.૧૯ વગેરેથી તે→हंसाय+**ते**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→हंसाय+**अ**+ते
लुगस्यादे०૨.૧.૧૧૩થી અનો લોપ→हंसायते।
વિકલ્પે : हंस इवाचरतीति।

વિશેષતા :

(૧) અહીં સૂત્રનિર્દિષ્ટ क्यङ् પ્રત્યયમાં क्य તે क्यन् વગેરે પ્રત્યયની સાથે સમાનતા દર્શાવવા માટે છે. અને ङ् ઈત્ આત્મનેપદ પ્રત્યયોની પ્રાપ્તિ માટે છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે પૂર્વે દર્શાવેલ क्विप् પ્રત્યય અને અહીં દર્શાવેલ क्यङ् પ્રત્યય એ બંને કર્તાવાચી

ઉપમાનનામથી થતાં હોવાથી સમાન વિષયવાળાં જ છે. તેથી તે બંનેમાં ઉત્સર્ગ-અપવાદત્વ ઘટતું નથી. અન્યથા બંનેમાંથી કોઈ પણ એક પ્રત્યય વ્યર્થ જવાની આપત્તિ આવે. આમ, બંને પ્રત્યય વારાફરતી લાગી શકે છે. જેમકે, गल्भायते, गल्भते।

सो वा लुक् च ३.४.२७

અ.અ.સૂ. : सः कर्तुः उपमानात् आचारे क्यङ् नवा, सः च लुक् वा।

અર્થ : સ્કારાન્ત ઉપમાનવાચી કર્ત્તા નામથી આચાર અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે. અને તેનાં યોગમાં સ્નો લુક્ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) पयायते/पयस्यते = દૂધ જેવું આચરણ કરે છે.
આ સૂત્રથી क्यङ् અને સ્નો લોપ→पय+**य**
दीर्घश्चिव्यय०४.३.१०८થી દીર્ઘ→**पयाय**
सति ५.२.१९ વગેરેથી તે→पयाय+**ते**
शव् વગેરે પૂર્વપ્રમાણે થતાં→पयाय**ते**।
વિકલ્પે : જ્યારે સ્નો લોપ ન થાય ત્યારે, पयस्यते।
વિકલ્પે : જ્યારે પ્રત્યય ન લાગે ત્યારે, पय इव आचरतीति।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં ચકાર દ્વારા બે કાર્યનો સમુચ્ચય કરવામાં આવ્યો છે. અને તેનો અર્થ સૂત્રગત સો પદની અનુવૃત્તિ વડે જાણ્યો. તેથી સૂત્રાર્થમાં સ્કારાન્ત પદથી એમ પંચમ્યન્ત અને અન્ત્ય સ્કારનો એમ

ષષ્ઠ્યન્ત એ પ્રમાણે બે વાર સો પદનો સંબંધ કરવામાં આવે છે.

(૨) અહીં સ્કારાન્ત નામથી ક્યઙ્ પ્રત્યય તો પૂર્વસૂત્રથી જ સિદ્ધ હતો. માટે આ સૂત્રનો નિર્દેશ અન્ત્ય સ્કારનાં લોપ માટે જ જાણવો. તથા ચકારનો નિર્દેશ સ્કારાન્ત નામનાં વિષયમાં લોપ અને ક્યઙ્ પ્રત્યયનાં સંનિયોગ માટે છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકાર માત્ર અપ્સરસ્ પદથી જ અન્ત્ય સ્નો લોપ ઇચ્છે છે. પણ અન્ય સ્કારાન્ત પદથી નહીં. તેથી તેઓનાં મતે પયસ્યતે આદિ પ્રયોગ નિત્ય થાય છે.

ओजोऽप्सरसः ३.४.२८

અ.અ.સૂ. : उपमानात् ओजोऽप्सरसः कर्तुः आचारे क्यङ् नवा, सः च लुक्।

અર્થ : ઉપમાનવાચી કર્ત્તા ઓજસ્ અને અપ્સરસ્ નામથી આચાર અર્થમાં ક્યઙ્ પ્રત્યય વિકલ્પે થાય છે. અને તેનાં સંનિયોગમાં સ્નો લુક્ થાય છે.

સ. **ओजोऽप्सरसः** = ओजश्च अप्सरसश्चेति ओजोऽप्सरस्, तस्मादिति।

ઉદા. (૧) **ओजायते** = તેજસ્વી જેવું આચરણ કરે છે.
વિકલ્પે : ओजस्वी इव आचरतीति।

(૨) **अप्सरायते** = અપ્સરા જેવું આચરણ કરે છે.
વિકલ્પે : अप्सरा इव आचरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ पयायते પ્રમાણે જાણવી. પરંતુ क्यङ्प्रत्ययનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, ઓજસ્ શબ્દ 'તેજ' એ પ્રમાણે ભાવાત્મક અર્થમાં વર્તે છે. જે પ્રાયઃ કર્તાની ઉપમામાં સંભવી શકે નહીં. તેથી સ્વાભાવિક રીતે જ અહીં વિગ્રહમાં तद्वान् અર્થાત્ ओजस्विन् શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું છે. અને તેથી ओजायते પ્રયોગનો અર્થ પણ 'તેજસ્વીની જેમ આચરણ કરે છે' એવો પ્રાપ્ત થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકાર ઓજસ્ શબ્દનાં વિષયમાં क्यङ् પ્રત્યયનાં યોગમાં પણ અન્ત્ય સ્નો લોપ વિકલ્પે ઇચ્છે છે. તેથી તેઓનાં મતે ओजायते અને ओजस्यते એમ બે પ્રયોગ સિદ્ધ થાય છે.

च्व्यर्थे भृशादेः स्तोः ३.४.२९

અ.અ.સૂ. : कर्तुः भृशादेः च्व्यर्थे क्यङ् नवा, स्तोः च लुक्।

અર્થ : કર્તાવાચી भृश વગેરે નામથી च्विનાં અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે. અને યથાસંભવ સ્ અને ત્નો લોપ થાય છે.

સ. (૧) **च्व्यर्थे** = च्वेरर्थ इति च्व्यर्थः, तस्मिन्निति।

(૨) **भृशादेः** = भृश आदिर्यस्य स इति भृशादिः, तस्मादिति।

(૩) **स्तोः** = स् च त् चेति स्तौ, तयोरिति।

ઉદા. (૧) **भृशायते** = ઘણું નથી તે ઘણું થાય છે.

વિકલ્પે : अभृशं भृशं भवतीति।

(૨) **उन्मनायते** = ઊંચા મનવાળો નથી. તે ઊંચા મનવાળો થાય છે.

વિકલ્પે : अनुन्मना उन्मना इव भवतीति।

(૩) **वेहायते** = ગર્ભનો નાશ નહીં કરનારી ગર્ભનો નાશ કરનારી થાય છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ ओजायते પ્રમાણે જાણવી. પરંતુ क्यङ् પ્રત્યય આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા.(૧) **कर्तुरित्येव→अभृशं भृशं करोति** = ઘણું નથી તેને ઘણું કરે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્ત્તાવાચી भृश વગેરે નામથી થાય છે. જ્યારે અહીં भृश વગેરે કર્ત્તાવાચી નામ નથી. માટે આ સૂત્રથી क्यङ् પ્રત્યય થયો નહીં.

(૨) **च्व्यर्थ इति किम् ? भृशो भवति** = ઘણું થાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ च्व्यर्थમાં થાય છે. જ્યારે અહીં च्वि અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી क्यङ् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) **भृशादि ગણ :** भृश, उत्सुक, शीघ्र, चपल, पण्डित, अण्डर, कण्डर, फेन, शुचि, नील, हरित, मन्द, मद्र,

भद्र, संश्चत्, तृपत्, रेफत्, रेहत्, वेहत्, वर्चस्, उन्मनस्, सुमनस्, दुर्मनस्, अभिमनस्।

(२) અહીં સૂત્રમાં च्व्यर्थे એ પ્રમાણે च्वि-પ્રત્યયનાં પ્રાગતત્ત્વરૂપ અર્થનો નિર્દેશ કર્યો છે. યદ્યપિ च्वि-પ્રત્યય નિર્દિષ્ટ પ્રાગતત્ત્વ અર્થ भवति અને करोति એમ બે અર્થમાં વર્તે છે. પરંતુ અહીં भवति અર્થ વિશિષ્ટ જ પ્રાગતત્ત્વભાવને च्व्यर्थ તરીકે ગ્રહણ કરવામાં આવ્યો છે. અર્થાત્ પહેલાં તે સ્વરૂપે નહોતું તે હવે તે સ્વરૂપે થાય છે. તે અર્થમાં જ આ સૂત્રથી क्यङ् પ્રત્યય કરવામાં આવ્યો છે. તેનું કારણ એ છે કે અહીં કર્તાવાચી ઉપમાન અર્થથી क्यङ् પ્રત્યયનો નિર્દેશ છે. જે માત્ર भवति - અર્થવિશિષ્ટ च्व्यर्थમાં જ સંભવી શકે છે. કારણકે करोति - અર્થવિશિષ્ટ च्वि-પ્રત્યય તો કર્મથી જ લાગે છે. આમ, પૂર્વસૂત્રથી આવૃત્ત कर्तुः उपमानाद् પદથી करोति અર્થનો વ્યવચ્છેદ કરાય છે.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે च्वि-પ્રત્યય માત્ર પ્રાગતત્ત્વ અર્થમાં જ લાગતો હોવાથી અહીં નિર્દિષ્ટ क्यङ्-પ્રત્યય દ્વારા તેનો બાધ થતો નથી. તેથી भृशायते અને भृशीभवति એમ બંને પ્રયોગ થાય છે.

डाच्-लोहितादिभ्यः षित् ३.४.३०

અ.અ.સૂ. : कर्तृभ्यः डाच्-लोहितादिभ्यः च्व्यर्थे षित् क्यङ् नवा।

અર્થ : ડાચ્ અન્તવાળાં અને લોહિત વગેરે કર્તૃવાચક નામથી च्विનાં અર્થમાં ष् ઇત્વાળો क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. **डाच्-लोहितादिभ्य :** लोहित आदिर्येषां ते इति लोहितादयः, डाच् च लोहितादयश्चेति डाच्-लोहितादयः, तेभ्य इति।

ઉદા. (૧) **डाच् प्रत्ययान्त = पटपटायति/पटपटायते** = પટપટ ન હતું તે પટપટ થાય છે.
अव्यक्ता०७.२.१४५थी डाच् अने द्वित्व→पटत्**पटत्**+**आ**
डाच्यादौ०७.२.१४९थी त्नो लोप→पटपटत्+आ
डित्यन्त्य०२.१.११४थी अत्नो लोप→पटपटा
आ सूत्रथी क्यङ्ष्→पटपटा+**य**
सति ५.२.१९ वगेरेथी ते/ति→पटापटाय+**ते/ति**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→पटपटाय+**अ**+ते/ति
लुगस्यादे०२.१.११३थी अनो लोप→पटपटायते/पटपटायति।
विकल्पे : अपटपटा पटपटा भवति।

(૨) **लोहित वगेरे→लोहितायति/लोहितायते** = જે લાલ ન હતું તે લાલ થાય છે.
विकल्पे : अलोहितो लोहितो भवति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ दीर्घश्चि०४.३.१०८थी तनो अ दीर्घ કરવો.

પ્ર.ઉદા.(૧) **कर्तुरित्येव→अपटपटा पटपटा भवति** = જે પટપટને ન હતું તે પટપટને થાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ डाच् પ્રત્યયાન્ત કર્ત્તાવાચી નામથી થાય છે. જ્યારે અહીં કર્મવાચી નામ છે. માટે આ સૂત્રથી क्यङ्ष् પ્રત્યય થયો નહીં.

(૨) **च्व्यर्थ इत्येव→लोहितो भवति** = લાલ થાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ च्वि નો અર્થ જણાતો હોય તો થાય છે. જ્યારે અહીં च्वि નો અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી क्यङ्ष् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) **લોહિતાદિ ગણ :** લોહિત, જિહ્મ, શ્યામ, ધૂમ, चर्मन्, હર્ષ, ગર્વ, સુખ, દુઃખ, મૂર્ચ્છા, નિદ્રા, કૃપા, કરુણા વગેરે. સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી આના સદૃશ અન્ય પ્રયોગો પણ આ સૂત્રથી સિદ્ધ થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, લોહિતાદિ ગણ અંતર્ગત ધૂમ વગેરે શબ્દો પ્રકૃતિ-વિકારભાવનાં વાચક હોવાથી भवति-અર્થવિશિષ્ટ च्व्यर्थ વિષયભૂત કર્તાવાચી નામ બની શકે નહીં. તેથી સ્વાભાવિક રીતે જ અહીં तद्वान् એવો અર્થ ગ્રહણ કરવો. તેથી अधूमवान् धूमवान् भवति इति धूमायति, धूमायते એ પ્રમાણે પ્રયોગ થશે.

(૩) સૂત્રનિર્દિષ્ટ क्यङ्ष् પ્રત્યયમાં ष् ઇત્ क्यङ्थी આ પ્રત્યયનો ભેદ કરી क्यङ्षो०૩.૩.૪૩માં વિશેષણ માટે છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકાર લોહિતાદિ ગણમાં પણ માત્ર લોહિત શબ્દથી જ षित् क्यङ् પ્રત્યય ઇચ્છે છે. પણ જિહ્મ વગેરે શબ્દથી નહીં.

कष्ट-कक्ष-कृच्छ्र-सत्र-गहनाय-पापे क्रमणे ३.४.३१

अ.अ.सू. : पापे कष्ट-कक्ष-कृच्छ्र-सत्र-गहनाय क्रमणे क्यङ् नवा।

अर्थ : પાપ અર્થમાં વર્ત્તતાં ચતુર્થ્યન્ત કષ્ટ, કક્ષ, કૃચ્છ્ર, સત્ર અને ગહન નામથી ક્રમણ અર્થમાં ક્યઙ્ પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. **कष्ट-कक्ष-कृच्छ्र-सत्र-गहनाय** = कष्टं च कक्षं च कृच्छ्रं च सत्रं च गहनायश्चेति । (पञ्चमी ङस्, सूत्रत्वात् लोपः।)

ઉદા. (૧) **कष्टायते** = પાપ કર્મ માટે પ્રવૃત્તિ કરે છે.
વિકલ્પે : कष्टाय कर्मणे क्रामति।

(૨) **कक्षायते** = પાપ કર્મ માટે પ્રવૃત્તિ કરે છે.
વિકલ્પે : कक्षाय कर्मणे क्रामति।

(૩) **कृच्छ्रायते** = પાપ કર્મ માટે પ્રવૃત્તિ કરે છે.
વિકલ્પે : कृच्छ्राय कर्मणे क्रामति।

(૪) **सत्रायते** = પાપ કર્મ માટે પ્રવૃત્તિ કરે છે.
વિકલ્પે : सत्राय कर्मणे क्रामति।

(૫) **गहनायते** = પાપ કર્મ માટે પ્રવૃત્તિ કરે છે.
વિકલ્પે : गहनाय कर्मणे क्रामति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ लोहितायते પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) चतुर्थीति किम्? रिपुः कष्टं क्रामति = શત્રુ પાપરૂપ પ્રવૃત્તિ કરે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ચતુર્થ્યન્ત કષ્ટ વગેરેથી થાય છે. જ્યારે અહીં દ્વિતીયાન્ત કષ્ટ નામ હોવાથી આ સૂત્રથી ક્યઙ્ થતો નથી.

(૨) **पाप इति किम्? कष्टाय तपसे क्रामति** = કઠિન તપ માટે પ્રવૃત્તિ કરે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પાપ અર્થમાં વર્ત્તતાં કષ્ટ વગેરેથી થાય છે. જ્યારે અહીં પાપ અર્થમાં વર્ત્તતો કષ્ટ શબ્દ નથી. માટે આ સૂત્રથી ક્યઙ્ પ્રત્યય થયો નહીં.

अन्य मत :

કેટલાંક વ્યાકરણકાર पापचिकीर्षा અર્થાત્ પાપકારી કાર્ય કરવાની ઇચ્છા અર્થમાં દ્વિતીયાન્ત નામથી પણ આ સૂત્રથી ક્યઙ્ પ્રત્યય ઇચ્છે છે. તેથી તેઓનાં મતે कष्टं चिकीर्षति इति कष्टायते એવા પ્રયોગ પણ થાય છે.

रोमन्थाद् व्याप्यादुच्चर्वणे ३.४.३२

અ.અ.સૂ. : उच्चर्वणे रोमन्थात् व्याप्यात् क्यङ् नवा।

અર્થ : ખાધેલાં ઘાસ વગેરે દ્રવ્યને વાગોળવું તે ઉચ્ચર્વણ. તે અર્થમાં વર્ત્તતાં રોમન્થ કર્મથી ક્યઙ્ પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **रोमन्थायते गौः** = ગાય ખાધેલાં દ્રવ્યને વાગોળે છે.
વિકલ્પે : रोमन्थमुच्चर्वयति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ कष्टायते પ્રમાણે જાણવી. પરંતુ ક્યઙ્ પ્રત્યય આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. **उच्चर्वण इति किम् ? कीटो रोमन्थं वर्त्तयति** = કીડો ખાધેલાં દ્રવ્યમાં વર્ત્તે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉચ્ચર્વણ અર્થમાં થાય છે. જ્યારે અહીં ઉચ્ચર્વણ અર્થ નથી. માટે આ સૂત્રથી क्यङ् પ્રત્યય થયો નહીં.

फेनोष्म-बाष्प-धूमादुद्वमने ३.४.३३

અ.અ.સૂ. : फेनोष्म-बाष्प-धूमात् व्याप्यात् उद्वमने क्यङ् नवा।

અર્થ : ફેન, ઉષ્મ, બાષ્પ અને ધૂમ કર્મથી ઉદ્વમન અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. **फेनोष्म-बाष्प-धूमात्** = फेनश्च ऊष्मा च बाष्पश्च धूमश्चेति फेनोष्मबाष्पधूमम्, तस्मादिति।

ઉદા. (૧) **फेनायते** = ફીણને બહાર કાઢે છે. फेनमुद्वमति।

(૨) **उष्मायते** = ગરમીને બહાર કાઢે છે. उष्ममुद्वमति।

(૩) **बाष्पायते** = વરાળને બહાર કાઢે છે. बाष्पमुद्वमति।

(૪) **धूमायते** = ધૂમાડાને બહાર કાઢે છે. धूममुद्वमति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ क्यङ् પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકાર धूम શબ્દથી આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે धूमायते પ્રયોગ સિદ્ધ થશે નહીં.

सुखादेरनुभवे ३.४.३४

અ.અ.સૂ. : सुखादेः अनुभवे क्यङ् नवा।

અર્થ : સુખ વગેરે કર્મવાચી નામથી અનુભવ અર્થમાં ક્યઙ્ પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. **सुखादेः** = सुखमादिर्यस्य स इति सुखादिः, तस्मादिति।

ઉદા. (૧) **सुखायते** = સુખને અનુભવે છે. सुखमनुभवति।

(૨) **दुःखायते** = દુઃખને અનુભવે છે. दुःखमनुभवति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ક્યઙ્ પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

(૧) **सुखादि ગણ :** सुख, दुःख, तृप्र, कृच्छ्र, आस्त्र, अलीक, करण, कृपण, सोढ, प्रतीप।

शब्दादेः कृतौ वा ३.४.३५

અ.અ.સૂ. : शब्दादेः व्याप्यात् कृतौ क्यङ् (वा) नवा।

અર્થ : શબ્દ વગેરે કર્મથી પર કરવું અર્થમાં વિભાષાપૂર્વક ક્યઙ્ પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. **शब्दादेः** = शब्द आदिर्यस्य स इति शब्दादिः, तस्मादिति।

ઉદા. (૧) **शब्दायते** = શબ્દ કરે છે. शब्दं करोति।

(૨) **वैरायते** = વૈર કરે છે. वैरं करोति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. ક્યઙ્ પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

(૧) **शब्दादि ગણ :** शब्द, वैर, कलह, ओघ, वेग, युद्ध, अभ्र, कण्व, मम, मेघ, अट, अट्या, अटाट्या, सीका, सोटा, कोटा, पोटा, प्लुष्टा, सुदिन, दुर्दिन, नीहार।

(૨) આ સૂત્ર નિત્ય णिच् પ્રત્યયનાં અપવાદ સ્વરૂપે છે. અર્થાત્ પૂર્વે णिज्बहुलं०૩.૪.૪૨ સૂત્ર દ્વારા शब्दं करोति અર્થમાં णिच् પ્રત્યય જ થતો હતો. પરંતુ હવે આ સૂત્રનાં નિર્દેશથી क्यङ् પ્રત્યય પણ થાય છે. તથા સૂત્રગત વા પદ વ્યવસ્થિત વિભાષા અર્થમાં જાણવો. પણ વિકલ્પ અર્થમાં નહીં. તેથી શિષ્ટ પ્રયોગાનુસારે णिच् અને क्यङ् એમ બંને પ્રત્યયની પ્રવૃત્તિ થાય છે. જેમકે, शब्दं करोतीति शब्दायति/शब्दायते। અને વિકલ્પે વિગ્રહ વાક્ય તો પૂર્વોક્ત નવા નાં અધિકારથી જ પ્રાપ્ત થાય છે.

तपसः क्यन् ૩.૪.૩૬

અ.અ.સૂ. : तपसः व्याप्यात् कृतौ क्यन् नवा।

અર્થ : તપસ્ કર્મથી કરવું અર્થમાં क्यन् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **तपस्यति** = તપશ્ચર્યા કરે છે.
વિકલ્પે : तपः करोतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ क्यन् પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રનાં વિષય તરીકે જ્યારે तपस् શબ્દનો પ્રયોગ થાય ત્યારે क्यन् પ્રત્યયાન્ત तपस्यति

પ્રયોગમાં કર્મ ધાત્વર્થની અંતર્ગત જ આવી જતો હોવાથી તે ધાતુ અકર્મક કહેવાય છે. જેમકે, मुनिः तपस्यति । અને જ્યારે तपस् શબ્દ સંતાપ આદિનો વાચક તરીકે વપરાય છે, ત્યારે क्यन् પ્રત્યયાન્ત ધાતુનું કર્મ ધાત્વર્થ અંતર્ભૂત હોતે છતે પણ અન્ય પણ કર્મ પ્રાપ્ત થતાં તે ધાતુ અકર્મક મનાય છે. જેમકે, शत्रून् तपस्यति।

नमो-वरिवश्चित्रङो-ऽर्चा-सेवा-ऽऽश्चर्ये ३.४.३७

અ.અ.સૂ. : नमो-वरिवश्चित्रङः व्याप्यात् अर्चा-सेवा-ऽऽश्चर्ये क्यन् नवा ।

અર્થ : નમસ્, વરિવસ્ અને ચિત્રઙ્ કર્મથી પર અર્ચા, સેવા અને આશ્ચર્ય અર્થમાં क्यन् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. (૧) **नमो-वरिवश्चित्रङः** = नमश्च वरिवश्च चित्रङ् चेति नमोवरिवश्चित्रङ्, तस्मादिति।

(૨) **अर्चा-सेवा-ऽऽश्चर्ये** = अर्चा च सेवा च आश्चर्यं चेति अर्चासेवाऽऽश्चर्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **नमस्यति** = નમસ્કાર કરે છે. नमः करोति।

(૨) **वरिवस्यति** = સેવા કરે છે. वरिवः करोति।

(૩) **चित्रीयते** = આશ્ચર્ય પમાડે છે. चित्रं करोति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ क्यन् પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

(૧) સૂત્રગત चित्रङ् ધાતુમાં ङ્કાર આત્મનેપદ પ્રત્યયો માટે જાણવો.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, નમસ્યતિ પ્રયોગ નમસ્ અવ્યયને ક્યન્ પ્રત્યય લાગીને બને છે. તેથી, शक्तार्थ-वषड्नमः०૨.૨.૬૮ સૂત્ર દ્વારા નમસ્યતિનાં કર્મને ચતુર્થી વિભક્તિ થવાની પ્રાપ્તિ છે. પરંતુ તે સૂત્રનાં વિવેચનમાં જણાવ્યા મુજબ **उपपदविभक्तेः कारकविभक्तिर्बलीयसी १/४६** ન્યાયાનુસારે અહીં દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ કરવો. પણ ચતુર્થી વિભક્તિનો નહીં.

(૩) અહીં 'नमो०' અને 'अर्चा०' પદનાં વચન અને સંખ્યા સમાન હોવાનાં કારણે **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

★ **णिङ् પ્રત્યયનું વિધાન :**

अङ्गान्निरसने णिङ् ૩.૪.૩૮

અ.અ.સૂ. : अङ्गात् व्याप्यात् निरसने णिङ् नवा।

અર્થ : અંગવાચી એવા કર્મ નામથી પર નિરસન (ફેંકવું) અર્થમાં णिङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **हस्तयते** = હાથ લાંબો કરે છે.
આ સૂત્રથી णिङ्→हस्त+**इ**
त्रन्त्यस्व०૭.૪.૪૩થી અનો લોપ→हस्ति
सति ૫.૨.૧૯ વગેરેથી ते→हस्ति+**ते**
कर्तर्यनद्०૩.૪.૭૧થી शव्→हस्ति+**अ**+ते
नामिनो गुणो०૪.૩.૧થી गुण→**हस्ते**+अ+ते
एदैतोऽ०૧.૨.૨૩થી अय्→**हस्तय**ते।
વિકલ્પે : हस्तौ निरस्यति।

(૨) **पादयते** = પગ લાંબો કરે છે. पादौ निरस्यति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રગત णिङ् પ્રત્યયમાં રહેલ ङ्कार આત્મનેપદ પ્રત્યય માટે જાણવો.

पुच्छादुत्-परि-व्यसने ३.४.३९

અ.અ.સૂ. : पुच्छात् व्याप्यात् उत्-परि-व्यसने णिङ् नवा।

અર્થ : કર્મવાચી પુચ્છ નામથી उदसन, पर्यसन અને व्यसन અર્થમાં णिङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. **उत्-परि-व्यसने** = उच्च परिश्च विश्चेति उत्परिव्यः, उत्परिविभ्योऽसनम् इति उत्परिव्यसनम्, तस्मिन्निति।

ઉદા. (૧) **उत्पुच्छयते** = પૂંછડાને ઊંચે ફેંકે છે. पुच्छम् उदस्यति।

(૨) **परिपुच्छयते** = પૂંછડાંને ચારે બાજુ ફેંકે છે. पुच्छं पर्यस्यति।

(૩) **विपुच्छयते** = પૂંછડાંને વધારે ફેંકે છે. पुच्छं व्यस्यति।

(૪) **पुच्छयते** = પૂંછડાંને ફેંકે છે. पुच्छमस्यति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ णिङ् પ્રત્યય આ સૂત્રથી કરવો.

વિશેષતા :

(૧) અહીં **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ३/१५** ન્યાયાનુસારે સૂત્રગત उत्, परि અને वि એ પ્રમાણે દરેક પદ સાથે असननો અન્વય કરવો.

भाण्डात् समाचितौ ३.४.४०

अ.अ.सू. : भाण्डात् व्याप्यात् समाचितौ णिङ् नवा।

अर्थ : भाण्ड स्वરૂપ કર્મથી એકઠું કરવું અર્થમાં णिङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **सम्भाण्डयते** = વાસણો ભેગા કરે છે.
भाण्डानि समाचिनोतीति।

(૨) **परिभाण्डयते** = ચારે બાજુ વાસણો ભેગા કરે છે.
भाण्डानि परिचिनोतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ णिङ् પ્રત્યય આ સૂત્રથી કરવો.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સમાચયન અર્થ માત્ર सम् અને परि ઉપસર્ગપૂર્વક જ જણાય છે.

चीवरात् परिधाना-ऽऽर्जने ३.४.४१

અ.અ.સૂ. : चीवरात् व्याप्यात् परिधाना-र्जने णिङ् नवा।

અર્થ : ચીવર સ્વરૂપ કર્મથી પર પરિધાન અને અર્જન અર્થમાં णिङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. **परिधाना-र्जने** = परिधानं च अर्जनं चेति परिधाना-ऽऽर्जनम्, तस्मिन्निति।

ઉદા. (૧) **परिचीवरयते** = વસ્ત્રને પહેરે છે. चीवरं परिधत्ते इति।

(૨) **संचीवरयते** = વસ્ત્રને મેળવે છે. चीवरं समर्जयति इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ णिङ् પ્રત્યયનું વિધાન આ સૂત્રથી જ કરવું.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો સંમાર્જન અર્થમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે સંચીવરયતે નો વસ્ત્રનું સંમાર્જન કરે છે. તેવો પણ અર્થ થાય છે.

णिज्बहुलं नाम्नः कृगादिषु ३.४.४२

અ.અ.સૂ. : कृगादिषु नाम्नः णिच् बहुलम्।

અર્થ : कृ વગેરે ધાતુઓનાં અર્થમાં નામથી બહુલતાએ णिच् પ્રત્યય થાય છે.

સ. **कृगादिषु** = कृग् आदिर्येषां ते इति कृगादयः, तेष्विति।

ઉદા. (૧) **मुण्डयतिच्छात्रम्** = વિદ્યાર્થીને મુંડે છે. मुण्डं करोतीति।
આ સૂત્રથી णिच्→मुण्ड+**इ**
त्रन्त्यस्व०७.४.४૩થી अनो लोप→मुण्डि
सति ५.२.१९થી तिव्→मुण्डि+**ति**
कर्त्तर्यनद्०૩.४.७१થી शव्→मुण्डि+**अ**+ति
नामिनो०४.૩.१થી गुण→**मुण्डे**+अ+ति
एदैतोऽ०१.२.२૩થી अय्→मुण्**डय**ति।

(૨) **पटयति** = હોંશિયારને કહે છે. पटुमाचष्टे इति।

(૩) **वृक्षयति** = વૃક્ષને રોપે છે. वृक्षं रोपयति इति।

(૪) **कृतयति** = કરેલાને ગ્રહણ કરે છે. कृतं गृह्णाति इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં बहुलम् નો નિર્દેશ કર્યો હોવાથી आख्यानं समाचष्टे જેવા પ્રયોગમાં આ સૂત્રથી णिच् પ્રત્યય થતો નથી.

नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→अवधि**षा**ताम्।

(c) **आशीः** = **घानिषीष्ट/वधिषीष्ट** = તેના વડે હિંસા કરાય.
આ ઉદા.ની સાધનિકા ઘાનિષ્યતે પ્રમાણે જાણવી. પરંતુ વિકલ્પપક્ષમાં હનો વધ૦ ૪.૪.૨૧થી વધ આદેશ કરવો. અને આશીઃનો સીષ્ટ પ્રત્યય લગાડવો.

(d) **श्वस्तनी:** = **घानिता/हन्ता** = તેનાં વડે હિંસા કરાશે.
આ ઉદા.ની સાધનિકા ઘાનિષ્યતે પ્રમાણે જાણવી. પરંતુ શ્વસ્તનીનો તા પ્રત્યય લગાડવો.

વિશેષતા :

(૧) સૂત્રમાં स्वर-ग्रह्-दृश-हन्भ्यः એ પ્રમાણે વચનભેદ કરવા દ્વારા સ્થાની स्वर००हन्भ्यः અને નિમિત્ત स्यसिजाशीः-श्वस्तन्याम् વચ્ચે **यथासङ्ख्य०१/१०** ન્યાયથી પ્રાપ્ત અનુક્રમનો નિષેધ દર્શાવ્યો છે.

★ **क्य પ્રત્યયનું વિધાન :**

क्यः शिति ३.४.७०

અ.અ.સૂ. : धातोः भाव-कर्मणोः शिति क्यः ।

અર્થ : સર્વ ધાતુઓથી ભાવે અને કર્મણિપ્રયોગમાં વિહિત શિત્ પ્રત્યય પર છતાં क्य પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **ભાવેઃ** = **शय्यते त्वया** = તારા વડે સુવાય છે.
(शीङ्क् स्वप्ने-११०५)
सति ५.२.१९ વગેરેથી તે→શી+**તે**
एताः शितः ૩.૩.૧૦થી તે ને **शित्संज्ञा.**
આ સૂત્રથી क्य→शी+**य**+તે
क्ङिति०४.૩.૧૦૫થી શી નો શય્→**शय्य**તે।

(૨) **કર્મણિ:** = **क्रियते कटः** = કટ કરાયો. (डुकृंग् करणे-८८८)
પૂર્વપ્રમાણે તે વગેરે થતાં→कृ+**ते**
આ સૂત્રથી क्य→कृ+**य**+ते
रिः शक्या०४.३.११०થી ऋનો रि→**क्रि**यते।

પ્ર.ઉદા. **शितीति किम् ? बभूवे** = તે થયો. (भू सत्तायाम्-१)
પરોક્ષે ૫.૨.૧૨ વગેરેથી ए→भू+**ए**
द्विर्धातुः०४.१.१થી દ્વિત્વ→**भू**भू+ए
भूस्वपो०४.१.७०થી ऊનો अ→**भ**भू+ए
द्वितीय-तुर्ययोः०४.१.४२થી भ्નો ब्→**ब**भू+ए
धातोरिवर्णो०२.१.५०થી ऊનો उव्→ब**भूव्**+ए
भुवो वः ४.२.४૩થી उ દીર્ઘ→ब**भूवे**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ शित् પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં शित् પ્રત્યય નથી. માટે આ સૂત્રથી क्य થયો નહીં.

વિશેષતા :

સૂત્રનિર્દિષ્ટ क्य પ્રત્યયમાં क् ઈત્ ગુણનાં અભાવ ઈત્યાદિ कित् કાર્ય કરવા માટે છે.

★ **शव् વગેરે ગણનિર્દિષ્ટ પ્રત્યયનું વિધાન :**

कर्त्तर्यनद्भ्यः शव् ३.४.७१

અ.અ.સૂ. : अनद्भ्यः धातोः कर्त्तरि शिति शव्।

અર્થ : અદાદિ ગણ સિવાયનાં ધાતુઓથી કર્ત્તરિ પ્રયોગમાં વિધાન કરાયેલાં शित् પ્રત્યય પર છતાં शव् પ્રત્યય થાય છે.

સ. **अनद्भ्यः** = न अद्भ्य इति।

ઉદા. (૧) **भवति** = તે થાય છે. (भू सत्तायाम्-१)
આ ઉદા.ની સાધનિકા ૩.૩.૩ સૂત્રમાં દર્શાવેલ છે.

પ્ર.ઉદા.(૧) **कर्त्तरीति किम् ? पच्यते** = તેના વડે રંધાય છે.
(डुपचींष् पाके-८९२)
सति ५.२.१९ વગેરેથી તે→पच्+**ते**
क्यः शिति ૩.૪.૭૦થી क्य→**पच्यते**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્ત્તરિ પ્રયોગમાં થાય છે. જ્યારે અહીં કર્ત્તરિ પ્રયોગ નથી. માટે આ સૂત્રથી शव् પ્રત્યય થયો નહીં.

(૨) **अनद्भ्य इति किम् ? अत्ति** = તે ખાય છે.
(अदंक् भक्षणे-१०५९)
सति ५.२.१९ વગેરેથી तिव्→अद्+**ति**
अघोषे प्रथमो० १.૩.५०થી द्નો त्→**अत्ति**।

★ આ સૂત્રમાં અદાદિ ગણનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી शव् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) **અદાદિ ગણ :** ધાતુપાઠમાં નિર્દિષ્ટ ૧૦૫૯ થી ૧૧૪૩ સુધીનાં ધાતુઓનું ગ્રહણ થાય છે.

(૨) સૂત્ર નિર્દિષ્ટ शव् પ્રત્યયમાં श् ઇત્ શિત્કાર્ય માટે અને व् ઇત્ वित् કાર્ય માટે છે.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, अनद्भ्यः પદમાં આદિ શબ્દનો નિર્દેશ ન હોવા છતાં પણ 'अद् વગેરે ધાતુઓ' એ પ્રમાણે અર્થ કર્યો છે. તે બ.વ.નું ફળ જાણવું.

दिवादेः श्यः ३.४.७२

અ.અ.સૂ. : दिवादेः धातोः कर्त्तरि शिति श्यः।

અર્થ : દિવાદિ ગણનાં ધાતુથી પર કર્ત્તરિ પ્રયોગમાં વિધાન કરાયેલ શિત્ પ્રત્યય પર છતાં શ્ય પ્રત્યય થાય છે.

સ. **दिवादेः** = दिव् आदिर्यस्याऽसौ इति दिवादिः, तस्मादिति।

ઉદા. (૧) **दीव्यति** = તે ક્રીડા કરે છે. (दिवूच् क्रीडा०११४५)
આ સૂત્રથી શ્ય→दिव्+**य**
सति ५.२.१९ વગેરેથી तिव्→दिव्**यति**
भ्वादेर्नामिनो०२.१.६७થી દીર્ઘ→**दी**व्यति।

(૨) **जीर्यति** = તે ઘરડો થાય છે. (जॄष्च् जरसि०११४५)
सति ५.२.१९ વગેરેથી तिव्→जॄ+**ति**
આ સૂત્રથી શ્ય→जॄ+**य**+ति
ऋतां क्ङि०४.४.११२થી ऋનો इर्→**जिर्**+य+ति
भ्वादेर्नामिनो०२.१.६७થી દીર્ઘ→**जी**र्यति।

વિશેષતા :

(૧) **દિવાદિ ગણ :** ધાતુપાઠમાં નિર્દિષ્ટ ૧૧૪૪ થી ૧૨૪૫ સુધીનાં ધાતુઓ જાણવા.

(૨) સૂત્રનિર્દિષ્ટ શ્ય પ્રત્યયમાં શ્ ઇત્ શિત્ કાર્ય માટે જાણવું.

(૩) અહીં દિવાદિ ધાતુઓ અદાદિ ગણનાં ન હોવાથી પૂર્વસૂત્રથી શવ્ પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરીને આ સૂત્રથી શ્ય પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. તેથી આ પૂર્વસૂત્રનું અપવાદ સૂત્ર જાણવું.

भ्रास-भ्लास-भ्रम-क्रम-क्लम-त्रसि-त्रुटि-लषि-यसि-संयसेर्वा ३.४.७३

અ.અ.સૂ. : **भ्रास-भ्लास-भ्रम-क्रम-क्लम-त्रसि-लषि-यसि संयसेः धातोः कर्त्तरि शिति श्यः वा।**

અર્થ : भ्रास्, भ्लास्, भ्रम्, क्रम्, क्लम्, त्रस्, त्रुट्, लष्, यस् અને सम्+यस् धातुथी कर्त्तरि प्रयोगमां श्य प्रत्यय विकल्पे थाय छे.

स. **भ्रास-भ्लास-भ्रम-क्रम-क्लम-त्रसि-त्रुटि-लषि-यसि-संयसेः** = भ्रासश्च भ्लासश्च भ्रमश्च क्रमश्च क्लमश्च त्रसिश्च त्रुटिश्च लषिश्च यसिश्च संयसिश्चेति भ्रासभ्लासभ्रमक्रम-क्लम-त्रसि-त्रुटि लषि-यसि-संयसि, तस्मादिति।

ઉદા. (१) **भ्रास्यते/भ्रासते** = તે પ્રકાશિત થાય છે. (टुभ्रासि दीप्तौ-८४७)
सति ५.२.१९ વગેરેથી તે→भ्रास्+**ते**
આ સૂત્રથી श्य→भ्रा**स्य**ते
विकल्पे : श्य न थाय त्यारे, भ्रास्+ते
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→भ्रा**स**ते।

(२) **भ्लास्यते/भ्लासते** = તે શોભે છે. (टुभ्लासि दीप्तौ-८४८)
सति ५.२.१९ વગેરેથી તે→भ्लास्+ते
આ સૂત્રથી श्य→भ्ला**स्य**ते ।
विकल्पे : श्य न थाय त्यारे, भ्लास्+ते
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→भ्ला**स**ते।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **भ्रमति/भ्राम्यति** = તે ભટકે છે.
(भ्रमूच् अनवस्थाने-१२३४)
सति ५.२.१९ વગેરેથી तिव्→भ्राम्+**ति**
આ સૂત્રથી વિકલ્પે श्य થતાં,
कर्त्तर्य०३.४.७१થી शव्→**भ्रमति**।
વિકલ્પે : જ્યારે शव् ન થાય ત્યારે,
दिवादेः०३.४.७१થી श्य्→भ्रम्+**य**+ति
शम्-सप्त०४.२.१११થી દીર્ઘ→**भ्राम्यति**।

(૪) **क्राम्यति/क्रामति** = તે ચાલે છે. (क्रमू पादविक्षेपे-३८५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ બંને પ્રયોગમાં ક્રમો દીર્ઘ०४.२.१०९થી સ્વર દીર્ઘ કરવો.

(૫) **क्लाम्यति/क्लामति** = તે કરમાય છે.
(क्लमूच् ग्लानौ-१२३७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સ્વરનાં દીર્ઘનું વિધાન ष्ठिवु०४.२.११० સૂત્રથી કરવું.

(૬) **त्रस्यति/त्रसति** = તે ડરે છે. (त्रसैच् भये-११७१)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૭) **त्रुट्यति/त्रुटति** = તે તૂટે છે, છેદે છે.
(त्रुटत् छेदने-१४३७)
सति ५.२.१९ વગેરેથી तिव्→त्रुट्+**ति**
આ સૂત્રથી श्य→**त्रुट्य**ति
વિકલ્પે : જ્યારે श्य ન થાય ત્યારે, त्रुट्+ति
तुदादेः शः ३.४.८१થી श→**त्रुट**ति।

(૮) **लष्यति/लषति** = તે અભિલાષ કરે છે.
(लषीं कान्तौ-९२७)

(૯) **यस्यति/यसति** = તે પ્રયત્ન કરે છે.
(यसूच् प्रयत्ने-१२२२)

(૧૦) **संयस्यति/संयसति** = તે સારી રીતે પ્રયત્ન કરે છે.
આ ઉદા.ની સાધનિકા भ्लास्यते પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ટુભ્રાસિ-૮૪૭, ટુભ્લાસિ-૮૪૮, ક્રમૂ-૩૮૫ અને લષી-૯૨૭ ધાતુ દિવાદિ ગણનાં ન હોવાથી તેમને श्य પ્રત્યયની પ્રાપ્તિ ન હતી. તેમજ, भ्रमूच्-૧૨૩૪, क्लमूच्-૧૨૩૭, त्रसैच्-૧૧૭૧ અને यसूच्-૧૨૨૨ ધાતુઓ દિવાદિ ગણનાં હોવાથી પૂર્વસૂત્રથી श्यની પ્રાપ્તિ હતી. તેને આ સૂત્રથી પ્રાપ્તાપ્રાપ્ત વિભાષાનુસારે વિકલ્પે श्य પ્રત્યય થાય છે.

(૨) અહીં यस् ધાતુનું ગ્રહણ થતું હોવાથી सम्+यस् ધાતુથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ થવાની જ હતી. પણ અન્ય ઉપસર્ગનું વર્જન કરવા માટે सम्+यस्નું પૃથક્ ગ્રહણ કરવામાં આવ્યું છે. તેથી प्रयस्यति વગેરે પ્રયોગમાં નિત્ય श्य પ્રત્યય થાય છે.

कुषि-रञ्जेर्व्याप्ये वा परस्मै च ३.४.७४

અ.અ.સૂ. : कुषि-रञ्जेः धातोः व्याप्ये कर्त्तरि परस्मै वा च (श्यः)।

અર્થ : કુષ્ અને રઞ્જ્ ધાતુથી કર્મકર્ત્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યયનાં વિષયમાં પરસ્મૈપદનાં પ્રત્યયો વિકલ્પે થાય છે. અને તેનાં યોગમાં श्य પ્રત્યય થાય છે.

સ. **कुषि-रञ्जेः** = कुषिश्च रञ्जिश्चेति कुषिरञ्जिः, तस्मादिति।

ઉદા. (૧) (कुष्श् निष्कर्षे-१५६५)

कर्त्तरि : कुष्णाति पादं देवदत्तः =

દેવદત્ત પગને બહાર ખેંચે છે.

कर्मकर्त्तरि = कुष्यति/कुष्यते पादः स्वयमेव =

પગ સ્વયં જ બહાર ખેંચાય છે.

(૨) (रुञ्जीं रागे-८९६)

कर्त्तरि : रजति वस्त्रं रजकः = ધોબી વસ્ત્રને રંગે છે.

कर्मकर्त्तरि : रज्यति/रज्यते वस्त्रं स्वयमेव =

વસ્ત્ર સ્વયં જ રંગાય છે.

★ અહીં પાદ અને વસ્ત્ર રૂપ કર્મ કર્ત્તા સ્વરૂપે બને છે. માટે આ સૂત્રથી कुष् અને रञ्ज् ધાતુને વિકલ્પે પરસ્મૈપદ પ્રત્યયો અને श्य પ્રત્યય થાય છે. તથા, વિકલ્પે एकधातौ०૩.૪.૮૬થી આત્મનેપદ પ્રત્યયો અને क्य પ્રત્યય થયો છે.

પ્ર.ઉદા.(૧) **व्याप्ये कर्त्तरीति किम्? कुष्णाति पादं रोगः** =

રોગ પગને ખેંચે છે.

सति ૫.૨.૧૯થી तिव्→कुष्+**ति**

क्र्यादेः ૩.૪.૭૯થી श्ना→कुष्+**ना**+ति

र-षृवर्णान्नो०૨.૩.૬૩થી न्नो ण्→कु**ष्णा**ति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્મકર્ત્તરિ પ્રયોગમાં થાય છે. જ્યારે અહીં કર્મકર્ત્તરિ પ્રયોગ નથી. માટે આ સૂત્રથી પરસ્મૈપદ પ્રત્યય તથા श्य પ્રત્યય વિકલ્પે થયો નહીં.

(૨) **शितीत्येव→अकोषि** = તેણે ખેંચ્યું.
અદ્યતની ૫.૨.૪ વગેરેથી **अद्यतनीनी** પ્રાપ્તિ.
एकधातौ०૩.૪.૮૬થી ञि અને આત્મનેપદ→कुष्+**इ+त**
भाव-कर्मणोः ૩.૪.૬૮થી तનો લોપ→कुष्+इ
लघोरुपा०૪.૩.૪થી ગુણ→**कोषि**
अट् આગમ વગેરે→**अ**कोषि।

★ આ સૂત્રની પ્રવૃત્તિ शित् પ્રત્યયનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં शित् પ્રત્યયનો વિષય નથી. માટે આ સૂત્રનું કાર્ય થયું નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં કર્મકર્ત્તરિ પ્રયોગનો નિર્દેશ છે. જેમાં एकधातौ०૩.૪.૮૬થી क्य અને આત્મનેપદની પ્રાપ્તિ છે. જેનો બાધ કરીને આ સૂત્રથી વિકલ્પે श्य અને પરસ્મૈપદ પ્રત્યયો થાય છે. તેથી આ સૂત્ર નિર્દિષ્ટ કાર્યો क्य અને આત્મનેપદનાં અપવાદ સ્વરૂપે જાણવા.

(૨) અહીં પરસ્મૈપદનાં યોગમાં श्य પ્રત્યયનું વિધાન છે. તેથી **सन्नियोगशिष्टानामेकापाये ऽन्यतरस्याप्यऽपायः १/૩૦** ન્યાયાનુસારે જ્યાં કર્મકર્ત્તરિ પ્રયોગ અને शित् પ્રત્યયનો વિષય હોવા છતાં પણ પરસ્મૈપદ સંજ્ઞા નહીં હોય તો श्य પ્રત્યય પણ થશે નહીં. જેમકે, कतीह कुष्णाः पादाः, कुष्यन्ते इत्येवंशीलः એ પ્રમાણેનાં વિગ્રહાનુસારે અહીં वयः शक्ति०૫.૨.૨૪થી शान પ્રત્યય થાય છે.

જિ. : અહીં श्य પ્રત્યય લાગ્યા પછી પણ कुष्यन्ति, रज्यन्ति જેવા ગુણરહિત પ્રયોગો જ થાય છે. અને પહેલેથી જ

સિદ્ધ એવા क्य પ્રત્યયનાં વિષયમાં વિકલ્પે પરસ્મૈપદનું વિધાન કરવાથી તેવા જ પ્રયોગો સિદ્ધ થતાં હતાં તો અહીં श्य પ્રત્યયનો નિર્દેશ શા માટે કર્યો?

સમા. : જ્યારે વર્તમાન કૃદન્તનો પ્રયોગ કરવામાં આવે ત્યારે श्य પ્રત્યયાન્ત ધાતુથી श्य-शवः ૨.૧.૧૧૫ સૂત્રથી शतृ પ્રત્યયનો अन्त् આદેશ પ્રાપ્ત થાય છે. તેથી कुष्यन्ती, रज्यन्ती આદિ પ્રયોગો સિદ્ધ થાય છે. જો क्य પ્રત્યયથી જ વિકલ્પે પરસ્મૈપદનો નિર્દેશ કરવામાં આવે તો अन्त् આદેશ નહીં થવાથી कुष्यती, रज्यती જેવા અનિષ્ટ પ્રયોગો સિદ્ધ થાત.

स्वादेः श्नुः ૩.૪.૭૫

અ.અ.સૂ. : **स्वादेः धातोः कर्त्तर शिति श्नुः।**

અર્થ : સ્વાદિ ગણનાં ધાતુઓથી કર્ત્તરિ પ્રયોગમાં शित् પ્રત્યય પર છતાં श्नु પ્રત્યય થાય છે.

સ. **स्वादेः** = सुरादिर्यस्य स इति स्वादिः, तस्मादिति।

ઉદા. (૧) **सुनोति** = તે સ્નાન કરે છે. (षुंग्ट् अभिषवे-૧૨૮૬)
षः सोऽष्ट्यै०૨.૩.૯૮થી ष्नो स्→**सु** ધાતુ
सति ૫.૨.૧૯ વગેરેથી तिव्→सु+**ति**
આ સૂત્રથી श्नु→सु+**नु**+ति
उ-श्नोः ૪.૩.૨થી ગુણ→सु**नो**ति।

(૨) **सिनोति** = તે બાંધે છે. (षिंग्ट् बन्धने-૧૨૮૭)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **સ્વાદિ ગણ :** ધાતુપાઠમાં નિર્દિષ્ટ ૧૨૮૬થી ૧૩૧૪ સુધીનાં ધાતુઓનું ગ્રહણ થાય છે.

(૨) સૂત્ર નિર્દિષ્ટ શ્નુ પ્રત્યયમાં શ્ ઇત્ શિત્ કાર્ય કરવા માટે છે.

वाऽक्षः ३.४.७६

અ.અ.સૂ. : अक्षः धातोः कर्त्तरि शिति श्नुः वा।

અર્થ : અક્ષ્ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યય પર છતાં શ્નુ પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. (૧) अक्ष्णोति/अक्षति = તે વ્યાપે છે/એકઠું કરે છે.
(अक्षौ व्याप्तौ-૫૭૦)
सति ૫.૨.૧૯ વગેરેથી तिव्→अक्ष+**ति**
આ સૂત્રથી શ્નુ→अक्ष+**नु**+ति
उ-श्नोः ૪.૩.૨થી ગુણ→अक्ष+**नो**+ति
र-ॠवर्णान्नो०૨.૩.૬૩થી न्नो ण्→अक्ष्**णो**ति।
વિકલ્પે : જ્યારે શ્નુ ન થાય ત્યારે, अक्ष्+ति
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→अ**क्षति**।

વિશેષતા :

(૧) સૂત્રનિર્દિષ્ટ અક્ષ્ ધાતુ સ્વાદિ ગણનો ન હોવાથી પૂર્વસૂત્રથી શ્નુની પ્રાપ્તિ ન હતી. તેની વિકલ્પે પ્રાપ્તિ કરવા આ સૂત્રનો નિર્દેશ છે. એ પ્રમાણે આગામી સૂત્રમાં પણ જાણવું.

तक्षः स्वार्थे वा ३.४.७७

अ.अ.सू. : स्वार्थे तक्षः धातोः कर्त्तरि शिति श्नुः वा।

अर्थ : स्वार्थ = પાતળું કરવું એ અર્થમાં વર્ત્તતાં તક્ષ્ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યય પર છતાં શ્નુ પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **तक्ष्णोति/तक्षति** = તે પાતળું કરે છે. (तक्षौ तनूकरणे-५७१) આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ अक्ष्णोति પ્રમાણે જાણવી. પરંતુ શ્નુ પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **स्वार्थ इति किम् ? संतक्षति शिष्यम्** =
શિષ્યને ઠપકો આપે છે.
सति ५.२.१९ વગેરેથી तिव्→सम्+तक्ष्+**ति**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→सम्+तक्षति
तौ मु-मो०१.३.१४થી अनुस्वार→**सं**तक्षति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ તક્ષ્ ધાતુ સ્વાર્થમાં વર્ત્તતો હોય તો થાય છે. જ્યારે અહીં સ્વાર્થમાં વર્ત્તતો તક્ષ્ ધાતુ નથી. માટે આ સૂત્રથી શ્નુ પ્રત્યય થયો નહીં.

स्तम्भू-स्तुम्भू-स्कम्भू-स्कुम्भू-स्कोः श्ना च ३.४.७८

अ.अ.सू. : स्तम्भू-स्तुम्भू-स्कम्भू-स्कुम्भू-स्कोः धातोः कर्त्तरि शिति श्ना च(श्नुः)।

अर्थ : स्तम्भू, स्तुम्भू, स्कम्भू અને स्कुम्भू આ સૌત્ર ધાતુથી તેમજ स्कु ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યય પર છતાં શ્ના અને શ્નુ પ્રત્યય થાય છે.

સ. **स्तम्भू-स्तुम्भू-स्कम्भू-स्कुम्भू-स्कोः** = स्तम्भूश्च स्तुम्भूश्च स्कम्भूश्च स्कुम्भूश्च स्कुश्चेति स्तम्भू-स्तुम्भू-स्कम्भू-स्कुम्भू-स्कु, तस्मादिति।

ઉદા. (૧) **स्तभ्नाति/स्तभ्नोति** = તે રોકે છે. (स्तम्भू रोधनार्थः १९८५-सौत्र)
सति ५.२.१९ વગેરેથી तिव्→स्तम्भ्+**ति**
આ સૂત્રથી श्ना→स्तम्भ्+**ना**+ति
नोव्यञ्जन०४.२.४५થી म्नो लोप→स्त**भ्ना**ति।
તથા, આ સૂત્રથી श्नु→स्तम्भ्+**नु**+ति
नोव्यञ्जन०४.२.४५થી म्नो लोप→स्तभ्+नु+ति
उ-श्नोः ४.३.२થી ગુણ→स्तभ्**नो**ति।

(૨) **स्तुभ्नाति/स्तुभ्नोति** = તે રોકે છે. (स्तुम्भू रोधनार्थः १९८६ सौत्र)

(૩) **स्कभ्नाति/स्कभ्नोति** = તે રોકે છે. (स्कम्भू रोधनार्थः १९८७ सौत्र)

(૪) **स्कुभ्नाति/स्कुभ्नोति** = તે રોકે છે. (स्कुम्भू रोधनार्थः १९८८ सौत्र)

(૫) **स्कुनाति/स्कुनोति** = તે ઉદ્ધાર કરે છે.
(स्कुंग्श् आप्रवणे-१५१४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્ર નિર્દિષ્ટ श्ना પ્રત્યયમાં श् ઇત્ शित् કાર્ય માટે છે.

(૨) અહીં નિર્દેશ કરેલાં ધાતુઓ ધાતુપાઠમાં બતાવ્યાં નથી. તેથી આ સૂત્ર દ્વારા જ તેની પ્રાપ્તિ થતાં તેઓને સૌત્ર

ધાતુ કહેવાય છે. તથા તે ધાતુમાં જે ऊ ઈત્ કર્યો છે. તેનાં દ્વારા ઊદિતો વા ૪.૪.૪૨ સૂત્રથી क्त्वा, क्त અને क्तवतु પ્રત્યય પર છતાં વિકલ્પે इट્ની પ્રાપ્તિ છે. જેમકે, स्तब्ध्वा।

(૩) યદ્યપિ શ્નાનાં ગ્રહણથી શ્નુની અનુવૃત્તિ અટકી જાય છે. પણ સૂત્રમાં નિર્દિષ્ટ ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે પ્રથમાન્ત શ્નાનાં સજાતીય શ્નુનું અનુકર્ષણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે શ્નુનો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

क्र्यादेः ૩.૪.૭૯

અ.અ.સૂ. : **क्र्यादेः धातोः कर्त्तरि शिति श्ना।**

અર્થ : ક્રયાદિ ગણનાં ધાતુઓથી કર્ત્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યય પર છતાં શ્ના પ્રત્યય થાય છે.

સ. **क्र्यादेः** = क्री आदिर्यस्य स इति क्र्यादिः, तस्मादिति।

ઉદા. (૧) **क्रीणाति** = તે ખરીદે છે. (डुक्रींग्श् द्रव्य०૧૫૦૮)
सति ૫.૨.૧૯ વગેરેથી तिव्→क्री+**ति**
આ સૂત્રથી શ્ના→क्री+**ना**+ति
र-षृवर्णान्नो०૨.૩.૬૩થી न्નો ण्→क्री**णा**ति।

(૨) **प्रीणाति** = તે ખુશ થાય છે. (प्रींग्श् तृप्ति०૧૫૧૦)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **ક્રયાદિ ગણ :** ધાતુપાઠમાં નિર્દિષ્ટ ૧૫૦૮ થી ૧૫૬૭ સુધીનાં ધાતુઓનું ગ્રહણ થાય છે.

★ हि प्रत्ययनां आन आदेशनुं विधान :

व्यञ्जनाच्छ्नाहेरानः ३.४.८०

अ.अ.सू. : व्यञ्जनात् श्ना-हेः कर्त्तरि आनः ।

अर्थ : व्यंजनान्त धातुथी पर रहेलां श्ना प्रत्ययनी साथे पंचमी विभक्तिनां हि प्रत्ययनो कर्त्तरि प्रयोगमां आन आदेश थाय छे.

स. **श्नाहेः** = श्ना युक्ता हिरिति श्नाहि, तस्येति।

उदा. (१) **पुषाण** = तुं पुष्ट कर. (पुष्श् पुष्टौ-१५६४)
प्रैषाऽनुज्ञा०५.४.२९ वगेरेथी हि→पुष्+**हि**
क्र्यादेः ३.४.७९थी श्ना→पुष्+**ना**+हि
आ सूत्रथी ना+हिनो आन→पुष्+**आन**
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→पुषा**ण**।

(२) **मुषाण** = तुं चोरी कर. (मुष्श् स्तेये-१५६३)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

प्र.उदा. **व्यञ्जनादिति किम् ? लुनीहि** = तुं काप.
(लूगश् छेदेने-१५१९)
प्रैषाऽनुज्ञा०५.४.२९थी हि→लू+**हि**
आ सूत्रथी श्ना→लू+**ना**+हि
प्वादेर्ह्रस्वः ४.२.१०५थी ह्रस्व→**लु**+ना+हि
एषामी०४.२.९७थी ई→लु**नी**हि।

★ आ सूत्रनी प्रवृत्ति व्यञ्जनान्त धातुथी थाय छे. ज्यारे अहीं स्वरान्त धातु छे. माटे आ सूत्रथी आन आदेश थयो नहीं.

★ **શવ્ વગેરે ગણ નિર્દિષ્ટ પ્રત્યયનું વિધાન :**

तुदादेः शः ३.४.८१

અ.અ.સૂ. : तुदादेः धातोः कर्त्तरि शिति शः।

અર્થ : તુદાદિ ગણનાં ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યય પર છતાં શ પ્રત્યય થાય છે.

સ. **तुदादेः** = तुद् आदिर्यस्य स इति तुदादिः, तस्मादिति।

ઉદા. (૧) **तुदति/तुदते** = તે દુઃખી કરે છે. (तुदींत् व्यथने-૧૩૧૫) સતિ ૫.૨.૧૯ વગેરેથી तिव्/ते→तुद्+**ति/ते** આ સૂત્રથી શ→**तुद**ति/**तुद**ते।

વિશેષતા :

(૧) **તુદાદિ ગણ :** ધાતુપાઠમાં નિર્દિષ્ટ ૧૩૧૫ થી ૧૪૭૨ સુધીનાં ધાતુઓનું ગ્રહણ થાય છે.

(૨) સૂત્ર નિર્દિષ્ટ શ પ્રત્યયમાં શ્ ઇત્ શિત્કાર્ય માટે છે.

रुधां स्वराच्छ्नो न लुक् च ३.४.८२

અ.અ.સૂ. : रुधां स्वरात् कर्त्तरि शिति श्नः, न लुक् च।

અર્થ : રુધાદિ ગણનાં ધાતુથી સ્વરથી પર, કર્ત્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યય પર છતાં શ્ન પ્રત્યય થાય છે. તે શ્નનાં યોગમાં પ્રકૃતિનાં ન્નો લુક્ થાય છે.

ઉદા. (૧) **रुणद्धि** = તે રોકે છે. (रुधृंपी आवरणे-૧૪૭૩) સતિ ૫.૨.૧૯ વગેરેથી तिव्→रुध्+**ति** આ સૂત્રથી શ્ન→**रुन**ध्+ति

अधश्चतुर्थात्०२.१.७९थी ध्→रुनध्+**धि**
तृतीयस्तृतीय०१.३.४९थी ध्नो द्→रुन**द्धि**
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→रु**ण**द्धि।

(२) **हिनस्ति** = તે હિંસા કરે છે. (हिसुप् हिंसायाम्-१४९४)
उदितः स्वरा०४.४.९८थी हिन्स् धातु
सति ५.२.१९ वगेरेथी तिव्→हिन्स्+**ति**
આ સૂત્રથી श्न અને न्नो लोप→हि**न**स्ति।

વિશેષતા :

(१) અહીં સૂત્રમાં श्ना પ્રત્યય અને પ્રકૃતિનાં न्नो लोप એમ બે કાર્યનો નિર્દેશ છે. જેનો चકારથી અન્વાચય કરવામાં આવે છે. અહીં ધ્યાનમાં લેવું કે, સામાન્યતઃ એક સાથે નિર્દિષ્ટ બે કાર્ય વચ્ચે સંનિયોગશિષ્ટતા પ્રાપ્ત થતી હોવાથી **सन्नियोगशिष्टानामेकापाये० १/३०** ન્યાયને અનિત્ય કરવા દ્વારા સન્નિયોગ- શિષ્ટતાનો નિષેધ કરીને અન્વાચય કરવામાં આવે છે. તેથી સૂત્રનિર્દિષ્ટ श्न અને પ્રકૃતિનાં न्नो लोप એમ બે કાર્યમાંથી કોઈ એક કાર્ય પણ થઈ શકે છે. જેને અન્વાચય કહેવાય છે. પરંતુ સૂત્રમાં श्नનાં યોગમાં પ્રકૃતિનાં न्नાં લોપનો નિર્દેશ કર્યો હોવાથી न्नो लोप તો श्नનાં યોગમાં જ થશે. જેમકે, हिनस्ति પણ અન્વાચયનાં બળથી न्नાં લોપનાં અભાવમાં श्न પ્રત્યય હોઈ શકે છે. જેમકે, रुणद्धि।

(२) સૂત્ર નિર્દિષ્ટ श्न પ્રત્યયમાં श् ઈત્ શિતકાર્ય માટે જાણવું.

(३) **रुधादि गण :** ધાતુપાઠ નિર્દિષ્ટ ૧૪૭૩ થી ૧૪૯૮ સુધીનાં ધાતુઓનું ગ્રહણ થાય છે.

कृग्-तनादेरुः ३.४.८३

અ.અ.સૂ. : कृग्-तनादेः धातोः कर्त्तरि शिति उः।

અર્થ : कृ અને तनादि ગણનાં ધાતુઓથી કર્ત્તરિ પ્રયોગમાં शित् પ્રત્યય પર છતાં उ પ્રત્યય થાય છે.

સ. **कृग्-तनादेः** = तन् आदिर्यस्य स इति तनादिः, कृग् च तनादिश्चेति कृग-तनादि, तस्मादिति।

ઉદા. (૧) **करोति** = તે કરે છે. (डुकृंग् करणे-८८८)
सति ५.२.१९ વગેરેથી तिव्→कृ+**ति**
આ સૂત્રથી उ→कृ+**उ**+ति
नामिनो गुणो०४.३.१થી ગુણ→**कर्**+उ+ति
उ-श्नोः ४.३.२થી ગુણ→**करो**ति।

(૨) **तनोति** = તે વિસ્તારે છે. (तनूयी विस्तारे-१४९९)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **तनादि ગણ :** ધાતુપાઠ નિર્દિષ્ટ ૧૪૯૯ થી ૧૫૦૭ સુધીનાં ધાતુનું ગ્રહણ થાય છે.

(૨) અહીં कृ ધાતુને तनादि ગણ અંતર્ગત ગ્રહણ કર્યો નથી અને ધાતુપાઠમાં તેનો भ्वादि ગણમાં નિર્દેશ કર્યો છે. તેથી અહીં કરેલાં વિધાન સામર્થ્યથી તેને उ પ્રત્યય થાય છે. જેમકે, करोति તથા, भ्वादि ગણ અંતર્ગત કરેલો સમાવેશ વ્યર્થ ન જાય તે માટે शव् પ્રત્યય પણ થાય છે. જેમકે, करति।

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારનાં મતે તનાદિ ગણમાં જ કૃ ધાતુનો નિર્દેશ છે. તેથી તેઓનાં મતે કરતિ રૂપ ન થતાં તન્ભ્યો વા૦૪.૩.૬૮ સૂત્રથી અદ્યતનીમાં અકૃત, અકૃષ્ટ એમ બે રૂપની પ્રાપ્તિ થાય છે. પરંતુ સ્વમતે તો ધુડ્હ્રસ્વા૦૪.૩.૭૦થી નિત્ય અકૃત એ પ્રમાણે એક જ રૂપ થાય છે.

★ **ઞિ, क्य અને આત્મનેપદનું વિધાન :**

सृजः श्राद्धे ञि-क्या-ऽऽत्मने तथा ३.४.८४

અ.અ.સૂ. : सृजः धातोः श्राद्धे कर्त्तरि ञि-क्या-ऽऽत्मने तथा।

અર્થ : सृज् ધાતુથી પર શ્રદ્ધાવાન્ કર્ત્તા જણાતે છતે કર્ત્તરિ પ્રયોગમાં જે પ્રમાણે પૂર્વે વિધાન કરાયેલાં છે, તે પ્રમાણે ઞિ, क्य અને આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **ञि-क्या-ऽऽत्मने** = ञिश्च क्यश्च आत्मनेपदं चेति (પ્રથમા સિ, સૂત્રત્વાત્ લોપઃ)

ઉદા. (૧) असर्जि मालां धार्मिकः = ધાર્મિકે માળા બનાવી.
(सृजंत् विसर्गे-१३४९)
અદ્યતની ૫.૨.૪ વગેરેથી त→सृज्+**त**
આ સૂત્રથી ञित्→सृज्+**इ**+त
અને तનો લોપ→सृज्+इ
लघोरुपा०४.३.४થી ગુણ→**सर्जि**
अड् धातो०४.४.२९થી अट् આગમ→**अ**सर्जि।

(૨) **सृज्यते मालां धार्मिकः** = ધાર્મિકે માળા બનાવી.
સતિ ૫.૨.૧૯થી **વર્ત્તમાનાની** પ્રાપ્તિ.
આ સૂત્રથી क्य અને આત્મનેપદ પ્રત્યયો→
સૃજ્+**य**+**ते**→સૃજ્યતે।

(૩) **स्रक्ष्यते मालां धार्मिकः** = ધાર્મિકે માળા બનાવી.
ભવિષ્યન્તી ૫.૩.૪થી **ભવિષ્યન્તી**ની પ્રાપ્તિ.
આ સૂત્રથી આત્મનેપદ સ્યતે→સૃજ્+**स्यते**
अः સૃજો૦૪.૪.૧૧૧થી અ આગમ→સૃ+**अ**+જ્+સ્યતે
ઇવર્ણાદે૦૧.૨.૨૧થી ઋનો ર્→**स्र**જ્+સ્યતે
યજ-સૃજ૦૨.૧.૮૭થી જ્નો ષ્→**स्रष्**+સ્યતે
ષઢોઃ૦૨.૧.૬૨થી ક્→**स्रक्**+સ્યતે
નામ્યન્તસ્થા૦૨.૩.૧૫થી સ્નો ષ્→સ્રક્ષ્યતે।

પ્ર.ઉદા. **श्राद्ध इति किम्? व्यत्यसृष्ट माले मिथुनम्** =
મિથુને પરસ્પર બે માળા બનાવી.
અદ્યતની ૫.૨.૪ વગેરેથી ત→વ્યતિ+સૃજ્+**त**
સિજદ્યતન્યામ્ ૩.૪.૫૩થી સિચ્→વ્યતિ+સૃજ્+**स्**+ત
ધુડ્હ્રસ્વા૦૪.૩.૭૦થી સ્નો લોપ→વ્યતિ+સૃજ્+ત
યજ-સૃજ૦૨.૧.૮૭થી ષ્→વ્યતિ+સૃ**ष्**+ત
તવર્ગસ્ય૦૧.૩.૬૦થી ત્નો ટ્→વ્યતિસૃ**ष्ट**
અડ્ ધાતો૦૪.૪.૨૯થી અટ્ આગમ→વ્યતિ+**अ**+સૃષ્ટ
ઇવર્ણાદે૦૧.૨.૨૧થી ઇનો ય્→વ્ય**त्य**સૃષ્ટ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ શ્રદ્ધાવાન્ કર્ત્તા હોતે છતે થાય છે. જ્યારે અહીં ભોગ વિષયક કર્ત્તા છે. માટે આ સૂત્રથી ઞિચ્ વગેરે પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં તથા પદનો નિર્દેશ કર્યો છે. જેનો ભાવ એ પ્રમાણે થાય છે કે, 'જે પ્રમાણે પૂર્વે વિધાન કરાયેલું છે, તે પ્રમાણે સૂત્રનિર્દિષ્ટ કાર્ય કરવું.' તેથી અદ્યતની વિભક્તિમાં પૂર્વે �ञિच् તે૦ ૩.૪.૬૬ સૂત્ર દ્વારા ञિच્નો નિર્દેશ કર્યો હોવાથી त પર છતાં ञિच् અને तનો લોપ અદ્યતનીમાં જ થશે. તથા, क्यः૦૩.૪.૭૦ સૂત્ર દ્વારા शित् પ્રત્યય પર છતાં क्यનો નિર્દેશ હોવાથી क्य પ્રત્યય शित् પર છતાં જ થશે. અને આત્મનેપદ તમામ સૂત્રથી થશે.

(૨) અહીં સૂત્રમાં ञિ એ પ્રમાણે **निरनुबन्धग्रहणे सामान्येन** ૨/૫ ન્યાયાનુસારે ञિच्, ञिट् બંને પ્રત્યયનું ગ્રહણ થાય છે.

तपेस्तपःकर्मकात् ૩.૪.૮૫

અ.અ.સૂ. : तपः कर्मकात् तपेः धातोः कर्त्तरि ञिक्यात्मने तथा।

અર્થ : તપસ્ કર્મવાળાં તપ્ ધાતુથી કર્ત્તરિ પ્રયોગમાં જે પ્રમાણે પૂર્વે વિધાન કરાયેલાં છે. તે પ્રમાણે ञિ, क्य અને આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **तपःकर्मकात्** = तपः कर्म यस्य स इति तपःकर्मकः, तस्मादिति ।

ઉદા. (૧) **तप्यते तपः साधुः** = સાધુએ તપ તપ્યો.(तपं सन्तापे-૩૩૩) આ સૂત્રથી क्य અને આત્મને→तप्+**य+ते**

(૨) **तेपे तपः साधुः** = સાધુ તપ તપ્યો.

પ્ર.ઉદા. (૧) **तप इति किम् ? उत्तपति स्वर्णं स्वर्णकारः** = સ્વર્ણકાર સુવર્ણને તપાવે છે.
सति ૫.૨.૧૯ વગેરેથી तिव्→उद्+तप्+**ति**
कर्तर्यनद्०૩.૪.૭૧થી शव्→उद्+तप्+**अ**+ति
अघोषेप्रथमो०૧.૩.૫૦થી द्નો त्→उत्तपति ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ तपस् કર્મ હોતે છતે થાય છે. જ્યારે અહીં तपस् કર્મ નથી. માટે આ સૂત્રથી क्य અને આત્મનેપદનાં પ્રત્યયો થયાં નહીં.

(૨) **कर्मेति किम् ? तपः साधुं तपति** = તપ સાધુને તપાવે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ तपस् કર્મ તરીકે હોય તો થાય છે. જ્યારે અહીં तपस् કર્મ તરીકે નથી. માટે આ સૂત્રથી ञि, क्य અને આત્મનેપદ પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, પૂર્વસૂત્રથી ञिक्यात्मनेनો અધિકાર આવે છે. પરંતુ આગામી तपःकर्त्रनुतापे०૩.૪.૯૧ સૂત્રથી ञिच् પ્રત્યયનો નિષેધ થાય છે. માટે ञिच् પ્રત્યયાન્ત પ્રયોગ અહીં દર્શાવેલ નથી.

एकधातौ कर्मक्रिययैकाकर्मक्रिये ૩.૪.૮૬

અ.અ.સૂ. : एकधातौ कर्मक्रियया एकाऽकर्मक्रिये धातोः कर्त्तरि ञि-क्या-ऽत्मने तथा ।

અર્થ : એક જ ધાતુમાં, પૂર્વે જોવાયેલી એવી કર્મમાં રહેલી ક્રિયા સાથે વર્ત્તમાનમાં અભિન્ન એવી અકર્મક ક્રિયાવાળાં

કર્મ-કર્તૃરૂપ કર્ત્તરિ પ્રયોગમાં ધાતુથી યથાવિહિત ઞિ, ક્ય અને આત્મનેપદનાં પ્રત્યયો થાય છે.

સ. (૧) **एकधातौ** = एकश्चासौ धातुश्चेति एकधातुः, तस्मिन्निति।

(૨) **कर्मक्रियया** = कर्मस्था क्रिया इति कर्मक्रिया, तया इति।

(૩) **एकाऽकर्मक्रिये** = न विद्यते कर्म यस्यां सा इति अकर्मा, एका अकर्मा क्रिया यस्य स इति एकाऽकर्मक्रियः, तस्मिन्निति।

ઉદા. (૧) **कर्त्तरि : चैत्रः कटमकार्षीत्** = ચૈત્રે કટ કર્યો.
(डुकृंग् करणे-८८८)
कर्मकर्त्तरिमां ञि→अकारि कटः स्वयमेव =
કટ સ્વયં જ બની ગયો.

(૨) **कर्त्तरि : चैत्रः कटं करोति** = ચૈત્ર કટને કરે છે.
कर्मकर्त्तरिमां क्य→कटः क्रियते स्वयमेव =
કટ સ્વયં જ બને છે.

(૩) **कर्त्तरि : चैत्रः कटं करिष्यति** = ચૈત્ર કટને કરશે.
कर्मकर्त्तरिमां आत्मने→कटः करिष्यते स्वयमेव =
કટ સ્વયં જ બનશે.

★ આ ઉદા.માં કૃ ધાતુનું કર્મ (કટ) કર્ત્તા સ્વરૂપે થયેલ છે. તેથી કૃ ધાતુ અકર્મક થાય છે. અને જે પૂર્વે કટ બનવાની ક્રિયા ચાલતી હતી. તથા વર્તમાનકાળે પણ તે ક્રિયા ચાલુ છે. માટે આ સૂત્રથી ઞિચ્, ક્ય અને આત્મનેપદ પ્રત્યયની પ્રાપ્તિ થાય છે.

પ્ર.ઉદા. **एकधाताविति किम्?**
कर्त्तरि : चैत्रः ओदनं पचति = ચૈત્ર ચોખા રાંધે છે.

कर्मकर्त्तरि : ओदनं सिध्यति स्वयमेव =
ભાત જાતે જ સીઝે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સમાન ધાતુનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સમાન ધાતુનો વિષય નથી. માટે આ સૂત્રથી ञि વગેરે પ્રત્યયો થયાં નહીં. કર્ત્તારૂપ પરતંત્રતાનાં અભાવ દ્વારા સ્વતંત્રતાની વિવક્ષામાં તે જાતે જ તે ક્રિયાનો કર્ત્તા પણ થાય છે. માટે જ તે પ્રમાણે કર્મકર્ત્તરિ પ્રયોગ કરેલ છે.

पचि-दुहेः ३.४.८७

અ.અ.સૂ. : एकधातौ कर्मक्रियया एकाऽकर्मक्रिये पचि-दुहेः धातोः ञि-क्याऽऽत्मने तथा।

અર્થ : એક જ ધાતુમાં, પૂર્વે જોવાયેલી કર્મમાં રહેલી ક્રિયા સાથે વર્તમાનમાં અભિન્ન એવી અકર્મક અને સકર્મક ક્રિયાવાળાં કર્મકર્ત્તારૂપ કર્ત્તરિ પ્રયોગમાં पच् અને दुह् ધાતુથી (યથાવિહિત) ञि, क्य અને આત્મનેપદ પ્રત્યયો થાય છે.

સ. **पचि-दुहेः** = पचिश्च दुहिश्चेति पचि-दुहि, तस्मादिति।

ઉદા. (૧) અકર્મક पच् धातु : (डुपचींष् पाके-८९२)
कर्त्तरि : चैत्रः ओदनमपाक्षीत् = ચૈત્રે ચોખા રાંધ્યાં.
કર્મકર્ત્તરિમાં ञिच्→ओदनोऽपाचि स्वयमेव =
ચોખા જાતે જ રંધાયાં.
कर्त्तरि : चैत्रः ओदनं पचति = ચૈત્ર ચોખા રાંધે છે.

કર્મકર્ત્તરિમાં क्य→ओदनः पच्यते स्वयमेव =
ચોખા સ્વયં જ રંધાય છે.
કર્ત્તરિ : चैत्रः ओदनं पक्ष्यति = ચૈત્ર ચોખા રાંધશે.
કર્મકર્ત્તરિમાં આત્મને→ओदनः पक्ष्यते स्वयमेव =
ચોખા જાતે જ રંધાશે.

★ આ ઉદા.માં કર્મકર્ત્તરિ પ્રયોગમાં पच् ધાતુથી અદ્યતનીનાં પ્રત્યય, शित् પ્રત્યય પર છતાં અને ભવિષ્યન્તીનાં પ્રત્યય પર છતાં पच् ધાતુથી આ સૂત્રાનુસારે અનુક્રમે भाव-कर्मणोः ૩.૪.૬૮, क्यः शिति ૩.૪.૭૦ અને तत् साप्या०૩.૩.૨૧માં ञिच्, क्य અને આત્મનેપદ પ્રત્યયો થયાં છે. તે પ્રમાણે ઉત્તર ઉદા.માં જાણવું.

(૨) **અકર્મક दुह् ધાતુ :** (दुहींक् क्षरणे-૧૧૨૭)
કર્ત્તરિ : अधुक्षत् गां गोपालकः =
ગોવાળીયાએ ગાયને દોહી.
કર્મકર્ત્તરિમાં ञिच्→अदोहि गौः स्वयमेव =
ગાય સ્વયં જ દોહવાઈ.
કર્ત્તરિ : दोग्धि गां गोपालकः =
ગોવાળીયા ગાયને દોહે છે.
કર્મકર્ત્તરિમાં આત્મને = दुग्धे गौः स्वयमेव =
ગાય સ્વયં જ દોહવાય છે.
અહીં ભૂષાર્થ-सन्०૩.૪.૯૩ સૂત્ર દ્વારા शित् પ્રત્યયનાં વિષયમાં થતાં क्यનો નિષેધ કરેલ હોવાથી માત્ર આત્મનેપદનો પ્રયોગ થયેલ છે. અન્યથા दुग्ध्ये આવો અનિષ્ટ પ્રયોગ થાત.

कर्त्तरि : अधुक्षत् गां गोपालकः =
ગોવાળીયાએ ગાયને દોહી.
कर्मकर्त्तरिमां आत्मने→अदुग्ध गौः स्वयमेव =
ગાય સ્વયં જ દોહવાઈ.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં દુહ્ ધાતુથી ઞિ, क्य અને આત્મનેપદ એ પ્રમાણે ત્રણનો નિર્દેશ કર્યો છે. પરંતુ આગામી न कर्मणा०૩.૪.૮૮ સૂત્ર દ્વારા કર્મનાં યોગમાં ઞિચ્નો નિષેધ કરવામાં આવશે. તથા स्वर-दुहो०૩.૪.૯૦થી દુહ્ ધાતુથી વિકલ્પે ઞિચ્નો નિષેધ થાય છે. અને भूषार्थ-सन्०૩.૪.૯૩ સૂત્રથી क्य પ્રત્યયનો નિષેધ કરવામાં આવે છે. તેથી અહીં સૂત્રગત ઉદા.માં अपाचि ओदनः स्वयमेव ઇત્યાદિ ઞિચ્ સહિત અકર્મક પ્રયોગો અને दुग्धे गौः स्वयमेव ઇત્યાદિ क्य રહિત સકર્મક પ્રયોગો દર્શાવ્યાં છે.

(૨) પૂર્વસૂત્રથી જ તમામ અકર્મક ધાતુથી ઞિ, क्य અને આત્મનેપદ સિદ્ધ જ છે. તેથી, આ સૂત્રનો નિર્દેશ સકર્મક पच् અને દુહ્ ધાતુ માટે જ જાણવો. યદ્યપિ જો માત્ર અકર્મક पच् અને દુહ્ ધાતુનો નિર્દેશ કરવામાં આવે તો **तक्रकौण्डिन्यः** ન્યાયથી અકર્મક पच् અને દુહ્ ધાતુનાં વિષયમાં પૂર્વસૂત્ર દ્વારા પણ ઞિ, क्य, આત્મનેપદ થશે નહીં. તેથી, અહીં ટીકામાં સકર્મક અને અકર્મક એમ બંને पच् અને દુહ્ ધાતુનો નિર્દેશ કરવામાં આવ્યો છે. હવે, અકર્મક पच् અને દુહ્ ધાતુથી પણ આ સૂત્ર દ્વારા જ પ્રવૃત્તિ કરવી.

(૩) અહીં સૂત્રમાં સકર્મક પચ્ અને દુહ્ ધાતુનો નિર્દેશ કર્યો છે. જ્યારે પૂર્વદૃષ્ટકર્મ સ્વયં જ કર્ત્તા સ્વરૂપે બને છે, ત્યારે તે કર્મની અપેક્ષાએ તે અકર્મકપણાંને જ પામે છે. તેથી અહીં સકર્મકપણું પૂર્વદૃષ્ટ ધાતુની અપેક્ષાએ ધાતુની દ્વિકર્મકતાને આશ્રયીને સમજવું. અર્થાત્ પૂર્વદૃષ્ટ ધાતુ જો દ્વિકર્મક હશે તો તેનું એક કર્મ સ્વયં કર્ત્તા સ્વરૂપે બનતાં અન્ય કર્મને આશ્રયીને તેની સકર્મકતા પ્રાપ્ત થશે. તથા, પચ્ ધાતુ અંતર્ભૂતણ્યર્થને આશ્રયીને દ્વિકર્મક જાણવો. જેને કર્મકર્ત્તરિ પ્રયોગમાં લખતાં अपक्तोदुम्बरः फलं पच्यते स्वयमेव એવું અકર્મકપણું પ્રાપ્ત થશે. તથા, गां दोग्धि पयः એ પ્રમાણે દુહ્ ધાતુ સ્વયં જ દ્વિકર્મક છે. તેનો કર્મકર્ત્તરિ પ્રયોગ गोपालकः दुग्धे पयः गौः स्वयमेव।

★ **ञिच् પ્રત્યયનો નિષેધ :**

न कर्मणा ञिच् ૩.૪.૮૮

અ.અ.સૂ. : कर्मणा पचि-दुहेः धातोः एकधातौ कर्मक्रियया एकाऽकर्मक्रिये धातोः ञिच् न।

અર્થ : પચ્ અને દુહ્ ધાતુથી કર્મનો યોગ હોતે છતે હમણાં જ કહેવાયેલ કર્મકર્ત્તરિ (એક જ ધાતુમાં, પૂર્વે જોવાયેલી કર્મમાં રહેલી ક્રિયા સાથે વર્ત્તમાનમાં અભિન્ન એવી અકર્મક અને સકર્મક ક્રિયાવાળાં કર્મકર્તૃરૂપ કર્ત્તરિ) પ્રયોગમાં ञिच् પ્રત્યય થતો નથી.

ઉદા. (૧) कर्त्तरि : अपाक्षीत् उदुम्बरं फलं वायुः =
વાયુએ ઉદુમ્બરનાં ફલને પકાવ્યું.

कर्मकर्त्तरि : अपक्तोदुम्बरः फलं स्वयमेव =
ઉદુમ્બરનું ફલ સ્વયં પકાયું.

(૨) **कर्त्तरि : अधुक्षत् गां पयो गोपालकः** =
ગોવાળે ગાયનાં દૂધને દોહ્યું.
कर्मकर्त्तरि : अदुग्ध गौः पयः स्वयमेव =
ગાયનું દૂધ સ્વયં દોહાયું.

★ અહીં પચ્ અને દુહ્ ધાતુમાં અનુક્રમે ફલ અને પયસ્ સ્વરૂપ કર્મનો યોગ હોવાથી પૂર્વસૂત્રથી પ્રાપ્ત ઞિચ્ પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થાય છે. અને અદ્યતની પ્રયોગમાં પૂર્વસૂત્રથી માત્ર આત્મનેપદ પ્રત્યયો થાય છે.

પ્ર.ઉદા.(૧) **कर्मणेति किम् ?**
कर्त्तरि : चैत्रः ओदनमपाक्षीत् = ચૈત્રે ચોખા રાંધ્યાં.
कर्मकर्त्तरि : अपाच्योदनः स्वयमेव = ચોખા સ્વયં રંધાયાં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્મનો યોગ હોતે છતે થાય છે. જ્યારે અહીં કર્મનો યોગ નથી. માટે આ સૂત્રથી ઞિચ્ પ્રત્યયનો નિષેધ થયો નહીં.

(૨) **अनन्तरोक्ते कर्त्तरीत्येव→**
कर्त्तरि : अपाचि उदुम्बरः फलं वायुना =
વાયુ વડે ઉદુમ્બરનું ફળ પકાવાયું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અનંતર ઉક્ત કર્મકર્તૃરૂપ કર્ત્તરિ પ્રયોગમાં થાય છે. જ્યારે અહીં અનંતર ઉક્ત કર્મ-કર્ત્તરિ પ્રયોગ નથી. માટે આ સૂત્રથી **भाव-कर्मणोः** ૩.૪.૬૮થી પ્રાપ્ત ઞિચ્નો નિષેધ થયો નહીં.

रुधः ३.४.८९

અ.અ.સૂ. : रुधः धातोः एकधातौ कर्मक्रियया एकाऽकर्मक्रिये कर्त्तरि ञिच् न।

અર્થ : રુધ્ ધાતુથી અનંતર ઉક્ત કર્મકર્ત્તરિ (એક જ ધાતુમાં, પૂર્વે જોવાયેલી કર્મમાં રહેલી ક્રિયા સાથે હમણાં અભિન્ન એવી અકર્મક ક્રિયાવાળાં કર્મકર્તૃરૂપ કર્ત્તરિ) પ્રયોગમાં ञिच् પ્રત્યય થતો નથી.

ઉદા. **સાદું વાક્ય : अरौत्सीत् गां चैत्रः =**
ચૈત્ર ગાયને રોકતો હતો. (रुधृंपी आवरणे-१४७३)
કર્મકર્ત્તરિ : अरुद्ध गौः स्वयमेव =
ગાય સ્વયં જ રૂકી.

★ અહીં રુધ્ ધાતુમાં एकधातौ०३.४.८६થી પ્રાપ્ત ञिच् પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થાય છે.

स्वर-दुहो वा ३.४.९०

અ.અ.સૂ. : एकधातौ कर्मक्रियया एका अकर्मक्रिये स्वर-दुहः धातोः व्याप्ये कर्त्तरि ञिच् वा।

અર્થ : સ્વરાન્ત અને દુહ્ ધાતુથી અનંતર ઉક્ત કર્મકર્ત્તરિ (એક જ અને સકર્મક ક્રિયાવાળાં કર્મકર્તૃરૂપ કર્ત્તરિ) પ્રયોગમાં ञिच् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. **स्वर-दुहः** = स्वरश्च दुह् चेति स्वरदुह्, तस्मादिति।

ઉદા. (૧) **સાદું વાક્ય : अकार्षीत् कटं चैत्रः =**
ચૈત્રે કટ કર્યો. (डुकृंग् करणे-८८८)

कर्मकर्त्तरि : अकृत/अकारि कटः स्वयमेव =
કટ સ્વયં કરાયો.

★ અહીં પૂર્વે કહેલ એવા કર્મકર્ત્તારૂપ કર્ત્તરિ પ્રયોગમાં કૃ ધાતુથી एकधातौ०૩.૪.૮૬થી પ્રાપ્ત ञिच् પ્રત્યયનો વિકલ્પ આ સૂત્રથી કર્યો છે.

(૨) **साद्धं वाक्य : अधाक्षीत् गां गोपालकः =**
ગોવાળે ગાયને દોહી.
कर्मकर्त्तरि : अदुग्ध/अदोहि गौः स्वयमेव =
ગાય સ્વયં દોહવાઈ.

★ અહીં પૂર્વ કહેલ કર્મકર્ત્તરિ પ્રયોગમાં दुह् ધાતુથી पचि-दुहेः ૩.૪.૮૭થી પ્રાપ્ત ञिच् પ્રત્યયનો આ સૂત્રથી વિકલ્પ કર્યો છે.

तपः कर्त्रनुतापे च ૩.૪.૯૧

અ.અ.સૂ. : कर्त्रनुतापे च (एकधातौ कर्मक्रियया एकाऽकर्मक्रिये कर्त्तरि) तपः धातोः कर्त्तरि ञिच् न ।

અર્થ : હમણાં જ કહેવાયેલ કર્મકર્ત્તરિ (એક જ ધાતુમાં પૂર્વે જોવાયેલી એવી કર્મમાં રહેલી ક્રિયા સાથે અભિન્ન એવી અકર્મક ક્રિયાવાળાં કર્મ કર્ત્તારૂપ) કર્ત્તરિ પ્રયોગમાં, તથા અનુતાપ અર્થ જણાતે છતે (ભાવે અને કર્મણિ પ્રયોગમાં) तप् ધાતુથી ञिच् પ્રત્યય થતો નથી.

સ. **कर्त्रनुतापे** = कर्त्ता च अनुतापश्चेति कर्त्रनुतापम्, तस्मिन्निति।

ઉદા. (૧) **કર્મકર્ત્તરિ :** (तपं संतापे-३३३)

कर्त्तरि : चैत्रः कितवं अन्ववातप्त =
ચૈત્રે ધૂર્ત્તને પીડા આપી.

कर्मकर्त्तरि : कितवः अन्ववातप्त स्वयमेव =
ધૂર્ત્ત સ્વયં જ પીડા પામ્યો.

(૨) **કર્ત્તરિ પ્રયોગ : अतप्त तपांसि साधुः** =
સાધુઓ તપ તપ્યાં.

(૩) **ભાવે પ્રયોગ : अन्वतप्त चैत्रेण** =
ચૈત્ર વડે પશ્ચાતાપ કરાયો.

(૪) **કર્મણિ પ્રયોગ : अन्ववातप्त पापः स्वकर्मणा** =
પાપીએ પોતાનાં કર્મ વડે પશ્ચાતાપ કર્યો.

★ અહીં ઉદા. ૧માં કર્મકર્ત્તરિમાં एकधातौ०૩.૪.૮૬થી પ્રાપ્ત, ઉદા. ૨ કર્ત્તરિ પ્રયોગમાં तपेस्तपः०૩.૪.૮૫થી પ્રાપ્ત તથા, ઉદા. ૩, ૪ ભાવે અને કર્મણિ પ્રયોગમાં भाव-कर्मणोः ૩.૪.૬૮થી ञिच્ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્ર દ્વારા નિષેધ થતાં અદ્યતની પ્રયોગમાં માત્ર આત્મનેપદ પ્રત્યયો થયાં છે.

વિશેષતા :

અહીં સૂત્રમાં માત્ર અનુતાપ અર્થનું જ ગ્રહણ કર્યું છે. પણ કર્મણિ અને ભાવે પ્રયોગનું નહીં. પરંતુ चકાર દ્વારા કર્મકર્ત્તરિ અને કર્ત્તરિ પ્રયોગનો સમુચ્ચય કરીને પૃથક્ નિર્દેશ કર્યો છે. તે જ જણાવે છે કે, અનુતાપ અર્થ ભાવે અને કર્મણિ પ્રયોગમાં લેવાયો છે. તેથી સૂત્રાર્થમાં અનુતાપ અર્થ પૂરતું પણ કર્મણિ અને ભાવે પ્રયોગનું ગ્રહણ થાય છે.

णि-स्नु-श्र्यात्मनेपदाऽकर्मकात् ३.४.९२

अ.अ.सू. : एकधातौ कर्मक्रियया एका अकर्मक्रिये व्याप्ये कर्त्तरि णि-स्नुश्र्यात्मनेपदाऽकर्मकात् धातोः ञिच् न।

अर्थ : હમણાં જ કહેવાયેલ કર્મકર્ત્તરિ (એક જ ધાતુમાં, પૂર્વે જોવાયેલી એવી કર્મમાં રહેલી ક્રિયા સાથે અભિન્ન એવી અકર્મક ક્રિયાવાળાં કર્મકર્ત્તારૂપ કર્ત્તરિ) પ્રયોગમાં णयन्त ધાતુઓ, स्नु, श्रि અને આત્મનેપદની વિધિમાં અકર્મક ધાતુઓથી ञिच् પ્રત્યય થતો નથી.

स. **णि-स्नु-श्र्यात्मनेपदाकर्मकात्** = न विद्यते कर्म येषां ते इति अकर्मकाः, आत्मनेपदे अकर्मकाः, आत्मने-पदाकर्मकाः, णिश्च स्नुश्च श्रिश्च आत्मनेपदाकर्मकाश्चेति णिस्नुश्र्यात्मनेपद-कर्मकम्, तस्मादिति।

उदा. (१) **प्रेरककर्त्तरि : अपीपचत् ओदनं चैत्रेण मैत्रः** =
મૈત્રે ચૈત્રની પાસે ચોખા રંધાવ્યાં.
कर्मकर्त्तरि : अपीपचत ओदनं स्वयमेव =
ચોખા સ્વયં જ રંધાયા. (डुपचींष् पाके-८९२)

(२) **स्नुः प्रास्नावीत् गां देवदत्तः** = દેવદત્તે ગાયને ઝરાવી. (स्नुक् प्रश्नवने-१०८३)
कर्मकर्त्तरि : प्रास्नोष्ट गौः स्वयमेव = ગાય સ્વયં ઝરી.

(३) **श्रिः उदशिश्रियत् दण्डं दण्डी** =
દંડીએ દંડ ઊંચો કર્યો. (श्रिग् सेवायाम्-८८३)
कर्मकर्त्तरि : उदशिश्रियत दण्डः स्वयमेव =
દંડ સ્વયં ઊંચો થયો.

(૪) **આત્મનેપદમાં અકર્મક :** (डुकृंग् करणे-८८८)
व्यकार्षीत् सैन्धवं चैत्रः = ચૈત્રએ ઘોડાને સુંદર ચલાવ્યો.
व्यकृत सैन्धवः स्वयमेव = ઘોડો સ્વયં સુંદર ચાલ્યો.

★ અહીં ણ્યન્ત, સ્નુ, શ્રુ અને આત્મનેપદમાં અકર્મક એવા ધાતુને કર્મકર્ત્તરિ પ્રયોગમાં एकधातौ०३.४.८६થી ञिच्‌ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થાય છે.

★ **ञि-क्य प्रत्ययनो निषेध :**

भूषार्थ-सन्-किरादिभ्यश्च ञि-क्यौ ३.४.९३

અ.અ.સૂ. : एकधातौ कर्मक्रियया एका अकर्मक्रिये व्याप्ये कर्त्तरि भूषार्थ-सन्-किरादिभ्यः च (णि-स्नु-श्र्यात्मनेपदा-ऽकर्मकात्) धातोः ञि-क्यौ न।

અર્થ : હમણાં જ કહેવાયેલ કર્મકર્ત્તરિ (એક જ ધાતુમાં, પૂર્વે જોવાયેલી એવી કર્મમાં રહેલી ક્રિયા સાથે અભિન્ન એવી અકર્મક ક્રિયાવાળાં કર્મકર્ત્તા રૂપ કર્ત્તરિ) પ્રયોગમાં ભૂષાર્થક, સન્નત ધાતુઓ તેમજ कृ વગેરે ધાતુઓ, ણ્યન્ત ધાતુ, સ્નુ, શ્રિ અને આત્મનેપદમાં અકર્મક ધાતુઓથી ञि અને क्य પ્રત્યયો થતાં નથી.

સ. (૧) **भूषार्थ-सन्-किरादिभ्यः** = भूषा अर्थो येषां ते इति भूषार्थाः, किर आदिर्येषां ते इति किरादयः, भूषार्थाश्च सन्‌च किरादयश्चेति भूषार्थायसन्‌किरादयः, तेभ्य इति।

(૨) **ञि-क्यौ** = ञिश्च क्यश्चेति।

ઉદા. (૧) **ભૂષાર્થક :** (डुकृंग् करणे-८८८)

(a) **अलमकार्षीत् कन्यां चैत्रः** = ચૈત્રે કન્યાને શણગારી.
अलङ्कृत कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાઈ.

(b) **अलङ्करोति कन्यां चैत्रः** = ચૈત્રે કન્યાને શણગારે છે.
अलङ्कुरुते कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાય છે.

(૨) **सन् પ્રત્યયાન્ત ધાતુઓ :**

(a) **अचिकीर्षीत् कटं चैत्रः** = ચૈત્રે કટ કરવાની ઇચ્છા કરી.
अचिकीर्षिष्ट कटः स्वयमेव =
કટ સ્વયં કરવાની ઇચ્છાનો વિષય બન્યો.

(b) **चिकीर्षति कटं चैत्रः** = ચૈત્રે કટ કરવાને ઇચ્છે છે.
चिकीर्षते कटः स्वयमेव =
કટ સ્વયં કરવાની ઇચ્છાનો વિષય બને છે.

(૩) **किरादि ગણ :**

(a) **अकारीत् पांसुं करी** = હાથીએ ધૂળ ફેંકી.
अकीर्ष्ट पांसुः स्वयमेव = ધૂળ સ્વયં ફેંકાઈ.

(b) **अगारीत् ग्रासं चैत्रः** = ચૈત્રે કોળિયો ખાધો.
अगीर्ष्ट ग्रासः स्वयमेव = કોળિયો સ્વયં ખવાયો.

(૪) **णयन्त ધાતુઓ :** (णिग् અને णिच्)

(a) **कारयति कटं चैत्रः** = ચૈત્ર સાદડી કરાવે છે.
कारयते कटः स्वयमेव = કટ સ્વયં જ કરાય છે.

(b) **चोरयति गां चैत्रः** = ચૈત્ર ગાયને ચોરાવે છે.
चोरयते गौः स्वयमेव = ગાય સ્વયં જ ચોરાય છે.

(૫) **स्नु ધાતુઓ :** (स्नुक् પ્રશ્નવને-૧૦૮૩)

(a) **प्रस्नौति गां चैत्रः** = ચૈત્ર ગાયને ઝરાવે છે.
प्रस्नुते गौः स्वयमेव = ગાય સ્વયં ઝરે છે.

(૬) **श्रि ધાતુઓ :** (श्रिग् सेवायाम्-૮૮૩)
उच्छ्रयति दण्डं दण्डी = દંડી દંડ ઊંચો કરે છે.
उच्छ्रयते दण्डः स्वयमेव = દંડ સ્વયં ઊંચો થાય છે.

(૭) **આત્મનેપદમાં અકર્મક :** (डुकृंग् करणे-८८८)

विकरोति सैन्धवान् चैत्रः =
ચૈત્ર ઘોડાઓને સુંદર ચલાવે છે.
विकुर्वते सैन्धवाः स्वयमेव =
ઘોડાઓ સ્વયં સુંદર ચાવે છે.

અહીં કર્મકર્ત્તરિ પ્રયોગમાં ભૂષાર્થક अलम्+कृ, सन्नत कृ વગેરે ધાતુઓને एकधातौ०૩.૪.૮૬થી ञिच् અને क्यની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્ર દ્વારા નિષેધ થયો છે. અને ૩.૪.૮૬ સૂત્રથી અદ્યતનીમાં અને शित् પ્રત્યયનાં વિષયમાં માત્ર આત્મનેપદ પ્રત્યયો થયાં છે.

વિશેષતા :

(૧) **निरनुबन्धग्रहणे सामान्येन ૨/૫** ન્યાયાનુસારે ञिનાં ગ્રહણથી ञिच् અને ञिट् બંને પ્રત્યયોનો નિષેધ થાય છે.

(૨) અહીં भूषयति, मण्डयति ઈત્યાદિ ધાતુઓ ભૂષાર્થક થાય છે. અને ण्यन्त પણ છે. તેથી તેઓનાં બંનેમાં સમાવેશ થવાની શક્યતા છે. પરંતુ અહીં भृ.वृ. આદિમાં કહેવાયેલાં ભૂષાર્થક ઉદા. આત્મનેપદી દર્શાવવામાં આવ્યા છે. તેથી તેઓનાં વિષયમાં ण्यन्तत्वेन પ્રવૃત્તિ ન કરતાં ભૂષાર્થક ધાતુ તરીકે ञिट्નો પણ પ્રતિષેધ થાય છે.

(૩) यद्यपि भूषार्थ-सन्-किरादिभ्यः નાં ગ્રહણથી णि-स्नु-श्रु-आत्मनेपदाकर्मकात्નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત चકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्स-जातीयमेव०૨/૬૧** ન્યાયાનુસારે णि...कर्मकात्નો અધિકાર આ સૂત્રમાં ગ્રહણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ણ્યન્ત, સ્નુ, શ્રુ અને આત્મનેપદી અકર્મક ધાતુથી ઝિટ્ પ્રત્યયનો પણ પ્રતિષેધ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે ઝિટ્ વિનાના પ્રયોગો જ સિદ્ધ થાય છે.

જિ. : અહીં ણ્યન્ત, શ્રુ, સ્નુ અને આત્મનેપદ અકર્મક ધાતુનું ગ્રહણ કર્યું છે. તેથી આ સૂત્ર દ્વારા જ ઝિચ્ પ્રત્યયનો નિષેધ થઈ જવાનો હતો. તો તેનું પૃથક્ ગ્રહણ શા માટે કર્યું?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ આ રીતે પૃથક્ નિર્દેશ કરવા દ્વારા ગ્રંથકારશ્રી એક વિશેષ વાત જણાવવા માંગે છે : ણ્યન્ત, સ્નુ, શ્રિ અને આત્મનેપદ અકર્મક ધાતુનો નિર્દેશ હોવા છતાં પણ આ સૂત્રથી તેનાં ઝિટ્નો નિષેધ ન કરવો. પણ પૂર્વસૂત્રથી તેનાં ઝિચ્નો જ નિષેધ થશે. યદ્યપિ અહીં ઝિટ્ સિવાયનાં ક્યનો નિષેધ આ સૂત્રથી જાણવો. જેમકે, કારયતે અન્યથા તેઓનું ગ્રહણ વ્યર્થ જવાની આપત્તિ આવે.

અહીં સ્નુ ધાતુનું અંતર્ભૂત ણ્યર્થતાને આશ્રયીને સકર્મકપણું જાણવું. તેથી તેને આશ્રયીને કર્મકર્ત્તરિ પ્રયોગ થાય છે.

★ ઝિ-ક્ય આત્મનેપદનું વિધાન :

करणक्रियया क्वचित् ३.४.९४

અ.અ.સૂ. : एकधातौ करणक्रियया एका अकर्मक्रिये कर्त्तरि झिक्यात्मने तथा क्वचित्।

અર્થ : એક ધાતુમાં, પૂર્વે જોવાયેલી કરણમાં રહેલી ક્રિયા સાથે અભિન્ન પણ હમણાં અકર્મક ક્રિયાવાળાં કર્ત્તરિ પ્રયોગમાં

ક્યારેક ञि, क्य અને આત્મનેપદ પ્રત્યયો જે પ્રમાણે પૂર્વે કહ્યા છે તે પ્રમાણે થાય છે.

સ. **करणक्रियया** = करणस्था क्रिया इति करणक्रिया, तया इति।

ઉદા. **परिवारयन्ते कण्टकैः पुरुषाः वृक्षम्** =
પુરુષો કાંટા વડે વૃક્ષને વીંટે છે.
परिवारयन्ते कण्टकाः वृक्षं स्वयमेव =
કાંટા સ્વયં વૃક્ષને વીંટળાય છે.
અહીં ઉદા.માં ક્રિયાનું કરણ તે કર્ત્તા સ્વરૂપ બનતાં આ સૂત્રથી ञिच्, क्य અને આત્મનેપદ પ્રત્યયો થાય છે.

પ્ર.ઉદા. **क्वचिदिति किम्? साधु असिना छिनत्ति** =
તલવાર વડે સારું છેદે છે.
साधु असिः छिनत्ति = તલવાર સ્વયં સારું છેદે છે.

★ આ સૂત્રમાં क्वचित्નું ગ્રહણ હોવાથી અહીં કરણ તે કર્ત્તા બનવા છતાં પણ આ સૂત્રથી ञि વગેરે પ્રત્યયો થયાં નહીં.

॥ इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे तृतीयेऽध्याये चतुर्थः पादः समाप्तः ॥

શ્લોક : **प्रतापतपनः[1] कोऽपि, मौलराजेर्नवोऽभवत्,।**
रिपुस्त्रीमुखपद्मानां न सेहे यः किल श्रियम्॥

---

૧. આ શ્લોકોને સ્વતંત્ર કાવ્ય તરીકે સં.સૌ. (પરિ-પુસ્તિકા)માં સંપાદિત કરેલ છે. તેનો અર્થ, અન્વય, સમાસ વગેરે ત્યાંથી જ જાણી લેવા.

• • •

અભ્યાસ-૧

૫૦ માર્ક્સ

પ્ર.૧. નીચે દર્શાવેલ સૂત્રોનાં અર્થ લખો. ૧૦

(૧) ૩.૪.૨૧ (૨) ૩.૪.૮૭ (૩) ૩.૪.૯૨ (૪) ૩.૪.૨૫
(૫) ૩.૪.૪૬

પ્ર.૨. નીચેનાં ન્યાયોની સમજૂતી ઉદા. સહિત જણાવો. ૧૫

(૧) तिवाशवानु० (૨) प्रकृतिवद० (૩) सन्निपातलक्षणो०
(૪) आद्यन्तवदे० (૫) अनन्तरस्यैव०

પ્ર.૩. નીચેનાં ધાતુમાં यङ् પ્રત્યય લાગે છે કે નહીં તે જણાવી કયા-કયા અર્થમાં લાગે છે તે જણાવો. ૧૫

(૧) धे (૨) पठ् (૩) कट (૪) एज् (૫) गम् (૬) हस् (૭) ऊष्
(૮) चर् (૯) जप् (૧૦) मूत्र (૧૧) अश् (૧૨) भिद् (૧૩) यत्
(૧૪) सिच् (૧૫) पच्

પ્ર.૪. નીચેનાં વાક્યોમાંથી નામધાતુ બનાવી તેની સાધનિકા લખો. ૧૦

(૧) તે ગોવાળને કહે છે.
(૨) તે રાજાની જેમ આચરણ કરે છે.
(૩) તે શ્વેત થાય છે.
(૪) તે પાપકર્મ માટે પ્રવૃત્તિ કરે છે.
(૫) તે શ્વેતાશ્વ વડે આક્રમણ કરે છે.

• • •

અભ્યાસ-૨

- નીચેનાં કોષ્ટકની ખાલી જગ્યા પૂરો.

ધાતુ	ઉદા.	અર્થ	પ્રત્યય	પ્રયોગ	પ્રત્યય કરનારું સૂત્ર
_____	अरार्यते	_____	_____	_____	_____
द्रम	_____	_____	_____	यङन्त	_____
_____	_____	ते નિંદા કરવાને ઇચ્છે છે.	_____	_____	_____
_____	मधुलेहति	_____	_____	_____	_____
_____	_____	નિસ્તેજસ્વી તેજસ્વી થાય છે.	_____	_____	_____
जप्	_____	_____	_____	यङलुबन्त	_____
_____	लवणयति	_____	_____	_____	_____
_____	_____	સાવદ્ય અન્નનો ત્યાગ કરે છે.	_____	_____	_____
_____	श्वेतयति	_____	_____	_____	_____
_____	दंदशीति	_____	_____	_____	_____
उछ्	_____	_____	णव्	_____	_____
_____	विदांकरवाणि	_____	_____	_____	_____
द्विष्	_____	_____	दि्	अद्यतनी	_____
_____	औजढत्	_____	_____	_____	_____
_____	अश्वयीत्	_____	_____	_____	_____
ऋ	_____	_____	_____	यङलुबन्त	_____
पुष्	_____	_____	त	अद्यतनी	_____
_____	अशायि	_____	_____	_____	_____
_____	_____	વસ્ત્ર સ્વયં રંગાય છે.	_____	_____	_____
स्तम्भ्	_____	તે રોકે છે.	_____	_____	_____
कित्	_____	_____	_____	_____	_____
_____	अवाप्यते	_____	_____	_____	_____
ऊर्णु	_____	_____	_____	यङन्त	_____
_____	सनीस्रंसः	_____	_____	_____	_____
_____	भवामहे	_____	_____	_____	_____
_____	_____	તે રમાડે છે.	_____	_____	_____
_____	_____	પુત્રને ઇચ્છે છે.	काम्य	_____	_____

कर्त्तरिमां आत्मनेपद विधि करनार सूत्रनुं कोष्टक

सूत्र	धातु	अन्य अर्थादि निमित्त	विकल्पे/ नित्य	उदा.
इङितः०२२	इ ईत् अने ङ ईत्वाळा	-	नित्य	एधते
क्रियाव्यति०२३	गति, हिंसा, शब्द अर्थवाळां, हस्, ह्व अने वह् सिवायनां	क्रिया व्यतिहारमां अन्योन्य अर्थक शब्दनां अप्रयोगमां	नित्य	व्यतिलुनते
निविशः २४	नि+विश्$_{(५)}$	-	नित्य	निविशते
उपसर्गा०२५	उपसर्ग+अस्$_{(३)}$ अने, उपसर्ग+ऊह्$_{(१)}$	- -	नित्य	विपर्यस्यते
उत्-स्वरात्०२६	उद्, स्वरान्त+युज्$_{(६)}$	यज्ञ अने यज्ञनां पात्रनो विषय न होय तो	नित्य	उद्युङ्क्ते
परि-व्यवात्०२७	परि, वि+क्री$_{(८)}$	-	नित्य	परिक्रीणीते
परा र्वे०२८	परा, वि+जि$_{(१)}$	-	नित्य	पराजयते
समः क्ष्णोः २९	सम्+क्ष्णु$_{(२)}$	-	नित्य	संक्ष्णुते शस्त्रम्
अपस्किरः ३०	अप+कृ$_{(५)}$	स्सट् आगम होते छते	नित्य	अपस्किरते वृषभो हृष्टः।

सूत्र	धातु	अन्य अर्थादि निमित्त	विकल्पे/ नित्य	उदा.
उदश्चरः०३१	उद्+चर्$_{(१)}$	સકર્મક ધાતુ હોય તો	नित्य	मार्गमुच्चरते।
समस्तृतीयया ३२	सम्+चर्$_{(१)}$	તૃતીયાન્ત નામનો યોગ હોય તો	नित्य	अश्वेन सञ्चरते।
क्रीडोऽकूजने ३३	सम्+क्रीड्$_{(१)}$	અવ્યક્ત શબ્દ અર્થ હોય તો	नित्य	संक्रीडते।
अन्वाङ०३४	अनु, आङ्+परि+क्रीड्$_{(१)}$	-	नित्य	अनुक्रीडते।
शप-उपल०३५	शप्$_{(१)}$	ઉપલંભન અર્થ હોય તો	नित्य	मैत्राय शपते।
आशिषि०३६	नाथ्$_{(१)}$	આશીર્વાદ અર્થક	नित्य	सर्पिष्षो नाथते।
भुनजोऽत्राणे ३७	भुज्$_{(६)}$	પાલન સિવાયનાં અર્થવાળો	नित्य	ओदनं भुङ्क्ते।
ह्नुगो गतता०३८	ह्नु$_{(१)}$	ગતતાચ્છીલ્ય અર્થવાળો	नित्य	पैतृकमश्वा अनुहरन्ते।
पूजा-ऽऽचार्यक०३९	नी$_{(१)}$	પૂજા, આચાર્ય સંબંધી, ભૃતિ, ઉત્ક્ષેપ, જ્ઞાન, વિગણન, વ્યય અર્થવાળો	नित्य	नयते विद्वान् स्याद्वादे।
कर्तृस्था ऽमूर्त्ता०४०	नी$_{(१)}$	કર્તૃસ્થ અમૂર્ત્ત કર્મવાળો	नित्य	श्रमं विनयते।
शदेः शिति ४१	शद्$_{(१)}$	शित् પ્રત્યયનાં વિષયમાં	नित्य	शीयते।

सूत्र	धातु	अन्य अर्थादि निमित्त	विकल्पे/ नित्य	उदा.
म्रियतेरद्यत०४२	मृ (५)	अद्यतनी, आशीः अने शित् प्रत्ययनां विषयमां	नित्य	अमृत।
क्यङ्षो नवा ४३	क्यङ्ष् अन्तवाळां	-	विकल्पे	निद्रायति/निद्रायते।
द्युद्भ्यो०४४	द्युत्(१) वगेरे	अद्यतनीनां विषयमां	विकल्पे	व्यद्युतत्/व्यद्योतिष्ट।
वृद्भ्यः०४५	वृत्(१) वगेरे	स्य आदिवाळां अने सन् प्रत्ययनां विषयमां	विकल्पे	वर्त्स्यति/वर्त्तिष्यते।
कृपःश्वस्त०४६	कृप्(१)	श्वस्तनीनां विषयमां	विकल्पे	कल्प्तासि/कल्पितासे।
क्रमोऽनुप०४७	उपसर्गरहित क्रम्(१)	-	विकल्पे	क्रमते/क्रामति।
वृत्ति-सर्ग०४८	क्रम्(१)	वृत्ति, सर्ग, तायन अर्थक	नित्य	शास्त्रेऽस्य क्रमते बुद्धिः।
परोपात् ४९	परा, उप+क्रम्(१)	वृत्ति, सर्ग, तायन अर्थक	नित्य	पराक्रमते।
वेःस्वार्थे ५०	वि+क्रम्(१)	स्वार्थ अर्थक	नित्य	साधु विक्रमते गजः।
प्रोपादा०५१	प्र, उप+क्रम्(१)	आरंभ अर्थक	नित्य	प्रक्रमते।
आङ्रो ज्योति०५२	आङ्+क्रम्(५)	ज्योतिस्नुं उगवुं अर्थक	नित्य	आक्रमते।

सूत्र	धातु	अन्य अर्थादि निमित्त	विकल्पे/ नित्य	उदा.
दागोऽस्वा०५३	आङ्+दा (२)	પોતાનાં મુખનો પ્રસાર તથા વિકાસ અર્થ સિવાયનાં અર્થવાળાં	नित्य	विद्यामादत्ते।
नु-प्रच्छः ५४	आङ्+नु, (२) प्रच्छ् (५)	-	नित्य	आनुते शृगालः।
गमेः क्षान्तौ ५५	आङ्+गम् (१)	क्षान्ति अर्थक	नित्य	आगमयते गुरुम्।
ह्वः स्पर्द्धे ५६	आङ्+ह्वे (१)	સ્પર્ધા અર્થ જણાતો હોય તો	नित्य	मल्लो मल्लमाह्वयते।
सं-नि-वेः ५७	सम्, नि, वि+ह्वे (१)	-	नित्य	संह्वयते।
उपात् ५८	उप+ह्वे (१)	-	नित्य	उपह्वयते।
यमः स्वीकारे ५९	उप+यम् (१)	સ્વીકાર અર્થક	नित्य	कन्यामुपयच्छते।
देवार्चा-मैत्री०६०	उप+स्था (१)	દેવાર્ચા, મૈત્રી, સંગમ, પથિકર્તૃક, મન્ત્રકરણ	नित्य	जिनेन्द्रमुपतिष्ठते।
वा लिप्सा०६१	उप+स्था (१)	લિપ્સા અર્થ જણાતે છતે	विकल्पे	भिक्षुर्दातृकुलमुपयच्छते।
उदोऽनूर्ध्वेहे ६२	उद्+स्था (१)	અનૂર્ધ્વ ચેષ્ટા સ્થેય અર્થક	नित्य	मुक्तावुत्तिष्ठते।
सं-वि प्रा०६३	सम्, वि, प्र, अव+स्था (१)	-	नित्य	संतिष्ठते।

सूत्र	धातु	अन्य अर्थादि निमित्त	विकल्पे/ नित्य	उदा.
ज्ञीप्सा-स्थे०६४	स्था $_{(१)}$	જ્ઞીપ્સા અને સ્થેય અર્થક	नित्य	तिष्ठते कन्याच्छात्रेभ्यः।
प्रतिज्ञायाम् ६५	स्था $_{(१)}$	પ્રતિજ્ઞા અર્થક	नित्य	नित्यं शब्दमातिष्ठते।
समो गिरः ६६	सम्+गृ $_{(५)}$	-	नित्य	स्याद्वादं सङ्गिरते।
अवात् ६७	अव+गृ $_{(५)}$	-	नित्य	अवगिरते।
निह्नवे ज्ञः ६८	ज्ञा $_{(८)}$	નિહ્નવ અર્થક	नित्य	शतमपजानीते।
संप्रतेर०६९	सम्, प्रति+स्मृ $_{(१)}$	સ્મૃતિ સિવાયનાં અર્થવાળો	नित्य	शतं संजानीते।
अननोः०७०	सन्नत ज्ञा $_{(८)}$	અનુ ઉપસર્ગ ન હોય તો	नित्य	धर्मं जिज्ञासते।
श्रुवोऽनाङ्०७१	सन्नत शृ $_{(४)}$	આઙ્ અને પ્રતિ ઉપસર્ગ ન હોય તો	नित्य	शुश्रूषते गुरून्।
स्मृ-दृशः ७२	सन्नत स्मृ, $_{(१)}$ दृश् $_{(१)}$	-	नित्य	सुस्मूर्षते।
शको०७३	सन्नत शक् $_{(४)}$	જિજ્ઞાસા અર્થક	नित्य	विद्याः शिक्षते।
प्राग्वत् ७४	सन्नत धातु	યથાવિહિતતયા	नित्य	शिशयिषते।
आमः कृगः ७५	आम्+कृ	યથાવિહિતતયા	नित्य	ईहाञ्चक्रे।

सूत्र	धातु	अन्य अर्थादि निमित्त	विकल्पे/ नित्य	उदा.
गन्धना-ऽव०७६	कृ (१)	गंधन, अवक्षेप, सेवा, साहस, प्रतियत्न, प्रकथन, उपयोग अर्थक	नित्य	उत्कुरुते।
अधेः प्रसहने ७७	अधि+कृ (१)	प्रसहन अर्थक	नित्य	तं हाऽधिचक्रे।
दीप्ति-ज्ञान०७८	वद् (१)	दीप्ति, ज्ञान, यत्न, विमति, उपसंभाषा, उपमंत्रणा अर्थक	नित्य	वदते विद्वान् स्याद्वादे।
व्यक्तवाचां०७९	वद् (१)	व्यक्तवाचावाळांनुं साथे उच्चारण करवुं ए अर्थक	नित्य	संप्रवदन्ते ग्राम्याः।
विवादे वा ८०	वद् (१)	व्यक्तवाचावाळांनो विवाद करवो ए अर्थक	विकल्पे	विप्रवदन्ते/ विप्रवदन्ति मौहूर्त्ताः।
अनोः कर्म०८१	अनु+वद् (१)	व्यक्तवाचा अर्थक, कर्म न होते छते	नित्य	अनुवदते चैत्रो मैत्रस्य।
ज्ञः ८२	ज्ञा (८)	कर्म न होते छते	नित्य	सर्पिषो जानीते।
उपात् स्थः ८३	उप+स्था (१)	कर्म न होते छते	नित्य	योगे योगे उपतिष्ठते।
समो गमृच्छि०८४	सम्+गम् (१) ऋ (५) प्रच्छ् (५) श्रु (४) वित् (२) स्वृ (१) ऋ (१) दृश् (१)	कर्म न होते छते	नित्य	सङ्गच्छते।

સૂત્ર	ધાતુ	અન્ય અર્થાદિ નિમિત્ત	વિકલ્પે/ નિત્ય	ઉદા.
वेः कृगः०८५	वि+कृ$_{(१)}$	નાશ સિવાયનાં અર્થવાળો, કર્મ ન હોતે છતે તથા શબ્દ કર્મ હોતે છતે	નિત્ય	विकुर्वते सैन्धवाः।
आङो यम०८६	आङ् +यम्$_{(१)}$ हन्$_{(२)}$	કર્મ ન હોતે છતે, કર્તાનું પોતાનું અંગ કર્મ હોતે છતે	નિત્ય	आयच्छते।
व्युदस्तपः ८७	वि, उद्+तप्$_{(१)}$	કર્મ ન હોતે છતે, કર્તાનું પોતાનું અંગ કર્મ હોતે છતે	નિત્ય	वित्तपते रविः।
अणिक्क०८८	अणिग् कर्मणि कर्तृ धातु	સ્મૃતિ અર્થ ન હોય તો	નિત્ય	आरोहयते हस्तीहस्तिपकान्
प्रलम्भे०८९	णिगन्त गृध्$_{(३)}$ वञ्च्$_{(८)}$	પ્રલંભન અર્થક	નિત્ય	बटुं गर्द्धयते।
लिङ०९०	णिगन्त ली,$_{(३)}$ ली$_{(८)}$	અર્ચા, અભિભવ, પ્રલંભન અર્થક	નિત્ય	जटाभिरालापयते।
स्मिङः०९१	णिगन्त स्मि$_{(१)}$	પ્રયોજક કર્ત્તા સ્વાર્થમાં હેતુરૂપ હોય તો	નિત્ય	जटिलो विस्मापयते।
बिभेतेर्भीष्०९२	णिगन्त भी$_{(२)}$	પ્રયોજક કર્ત્તા સ્વાર્થમાં હેતુરૂપ હોય તો	નિત્ય	मुण्डो भीषयते।
मिथ्याकृगो०९३	णिगन्त कृ$_{(१)}$	મિથ્યા શબ્દથી યુક્ત	નિત્ય	पदं मिथ्या कारयते।

सूत्र	धातु	अन्य अर्थादि निमित्त	विकल्पे/ नित्य	उदा.
परिमुहा-ऽयमा०९४	णिगन्त परि$_{(३)}$+मुह्, आ$_{(१)}$+यम्$_{(१)}$, आ$_{(३)}$+यस्, पा$_{(१)}$, धे$_{(१)}$, वद्$_{(१)}$, वस्$_{(१)}$, दम्$_{(१)}$, अद्$_{(२)}$, रुच्$_{(१)}$,नृत्$_{(३)}$	ફલવાન કર્ત્તાની વિવક્ષામાં	નિત્ય	परिमोहयते चैत्रम्।
ईगितः ९५	ई અને ग् ઈત્વાળાં	ફલવાન કર્ત્તાની વિવક્ષામાં	નિત્ય	यजते।
ज्ञोऽनुपसगीत् ९६	ज्ञा$_{(८)}$	ફલવાન કર્ત્તાની વિવક્ષામાં	નિત્ય	जानीते।
वदोऽपात् ९७	अप+वद्$_{(१)}$	ફલવાન કર્ત્તાની વિવક્ષામાં	નિત્ય	एकान्तमपवदते।
समुदाङो०९८	सम्, उद्, आङ्+यम्$_{(१)}$	ફલવાન કર્ત્તાની વિવક્ષામાં, ગ્રંથ સિવાયનાં વિષયમાં	નિત્ય	संयच्छते।
पदान्तर०९९	ઉપરોક્ત પાંચ સૂત્ર નિર્દિષ્ટ ધાતુઓ	ફલવાન કર્ત્તાની વિવક્ષામાં, પદાંતરથી ફલવાન કર્ત્તા જણાતે છતે	વિકલ્પે	स्वं यज्ञं यजते/यजति।

कर्त्तरिमां परस्मैपद विधि करनार सूत्रनुं कोष्टक

सूत्र	धातु	अन्य अर्थादि निमित्त	विकल्पे/ नित्य	उदा.
परिमुहाऽयम०९४	णिगन्त परिमुह्$_{(३)}$ आयम्$_{(१)}$ आयस्$_{(३)}$ पा$_{(१)}$ धे$_{(१)}$ वद्$_{(१)}$ वस्$_{(१)}$ दम्$_{(१)}$ अद्$_{(१)}$ रुच्$_{(१)}$ नृत्$_{(३)}$	अफलवान कर्त्तानी विवक्षामां	नित्य	परिमोहयति।
ईगितः ९५	ई अने ग् ईत् वाळां	अफलवान कर्त्तानी विवक्षामां	नित्य	यजन्ति।
ज्ञोऽनुप०९६	ज्ञा$_{(८)}$	अफलवान कर्त्तानी विवक्षामां	नित्य	गां जानाति।
वदोऽपात् ९७	अप+वद्$_{(१)}$	अफलवान कर्त्तानी विवक्षामां	नित्य	अपवदति परं स्वतः।
समुदाङो०९८	सम्, उद्, आङ्+यम्$_{(१)}$	अफलवान कर्त्तानी विवक्षामां, ग्रंथनां विषयमां	नित्य	संयच्छति।
शेषात्०१००	-	-	नित्य	भवति।
परानोः०१०१	परा, अनु+कृ$_{(१)}$	-	नित्य	पराकरोति।
प्रत्यभ्यतेः०१०२	प्रति, अभि, अति+क्षिप्$_{(१)}$	-	नित्य	प्रतिक्षिपति।

સૂત્ર	ધાતુ	અન્ય અર્થાદિ નિમિત્ત	વિકલ્પે/ નિત્ય	ઉદા.
प्राद् वहः १०३	प्र+वह्$_{(१)}$	-	नित्य	प्रवहति।
परेर्मृषश्च १०४	परि+मृष्$_{(३)}$ वह्$_{(१)}$	-	नित्य	परिमृष्यति।
व्याङ्परेरमः १०५	वि, आङ्, परि+रम्$_{(१)}$	-	नित्य	विरमति।
वोपात् १०६	उप+रम्$_{(१)}$	-	विकल्पे	भार्यामुपरमति/मुपरमते।
अणिगि प्राणि०१०७	अणिग् अवस्थामां प्राणीकर्त्तावाळां अने अकर्मक એવા णिगन्त	-	नित्य	आसयति चैत्रम्।
चल्याहारार्थेङ०१०८	चलन અર्थક, आहार અर्थક, इ$_{(२)}$ बुध्$_{(१)}$ युध्$_{(३)}$ प्र$_{(१)}$ द्रु$_{(१)}$ स्रु$_{(१)}$ नश्$_{(३)}$ जन्$_{(३)}$ णिगन्त	-	नित्य	चलयति।

ધાતુથી થતાં પ્રત્યયોનું કોષ્ટક

સૂત્ર (૩-૪)	ધાતુ	અન્ય અર્થાદિ નિમિત્ત	પ્રત્યય	ઉદા.
गुपौ-धूप०१	गुप्$_{(१)}$ धूप्$_{(१)}$ विच्छ्$_{(५)}$ पण्$_{(१)}$ पन्$_{(१)}$	स्वार्थिक	आय	गोपायति।
कमेर्णिङ्०२	कम्$_{(१)}$	स्वार्थिक	णिङ्	कामयते।
ऋतेर्डीय:०३	ऋ$_{१-५}$	स्वार्थिक	डीय	ऋतीयते।
अशवि०४	गुप् वगेरे उपरोक्त निर्दिष्ट	स्वार्थिक अशव्नां विषयमां	आय वगेरे	गोपयिता/गोप्ता[१]
गुप्-तिजो०५	गर्हा अर्थक गुप्$_{(१)}$ क्षान्ति अर्थक तिज्$_{(१)}$	स्वार्थिक	सन्	जुगुप्सते।
कित:संशय०६	संशय प्रतिकारार्थक कित्$_{(१)}$	स्वार्थिक	सन्	विचिकित्सति।
शान-दान्०७	निशान आदि अर्थक शान्$_{(१)}$ आदि	स्वार्थिक	सन्	शीशांसति।
धातो:०८	कण्ड्$_{(सौत्र)}$ आदि	स्वार्थिक	यक्	कण्डूयति।
व्यञ्जनादेरेक०९	व्यंजनान्त एकस्वरी	भृशा अने आभीक्ष्ण्य अर्थमां	यङ्	पापच्यते।
अट्यर्त्ति०१०	अट्$_{(१)}$ ऋ$_{(१)}$ सूत्र$_{(८)}$ मूत्र$_{(८)}$ सूच्$_{(८)}$ अश्$_{(३)}$ ऊर्णु$_{(२)}$	भृशा अने आभीक्ष्ण्य अर्थमां	यङ्	अटाट्यते।

સૂત્ર (૩-૪)	ધાતુ	अन्य अर्थादि निमित्त	પ્રત્યય	ઉદા.
गत्यर्थात्०११	વ્યંજનાન્ત એકસ્વરી ગત્યર્થક	કુટિલ અર્થમાં	यङ्	चङ्क्रम्यते।
गृ-लुप्०१२	गृ,(५) लुप्,(५) सद्,(१) चर,(१) जप्,(१) जभ्,(१) दश्,(१) दह्(१)	ગર્હ્ય અર્થમાં	यङ्	निजेगिल्यते।
युजादेर्नवा०१८	युजादि(८)	સ્વાર્થિક	णिच्	साहयति/सहति (वा)
भूङः०१९	પ્રાપ્ત્યર્થક भू(१)	સ્વાર્થિક	णिङ्	भावयते/भवते (वा)
प्रयोक्तृ०२०	-	પ્રયોક્તાના વ્યાપારમાં	णिग्	कारयति।
तुमर्हा०२१	तुम्ને યોગ્ય	ઇચ્છા અર્થમાં	सन्	चिकीर्षति।
धातोरनेक०४६	અનેકસ્વરી ધાતુ	પરોક્ષાનાં સ્થાને	आम्	चकासाञ्चकार।
दया-ऽया०४७	दय्,(१) अय्,(१) आस्,(२) कास्(१)	પરોક્ષાનાં સ્થાને	आम्	दयाञ्चक्रे।
गुरुनाम्या०४८	ગુરુનામી સ્વર આદિવાળાં, ऋ અને ऊर्णु સિવાયનાં	પરોક્ષાનાં સ્થાને	आम्	ईहाञ्चक्रे।
जागुष०४९	जागृ,(२) उष्,(१) सम्+इन्ध्(६)	પરોક્ષાનાં સ્થાને	आम्	जागराञ्चकार/जजागार।
भी-ह्री०५०	उप+यम्(१)	પરોક્ષાનાં સ્થાને	आम्	बिभयाञ्चकार/बिभाय।

સૂત્ર (૩-૪)	ધાતુ	અન્ય અર્થાદિ નિમિત્ત	પ્રત્યય	ઉદા.
वेत्तेः०५१	विद्$_{(२)}$	પરોક્ષાનાં સ્થાને	ક્રિત આમ્	विदाञ्चकार, विवेद।
पञ्चम्याः०५२	विद्$_{(२)}$	પંચમીના સ્થાને	ક્રિત આમ્	विदाङ्करोतु/वेत्तु।
सिजद्यत०५३	-	અદ્યતનીમાં	सिच्	अनैषीत्।
स्पृश-मृश०५४	स्पृश्$_{(५)}$ मृश्$_{(५)}$ कृष्$_{(५)}$ तृप्$_{(३)}$ दृप्$_{(३)}$	અદ્યતનીમાં	सिच्	अस्प्राक्षीत्।
ह-शिटो०५५	ह, शिट् वर्णान्त, नामी स्वर उपान्त्यमां होय तेवा दृश् सिवायनां अनिट्	અદ્યતનીમાં	सक्	अधुक्षत्।
श्लिषः ५६	अनिट् श्लिष्$_{(३)}$	અદ્યતનીમાં	सक्	आश्लिक्षत् कन्यां मैत्रः।
णि-श्रि-द्रु०५८	ण्यन्त, श्रि,$_{(१)}$ द्रु,$_{(१)}$ स्रु,$_{(१)}$ कम्$_{(१)}$	અદ્યતનીમાં	ङ	अचीकरत्।
ट्धे-श्वेर्वा ५९	धे,$_{(१)}$ श्वि$_{(१)}$	અદ્યતનીમાં	ङ	अदधत्/अधात्।
शास्त्यसू०६०	शास्,$_{(२)}$ अस्,$_{(३)}$ वच्,$_{(२)}$ ख्या$_{(२)}$	અદ્યતનીમાં	अङ्	अशिषत्।
सर्त्यर्त्तेर्वा०६१	सृ,$_{(१)}$ ऋ$_{(२)}$	અદ્યતનીમાં	अङ्	असरत्/आसार्षीत्।
ह्वा लिप०६२	ह्वे,$_{(१)}$ लिप्,$_{(५)}$ सिच्$_{(५)}$	અદ્યતનીમાં	अङ्	आह्वत्।

સૂત્ર (૩-૪)	ધાતુ	અન્ય અર્થાદિ નિમિત્ત	પ્રત્યય	ઉદા.
વાઽત્મને૦૬૩	હ્વે,(૧) લિપ્,(૫) સિચ્(૫)	અદ્યતની પરસ્મૈપદમાં	અઙ્	આહ્વત/આહ્વાસ્ત।
લૃદિદ્૦૬૪	લૃ ઇત્વાળાં, દ્યુત્(૩) વગેરે, પુષ્(૩) વગેરે	અદ્યતની પરસ્મૈપદમાં	અઙ્	અગમત્।
ઋદિચ્છ્વ૦૬૫	ઋ ઇત્વાળાં, શ્વિ,(૧) સ્તમ્ભ્,(સૌત્ર) મ્રુચ્(૧) મ્લુચ્,(૧) ગ્રુચ્,(૧) ગ્લુચ્,(૧) ગ્લુઞ્ચ્,(૧) જૃ(૮)	અદ્યતની પરસ્મૈપદમાં	અઙ્	અરુધત્/અરૌત્સીત્।
ઞિચ તે૦૬૬	પદ્(૩)	અદ્યતનીમાં ત પ્રત્યય પર છતાં	ઞિચ્	અપાદિ।
દીપ-જન૦૬૭	દીપ્,(૩) જન્,(૩) બુધ્,(૧) પૂર્,(૩) તાય, પ્યાય્(૧)	અદ્યતનીમાં ત પ્રત્યય પર છતાં	ઞિચ્	અદીપિ/અદીપિષ્ટ।
ભાવ કર્મણોઃ ૬૮	-	ભાવે અને કર્મણિ પ્રયોગમાં અદ્યતનીમાં ત પ્રત્યય પર છતાં	ઞિચ્	આસિ ત્વયા।
સ્વર-ગ્રહ૦૬૯	સ્વરાન્ત, ગ્રહ્,(૮) દૃશ્,(૧) હન્(૨) ધાતુથી	ભાવે-કર્મણિ પ્રયોગમાં સિચ્, આશીઃ, શ્વસ્તની પ્રત્યય પર છતાં	ઞિટ્	દાયિષ્યતે/દાસ્યતે।
ક્યઃ શિતિ ૭૦	-	શિત્ પ્રત્યય પર છતાં	ક્ય	શય્યતે ત્વયા।
